# શ્રીપાળ અને મયણાના આધ્યાત્મિક જીવન રહસ્યો




લેખકઃ **સંઘવી બાબુભાઇ ગીરધરલાલ**. કડીવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આશીર્વચન

### પરમ પૂજ્ય યોગનિષ્ઠ પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ

શ્રી શ્રીપાલ અને મયણાનાં આધ્યાત્મિક જીવન રહસ્યોનું પુસ્તક શ્રી બાબુભાઈ કડીવાળાએ લખ્યું છે, તેની અંદર શ્રીપાલ અને મયણાના અભ્યન્તર આધ્યાત્મિક જીવનના રહસ્યોનું ખૂબ સુંદર વિવેચન કરેલ છે. આજ સુધી શ્રીપાળ અને મયણાના બાહ્ય જીવનના ઘણા પુસ્તકો બહાર પડેલ છે પણ આધ્યાત્મિક જીવન વિષે જે ખોટ હતી તે શ્રી બાબુભાઈએ પૂરી પાડી છે.

આ પુસ્તક દ્વારા શ્રીપાલ અને મયણાના આધ્યાત્મિક જીવન ચિંતન-મનન દ્વારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામી પરંપરાએ મોક્ષ સુખને દરેક ભવ્ય આત્માઓ પ્રાપ્ત કરે એ જ શુભાભિલાષા.

### પરમ પૂજ્ય શાસન પ્રભાવક, પરમાત્મભાવ સન્નિષ્ઠ, આચાર્ય ભગવંત શ્રી ચંદ્રોદય-સૂરીશ્વરજી મહારાજ

ધરતીના જીવોના જીવનને ગુણ પક્ષપાતના માધ્યમથી નિહાળવામાં આવે તો તે જીવનના અનેકવિધ પ્રસંગો કંઈક નવું જ મેળવી આપે છે.

શ્રીપાળ અને મયણા, બન્ને આપણા જેવાં જ માનવો હોવા છતાં તેઓના જીવનના વિવિધ પ્રસંગો, અને તે પ્રસંગોમાં ઉભય દંપતીએ જે રીતે પોતાની ગંભીરતા દાખવી, જીવનને અધ્યાત્મના ક્ષેત્રે જે રીતે ઉન્નત બનાવ્યું તેનો ખ્યાલ સંઘવી બાબુભાઈએ આ પુસ્તકમાં આપ્યો છે.

સુશ્રાવક બાબુભાઈએ શ્રીપાલ અને મયણાના આધ્યાત્મિક રહસ્યોના નિમિત્તે આ ક્ષેત્રમાં નવો જ એક માર્ગ ગુણપક્ષપાતી સાધકો માટે ખુલ્લો કર્યો છે.

નવી એક વૈચારિક દૃષ્ટિનો વ્યાપ તેઓના આશ્રયથી ખુલ્લો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપાલ અને મયણાનાં આધ્યાત્મિક જીવન રહસ્યો

A Spiritual Research on Shreepal and Mayana

By Babubhai Kadiwala

પ્રેરક : પ. પૂ. અધ્યાત્મયોગી, નમસ્કાર મંત્ર સંનિષ્ઠ, યોગાત્મા, પૂ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

લેખક : **સંઘવી બાબુભાઈ ગિરધરલાલ કડીવાળા**

: પ્રસ્તાવના :

પરમ પૂજ્ય બાપજી મહારાજના સમુદાયના પરમ પૂજ્ય
પરમાત્મભાવ સન્નિષ્ઠ, આગમ વિશારદ
**શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ**

: પ્રકાશક :

**સંઘવી અશોક બાબુભાઈ કડીવાળા**
૨૨, મહાવીરનગર, નવસારી.

પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૪૧.

**મૂલ્ય : સોળ રૂપિયા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુદ્રણ વ્યવસ્થા :

**શ્રી જૈન પ્રકાશન મંદિર**
પ્રો. જસવંતલાલ ગિરધરલાલ શાહ
૩૦૯/૪ ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧ • ફોન: ૩૮૩૩૦૩ ઘર: ૩૫૩૩૩

પ્રાપ્તિ સ્થાન :

(૧) શ્રી જશવંતલાલ ગીરધરલાલ
દોશીવાડાની પોળ,
અમદાવાદ.

(૨) સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે,
પાલીતાણા (સૌરાષ્ટ્ર).

(૩) શ્રી સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, બીજે માળે,
ઝવેરી બજાર, મુંબઈ નં. ૩.

(૪) અમરસીભાઈ
એસ. ટી. બુક સ્ટોલ,
મુ. શંખેશ્વર તીર્થ.

(૫) આધ્યાત્મિક સંશોધન અને ધ્યાનકેન્દ્ર
C/O બાબુભાઈ કડીવાળા
૨૨, મહાવીર નગર,
નવસારી. ૩૯૬૪૪૫
ટે. નં. ૩૧૩૬ (રહેઠાણ)
૧૨૦૭ (ઓફીસ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુચરણારવિંદે

**યેન જ્ઞાનપ્રદીપેન, નિરસ્યાભ્યંતરં તમઃ ।**
**મમાત્મા નિર્મલીચક્રે, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

પરમપૂજ્ય અધ્યાત્મયોગી નમસ્કાર મહામંત્ર સન્નિષ્ઠ, પંન્યાસજી ભગવંત **શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદના !**

આજથી ૨૭ વર્ષ પહેલાં **ભીલડીયાજી તીર્થ**માં વિ. સં. ૨૦૧૩ના ચૈત્રી ઓળીની આરાધના પ્રસંગે આપનો પરિચય થયો. ત્યારથી આપે વારંવાર **ભક્તિરસના અંકુર** પ્રગટાવ્યા. પાંચ વર્ષ સુધી આરંભ–સમારંભના વેપારના ત્યાગનો નિયમ કરાવ્યો.

વિ. સં. ૨૦૧૪ના પાનસર તીર્થે ચૈત્રી ઓળીના પ્રસંગે આપ કૃપાળુએ શ્રી વર્ધમાન તપનો પાયો નંખાવી તપધર્મનો સંયોગ કરાવ્યો તથા ધ્યાનનો વિધિ બતાવી સાધનામાર્ગમાં પ્રવેશ કરાવ્યો.

વિ. સં. ૨૦૧૪ના ડીસાના ચાતુર્માસ દરમિયાન આસોની ઓળીના પ્રસંગે આપશ્રીએ અનુગ્રહ કરીને વિધિપૂર્વક એક લાખ નવકારની આરાધના કરાવી, જપયોગ, ધ્યાનયોગ અને પ્રતિદિન સિદ્ધચક્રનું આરાધન કરવાની પ્રેરણા આપી તથા પ્રસંગે પ્રસંગે પૂજન મંત્ર, યંત્રનો સમન્વય કરાવી મહાન ઉપકાર કર્યો.

ત્યારબાદ આપશ્રીની વાત્સલ્યમયી પાવન નિશ્રામાં બેડા, શંખેશ્વર, અને જામનગર એમ ત્રણે સ્થળે ખીરનાં એકાસણાપૂર્વક વિધિ સહિત એક એક લાખ નવકારના જાપનું અનુષ્ઠાન કરતાં આપની કૃપાથી અપૂર્વ આનંદ અનુભવ્યો.

વળી નિત્યની આરાધના તથા સિદ્ધચક્ર પૂજન ન થાય ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી પચ્ચક્ખાણ ન પારવું તેવો સંકલ્પ કરાવી, પરમાત્માની નિષ્ઠા-પૂર્વકની આરાધનાનો માર્ગ બતાવી સેવકને કૃતાર્થ કર્યો.

વિ. સં. ૨૦૩૧-૩૨માં મૂળ વિધિથી ઉપધાન તપનું વહન કરાવી આપશ્રીએ મોક્ષની માળા પહેરાવી સાધના માટે અપૂર્વ ભાવોલ્લાસ પ્રગટાવ્યો.

વિ. સં. ૨૦૧૪થી ૨૦૩૩ સુધી એટલે કે ૧૯ વર્ષ સુધી અવારનવાર આપશ્રીના સંપર્કનો સતત લાભ મળતો જ રહ્યો. જ્યારે જ્યારે આપશ્રી પાસે વસવાનું થયું, ત્યારે ત્યારે આપશ્રીએ કરુણાપૂર્ણ હૃદયથી ઠીક ઠીક સમય આપીને મોહાંધકારથી વ્યાપ્ત મારા હૃદયરૂપી નયનને જિનપ્રવચનરૂપ અમૃતનું અંજન કરાવ્યું. અનેક એકાન્ત આગ્રહની પકડમાંથી મને છોડાવ્યો. આત્માનું અને પરમાત્માનું પરમ સૌંદર્ય સમજાવ્યું. "આત્મસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કરવો એ આ જીવનનું ધ્યેય છે." એમ નક્કી કરાવ્યું. જિનશાસનનું વ્યવહાર અને નિશ્ચય ઉભયાત્મક સ્વરૂપ સમજાવ્યું. પરમાત્મપદની પ્રાપ્તિના ઉપાયો બતાવી, પરમાત્માના દર્શન, મિલન, પૂજન, અને સ્પર્શનનો દિવ્યમાર્ગ બતાવી આત્મામાં પરમાત્મભાવનો અનુભવ પ્રાપ્ત કરવાનું તત્ત્વામૃત પાયું. અને મોક્ષમાર્ગે સંચરવાની દિવ્ય કળા શીખવાડીને આ દાસ ઉપર મહાન ઉપકાર કર્યો.

માતા જેમ પોતાના બાળકની સારસંભાળ રાખે, પિતા જેમ પુત્રને કેળવવા માટેની કાળજી રાખે, ગુરુ જેમ શિષ્યોમાં સદ્‌વિદ્યાનો વિનિમય કરે અને પરમાત્મા જે રીતે પોતાની કરુણાને પાત્ર-અપાત્રનો વિચાર કર્યા સિવાય વરસાવે તે રીતે આપે મારા જેવા તુચ્છ, સંસારમાં ફસાયેલા, અવિનયી, અપરાધી અને અજ્ઞાની જીવની માતાની જેમ સંભાળ રાખી, પિતાની જેમ ધાર્મિક વ્યવહારનો બોધ આપ્યો, ગુરુની જેમ મારા જીવનમાં આત્મસાધનાનો માર્ગ બતાવી મારા જીવનમાં સાધનાનું સંપ્રદાન કર્યું અને પરમાત્માની જેમ પ્રેમ, કરુણા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત્સલ્ય આપ્યાં. આ રીતે મારા ઉપરના આપશ્રીના અનંત ઉપકારને અનંત અનંત વાર **પ્રણામ** કરું છું, સમયે સમયે યાદ કરું છું.

મારા જેવા સંસારના કીચડમાં ફસાયેલા એક પામર આત્માથી બે વર્ષ પહેલાં નમસ્કાર મહામંત્રના વિષયમાં "જીવનની સર્વશ્રેષ્ઠ કળા શ્રી નવકાર" પુસ્તક તૈયાર થયું અને નવપદ–સિદ્ધચક્રના વિષયમાં આવું પુસ્તક તૈયાર થાય છે તેમાં કેવળ **આપશ્રીની કૃપાનો જ પરમ પ્રભાવ** છે.

આપના લોહીના અણુએ અણુમાં નમસ્કાર મહામંત્રનું ગીત ગૂંજી રહ્યું હતું. આપના આત્માના પ્રદેશે પ્રદેશે વિશ્વ કલ્યાણની ભાવનાનું સંગીત ગુંજારવ કરતું હતું. આપના હૃદયના ધબકારે ધબકારે "અર્હં"ના નાદનો ધ્વનિ ચાલતો હતો.

મારા આત્મકલ્યાણને માટે, મને સન્માર્ગે વાળવા માટે આપશ્રીએ અથાગ પ્રયત્ન કર્યો છે, મને ઘણું માર્ગદર્શન આપ્યું છે અને તે માર્ગે ચાલવાનું બળ કરૂણાના સાગર, કૃપાના અવતાર, વાત્સલ્યના પરમ ભંડાર દેવાધિદેવ પરમાત્મા નિરંતર મને આપતા રહે અને મારા માટેની આપશ્રીની બધી અભિલાષાઓ પાર પડે તેવી પ્રભુને હાર્દિક પ્રાર્થના કરું છું.

આપનો ચરણકિંકર
**બાબુ કડીવાળાના**

૨૦૪૦ વૈસાખ સુદ ૧૪
ગીરનાર તીર્થ.

આપના ચરણકમળમાં કોટિ કોટિ
ભાવભર્યા નમસ્કાર !!!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પરમ શાસન પ્રભાવક, ગચ્છાધિપતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન, નમસ્કાર મહામંત્ર અને નવપદના પરમ આરાધક, અધ્યાત્મયોગી, પરમપૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની કરૂણાદૃષ્ટિના મહાન પ્રભાવથી 'શ્રીપાલ અને મયણાના આધ્યાત્મિક જીવન રહસ્યો'—આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.

પરમ પૂજ્ય સંઘસ્થવિર પૂજ્ય બાપજી મહારાજના સમુદાયના પરમાત્મભાવ સંનિષ્ઠ, આગમ વિશારદ પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબે આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી અમારા ઉપર મહાન કૃપા કરી છે. શ્રી જિન આગમના સંશોધન અને પ્રકાશનમાં સદા રક્ત શ્રી જંબૂવિજયજી મહારાજે પોતાના હૃદયમાં રહેલ પરમાત્મ ભક્તિનો પ્રભાવ આ પ્રસ્તાવનામાં બતાવી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ તથા પરમપૂજ્ય પરમાત્મ ભક્તિ સંનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય અધ્યાત્મ મૂર્તિ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજે આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે આશીર્વચન મોકલી અમારા ઉપર તેમની કૃપાદૃષ્ટિ વરસાવી છે તેમને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

શ્રીપાલ અને મયણાની જીવનસિદ્ધિઓનાં મૂળમાં છુપાયેલ સાધનાના રહસ્યોને આ પુસ્તકમાં ખોલવામાં આવ્યાં છે. તેમજ આત્માના અખૂટ સંપત્તિના ભંડારને ખોલવાની દિવ્ય કળા પણ આમાં બતાવી છે. આપણે પણ તેવા પ્રકારની સાધના દ્વારા શ્રીપાલ અને મયણાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધનાનાં રહસ્યોને જીવનમાં ઉતારી આપણા જીવનને વામનમાંથી વિરાટ બનાવવાની, સામાન્ય મનુષ્યમાંથી મહામાનવ બનવાની અને વ્યક્તિગત કોચલાને તોડીને અમર તત્ત્વના દ્વાર ખોલવાની કળા પ્રાપ્ત કરી, આત્માનુભવ–આત્મસ્વરૂપની પ્રાપ્તિની દિશામાં આગળ વધીએ એ જ અભ્યર્થના.

આત્માના અનંત સમૃદ્ધિના ગુપ્ત ભંડારની ચાવી (A Key to Cosmic Secret) શ્રી નવપદ અને સિદ્ધચક્રની આરાધનામાં છે તે દર્શાવતું આ પુસ્તક આપણા જીવનની અણમોલ સંપત્તિરૂપ છે.

શ્રી અરિહંત પરમાત્મા, નવપદ અને શ્રી સિદ્ધચક્રની ત્રિભુવનવિજયી આરાધના એ આત્મસમૃદ્ધિના અનંત ખજાનાના સંશોધનની અનુભવસિદ્ધ પ્રક્રિયા છે તે શ્રીપાલ અને મયણાના દૃષ્ટાંત ઉપરથી સમજી શકાય.

આ પુસ્તકમાં શ્રીપાલ અને મયણાની જીવન સિદ્ધિઓના મૂળમાં કેવા પ્રકારની સાધના અને ધ્યાન રહેલું છે તે તત્ત્વ વૈજ્ઞાનિક પદ્ધતિથી બતાવવામાં આવ્યું છે. શ્રીપાલ અને મયણાના જીવનના દિવ્ય પ્રસંગોના આલંબને આપણે પણ તેઓની જેમ આત્માના શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને પૂર્ણાનન્દની પ્રાપ્તિ કરી શકીએ અને અશાન્તિ, ભય, શોક, ચિંતા અને આર્ત્તધ્યાનની પીડાથી મુક્ત બની શકીએ.

શ્રી નવપદજી અને સિદ્ધચક્રજી ઉપર વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંશોધનરૂપ આ પુસ્તકમાં રજૂ થયેલ તાત્ત્વિક વિચારણા સમગ્ર મુમુક્ષુવર્ગને અરિહંત પરમાત્મા, નવપદો, સિદ્ધચક્ર, નમસ્કાર મહામંત્ર પ્રત્યે ભક્તિ અને આરાધકભાવ જગાડવા માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા સાથે આ પુસ્તક પ્રકાશન કરવામાં આવે છે.

લેખક શ્રી બાબુભાઈ કડીવાળાએ ૨૩ વર્ષ સુધી પૂ. પં. ભદ્રં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવિજયજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં રહી સાધના સંબંધી જે અણમોલ રત્નો પ્રાપ્ત કર્યાં છે, તે આ પુસ્તકમાં વણી લીધાં છે. શ્રી બાબુભાઈ છેલ્લા ૨૮ વર્ષથી દરરોજ સિદ્ધચક્રજીનું પૂજન અને નવપદનું ધ્યાન કરે છે.

પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. પાસેથી મળેલ રહસ્યોનો નિચોડ નવપદના ધ્યાન દ્વારા અનુભવ કરીને લેખકે આ પુસ્તકમાં બતાવ્યો છે.

"પરમાત્મ મિલનની દિવ્ય કળા" આ પુસ્તક લખાઈને તૈયાર થયું છે, જે હવે પછીનું બાબુભાઈનું લખેલું ત્રીજું પુસ્તક હશે.

શ્રી જિનશાસનની કૃતજ્ઞભાવે સેવા કરવા માટે આ પુસ્તકના પ્રકાશન માટે મને જે તક મળી છે તે માટે દેવગુરૂના ચરણમાં કોટિ કોટિ પ્રણામ કરૂં છું.

સૌ કોઇ આ પુસ્તકના વાંચન, મનન, નિદિધ્યાસન દ્વારા આત્મ-કલ્યાણના પંથે વળો એ જ શુભેચ્છા.

મહાવિદેહ,
૨૨, મહાવીરનગર,
નવસારી, ૩૯૬૪૪૫
ટે. નં. ૩૧૩૬ (R)
૧૨૦૭ (O)

લિ. પ્રકાશક—
સંઘવી અશોક બાબુભાઈ કડીવાળા
ના પ્રણામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસજી શ્રી
ભદ્રંકર વિજયજી ગણિવર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આમુખ

**સમતાભાવનિષ્ઠ, પૂજ્યપાદ, પન્યાસજી ભગવંત શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ**

જેમણે જગતને મૈત્રીનું અમૃત પાયું,
જેમણે જગતને યોગ–સામ્રાજ્યનો મહિમા સમજાવ્યો,
જેમણે જગતને ખમવાની કળા શીખવાડી,
જેમણે જગતને શ્રી નવકારની માયા લગાડી,
જેમણે જગતને સ્યાદ્વાદનો બોધ પીરસ્યો,
જેમણે જગતને 'નમન'નું રહસ્ય સમજાવ્યું,
જેમણે જગતને ચિંતામુક્તિનો ઉપાય સમજાવ્યો,
જેમણે જગતને આત્મતત્ત્વનો મહિમા સમજાવ્યો,
જેમણે જગતને 'આભાર'નું મૂલ્ય સમજાવ્યું,
જેમણે જગતને **આત્મ સમભાવનું** દાન કર્યું,
જેમણે જગતને અહિંસા, સંયમ અને તપનો **સમતામય** માર્ગ સ્વ–જીવન દ્વારા ઉપદેશ્યો,
જેમણે જગતને ભદ્રંકર આત્મસ્નેહ વડે ભીંજવ્યું,
જેમણે 'શિવમસ્તુ સર્વ જગત' ની ભાવના વડે વાયુ મંડળને સુવાસિત કર્યું,

જેમણે યોગ્ય આત્માઓને આત્મ અનુભવનો જિનકથિત દિવ્ય માર્ગ બતાવ્યો,

તે......

પરમ પૂજ્ય, પ્રાતઃસ્મરણીય, ગુરૂદેવ, પંન્યાસજી ભગવંત, શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના **સમભાવ ભાવિત** શ્રી અરિહંત ધ્યાનમગ્ન આત્માને કોટિ કોટિ નમસ્કાર સાથે આ ગ્રંથ શરૂ કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યાત્મયોગી પૂજ્ય ગુરૂભગવંત ! ૨૦૨૦ ના દિગ વિજય પ્લોટ, જામનગરના ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય રત્નશેખર સૂરીશ્વરજી વિરચિત "સિરિ સિરિવાલ કહા" તથા મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી તથા યશોવિજયજી વિરચિત "શ્રીપાલરાજાનો રાસ" ના મહત્ત્વના પ્રસંગો આપે મને સમજાવેલા. શ્રી શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીની નવપદની આરાધના કેવી અદ્‌ભુત હતી અને આપણા જીવનમાં તેવી સાધનાના ભાવો કેવી રીતે પ્રગટ કરવા તેનું માર્ગદર્શન આપેલું. તેમજ શ્રીપાલ અને મયણાનાં જીવનનાં આધ્યાત્મિક રહસ્યો આપે બતાવેલાં.

આપની આજ્ઞા મુજબ શ્રીપાલ રાસનું વાંચન કરવાનો પ્રથમ પ્રસંગ જામનગર, દિગ્‌વિજય પ્લોટમાં ૨૦૨૦ ના આસોની ઓળીમાં પ્રાપ્ત થયો. નવપદ આરાધક સમાજ આયોજીત ૨૦૨૧ ની ચૈત્ર મહિનાની ઓળીની આરાધના આપની પાવનકારી નિશ્રામાં હાલાર પ્રદેશમાં વસઈ મુકામે (જામનગર પાસે) ગોઠવાઈ. ત્યાં મોટી સંખ્યામાં ઓળીના આરાધકો તથા પુણ્યશાળીઓ પધારેલા. આપશ્રીના નવપદના દિવ્યભાવોને પ્રકાશિત કરતાં પ્રવચનોથી સાધનામય મધુર વાતાવરણનું ઓળીની આરાધનામાં સર્જન થયું. આપની આજ્ઞા મુજબ રાત્રે નવે દિવસ સંગીત સાથે શ્રીપાલ રાસનું વાંચન કરવાનું સૌભાગ્ય આપની કૃપાથી પ્રાપ્ત થયું; જે આજ પર્યંત ચાલુ છે.

૨૦૨૧ ની ઓળીના પ્રસંગ પછી ૨૦૨૧ના ચૈત્ર વદી ૬ ના દિવસે આપે મારા ઉપર (બાબુભાઈ કડીવાળા ઉપર) લખેલ પત્ર ખૂબ જ પ્રેરણાદાયી અને અમારે 'કેવું જીવન જીવવું' તે માટે આપે કરેલા સંકલ્પરૂપ છે. આ પત્ર "શ્રીપાળ અને મયણાનાં આધ્યાત્મિક જીવન રહસ્યો" પુસ્તક લખવામાં મૂળભૂત પ્રેરણારૂપ છે, તેમજ સૌ કોઈને આ પત્ર ઉપયોગી છે. આપના શ્રદ્ધાંજલિ વિશેષાંકમાં આ પત્ર "સંત વચન સોહામણાં" આ શિર્ષક નીચે છપાયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ નાનકડી જિંદગીમાં શ્રી નવપદજી સાથે આપણા આત્માને ભાવસંબંધ બંધાવવાના આવા સુંદર પ્રસંગોમાં સાક્ષાત્ ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તેની પાછળ કાર્ય કારણની લાંબી સાંકળ રહેલી હોય છે. આરાધનાનું યત્કિંચિત્ ફળ પ્રત્યક્ષ જોવા મળે છે તે ઉપરથી વધુ નમ્ર બનીને, આરાધનામાં સહાય કરનારાં સઘળા તત્ત્વો પ્રત્યે કૃતજ્ઞ બનીને, શ્રીપાલની જેમ દિનપ્રતિદિન વધુ તન્મયતા શ્રી નવપદજીના ધ્યાનમાં પ્રાપ્ત થાય તે માટે સદા ઉત્સાહિત બનવું જોઈએ. અને તન, મન, ધનની જે કાંઇ શક્તિઓ પ્રાપ્ત થાય તેના પ્રત્યે અહં મમત્વ ઉઠાવી લઈને, શ્રી નવપદના શરણે રહેવું જોઇએ.

વિશ્વમાં શ્રી નવપદની ભક્તિનો નિષ્કામપણે પ્રચાર થાય એ માટે મળતી બધી તકોને સાર્થક કરી કૃતાર્થ થવું જોઈએ.

શ્રીપાલનો સમગ્ર રાસ આપણું જીવન બનવું જોઇએ. ઔદાર્ય, દાક્ષિણ્યાદિ ગુણો વધવા જોઈએ. પાપ જુગુપ્સા, નિર્મળ બોધ, જનપ્રિયત્વ વગેરે ગુણો પ્રગટવા જોઈએ. મન-વચન-કાયાની શુદ્ધિ તથા ક્ષાન્ત, દાન્ત, શાન્તાદિ ગુણો વિકસવા જોઈએ. આંતરિક આરાધનાની પ્રતીતિ માટે આ બધી બાહ્ય કસોટીઓ છે, તેના ઉપર આપણી આરાધનાને સદા કસતા રહેવું જોઈએ.

**મયણાને પૂજામાં આવેલો ભાવ અને શ્રીપાલને ભીડ વખતે થયેલું નવપદનું ધ્યાન આપણને પણ સ્પર્શવું જોઇએ.**

આપણા વડે બીજાઓને ઉપકાર થાય છે એ વિચારને ગૌણ બનાવીને, બીજાઓ વડે આપણા આત્માને ભાવોપકાર થાય છે, તેની કદર શીખવું જોઈએ.

જગતના જીવો શ્રી નવપદજીના સાચા આરાધક બને એવી આપણી ભાવનાને ફળીભૂત કરવા માટે આપણે આપણા જીવનમાં શ્રી નવપદજીની સાચી ભક્તિનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પૂરું પાડવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પૂજ્ય ગુરૂમહારાજે શ્રી બાબુભાઈ કડીવાળા ઉપર જુદા જુદા સમયે લખેલ પત્રોમાં આપણા જીવનને અતિ ઉપયોગી કેટલાંક મહત્ત્વના સૂચનો નીચે મુજબ છે–

ધર્મનું મૂળ દયા છે અને તે મૈત્રીથી જાગે છે. ધર્મનું મૂળ વિનય છે અને તે ભક્તિથી જાગે છે. મૈત્રી અને ભક્તિનું મૂળ આત્મતુલ્ય પર પ્રત્યે સ્નેહનો પરિણામ છે. તે સ્નેહ સમસ્ત જીવ-રાશી પર પ્રગટે ત્યારે આરાધના નક્કર થાય છે.

શ્રી નવકાર અને નવપદના આરાધનને સંસારમાં સારભૂત માનીને સર્વ (જીવો)ના શુભના સંકલ્પપૂર્વક જેઓ આરાધે છે તેઓ નિકટ જીવી બનીને સર્વ અશુભના પારને પામે છે. એમાં સંશય નથી.

હૃદયમાં ગુપ્તપણે સેવેલા શુભ સંકલ્પો કાળક્રમે અચૂક સિદ્ધ થાય છે.

એક વખતમાં હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગૃત થાય અને પૂરેપૂરી નમ્રતા આપણા અંતરમાં સ્થપાયા પછી શાસ્ત્રોનાં રહસ્યો આપોઆપ ખુલવા લાગે છે.

**અનુપ્રેક્ષા** ચાલુ રાખવાથી આત્મા ભાવિત થતો જાય તેમ ઘણી કર્મ પ્રકૃતિઓ ગળી જાય, કર્મ વિવર આપે અને ભવરોગ અલ્પકાળમાં જ નષ્ટ થઈ જાય. ભવરોગ એટલે સ્વાર્થનો કારમો વ્યાધિ. તેનું નિવારણ સામાયિક અને નવકારની વિશુદ્ધ આરાધનાથી થાય. વિશુદ્ધ આરાધના એટલે જ્ઞાન અને સમજણપૂર્વકની શ્રદ્ધા ભક્તિપૂર્ણ આરાધના.

આરાધનામાં વિશેષ વિશેષ લાભ જોવા મળે અને વધુ વધુ આરાધનાનો માર્ગ મળે એ પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિનો અચૂક પુરાવો છે.

શ્રી નવપદજી તથા અર્હં પરમાત્માના ધ્યાન વખતે સદા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વદા વિશ્વના જીવોની સાથે અભેદ અનુભવવાનો અભ્યાસ પાડવો જોઈએ. અને તે દ્વારા ઇર્ષા, અસૂયા આદિ ભાવમળોનો સર્વથા નાશ સિદ્ધપણે થાય તેવી ભાવના કરવી જોઈએ. શ્રી નવપદજીના ભક્તા સાથે વિશેષ પ્રીતિ, ભક્તિ અને ઉપેક્ષકો પ્રત્યે કરૂણા આદિ ભાવો કેળવવા જોઇએ.

ધર્મ મહાસત્તાના ગુપ્ત સંકેતથી નવકાર અને નવપદના સાચા ભાવથી આરાધક બનવા અને બનાવવાના સંયોગો ગોઠવાતા જાય અને અધિકારી (યોગ્ય) આત્માને તેના હથિયાર બનાવીને ધર્મ મહ સત્તા પોતાનું 'નિયત 'કાર્ય સદા આગળ ધપાવે છે. તે ધર્મ મહાસત્તાના નમ્ર સેવક બનવાનું બળ અને સત્ત્વ લઘુકર્મી આત્માઓમાં જ પ્રગટી શકે છે. શ્રીપાલરાજાના રાસના ચતુર્થ ખંડની તાત્ત્વિક ઢાળોનું સુંદર રીતે પરિશીલન થવાથી જરૂરી નમ્રતા અને ભક્તિ આપોઆપ પ્રગટે છે. શ્રીપાલ રાજાના રાસના છેલ્લા કળશની ઢાળમાં આપેલો અનુભવ અને તેનો મહિમા ખૂબખૂબ પરિશીલન કરવા જેવો છે. જૈનસંઘ સમ્યક્ત્વ પ્રધાન હોવાથી તેને ઝીલવા હંમેશાં તત્પર છે, ઝીલાવનાર જોઈએ.

પૂર્વ પુરૂષોના પંથે શ્રી જિનશાસનની સેવા અને આરાધના માટે ચાલવું એ આપણા સૌનું કર્તવ્ય છે.

જાતિ, કુલ, બલ, બુદ્ધિ, શ્રુત અને સૌભાગ્ય આદિના મદથી રહિત બનીને શ્રી સિદ્ધચક્ર ભગવંતની ત્રિભુવન વિજયી આરાધના માટે જેઓ તૈયાર થાય છે, તેઓને શાસન દેવ–દેવીઓ સદા સહાય કરે છે.

સિદ્ધચક્રને ભજીએ રે, ભવિજન ભાવ ધરી,
મદ માનને તજીએ રે,–કુમતિ દૂર કરી.
સિદ્ધચક્રના ધ્યાને રે, સંકટ ભય ન આવે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે ગૌતમ વાણી રે, અમૃત પદ પાવે.
ઉપરના સ્તવનના ભાવ ખૂબ વિચારવા જેવા છે.

શ્રી નવપદજી મહારાજની સાથે અનંત કાળ સુધી ચાલે તેવો અતૂટ સંબંધ બાંધવા માટે આ માનવ ભવમાં ઉત્તમોત્તમ તક મળી છે, એમ માનીને ભક્તિભર હૃદયથી આરાધના કરવા અને બીજાઓને આરાધનામાં જોડવા માટે ઉલ્લસિત થવું જોઇએ. બીજાઓને આરાધનામાં જોડવા એ પુણ્યાનુબંધી પુણ્ય કમાવવા માટે રત્નના વ્યાપાર તુલ્ય અમૂલ્ય વ્યાપાર છે. નવપદની આરાધના શાશ્વત ગુણરત્નોને કમાવવાનું અપૂર્વ અનુષ્ઠાન છે. નવપદમાં આપણો આત્મા અને આપણા આત્મામાં નવપદો રહેવાં છે—એવો નિશ્ચય શ્રીપાલની જેમ આપણને પણ થાય એવું ધ્યેય રાખવું જોઇએ.

અરિહંતાદિ પદોના આલંબને આપણો ઉપયોગ અરિહંતાદિ સ્વરૂપ થાય છે, અને એ સ્વરૂપથી સાથે આપણી એકતાનું જ્ઞાન જેમ જેમ સ્થિર થતું જાય છે, તેમ તેમ મુક્તિ માટેની યોગ્યતા વધતી જાય છે. એ માટે ચૈતન્ય અંશથી સર્વ જીવ સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખવો જોઈએ. નવપદજી મહારાજની ભક્તિ બધી જરૂરી વસ્તુ મેળવી આપશે.

આપણી આરાધના કેવી હોવી જોઇએ તે માટે પૂજ્ય પંન્યાસજી મહારાજનો સંકલ્પ ઉપર મુજબ છે. તે આરાધનાના વિશ્વ કલ્યાણકારી માર્ગે આગળ વધવા માટે પૂજ્ય ગુરૂમહારાજની પ્રેરણા અને બળ આજે પણ આપણને મળી રહ્યું છે. આપણે સૌ શ્રી નવકાર, શ્રી નવપદજી ભગવંત અને શ્રી સામાયિકની સર્વકલ્યાણકારી આરાધનાના માર્ગે આગળ વધી શીઘ્ર સ્વરૂપનું કલ્યાણ સાધીએ એ જ મંગળ કામના.

આ પુસ્તક લખવામાં પ્રેરક ઉપરનાં ગુરૂવચનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પુસ્તકમાં લખેલ કેટલીક વાતો એવી છે કે, જે સાધનાથી જ સમજી શકાય તેવી છે. પૂજ્યગુરૂ ભગવંતે નવપદનું ધ્યાન સિદ્ધ કર્યું હતું અને તેમના અનુભવોમાંથી પ્રાપ્ત થયેલ કેટલીક મૌલિક અને તાત્ત્વિક વિચારણા આ પુસ્તકના ઉત્તરાર્ધમાં છે, જે સ્થિર ચિત્તે વિચારવા સાધનાપ્રેમી વાચકોને વિનંતી છે.

શ્રી નવપદની આરાધના સમગ્ર જૈન સંઘમાં ઘણી જ વ્યાપક બની છે, તે સમયે આ પુસ્તક આપણી નવપદની આરાધનાને ભાવ-પૂર્વકની, ઉપયોગ જોડવા પૂર્વકની અને મોક્ષ હેતુક બનાવવા માટે પ્રેરણારૂપ બનશે. શ્રીપાલ અને મયણાની સાધનાનાં રહસ્યો આપણી આરાધનામાં પ્રાણ પૂરનાર બનશે.

**આત્માની અખૂટ સંપત્તિના ખજાનાને ખોલવાની દિવ્ય ચાવીરૂપ આ પુસ્તક વાચકોનાં કરકમલમાં મૂકતાં દિવ્ય આનંદ અનુભવાય છે. જીવનમાં પરમ સુખ, દિવ્ય આનંદ અને શાંતિનો અનુભવ કરવાની મહાન કળાથી ભર-પૂર આ પુસ્તક આપણા જીવનની અણમોલ સંપત્તિરૂપ છે.**

જૈનશાસનની કોઈપણ ક્રિયા—પછી તે દર્શનની હોય, પૂજનની હોય, શાસ્ત્ર ભણવાની હોય, તપની હોય, કે સંયમ પાલનની હોય —તે સર્વનું ધ્યેય આત્માનું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરવું તે છે; એટલે કે મોક્ષના લક્ષ્યથી સર્વ કાંઈ ધર્મ આરાધન કરવાનું છે.

મોક્ષ એટલે આત્માનું પૂર્ણસ્વરૂપ પ્રગટ કરવું તે; પરંતુ પૂર્ણ પણે આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટેની સામગ્રી વર્તમાન કાળે આ ક્ષેત્રે, આ જીવનમાં નથી; તો આ જીવનમાં જે કાંઈ ઉત્તમ સામગ્રી મળી છે, તેનાથી આપણું મૂળભૂત લક્ષ્ય જે મોક્ષ છે, તેને પ્રાપ્ત કરવા માટે આપણે ક્યાં સુધી પહોંચી શકીએ તેમ છીએ એ વાત સ્થિર ચિત્તે વિચારવી જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના ઉત્તરમાં મહાપુરૂષો કહે છે, કે આ જીવનમાં આત્મ-સ્વરૂપનો આંશિક અનુભવ કરી શકાય છે, એટલે કે આ જીવનનું ધ્યેય શકય આત્મઅનુભવ કરવો તે છે, અને જન્માંતરમાં અનુકૂળ સામગ્રી મળે ત્યારે પૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ કરવું તે છે. આ દિશામાં આગળ વધવા માટે પરમ પૂજ્ય, ગુરૂદેવ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનું લખેલું સાહિત્ય વાંચવા ખાસ ભલામણ છે.

આ પુસ્તક પણ તેઓશ્રીની પ્રેરણાનું ફળ છે. આમાં જે કંઇ સારું છે તે તેઓશ્રી પાસેથી મળેલું છે, તેઓશ્રીની કૃપાનું ફળ છે. આમાં જે કોઈ ત્રુટિ છે તે મારી પોતાની છે.

સુજ્ઞ વાચક વર્ગને પ્રાર્થના કરું છું કે, આમાં રહેલી ત્રુટિઓ તરફ મારું ધ્યાન દોરવા આપ અવશ્ય કૃપા કરશો.

આ પુસ્તકના લખાણમાં કયાંય પણ શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તેની ત્રિવિધે ક્ષમા યાચું છું.

પુસ્તકનો વિષય શ્રીપાલ અને મયણાનાં આધ્યાત્મિક રહસ્યો હોવાથી શ્રીપાલ અને મયણાનું કથાનક ગૌણપણે લખેલ છે.

ગિરનારજી મહાતીર્થમાં સહસાવનમાં ૨૦૪૦ના ચૈત્ર વદ ૫—અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયા પછી, એક મહિના માટે કરૂણાસાગર નેમનાથ ભગવાનની પરમ પાવનકારી, પવિત્ર છત્રછાયામાં સાધના માટે ગિરનાર ઉપર રોકાવાનો અણમોલ અવસર પ્રાપ્ત થયો, તે વખતે દેવગુરુની કૃપાથી આ પુસ્તક શ્રી નેમનાથ ભગવાનના કરૂણામય પ્રકાશમાં લખાયું છે. કૃપાનિધિ પરમાત્માનો દિવ્ય પ્રકાશ આપણા સૌના હૃદયમાં નિરંતર પથરાતો રહે એ જ અભ્યર્થના.

લિ. બાબુભાઈ કડીવાળા

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

॥ श्री सिद्धचक्राय नमः ॥

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री महावीरस्वामिने नमः ॥

॥ श्री गौतमस्वामिने नमः ॥

॥ श्री सद्‌गुरुदेवाय नमः ॥

**ભગવાન શ્રી સિધ્ધચક્રની ઉપાસના એ જૈનશાસનનો સાર છે.** એ સાધન પણુ છે અને સાધ્ય પણુ છે. મન-વચન-કાયાને પાવન કરવા માટે, માનવ જન્મને પાવન કરવા માટે એ અમોઘ સાધન છે, અને માનવ જન્મ પ્રાપ્તકરીને જીવનમાં ખરેખર કાંઇ પણ પ્રાપ્ત કરવા જેવું સાધ્ય હોય તો તે પણુ ભગવાન સિદ્ધચક્રની ઉપાસના જ છે. ભગવાન શ્રી **સિદ્ધચક્ર** એ જિનેશ્વર ભગવાનના શાસનનું હાર્દ છે.

ગણુધર ભગવાન ગુરૂપ્રવર શ્રી **ગૌતમસ્વામીએ** સ્વમુખે મગધસમ્રાટ **શ્રેણિક** મહારાજ આદિ સભા સમક્ષ શ્રી સિદ્ધચક્રનો—નવપદોનો અદ્‌ભુત મહિમા વર્ણવ્યો છે અને એમાં ઉદાહરણુ તરીકે આદિથી અંત સુધીમાં તેમણે મહારાજા **શ્રીપાલકુમાર** તથા મહાસતી **મયણાસુંદરી**ના અત્યંત પવિત્ર અને આશ્ચર્યકારક જીવનચરિત્રને વિસ્તારથી ગૂંથી લીધું છે. **શ્રીપાળ** મહારાજા અને **મયણાસુંદરી**ના જીવનના વિવિધ પ્રસંગો દ્વારા શ્રી સિદ્ધચક્રના પ્રભાવને ડગલે અને પગલે ભગવાન ગૌતમસ્વામીએ સ્પષ્ટ રીતે વર્ણવ્યો છે.

જૈનસંઘમાં સેંકડો વર્ષોથી શ્રી સિદ્ધચક્રની—નવપદની આરાધના ચાલી આવે છે. અત્યારે એ વિષે મળતા ગ્રંથોમાં પૂ. આચાર્યશ્રી **રત્નશેખરસૂરિ** વિરચિત **सिरिसिरिवाल कहा** એ પ્રાચીન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથ કહી શકાય. તે પછી પણ બીજા અનેક નાના–મોટા ગ્રંથો ભિન્ન ભિન્ન ભાષામાં ભગવાન શ્રી સિદ્ધચક્રના મહિમા વિષે, શ્રીપાલ મહારાજા તથા મયણાસુંદરીના જીવનચરિત્ર વિષે લખાયા છે. આજથી લગભગ ત્રણસો વર્ષ પૂર્વે પૂ. ઉપાધ્યાય શ્રી **વિનયવિજયજી** મહારાજે જીવનના અંતસમયે શરૂ કરેલો અને પૂ. ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજે પૂર્ણ કરેલો, ગુજરાતી ભાષામાં રચાયેલો, **શ્રી શ્રીપાળ રાસ** એ અજોડ ગ્રંથ છે. પરમજ્ઞાની આ બંને મહાપુરૂષોએ રચેલો **શ્રીપાળ રાસ** છલોછલ ભક્તિરસથી ભરેલો છે. ભાવિક શ્રોતાઓને આનંદ અને ભક્તિના મહાસાગરમાં ડૂબાડી દે છે. બંને પરમજ્ઞાની ઉપાધ્યાય ભગવંતો શ્રી **વિનયવિજયજી** મહારાજ તથા શ્રી **યશોવિજયજી** મહારાજે સમગ્ર જીવનમાં મેળવેલા શાસ્ત્રોના અગાધજ્ઞાનના સારને આ રાસમાં ઠાલવી દીધો છે. રાસની પંક્તિઓ વાંચતાં, ડગલે અને પગલે રોમાંચ ખડાં થાય છે. જેનું હૃદય ભાવુક છે તેને તો ડગલે અને પગલે 'વાંચો અને નાચો' એમ કહેવાનું મન થઇ જાય તેવો આ રાસ છે.

ચૈત્ર માસ તથા આસો માસની આયંબિલની ઓળીમાં ઠામ ઠામ આ રાસ ગવાય છે. સમગ્ર જૈનસંઘ ઉપર આ રાસનો અજોડ ઉપકાર છે. શ્વેતામ્બર જૈનસંઘમાં શ્રી **નવપદજી** ઉપર ભક્તિ જગાડવામાં આ રાસે ઘણો જ મોટો ભાગ ભજવ્યો છે. આ રાસે **શ્રીપાળ** મહારાજા અને **મયણાસુંદરીની** પાવનકથાને આખા જૈનસંઘમાં ઘેર ઘેર અને માણસે માણસે ગૂંજતી કરી દીધી છે.

સુશ્રાવક **બાબુભાઈ** ગિરધરભાઈ કડીવાળા વર્ષોથી આ રાસ ઉપર પ્રવચનો આપે છે અને શ્રોતાઓને ભક્તિરસના અને આનંદના મહાસાગરમાં ડૂબાડી દે છે. એમના મોઢેથી આ રાસ ઉપરનાં પ્રવચનો સાંભળવાં એ પણ જીવનમાં એક લ્હાવો છે એવા શ્રોતાઓના હૃદયના ઉદ્ગારો છે. એની પાછળ બાબુભાઇનું શ્રેષ્ઠ વકતૃત્વ કામ કરે છે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, પણ બાબુભાઈની શ્રેષ્ઠ કોટિની અનેક વર્ષોની સાધના એની પાછળ કામ કરી રહી છે.

સ્વ. પૂ. પં. શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજના સમાગમ પછી, તેમના જેવા ભવ્ય ગુરુદેવની દોરવણી અનુસાર, **બાબુભાઈ** અનેક અનેક વર્ષોથી ભગવાન શ્રી **સિદ્ધચક્રના–નવપદજીનાં** ઉત્તમ ઉપાસક–આરાધક બનેલા છે. જ્યારે **બાબુભાઇ** શ્રી **સિદ્ધચક્ર** વિષે –**નવપદ** વિષે–**શ્રી**પાળરાસ વિષે પ્રવચન કરવા માંડે છે ત્યારે તેમના અંતસ્તલમાંથી અદ્ભુત રસગંગા વહેવા લાગે છે અને તેમાં અનેક અનેક અદ્ભુત ભાવો પ્રગટ થાય છે.

આ જે પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે તેનું લખાણ ગિરનાર પર્વત ઉપર ભગવાન **નેમિનાથ**ની પરમ પવિત્ર છાયામાં **બાબુ-ભાઇ** ધ્યાનસાધના કરવા માટે ગયેલા–રહેલા તે વખતની અંતઃસ્ફુરણાનું પરિણામ છે. ગિરનાર પર્વત ઉપર યોગીશ્વર ભગવાન **નેમિનાથ**ની એવી અદ્ભુત છાયા છે કે જીવનનાં અનેક રહસ્યો ત્યાં પરમાત્માની કૃપાથી આપોઆપ ખુલ્લાં થઇ જાય છે.

**શ્રી**પાળ મહારાજા અને સતીશિરોમણિ **મયણાસુંદરી**ની કથા સામાન્ય રીતે જૈનસંઘમાં જાણીતી કથા છે, પણ તેમાં ભિન્ન ભિન્ન પ્રસંગે ભિન્ન ભિન્ન વિષયો પરત્વે **બાબુભાઇ**એ જે ભાવો અને ખૂબીઓ વર્ણવ્યાં છે એ જ આ પુસ્તકની ખરેખર વિશેષતા છે. ડગલે પગલે આવા વિશિષ્ટ ભાવો આ પુસ્તકમાં જોવા મળશે. એનું ખૂબ ખૂબ મનન કરવા માટે વાચકોને ખાસ ભલામણ છે.

**બાબુભાઇ** વર્તમાનકાળમાં ધ્યાનમાર્ગના ખૂબ ઊંચી કોટિના ઉપાસક છે. આ પુસ્તકના અંતભાગમાં ધ્યાન સાધવાની જે કળા અને પદ્ધતિ એમણે વર્ણવી છે તેનું મનન કરીને તેનો અવશ્ય અનુભવ લેવા જેવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર **થવા** માટે–અર્થાત્ દોષોથી ખીચોખીચ ભરેલા આપણા મનને પવિત્ર કરવા માટે, શ્રી સિદ્ધચક્રની ઉપાસના જેવો અદ્‌ભુત ઉપાય આ જગતમાં નથી. શ્રી **સિદ્ધચક્રનો** ઉપાસક આ જગતમાં પુણ્યના સમૂહોના સમૂહોને ખેંચી લાવીને પુણ્યમાં આશ્ચર્યકારક વૃદ્ધિ કરે છે, અને પાપોના સમૂહોના સમૂહોને બાળીને ભસ્મસાત્ કરી નાખે છે. ખરી જરૂર છે **આપણી** ચેતનાને શ્રી **સિદ્ધચક્રની** ઉપાસનાના રંગથી રંગી દેવાની. ચેતનાનું સમૂલ પરિવર્તન–ઉર્ધ્વારોહણ થાય તો જ સાચી પવિત્રતા જીવનમાં શક્ય છે. અને એ માટે **અરિહંત** આદિ નવપદોની ઉપાસના એ જ ઉત્કૃષ્ટ ઉપાય છે. વ્યવસ્થિત રીતે એની ઉપાસના કરવાથી, વ્યવસ્થિત રીતે ચેતનાનું ઉત્તમ કોટિનું પરિવર્તન થાય છે. **જૈનશાસને** સર્વ જગતના કલ્યાણને માટે, શ્રી **સિદ્ધચક્રરૂપી** અણમોલ ભેટ આ જગતને આપી છે.

આ પુસ્તકમાં વર્ણવેલાં ઉત્તમ ચિંતનાત્મક રત્નોને હૃદયમાં સૌ ધારણ કરો અને પરમાત્માની કૃપાથી સૌ પાવન થાઓ એ જ પરમાત્માને પ્રાર્થનાપૂર્વક હાર્દિક શુભેચ્છા.

કોટિ કોટિ વંદન હો અરિહંત પરમાત્મા આદિ નવપદોથી બનેલા શ્રી **સિદ્ધચક્રને**, ભગવાન **મહાવીર** પરમાત્માને, ગુરૂશ્રેષ્ઠ શ્રી **ગૌતમસ્વામીને**, તથા **શ્રીપાળ મહારાજા** અને મયણાસુંદરીને.

સંવત્ ૨૦૪૧<br>કાર્તિક સુદિ–૧, ગુરુવાર<br>તા. ૨૫–૧૦–૮૪<br>વેડ (તા. સમી)<br>(જિ. મહેસાણા)<br>(ઉત્તર ગુજરાત)

આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય<br>**સિદ્ધિસૂરીશ્વર** પટ્ટાલંકાર–<br>આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય<br>**મેઘસૂરીશ્વર** શિષ્ય–<br>ગુરૂદેવ મુનિરાજ શ્રી **ભુવન-<br>વિજયાન્તેવાસી** મુનિ **જંબૂવિજય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# : અનુક્રમણિકા :


પાના નં.

૧. અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામીની દેશના 'સિરિ સિરિવાલ કહા'ના મૂળ શ્લોકો ૨

૨. મનનું નિયમન કરવા માટે આલંબન સહિતના ધ્યાનનો ઉપદેશ ૪

૩. જગતગુરૂ અરિહંત પરમાત્મા 'નવપદ'ને ધ્યાનનું પ્રધાન આલંબન કહે છે. ૪

૪. ધર્માનુષ્ઠાનોને ભાવ સહિતના અને મોક્ષપ્રદાયક બનાવવા માટે અરિહંતાદિ નવપદનું ધ્યાન કરવાનો શ્રી ગૌતમ ગણધર પ્રભુનો ઉપદેશ. ૪

૫. નવપદના ધ્યાન ઉપર શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત ગૌતમસ્વામીજી કહે છે. ૫

૬. ક્રોધના આવેશમાં પ્રજાપાલ રાજા પોતાની પુત્રી મયણા-સુંદરીને કોઢિયા શ્રીપાલ સાથે પરણાવે છે. ૭

૭. લગ્ન પછી બીજા દિવસે જિનમંદિરમાં મયણાસુંદરીનું અલૌકિક દર્શન, પૂજન અને ધ્યાન. ૧૦

૮. મયણાસુંદરીએ કાર્યસિદ્ધિ કરી તે પ્રક્રિયા મુજબ આપણા જીવનમાં કાર્યસિદ્ધિ માટેના પાંચ મુખ્ય મુદ્દા. ૧૩

૯. શ્રીપાલ અને મયણાને જ્ઞાની ગુરૂ મુનિચંદ્રસૂરિનો મેળાપ. ૧૯

૧૦. મુનિચંદ્રસૂરીશ્વરજી સકળ આગમ ગ્રંથોનું મંથન કરીને, ઉધ્ધૃત કરેલું સિદ્ધચક્રયંત્ર શ્રીપાલ અને મયણાને આપે છે. ૨૨

૧૧. શ્રીપાલ અને મયણાની આયંબિલની ઓળીપૂર્વક નવપદમય શ્રી સિદ્ધચક્રની આરાધનાથી શ્રીપાલનો કોઢનો રોગ નાશ પામે છે. ૨૩

૧૨. સિદ્ધાન્ત + પ્રયોગ = ફળનો અનુભવ. ૨૪
Principal + Application = Result-


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં,


૧૩. શ્રીપાલનું પૂર્વ વૃત્તાંત – કાકા અજિતસેન રાજ્ય પચાવી પાડે છે. રાજમાતા શ્રીપાલ સાથે જંગલમાં નાસી છૂટે છે. કોઢિયાના ટોળાંનો આશ્રય લેતાં શ્રીપાલને રક્તપિત્તીયાનો કોઢ રોગ થાય છે. ૩૧

૧૪. સુખની મોસમ સ્વર્ગમાં છે, દુઃખની મોસમ નરકમાં છે. માનવ જીવન એ ધર્મની મોસમ છે. ૩૪

૧૫. પ્રજાપાલ રાજાની ભૂલની કબૂલાત વખતે મયણાનો અદ્ભુત પ્રતિભાવ. ૩૭

૧૬. Cosmic Comunion–જીવ માત્ર સાથે આત્મસમાન ભાવ. ૪૨

૧૭. નવપદની આરાધના અને ધ્યાન આઠ કર્મરૂપી કોઢનો નાશ કરે છે. ૪૯

૧૮. શ્રીપાલનું પરદેશગમન. વિદાય વખતે મયણાના અદ્ભુત ભાવો ૫૧

૧૯. ધવલશેઠનો મેળાપ. બબ્બર રાજાના બંધનમાંથી શ્રીપાલને છોડાવવાના બદલામાં શ્રીપાલ અઢીસો વહાણના માલિક બને છે. બબ્બર રાજાની પુત્રી માનસેના સાથે લગ્ન. ૫૩

૨૦. મંદિરના ગભારાનાં દ્વાર બંધ થતાં રાજકુંવરીનો વિલાપ. પ્રભુ દર્શનની તીવ્ર ઝંખના. ૫૫

૨૧. જે હૃદય પરમાત્માનું ધ્યાન કરતું નથી, તે હૃદય આ દેહરૂપી પહાડમાં રહેલી અંધારી ગુફા માત્ર છે. ૫૭

૨૨. Law of Providence – પૂરવઠાનો નિયમ. ૫૮

૨૩. Law of Grace and gratitude – નમ્રતા દ્વારા અનુગ્રહની પ્રાપ્તિનો નિયમ. ૫૮

૨૪. વિયોગ એક વિશિષ્ટ પ્રકારનો યોગ છે. જેમાં આપણી ઈષ્ટ વસ્તુ દૂર હોય છે; પરંતુ સ્મરણ અને ધ્યાન દ્વારા ઈષ્ટ વસ્તુની નિકટતા અનુભવાય છે. ૬૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.

૨૫. પરમાત્મ મિલનની તીવ્ર ઝંખના (Dynamic desire) હોય તેને પરમાત્મા અવશ્ય મળે છે. ૬૧
૨૬. શ્રીપાલની નજર પડતાં ગભારાનાં દ્વાર ખૂલે છે. ૬૭
૨૭. વિદ્યાધર મુનિરાજની દેશના. ૭૦
૨૮. God is my Instant, Constant, Abundent Supply of every potent Good – સંપત્તિઓ અને સિદ્ધિઓનું પૂરવઠા કેન્દ્ર પરમાત્મામાં છે. ૭૩
૨૯. On human plain there is scarcity of every thing. On Divine Plain there is Infinite Supply – મનુષ્યના સ્તરે વિચારતાં દરેક ચીજની અછત દેખાય છે, પરમાત્માના સ્તરે વિચારતાં અનંતની ઉપસ્થિતિ છે. ૭૫
૩૦. રત્નપુરદ્વીપના રાજાની પુત્રી મદનમંજુષા સાથે શ્રીપાલનું લગ્ન. સાસરે જતી પુત્રીને માતા–પિતાની શિખામણ. ૭૯
૩૧. ધવલ શેઠ શ્રીપાલને દરિયામાં નાખે છે. દરિયામાં પડતાં શ્રીપાલનું અલૌકિક પરમાત્મ ધ્યાન. ૯૦
૩૨. શ્રીપાલનું દરિયામાંથી પાર ઉતરવું. ૯૧
૩૩. જિનભક્તિમાં અંતરાયને તોડવાની શક્તિ છે. પરમાત્માનો અનુગ્રહ કર્મના નિયમ અનુસાર થાય છે. ૯૨
૩૪. નવપદો વિશ્વ ઉપરનાં ઉત્કૃષ્ટ મહાનિધાનો છે. ૧૦૧
૩૫. A Key to cosmic secret – Shree NAV-PAD – આત્માની અનંત સમૃદ્ધિના ગુપ્ત ભંડારની ચાવી નવપદમાં છે. ૧૦૩
૩૬. શીલના રક્ષણ માટે રાજકુમારીઓની દરિયામાં ઝંપાપાતની તૈયારી. ચક્રેશ્વરીદેવીનું પ્રગટ થવું. ૧૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.


૩૭. શ્રીપાલ ઉપર ઠાણા નગરે કુંબનું આળ. શ્રીપાલનું ખૂન કરવા જતાં પોતાના જ હથિયારથી ધવલ શેઠનું મૃત્યુ. છતાં શ્રીપાલની હમદર્દી. ૧૦૮

૩૮. Direct Discipline towards Divinity – સર્વોત્તમ શિસ્ત શ્રી નવપદની આરાધના. ૧૧૦

૩૯. "**स्मरणं शरणं मम**" – સ્મરણ એ જ શરણ છે. ૧૧૨

૪૦. શ્રીપાલ અને મયણા બનવાની કળા. ૧૨૭

૪૧. શ્રીપાલની સિદ્ધચક્રના ધ્યાનમાં તન્મય–તદ્રૂપ અવસ્થા વખતે વિમલેશ્વર દેવનું આગમન. ૧૨૮

૪૨. સિદ્ધચક્ર એ Cosmic Dynamo છે. ૧૨૯

૪૩. વીણાવાદ્યની કળામાં સફળ થતાં ગુણસુંદરી શ્રીપાલને વરમાળા પહેરાવે છે. ૧૩૦

૪૪. પરમાત્મા સાથે એકતાનો અનુભવ એ વિશ્વ ઉપરની સર્વોત્તમ કળા છે – Supermost Art is to realise oneness with Supreme Power. ૧૩૨

૪૫. જે મનુષ્યે પરમાત્માની સાથે એકાકાર બનવાની કળા સિદ્ધ કરી છે, તેને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી વરમાળા અર્પણ કરવા તત્પર બનીને આવે છે. ૧૩૩

૪૬. શૃંગારસુંદરી અને પાંચ સખીઓની સમસ્યા શ્રીપાલ પૂર્ણ કરે છે – Six main keys for success of life. ૧૩૯

૪૭. અશાંતિનું મૂળ પરમાત્માથી વિમુખ દશા છે. ૧૪૩

૪૮. વ્યક્તિત્વના કોચલામાંથી બહાર નીકળી અમરત્વના દરવાજામાં પ્રવેશ – Transformation from self-centred to God-centred. ૧૪૩

૪૯. આપણે શું મેળવ્યું છે તેના ઉપર આપણી સફળતાનો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.

આધાર નથી, પરંતુ આપણે જગતને શું આપ્યું છે તેના ઉપર આપણા જીવનની સફળતાનો આધાર છે. ૧૪૬

૫૦. કુલ આઠ રાજકન્યાઓ સાથે લગ્ન થયા પછી શ્રીપાલનું ઉજ્જયિની નગરી તરફ પ્રયાણ. શ્રીપાલ ઉજ્જયિની નગરીને ઘેરો ઘાલે છે. ૧૫૦

૫૧. ઉજ્જયિની નગરીમાં સાસુ કમળપ્રભા અને પુત્રવધૂ મયણાસુંદરી વચ્ચે વાર્તાલાપ. ૧૫૯

૫૨. મયણાસુંદરીની પ્રભુ દર્શન વખતે અમૃતક્રિયા, અમૃત-ક્રિયાનાં આઠ લક્ષણો. ૧૬૧

૫૩. આજે કરેલા ધર્મનું ફળ આજે જ પ્રાપ્ત કરવાની દિવ્ય કળા મયણાસુંદરી બતાવે છે. ૧૬૫

૫૪. પરમાત્માની કરુણાને હૃદયમાં ઝીલવાની દિવ્ય કળા ૧૬૮

૫૫. પરમાત્મા તેમની દિવ્ય શક્તિઓનું આપણને દાન કરે છે. આપણી ભૂલાઈ ગયેલી શક્તિઓનું સ્મરણ કરાવે છે. ૧૭૪

૫૬. "ક્ષીર-નીર પેરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હળશું."–આ પંક્તિના પ્રત્યક્ષ અનુભવની કળા. ૧૭૭

૫૭. અધ્યાત્મયોગી પૂ૦ પં૦ ભદ્રંકરવિજયનીની નવપદની આરાધના માટે શ્રીપાલ રાસના માધ્યમથી પ્રેરણા. ૧૭૮

૫૮. મયણાના હૃદયમાં પરમાત્માની પૂજા અને ધ્યાનનો દિવ્ય આનંદ. શ્રીપાલ આજે જરૂર આવશે તેવો દૃઢ આત્મવિશ્વાસ. ૧૮૨

૫૯. શ્રીપાલ દ્વાર ખોલવા માટે બારણું ખખડાવે છે. ૧૮૩

૬૦. ભગવાનનું દર્શન કદી નિષ્ફળ જતું નથી, તેવી મયણાની અદ્‌ભુત શ્રદ્ધા. ૧૮૪

૬૧. પ્રજાપાલ રાજા ( મયણાના પિતા )ની શરણાગતિ અને શ્રીપાલની સિદ્ધિઓ જોઈ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ. ૧૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.

૬૨. સુરસુંદરીનું વૃત્તાંત. ૧૮૭

૬૩. વ્યવહારિક શિક્ષણ + ધાર્મિક શિક્ષણ = જીવનની સફળતા યાને મયણાસુંદરી. ૧૯૦
વ્યવહારિક શિક્ષણ – ધાર્મિક શિક્ષણ = જીવનની નિષ્ફળતા યાને સુરસુંદરી.

૬૪. A Key to Radient success – જ્વલંત સફળતાની ચાવી. શ્રી નવપદની આરાધના. ૧૯૨

૬૫. અરિહંત પરમાત્મા પોતાના ભક્તોને પોતાનું સ્વરૂપ દાનમાં આપે છે. નિજ સ્વરૂપના દાતા અરિહંત પરમાત્મા. ૧૯૪

૬૬. Perfect and progressive MASTER PLAN projected by Arihant Paramatma – The Supreme president of Cosmic Government. અખિલ બ્રહ્માંડના સાર્વભૌમ ચક્રાધિશ્વર અરિહંત પરમાત્માએ રજૂ કરેલો મોક્ષ પ્રાપ્તિનો પૂર્ણ યોગ. (માસ્ટર પ્લાન.) ૧૯૮

૬૭. શ્રી નવપદ અને શ્રી સિદ્ધચક્રની ત્રિભુવન વિજયી આરાધના એ આત્મસમૃદ્ધિના અનંત ખજાનાના સંશોધનની પ્રક્રિયા છે. ૧૯૯

૬૮. ઈસ્યા નવપદના ધ્યાનને જેહ ધ્યાવે;
સદાનંદ ચિદ્રૂપતા તેહ પામે. ૧૯૯

૬૯. નવપદની આરાધના અને ધ્યાન એ આત્મસાક્ષાત્કારનો રાજમાર્ગ છે–Royal Road to Self-Realisation. ૨૦૦

૭૦. બાલ્યાવસ્થામાં શ્રીપાલનું ચંપાનગરીનું રાજ્ય પચાવી પાડનાર અજિતસેનકાકા સાથે શ્રીપાલનું ધર્મયુદ્ધ. ૨૦૩

૭૧. અજિતસેનનો હૃદય પલટો. પાપનો પશ્ચાત્તાપ–સાધુપણાની પ્રાપ્તિ. ૨૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.


૭૨. સંસારરૂપ દાવાનળમાં પીડાતા જીવો માટે જૈન સાધુપણું પરમ શાંતિ અને અનંત સુખને આપનાર બને છે. ૨૦૫

૭૩. શ્રીપાલ મહારાજા અજિતસેન મુનિની સ્તુતિ કરે છે. ચારિત્રના અનંત ગુણોના વર્ણન સાથે સ્વરૂપ રમણતાના પરમાનંદ રૂપને દર્શાવતી અદ્‌ભુતં સ્તુતિ. ૨૦૬

૭૪. ચંપાનગરીમાં શ્રીપાલ મહારાજાનો વિજય પ્રવેશ અને રાજ્યાભિષેક. ૨૧૦

૭૫. નવપદના ધ્યાનના પ્રભાવથી શ્રીપાલની ચારે તરફ અદ્‌ભુત આભામંડલ. ૨૧૩

૭૬. અજિતસેન મુનિની દેશના. શ્રીપાલના પૂર્વજન્મનું કથન. ૨૧૬

૭૭. કર્મ રૂની વખાર છે, ધર્મ અગ્નિનો કણિયો છે. ૨૨૪

૭૮. શ્રીપાલ અને મયણાનો પૂર્વજન્મ એ કર્મના ફળનો આબેહૂબ ચિતાર છે. સાથે સાથે કર્મશક્તિ કરતાં ધર્મ-શક્તિની બલવત્તરતા દર્શાવે છે. ૨૨૬

૭૯. પૂર્વજન્મની મયણાની આઠ સખીઓ, બીજા જન્મમાં શ્રીપાલની આઠ રાણીઓ બને છે. અનુમોદન દ્વારા મોક્ષ-પર્યંતની સોબતનું અદ્‌ભુત દૃષ્ટાન્ત. ૨૨૮

૮૦. અજિતસેન મુનિરાજ મોક્ષનો ઉપાય બતાવે છે. એ નવપદને ધ્યાતાં થકાં, પ્રગટે નિજ આતમ રૂપ રે. ૨૨૯

૮૧. શ્રીપાલ અને મયણાની સિદ્ધચક્રની નવ ઓળીપૂર્વક અદ્‌-ભુત આરાધના અને ઉજમણામાં સિદ્ધચક્રનું પૂજન કરે છે. ૨૩૭

૮૨. જીવની પાંચ મુખ્ય ઇચ્છાઓ અને તે પરિપૂર્ણ કરવા માટેનો અદ્‌ભુત ઉપાય. ૨૪૩

૮૩. સિદ્ધચક્રનું ત્રણ પ્રકારે ધ્યાન – કળશાકારે, કલ્પવૃક્ષાકારે અને ચક્રાકારે. ૨૪૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.

૮૪. આપણી આરાધના માટે નવપદની ઉપાસના અને ધ્યાનની અદ્દ્ભુત પ્રક્રિયા. ૨૫૪

૮૫. શ્રીપાલ મહારાજા નવપદના ધ્યાનમાં નવ રાણીઓ અને માતાજી સાથે લીન બની ગયાં. ધ્યાનમાં શ્રીપાલની તન્મયતા. ૨૮૮

૮૬. ગૌતમ ગણધર ભગવંતે શ્રીપાલ, મયણા, બીજી આઠ રાણીઓ અને માતા સાથે ઉત્તરોત્તર સંપત્તિઓ, સિદ્ધિઓ અને સાધના પ્રાપ્ત કરી, નવમા ભવે અગિયારે જણા મોક્ષે જશે – તેમ કહી કથાનક પૂર્ણ કર્યું. ૨૮૮

૮૭. પ્રભુ મહાવીરસ્વામીની પધરામણી અને દેશના. અરિહંતાદિ પદોનું ધ્યાન કરતાં, ધ્યાતા સ્વયં તે સ્વરૂપ બને છે તે દર્શાવતી પ્રભુ મહાવીરની અદ્દ્ભુત દેશના. ૨૮૯

૮૮. નવપદમાં આત્માના પૂર્ણ સ્વરૂપનું દર્શન – Observation of Absoluteness. ૨૯૧

૮૯. પરમાત્માના આલંબને ધ્યેયનો નિર્ણય – Determination of Destination. ૨૯૧

૯૦. નવપદ એ આપણું મૂળભૂત ચૈતન્ય પ્રગટ કરવાના બ્લ્યુ પ્રીન્ટ નકશો છે. Architect of Originality. ૨૯૪

૯૧. ધ્યેય – લક્ષ્યને પહોંચવા માટેની વ્યવસ્થા શક્તિ – Organization to Immortality. ૨૯૫

૯૨. નવપદો એ વિશ્વ ઉપરનું સ્વયંસિદ્ધ, સર્વોત્કૃષ્ટ મહા વિજ્ઞાન છે. Scientifically Secured – Shree NAVPAD. ૨૯૬

૯૩. પ્રભુ મહાવીરસ્વામીની દેશનાનું મૂળ તત્ત્વ – "નવપદમાં આત્મા અને આત્મામાં નવપદ" તેનો અનુભવ કરવાનું અદ્દ્ભુત વિજ્ઞાન – Science of Supremacy. ૨૯૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાના નં.

૯૪. પરમાત્માકારે ઉપયોગને પરિણમાવવાની કળા એ ચેતનાના ઊર્ધ્વગમનની મહાન પ્રક્રિયા છે. ૩૦૨
૯૫. નવપદના ધ્યાન દ્વારા પ્રભુ મહાવીરસ્વામીએ બતાવેલું સમાપત્તિનું સ્વરૂપ.
૯૬. "તપ તે એહી જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે" —આ પદમાં રહેલ પરમાનંદના અનુભવનું અદ્‌ભુત સ્વરૂપ.
૯૭. સમગ્ર શ્રુતજ્ઞાનના સાગરનું નવનીત – જિન ભક્તિ.
૯૮. શ્રેણિક મહારાજાની અદ્‌ભુત સાધના.
૯૯. મનમાં ચાલતા વિચારોમાં ચૌદ રાજલોકના બંને છેડાને સ્પર્શવાની શક્તિ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાન્ત.
૧૦૦. આવતા જન્મમાં સાક્ષાત્ તીર્થંકર ભગવાન પાસે પહોંચવા માટે શું કરવું ?
૧૦૧. વિચારોનું સ્તર ( Thinking Level ) સુધારવા માટેના પ્રેક્ટીકલ માર્ગો. ૩૪૧
૧૦૨. Direet dialling to Divinity – પરમાત્મા સાથે સીધી વાતચીત કરવાની દિવ્ય કળા. ૩૪૩
૧૦૩. શ્રીપાલ રાજાનો રાસ પૂર્ણ કરતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે રચેલો 'અનુભવ કળા'ને બતાવતો અદ્‌ભુત કળશ. ૩૪૯
૧૦૪. મહાપુરુષોની અનુભવ દશા.
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પ્યાલો દીધો રે;
પૂર્ણાનંદ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે. ૩૫૩
૧૦૫. A Wonderful art of Spiritual Prayer in Jainism – આત્મસાક્ષાત્કારની દિવ્ય પ્રક્રિયાઓથી ભરપૂર જૈન દર્શનની સ્તવન ( પ્રાર્થના ) પદ્ધતિ. ૩૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૬. અધ્યાત્મયોગી પૂ. પં. ભદ્રંકરવિજયજી મહારાજનો આપણને સંદેશો. ૩૬૨

૧૦૭. સમાપ્તિ એટલે સમ્યગ્ પ્રકારે પ્રાપ્તિ – જીવનમાં નવું ઓપનીંગ. ૩૬૨

૧૦૮. અંતિમ મંગલ. ૩૬૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ પુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલા આધારભૂત ગ્રંથોની સૂચિ

| ગ્રંથનું નામ | રચયિતા |
|---|---|
| (૧) સિરિ સિરિવાલ કહા | આચાર્ય ભગવંત શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ. |
| (૨) શ્રી શ્રીપાલ રાજાનો રાસ | શ્રી ઉ. વિનયવિજયજી મહારાજ<br>શ્રી ઉ. યશોવિજયજી મહારાજ |
| (૩) શ્રી લલિત વિસ્તરા | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. |
| (૪) શ્રી નવપદ પૂજા | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. |
| (૫) શ્રી સિદ્ધપ્રભૃત ટીકા | |
| (૬) શ્રી તત્ત્વાર્થ સૂત્ર | શ્રી ઉમાસ્વાતિજી મહારાજ |
| (૭) શ્રી દશવૈકાલિક સૂત્ર | શ્રી શય્યંભવસૂરીશ્વરજી કૃત<br>ટીકાકાર હરિભદ્રસૂરીશ્વરજી મ. |
| (૮) શ્રી આનંદઘનજી કૃત પદો | શ્રી આનંદઘનજી મહારાજ |
| (૯) શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજી કૃત ચોવીશી | |
| (૧૦) પૂ. શ્રી માનવિજયજી કૃત ચોવીશી | |
| (૧૧) શ્રી પ્રતિમા શતક | ઉ. યશોવિજયજી મહારાજ |
| (૧૨) બારવ્રતની પૂજા | પં. શ્રી વીરવિજયજી મહારાજ |
| (૧૩) શ્રી દેવચંદ્રજી કૃત ચોવીશી | |
| (૧૪) કમ્મપયડી ગ્રંથ | શિવશર્મસૂરીશ્વરજી કૃત |
| (૧૫) અધ્યાત્મયોગી પૂ. પં. ભદ્રંકરવિજયજી કૃત ગ્રંથો | |
| (૧૬) સમાધિ વિચાર | |
| (૧૭) જૈન મહાભારત | |
| (૧૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર | શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી |
| (૧૯) શ્રી અજિતનાથ ભગવાનનું સ્તવન | શ્રી મોહનવિજયજી કૃત |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગ્રંથનું નામ | રચયિતા |
|---|---|
| (૨૦) અધ્યાત્મ ગીતા | શ્રી દેવચંદ્રજી કૃત |
| (૨૧) નવપદ પૂજા | શ્રી પદ્મવિજયજી કૃત |
| (૨૨) ૧૨૫ ગાથાનું સ્તવન | શ્રી ઉપાધ્યાય યશોવિજયજી કૃત |
| (૨૩) નવપદ પૂજા | ઉ. યશોવિજયજી કૃત |
| (૨૪) શ્રી સિદ્ધચક્ર પૂજન વિધિ | |
| (૨૫) નવપદના સ્તવનો | અનેક મહાપુરૂષોના રચેલા |
| (૨૬) શક્રસ્તવ | શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત |
| (૨૭) શ્રી યોગશાસ્ત્ર | કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. |
| (૨૮) તત્ત્વાનુશાસન | શ્રીમદ્ નાગસેનાચાર્ય કૃત |
| (૨૯) શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન | શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી કૃત |
| (૩૦) શ્રી ષોડશક પ્રકરણ | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત |
| (૩૧) શ્રી આનંદઘનજી કૃત ચોવીશી | |
| (૩૨) ૩૫૦ ગાથાનું સ્તવન | શ્રી ઉ. યશોવિજયજી કૃત |
| (૩૩) સમોસરણનું સ્તવન | શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત |
| (૩૪) નેમનાથ ભગવાનનું સ્તવન | શ્રી ચિદાનંદજી કૃત |
| (૩૫) તમેવ સચ્ચં નિઃશંકં | ભગવતી સૂત્રમાંથી |
| (૩૬) શ્રી દ્વાત્રિંશિકા | પૂ. ઉ. યશોવિજયજી વિરચિત |
| (૩૭) સવ્વે જીવા ન હંતવ્વા | આચારાંગ સૂત્રમાંથી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત લબ્ધિ નિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ।

# શ્રીપાળ અને મયણાનાં

આધ્યાત્મિક

# જીવન રહસ્યો

★ પ્રથમ ખંડ ★

કલ્પવેલિ કવિયણ તણી, સરસ્વતી કરી સુપસાય;
સિદ્ધચક્ર ગુણ ગાવતાં, પૂર મનોરથ માય.

અલિય વિઘન સવિ ઉપશમે, જપતાં જિન ચોવીશ;
નમતાં નિજ ગુરુ પયકમલ, જગમાં વાધે જગીશ.

ગુરુ ગૌતમ રાજગૃહી, આવ્યા પ્રભુ આદેશ;
શ્રીમુખ શ્રેણિક પ્રમુખને, ઇણી પરે દે ઉપદેશ.

અનંત લબ્ધિના નિધાન શ્રી ગૌતમ ગણધર ભગવંત રાજગૃહી નગરીએ પધાર્યા છે. શ્રેણિક મહારાજા વગેરે ઉત્તમ જનો દેશના સાંભળવા માટે આવ્યા છે. પર્ષદાને ઉદ્દેશી ગૌતમ મહારાજા અનંત કલ્યાણકારિણી, સર્વ પાપ પ્રણાશિની, મોહતિમિર વિનાશિની, પરમ આનંદ પ્રદાયિની, કલ્યાણ પરંપરા વર્ધિની, કર્મકાષ્ઠ દાહિની, ભવ સંતાપહારિણી, સકળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ સંજીવની, જીવનજ્યોતિ પ્રકાશિની, સુમધુર એવી દિવ્ય વાણીમાં ઉપદેશ આપી રહ્યા છે–

દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી પાંચ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરીને નિરંતર સદ્ધર્મ-કાર્યમાં રત રહેવું.

ધર્મના ચાર પ્રકાર છે. ધર્મનું વર્ણન કરતાં ગૌતમ ગણધર ભગવંત કહે છે–

सो धम्मो चउभेओ उवइट्ठो सयलजिणवरिंदेहिं ।
दाणं सीलं च तवो, भावोऽवि अ तस्सिमे भेया ॥ १८ ॥

तत्थ वि भावेण विणा दाणं नहु सिद्धिसाहणं होई ।
सीलं पि भाववियलं, विहलं चिय होइ लोगंमि ॥ १९ ॥

भावं विणा तवो वि हु, भवोहवित्थारकारणं चेव ।
तम्हा नियभावुच्चिय, सुविसुद्धो होइ कायव्वो ॥ २० ॥

भावो वि मणो विसओ, मणं च अइदुज्जयं निरालंबं ।
तो तस्स नियमणत्थं, कहियं सालंबणं झाणं ॥ २१ ॥

आलंबणाणि जइवि हु, बहुप्पयाराणि संति सत्थेसु ।
तहवि हु नवपयझाणं, सुपहाणं बिंति जगगुरुणो ॥ २२ ॥

अरिहंतसिद्धायरिया, उज्झाया साहुणो अ सम्मत्तं ।
नाणं चरणं च तवो, इय पयनवगं मुणेयव्वं ॥ २३ ॥

શ્રી રત્નશેખરસૂરિ વિરચિત સિરિ સિરિવાલ કહા.

(સિરિ સિરિવાલ કહા શ્લોક ૧૮થી ૨૨નો અર્થ):–

૧. સર્વ તીર્થંકર ભગવંતોએ ચાર પ્રકારનો ધર્મ ઉપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશેલો છે : દાન, શીલ, તપ અને ભાવ. ધર્મના આ ચાર પ્રકાર છે. ।। ૧૮ ।।

૨. એમાં પણ ભાવ વિનાનો ધર્મ સિદ્ધિને સાધી આપનાર થતો નથી. એ જ રીતે ભાવ વિહોણું શીલ પણ લોકમાં નિષ્ફળ જાય છે. ।। ૧૯ ।।

૩. સુવિશુદ્ધ ભાવ વિનાનો તપ પણ ભવવૃદ્ધિનું કારણ બને છે. તેથી પોતાના ભાવને સુવિશુદ્ધ કરવો જોઇએ. ।। ૨૦ ।।

૪. ભાવ પણ મનનો વિષય છે અને આલંબન રહિત મનને જીતવું ઘણું મુશ્કેલ છે. તેથી મનને વશ કરવા આલંબનવાળું સાલંબન ધ્યાન કહેલું છે. (બતાવેલું છે). ।। ૨૧ ।।

૫. જો કે શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં આલંબનો કહેલાં છે. તો પણ નવપદના ધ્યાનને પ્રધાન આલંબન તરીકે જિનેશ્વર ભગવંતોએ ગણ્યું છે. ।। ૨૨ ।।

૬. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ નવપદો એ સાલંબન ધ્યાન માટેનું પ્રધાન આલંબન છે.

"સિરિ સિરિવાલ કહા" નામના ગ્રંથમાં ભગવાન શ્રી ગૌતમ સ્વામીજી મહારાજ ઉપદેશ આપે છે કે, દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરીને નિરંતર સદ્ધર્મ-કર્મમાં રક્ત રહેવું. પછી ચાર પ્રકારના ધર્મનું વર્ણન કરતાં કહે છે કે, દાન, શીલ, તપ અને ભાવ નામના ચાર પ્રકારના ધર્મમાં ભાવ ધર્મ મુખ્ય છે. ભાવ વગરનું કરેલું દાન, શીલ કે તપ નિષ્ફળ જાય છે અને ભવવૃદ્ધિનું કારણ બને છે. માટે દાન, શીલ, તપ આદિ ધર્મના અનુષ્ઠાનો ભાવપૂર્વક કરવાં જોઇએ. ભાવ એ મનનો વિષય છે. આલંબન વગરનું મન અતિદુર્જય છે. તે મનનું નિયમન કરવા માટે સાલંબન ધ્યાન બતાવ્યું છે.

મનના બે પ્રકારના દોષ છે. એક ચંચળતા અને બીજું મલિનતા. મન ચંચળ હોવા છતાં જો મનને અનુકૂળ કે ગમતું આલંબન મળે તો તે સ્થિર થઈ શકે છે, પણ જો આલંબન અશુદ્ધ હોય તો મન મલિન થાય છે. ધન, સ્ત્રી આદિ જગતના આલંબનો મનની મલિનતામાં વૃદ્ધિ કરે છે. માટે મલિનતા દૂર કરવા અને ચંચળતાને બદલે સ્થિરતા લાવવા મનને શુદ્ધ આલંબનને વિષે બાંધવું જોઈએ.

એવાં શુદ્ધ આલંબનો જિનશાસનમાં અનેક પ્રકારનાં છે. તેમાં નવપદ એ સર્વ શ્રેષ્ઠ આલંબન છે, માટે આપણે નિરંતર નવપદનું ધ્યાન કરવું જોઈએ. **નવપદના ધ્યાનથી આત્મામાં ભાવ ધર્મ ઉત્પન્ન થાય છે. ભાવ સહિત કરેલ સર્વ ધર્માનુષ્ઠાનો મોક્ષના હેતુ બને છે. ટૂંકમાં શ્રી ગૌતમ ગણધર ભગવાનનો આશય એ છે કે ધર્માનુષ્ઠાનો તથા ધર્મની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્રિયાઓને ભાવપૂર્વકની બનાવવા માટે અરિહંત આદિ પદોનું સાલંબન ધ્યાન કરવું જોઇએ.**

પ્રભુ ગૌતમ સ્વામીની સુમધુર દેશના સાંભળતાં શ્રેણિક મહારાજા પ્રશ્ન કરે છે કે નવપદનું ધ્યાન કેવી રીતે કરવું ? શ્રી ગૌતમ સ્વામી ભગવંત કહે છે–શ્રીપાલરાજા અને મયણા સુંદરીએ જે રીતે નવપદનું ધ્યાન કર્યું તે રીતે નવપદનું ધ્યાન કરવું.

પૂછે શ્રેણિકરાય પ્રભુ, તે કુણ પુણ્ય પવિત્ર,
ઇન્દ્રભૂતિ તવ ઉપદિશે, શ્રી શ્રીપાલ ચરિત્ર.

જેનું સ્મરણ નવનિધાનને આપનાર બને છે તેવા અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવાન શ્રીપાલ અને મયણાનું ચરિત્ર પર્ષદાને ઉદ્દેશીને સંભળાવે છે–

માલવદેશમાં અલકાપુરી જેવી ઉજ્જૈની નગરી છે. ત્યાં પ્રજાપાલ રાજા રાજ્ય કરે છે. તેને સૌભાગ્યસુંદરી અને રૂપસુંદરી નામની બે રાણીઓ છે. બંને રાણીઓને એક એક પુત્રી છે. સૌભાગ્યસુંદરીની પુત્રીનું નામ સુરસુંદરી છે, રૂપસુંદરીની પુત્રીનું નામ મયણાસુંદરી છે. સૌભાગ્યસુંદરી પોતાની પુત્રી સુરસુંદરીને ચોસઠ કળા શીખવવા માટે પંડિતને સોંપે છે. મયણાસુંદરીની માતા રૂપસુંદરી ચોસઠ કળા ઉપરાંત સ્યાદ્વાદ સિદ્ધાન્તના મર્મનો અભ્યાસ કરવા માટે જિન કથિત શાસ્ત્રના જાણકાર પંડિતને સોંપે છે. સુરસુંદરી અને મયણાસુંદરી બન્ને બહેનો ચોસઠ કળામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવીણ બની ચૂકી છે. મયણાસુંદરી ચોસઠ કળા ઉપરાંત પાંસઠમી કળા ધર્મકળામાં સંપૂર્ણ નિષ્ણાત બની છે. મયણાના હૃદયમાં પરમાત્મા જિનેશ્વર દેવ નિરંતર વસે છે. મયણાસુંદરીનું સમ્યગ્દર્શન અત્યંત નિર્મળ છે. જિનકથિત સિદ્ધાંતના મર્મને જાણનારી બની છે.

પ્રજાપાલ રાજા બન્ને પુત્રીઓને રાજદરબારમાં પરીક્ષા લેવા માટે બોલાવે છે. રાજાએ અનેક પ્રશ્નો કર્યા. બંને પુત્રીઓએ સંતોષકારક જવાબો આપ્યા. પિતા તુષ્ટમાન થઈને કહે છે: "હું જેના ઉપર પ્રસન્ન થાઉં છું તેને વાંછિત આપી શકું છું. હું જેના ઉપર રોષાયમાન થાઉં છું તેનું બધું જ પડાવી લઈ શકું છું." સુરસુંદરી કહે છે, "પિતાજી! આપની વાત સત્ય છે. જગતને જિવાડનાર એક રાજા અને બીજો વરસાદ છે." પિતા કહે છે: "તારી ઇચ્છા હોય તે માગી લે. તારી મનોકામના પૂર્ણ કરી તારા સર્વ સૌભાગ્યને હું કરી આપું." તે વખતે શંખપુરીનો રાજા અરિદમન સભામાં આવેલો હતો. સુરસુંદરીની ઇચ્છા મુજબ અરિદમન રાજકુમાર સાથે સુરસુંદરીનું લગ્ન કરાવ્યું.

પિતા હવે મયણાસુંદરીને પૂછે છે, "તારી ઈચ્છા હોય તે માગી લે." ત્યારે રાજાના ખૂબ આગ્રહથી મયણા કહે છે, "પિતાજી! બાહ્ય-ઋદ્ધિનો મિથ્યા અહંકાર કરવો તે યોગ્ય નથી. બાહ્ય-ઋદ્ધિ જળના તરંગ જેવી અસ્થિર વસ્તુ છે. તેના ઉપર આધાર રાખી આપ કહો છો હું બધાંને સુખી અને દુઃખી બનાવી શકું છું, આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત કોઇ રીતે યોગ્ય નથી. મનુષ્ય પોતાના કર્મ અનુસાર સુખ અને દુઃખ પ્રાપ્ત કરે છે.” આ સાંભળતાં પ્રજાપાલ રાજા ક્રોધના આવેશમાં આવી જાય છે. જેના શરીરમાંથી રક્ત-પિત્તીયાના કોઢના રોગની રસી ઝરી રહી છે તેવા શ્રીપાલને રાજસભામાં બોલાવી પિતા અહંકારમાં કહે છે–

મયણાને ભૂપતિ કહે, એ આવ્યો તુમ નાહ;
સુખ સંપૂરણ અનુભવો, કર્મે કર્યો વિવાહ.

“હે મયણા, તારા કર્મે લાવેલ પતિ આવી ગયો છે. એની સાથે લગ્ન કરી સુખને ભોગવ.” તે સમયે–

“મયણા મુખ નવિ પાલટે, અંશ ન આણે ખેદ,
જ્ઞાનીનું દીઠું હુવે, તિહાં નહીં કિશ્યો વિભેદ.”

મયણાસુંદરીના મુખ ઉપરની રેખા જરા પણ બદલાતી નથી. મનમાં જરા પણ ક્ષોભ, ચિંતા, અશાંતિ કે ભય થતો નથી. મયણા વિચારે છે–“જ્ઞાનીનું દીઠું હુવે” જ્ઞાનીએ દીઠું હોય તે જ થાય છે, તેને કોઈ બદલી શકતું નથી.

મયણાના સમ્યગ્દર્શનની નિર્મળતા અહીં સ્પષ્ટ દેખાય છે. ધર્મશાસ્ત્રોના અધ્યયનથી પ્રાપ્ત થયેલી નિર્મળ બુદ્ધિ મયણાના સમત્વભાવને ટકાવી રાખે છે. ધર્મ અને કર્મના અટલ સિદ્ધાંત પરની સચોટ શ્રદ્ધા તેના લોહીના અણુએ અણુમાં અને આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપેલી હતી. તે શ્રદ્ધા મયણાના મુખ ઉપરની રેખા પણ બદલવા દેતી નથી. શ્રીપાલ પાસે આવીને મયણા સ્વયં ઊભી રહી. કોઢિયાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટોળાએ પોતાના આગેવાન શ્રીપાલ (ઉંમરરાણા)નું લગ્ન મયણા સાથે કરાવ્યું.

એક મકાનમાં એકાંતમાં શ્રીપાલ અને મયણાનો મેળાપ થાય છે. તે સમયે શ્રીપાલ પોતાના મનમાં વિચાર કરે છે–મારા જેવા કોઢિયા સાથે રૂપ અને લાવણ્યના ભંડાર સમી મયણાએ રહેવું કોઈ રીતે યોગ્ય નથી. મારી સાથે રહેવાથી તેનું રૂપ સૌંદર્ય અને દેહની કાન્તિ નષ્ટ થઈ જશે. મારે મયણાને સમજાવી કાંઈક કહેવું જોઈએ.

મયણાને ઉદ્દેશી શ્રીપાલ કહે છે–"હે સુંદરી! મારા શરીરમાંથી રક્તપિત્તીયાના કોઢના રોગની રસી ઝરી રહી છે. મારી સાથે રહેવાથી તારૂં રૂપ અને યૌવન નાશ પામી જશે. મારા જેવા કોઢિયા સાથે તારા જેવી રાજકન્યાએ રહેવું યોગ્ય નથી. તું રૂપમાં દેવાંગના જેવી છે. હજુ પણ યોગ્ય વિચાર કર. તારી માતાના શરણે જઈ કોઈ સુંદર રાજકુંવરની સાથે લગ્ન કરી તારા જીવનને તું સફળ બનાવ."

આ સાંભળી મયણાના હૃદયમાં કેવા ભાવો ઉત્પન્ન થયા? શ્રીપાલનાં વચન સાંભળતાં મયણાના હૃદયમાં દુઃખ સમાતું નથી. તે ચોધાર આંસુએ રડી રહી છે. રડતાં હૈયે મયણા વિનંતી કરે છે–"સ્વામીનાથ! આપ આવાં વચન કેમ બોલો છો? આપના વચનથી તો મારા હૃદયમાંથી પ્રાણ પણ ચાલ્યા જશે. મેં આપની સાથે સંબંધ કર્યો છે તે જીવનભર માટે કરેલો છે. પૂર્વમાં ઊગવાવાળો સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી પશ્ચિમમાં ઉગતો નથી. સમુદ્ર પોતાની મર્યાદા મૂકતો નથી. તે રીતે સતી સ્ત્રી એક વખત જેની સાથે સંબંધ બાંધ્યો તે સિવાય બીજાનું નામ પણ સાંભળવા તૈયાર ન હોય તો બીજાની સાથે લગ્ન કરવાની વાત કરો છો તે ક્યાંથી સંભવિત બની શકે !

પ્રથમ રાત્રીએ જ શ્રીપાલના સૌજન્યનો મયણાને પરિચય થયો અને મયણાના સતીત્વનો શ્રીપાલને પરિચય થયો. મયણા જેવી રાજકન્યા મળવા છતાં શ્રીપાલ પોતાને મયણા માટે અયોગ્ય માને છે તે શ્રીપાલનું સૌજન્ય છે. મયણા શ્રીપાલને છોડવા તૈયાર નથી તે મયણાનું સતીત્વ છે. શ્રીપાલની ઇચ્છા એ હતી કે મયણા મારી સાથે રહેવાથી તેનું જીવન દુઃખમય બનશે. માટે મયણાએ સુખની પ્રાપ્તિ થાય તેવા સાથે રહેવું જોઈએ અને મયણાનું સતીત્વ અને કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા એવી હતી કે આવા કોઢિને પણ સુખ માટે છોડવા તૈયાર ન હતી, ઉપરાંત શ્રીપાલને કેમ સુખ થાય એ જ ભાવ મયણાના હૃદયમાં હતો.

જ્યાં સામા પાત્ર પ્રત્યે **લાગણી** હોય છે ત્યાં સાચો પ્રેમ હોય છે. જ્યાં સામા પાત્ર પ્રત્યે **માગણી** હોય ત્યાં સ્વાર્થ અને વાસના રહેલાં છે.

બન્નેની ઇચ્છા પરસ્પર એક બીજાને સુખ મળે તેવી છે. જ્યાં સામા પાત્રને સુખ આપવાની ઈચ્છા હોય ત્યાં સાચો પ્રેમ હોય છે. જ્યાં સામા પાત્ર પાસેથી સુખ મેળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવાની ઈચ્છા હોય છે ત્યાં પ્રેમ નહીં, સ્વાર્થ રહેલો છે. જ્યાં સામા પાત્રને સમર્પણ થવાની ઇચ્છા હોય છે ત્યાં સાચો પ્રેમ હોય છે. જ્યાં સામા પાત્ર પાસેથી અનુકૂળતાઓ મેળવવાની ઈચ્છા હોય છે ત્યાં પ્રેમ નહીં, સ્વાર્થ અને વાસના રહેલાં છે.

આખી રાત્રી વાર્તાલાપમાં પસાર થઈ ગઇ. પ્રાતઃકાળ થયો. પૂર્વદિશામાં સૂર્યનારાયણ ડોકિયું કરી રહ્યા છે, તે સમયે મયણા શ્રીપાલને વિનંતિ કરે છે – સ્વામીનાથ! ચાલો આપણે જિનેશ્વર ભગવાનના મંદિરે દર્શન કરવા જઈએ. પરમાત્માના દર્શન કરવાથી દુઃખ અને દૌર્ભાગ્ય નાશ પામે છે. શ્રીપાલને બાલ્યાવસ્થામાં કોઢનો રોગ થયેલો. ભગવાન કે દર્શનનો કાંઇ ખ્યાલ ન હતો, પરંતુ મયણાના વચનમાં તત્ત્વ સમાયેલું છે તેમ સમજીને શ્રીપાલ પણ મયણાની સાથે દર્શન કરવા ચાલે છે.

ઋષભદેવ પરમાત્માના મંદિરે બન્ને દર્શન કરવા આવ્યાં. પરમાત્માનું દર્શન કરતાં બન્નેના હૃદયમાં આહ્લાદ ઉત્પન્ન થયો. તે બંનેનાં હૃદય આનંદથી ઊભરાવાં લાગ્યાં. પરમાત્માની સ્તુતિ કરે છે–

ત્રિભુવન નાયક તું વડો રે લોલ,
તુમ સમ અવર ન કોઈ રે જિનેશ્વર.

ત્રણ જગતના સર્વોપરી મહાસત્તાધીશ પરમાત્મા! આપ એક જ સકલ જગતના આધાર છો. હે કરૂણાસાગર પ્રભુ!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ સર્વેશ્વર, જીવેશ્વર, લોકેશ્વર, અખિલ બ્રહ્માંડના સર્વોપરી મહાસત્તાધીશ છો. દેવેન્દ્રોને દર્શનીય, સુરેન્દ્રોને સેવનીય, મુનીન્દ્રોને માનનીય, યોગીન્દ્રોને આદરણીય, પ્રાણી માત્રને પૂજનીય, વિશ્વને વંદનીય છો. આપ સિવાય અમને બીજા કોઈનો પણ આધાર નથી. આપ અમારું સર્વસ્વ છો !

મયણાએ સ્નાન કર્યું. ભગવાનની કેસર–ચંદન, પુષ્પ આદિથી પૂજા કરી ચૈત્યવંદન કર્યું.

ચૈત્યવંદન કર્યા પછી મયણાસુંદરી ભાવના કરે છે. પરમાત્માના ગુણ ચિંતન અને પરમાત્માની અચિંત્ય શક્તિઓના વિચારથી મયણાસુંદરીએ પોતાનું મન ભરી દીધું. "હે કરૂણાના સાગર, કૃપાના અવતાર, દયાના સમુદ્ર પરમાત્મા ! આપ ચિંતામણી રત્ન સમાન મનોરથને પૂર્ણ કરનારા છો. આ લોક અને પરલોકમાં આપ સિવાય અમને બીજા કોઈનો પણ આધાર નથી.

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।  
તસ્માત્ કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ! ॥

આપ એક જ અમને શરણરૂપ છો. હે કરૂણાસાગર પરમાત્મા ! આપના કરૂણાભાવથી અમારૂં રક્ષણ કરો. અમારા દુઃખ અને દૌર્ભાગ્યનો નાશ કરો." મયણાસુંદરીએ પરમાત્માનું શરણ અંગીકાર કર્યું. પરમાત્માના ધ્યાનમાં લયલીન બની ગઇ. કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર બની ગઈ. સાકર દૂધમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓગળી જાય તે રીતે મયણાનું મન પરમાત્મામાં ઓગળી ગયું. મયણાસુંદરી પરમાત્માના ધ્યાનમાં લયલીન છે તે વખતે એક અદ્ભુત બનાવ બન્યો.

કુસુમ માલ નિજ કંઠથી રે લો,
હાથ તણું ફળ દીધ રે, જિણેસર.
પ્રભુપસાય સહુ દેખતાં રે લો,
ઉંબરે (શ્રીપાલે) એ બેઉ લીધ રે, જિણેસર.

પરમાત્માના કંઠમાં રહેલી ફૂલની માળા અને હાથમાં રહેલું બિજોરાનું ફળ, બન્ને વસ્તુ પરમાત્મા પાસેથી શ્રીપાલની સમક્ષ આવી ગયાં. શ્રીપાલે બન્ને વસ્તુ ગ્રહણ કરી. મયણાએ કાઉસગ્ગ ધ્યાન પૂરું કર્યું. બનેલું દૃશ્ય જોઈ મયણાસુંદરીના હૃદયમાં આનંદ સમાતો નથી. રોમરાજી વિકસ્વર થઇ ગઇ. હૃદય પુલકિત બની ગયું. મયણાસુંદરીના જીવનમાં દુઃખની શરૂઆત થયાને ચોવીસ કલાક હજુ પૂરા થયા નથી તેના પહેલાં મંગલનું આગમન શરૂ થઈ ગયું. જેના શરીરમાંથી રક્તપિત્તીયાના કોઢના રોગની રસી ઝરી રહી છે તેવા માણસ સાથે જીવનભર રહેવાનું નસીબ લખાઈ ચૂકયાને ચોવીસ કલાક હજુ પૂરા થયા નથી તેના પહેલાં તો મંગલનું આગમન શરૂ થઈ ગયું. મયણાસુંદરીને જેવું દુઃખ આવ્યું તેવું તો કદાચ આપણા જીવનમાં આપણને નહીં આવે. પરંતુ આપણા જીવનમાં પણ અનેક નાની મોટી મુશ્કેલીઓ (problems) ઊભી થાય છે, ત્યારે આપણે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી પીડાઈએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય, શોક અને ચિંતાની લાગણીથી વ્યગ્ર બની જઇએ છીએ. **જે પ્રક્રિયા** (Process) **દ્વારા મયણાસુંદરીએ કાર્યની સિદ્ધિ કરી, તે જ પદ્ધતિએ આપણે પણ ગમે તેવા મુશ્કેલ સંજોગોમાંથી માર્ગ શોધી શકીએ છીએ,** ગમે તેવાં મહાન કાર્યો સિદ્ધ કરવાને સમર્થ બની શકીએ છીએ. મયણાસુંદરીએ કાર્યની સિદ્ધિ કરી તેમાં પાંચ મુખ્ય મુદ્દા (Factors) અહીં આપણને જાણવા મળે છે.

**(૧) કાર્યસિદ્ધિનું પ્રથમ પગથિયું છે શ્રદ્ધા** (Faith). મયણાસુંદરીને પિતાએ કોઢિયાને સોંપી ત્યારે મયણાના મુખ ઉપરની એક રેખા પણ બદલાતી નથી. ભય, શોક, ચિંતાની કોઈ અસર મયણા ઉપર થતી નથી. જે નિમિત્તને પામીને આપણે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન કરીએ છીએ તેના કરતાં વધારે કષ્ટદાયક પ્રસંગમાં પણ મયણાના હૃદયમાં પરમાત્મા સિવાય બીજું કાંઇ દેખાતું નથી. લગ્ન પછી પ્રાતઃકાળમાં જ મયણા શ્રીપાલને કહે છે—

આવો દેવ જુહારીએ રે લો, ઋષભદેવ પ્રાસાદ રે, વાલેશ્વર
આદીશ્વર મુખ દેખતાં રે લો, નાસે દુઃખ વિખવાદ રે.
વાલેશ્વર....

મયણા કોઈ વૈદ્ય કે ડોકટરને ત્યાં જવાનો વિચાર પતિની સમક્ષ રજૂ કરતી નથી, પરંતુ પરમાત્માના દર્શનથી દુઃખ અને વિષાદ નાશ પામે તે વિચાર પતિની સમક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજૂ કરે છે, તે મયણાસુંદરીના હૃદયમાં રહેલી પરમ શ્રદ્ધા બતાવે છે.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં શ્રદ્ધા તો છે જ. પરંતુ મનુષ્યની શ્રદ્ધા જગતના પદાર્થો ઉપર કેન્દ્રિત થયેલી છે. મોટા ભાગે સંપત્તિ, સત્તા, શરીર અને આયુષ્ય ઉપર શ્રદ્ધા રાખીને મનુષ્ય પોતાનું જીવન જીવતો હોય છે; પરંતુ જે વસ્તુ ઉપર શ્રદ્ધા રાખીને તે જીવન જીવે છે, તે વસ્તુઓ ક્ષણે ક્ષણે પરિવર્તનશીલ (changable) હોવાથી તેને સદા ભયગ્રસ્ત રહેવું પડે છે, પરંતુ તેની શ્રદ્ધાનું જ્યારે ઊર્ધ્વીકરણ (Sublimation) થાય છે અને તેની શ્રદ્ધા પરમાત્મા, નવપદો, નમસ્કારમંત્ર, સિદ્ધચક્ર અને પોતાના આત્મા જેવી શાશ્વત શક્તિઓ ઉપર કેન્દ્રિત થાય છે, ત્યારે તે નિર્ભય બની જાય છે. દા. ત. મનુષ્યો શરીર ઉપર શ્રદ્ધા રાખે છે, પરંતુ તેમાં ગમે ત્યારે રોગ થાય છે. આયુષ્ય ઉપર શ્રદ્ધા રાખે છે, પણ તે ગમે ત્યારે પૂરું થાય છે. પરંતુ જ્યારે મનુષ્યની શ્રદ્ધા શરીરને બદલે આત્મા ઉપર કેન્દ્રિત થાય છે, ત્યારે તે મૃત્યુના ભયને પણ જીતી લે છે. 'આયુષ્ય પૂરું થશે પણ મારા આત્માના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશ ઓછો થનાર નથી.' વેપારમાં નુકશાન થવાથી ધન ગમે ત્યારે જતું રહે છે; પરંતુ પોતાના આત્મામાં અનંત સુખ અને આનંદનો સાગર ભર્યો છે, તેમાંથી પ્યાલો ભરીને કોઈ લઇ જઇ શકે તેમ નથી, તે વિચાર તેને નિર્ભયતા તરફ લઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમપૂજ્ય મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે : “મર્યો અનંતવાર બીન સમજ્યો.” હું દેહ છું તે ભાવથી અનંત વખત મર્યો પણ ‘દેહ મરે છે, હું તો અવિનાશી છું.’ “દેહ વિનાશી, હું અવિનાશી” હું તો મારી શાશ્વત ગતિને પકડી લઈશ (“અપની ગતિ પકડેંગે”) આ ભાવથી મૃત્યુને પણ જીતી શકાય છે.

“અભયદયાણં” પાઠની ટીકામાં પૂજ્યશ્રી હરિભદ્ર સૂરિજી મહારાજે ‘લલિત વિસ્તરા’ ગ્રંથમાં કહ્યું છે, કે મનુષ્ય પોતાની શક્તિથી અભય પ્રાપ્ત કરી શકતો નથી, તેમજ જગતમાં બીજું પણ કોઇ તેને અભય આપવાને સમર્થ નથી. માત્ર સંપૂર્ણ અભયને પ્રાપ્ત થયેલા અરિહંત ભગવંતો જ સંપૂર્ણ અભય આપવાને સમર્થ છે. સૂરિ-પુરંદર હરિભદ્રસૂરિ મહારાજા ‘લલિત વિસ્તરા’ ગ્રંથમાં ‘અભયદયાણં’ પાઠમાં કહે છે—अतोऽस्य गुणप्रकर्षरुपत्वात अचिन्त्यशक्तियुक्तत्वात, तथाभावेनावस्थितेः, सर्वथापरार्थ-करणात, भगवद्भ्य एव सिद्धिरिति । तदित्थंभूतमभयं ददतीत्यभयदाः ।

અરિહંત ભગવાન (૧) ઉત્કૃષ્ટ ગુણસ્વરૂપ છે. (૨) અચિંત્યશક્તિ સંપન્ન છે. (૩) સંપૂર્ણ અભયભાવને પામેલા છે. (૪) સર્વથા પરાર્થને કરનારા છે માટે અરિહંત પર-માત્મા જ સંપૂર્ણ અભયને આપનારા છે. માટે જ સર્વેશ્વર, જીવેશ્વર, લોકેશ્વર, અખિલ બ્રહ્માંડના સાર્વભૌમ ચક્રાધી-શ્વર પરમાત્માની શરણાગતિ એ જ આર્ત્તધ્યાન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૌદ્રધ્યાનમાંથી પાછા ફરી ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં પ્રવેશવાની ચાવી Master Key-Emergency Exit from evils છે.

Where there is Faith in God fear has no power !

જ્યારે આપણી શ્રદ્ધા પરમાત્મા ઉપર કેન્દ્રિત થાય છે, ત્યાં ભયની શક્તિ તત્કાલ નાશ પામી જાય છે.

Fear is nothing but Lack of faith in God.

પરમાત્મામાં શ્રદ્ધાનો અભાવ તેનું નામ ભય છે. કાર્ય સિદ્ધિનું પ્રથમ પગથિયું છે શ્રદ્ધા ( Faith ).

**(૨) કાર્યસિદ્ધિનું બીજું પગથિયું છે શ્રદ્ધાને અમલમાં મૂકવી.** (Action) શ્રીપાલકુમાર અને મયણાસુંદરી બન્ને ત્યાંથી નીકળી ભગવાનના મંદિરે પહોંચ્યાં. પ્રાર્થના, પૂજા, ચૈત્યવંદન, ધ્યાન આદિ કર્યું. કાર્યસિદ્ધિનું બીજું પગથિયું શ્રદ્ધાને યથાશક્તિ અમલમાં મૂકવી.

**(૩) કાર્યસિદ્ધિનું ત્રીજું પગથિયું છે** Stop thinking about our difficulties. **મુશ્કેલીનો વિચાર બંધ કરવો.**

આદીશ્વર અવલોકતાં રે લો,
ઉપન્યો મન આહ્લાદ રે....જિનેશ્વર.
ત્રિભુવન નાયક તું વડો રે લો,
તુમ સમ અવર ન કોઈ રે....જિનેશ્વર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માના મંદિરે પહોંચતાં જ બન્નેના હૃદયમાં આહ્લાદ અને આનંદ ઉત્પન્ન થયો. બન્નેના દુઃખનો તો કોઈ પાર ન હતો. શ્રીપાલના હૃદયમાં એ દુઃખ હતું કે મારી સાથે રહેવાથી મયણાનું જીવન નિષ્ફળ બની જશે. મયણાના હૃદયમાં એ દુઃખ હતું કે રાજદરબારમાં મેં ધર્મનો પક્ષ કર્યો અને આવી પરિસ્થિતિ ઉપસ્થિત થવાથી આખી ઉજ્જૈની નગરીમાં ધર્મની નિંદા થાય છે. બન્નેના હૃદયમાં ઘણું દુઃખ હતું. પરંતુ પરમાત્માનું દર્શન કરતાં મુશ્કેલીનો વિચાર તેમના મનમાં બંધ થઈ ગયો અને આનંદથી બન્નેનું હૃદય ભરાઈ ગયું.

પરમાત્મા અચિંત્ય શક્તિના સ્વામી છે. આપણી મુશ્કેલી પરમાત્માની પાસે મામૂલી વસ્તુ છે. પરમાત્મા પાસે પહોંચ્યા પછી પણ આપણા મનમાં મુશ્કેલીનો વિચાર ચાલુ હોય તો સમજવું કે આપણી શ્રદ્ધા હજુ પરિપક્વ બની નથી. કાર્યસિદ્ધિનું ત્રીજું પગથિયું છે મુશ્કેલીનો વિચાર બંધ કરવો તે.

Stop thinking about your difficulties.

(૪) મુશ્કેલીનો વિચાર બંધ તો કર્યો, પરંતુ મનુષ્યનું મન એવી વસ્તુ છે કે કાંઈ ને કાંઈ વિચાર જરૂર આવે છે. કાર્યસિદ્ધિનું ચોથું પગથિયું છે માત્ર પરમાત્માનો જ વિચાર કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Think only about God. આપણે પણ મંદિરમાં જઈ પરમાત્માનું સ્તવન ગાઈએ છીએ. "પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ" વગેરે....પરંતુ મુશ્કેલ સંજોગો આવતાં ભયગ્રસ્ત બની જઇએ છીએ. ચિંતાતુર બની જઇએ છીએ. પરમાત્માનું નામ લેવાથી આનંદનો કંદ પ્રાપ્ત થાય છે તે માત્ર બોલવા પૂરતું જ આપણા જીવનમાં છે. તેનો અનુભવ આપણે કરવાનો બાકી છે. મયણાસુંદરીએ પરમાત્માની શક્તિનું સ્થિરતાપૂર્વક ચિંતન કર્યું.

(૫) પરમાત્માની શક્તિનું ચિંતન કરતાં કરતાં મયણાનું મન પરમાત્માના ધ્યાનમાં લીન બની ગયું. પરમાત્માના ધ્યાનમાં મયણાનું મન શાંત થઇ ગયું. કાર્યસિદ્ધિનું **પાંચમું પગથિયું છે "મનની શાંત અવસ્થા".** Silence of Mind.

When human mind is silent then divine mind is in Active expression.

**જ્યારે** મનુષ્યનું મન શાંત થાય છે ત્યારે આત્મશક્તિ જાગૃત થાય છે, અને તે દ્વારા આપણે ગમે તેવા મુશ્કેલ સંજોગોમાંથી માર્ગ શોધી શકીએ છીએ. ગમે તેવા મહાન કાર્યો સિદ્ધ કરી શકીએ છીએ.

મયણાસુંદરીએ જે પ્રક્રિયા ( Process ) દ્વારા કાર્યસિદ્ધિ કરી તે જ પ્રક્રિયા દ્વારા આપણે પણ કાર્યસિદ્ધિ કરી શકીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મયણાસુંદરીની માતાએ બાલ્યાવસ્થામાં મયણાને ચોસઠ કળામાં પ્રવીણ બનાવી હતી; ઉપરાંત પાંસઠમી કળા જેને આપણે ધર્મકળા કહીએ છીએ તેમાં પણ મયણાને પ્રવીણ બનાવી હતી. બાલ્યાવસ્થામાંથી જ **પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની કળા મયણાએ સિદ્ધ કરી હતી. આપણે પણ આપણી પાસે કોઈ વિશિષ્ટ કળા** (Special art) **હોવી જોઈએ તેવું વિચારીએ છીએ. જગતમાં અસંખ્ય કળાઓ છે. આપણે કઈ કળા હસ્તગત કરીશું ? પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની પણ એક કળા છે. જે મનુષ્યે પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની કળા સિદ્ધ કરી છે. તેને રાજાઓના રાજા બનવાની કળા સિદ્ધ થઈ ગઇ છે. જે મનુષ્યે પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની કળા સિદ્ધ કરી છે, સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પોતાના હાથમાં વરમાળા લઈ તેના કંઠમાં આરોપણ કરવા તત્પર બનીને રહે છે.** શ્રીપાલ અને મયણાના જીવનના વિશિષ્ટ પ્રસંગોના ઊંડાણમાં જઇને તે પ્રસંગો આપણા જીવનમાં કયાં ઉપયોગી છે. તે શોધવા આપણો નમ્રતાભર્યો આ પ્રયાસ છે.

પાસે પોસહશાલમાં, બેઠા ગુરુ ગુણવંત,
કહે મયણા દીયે દેશના, આવો સુણીએ કંત.

બાજુમાં જ ઉપાશ્રય હતો. તેમાં શ્રી મુનિચંદ્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિ મહારાજા બિરાજમાન હતા. શ્રીપાલ અને મયણા જિનમંદિરમાંથી ઉપાશ્રયમાં જઈ ધર્મ દેશના આપતા ગુરુ ભગવંતની પાસે ધર્મ દેશના સાંભળવા બેઠાં. ધર્મ દેશના પૂરી થયા પછી મુનિચંદ્રસૂરિ મહારાજા મયણાસુંદરીને પૂછે છે, "હે રાજપુત્રી! તું ધર્મ સંબંધી પ્રશ્નો પૂછવા માટે અનેક સખીઓના પરિવાર સાથે ઉપાશ્રયમાં આવતી હતી. આજે તું એકલી કેમ છે? અને તારી સાથે આ મહાભાગ્યવાન પુરુષ કોણ છે?"

આ પ્રમાણે ગુરૂનાં વચનો સાંભળી મયણાસુંદરીએ મન સ્થિર કરી, બનેલી બધી હકીકત ગુરૂ ભગવંતને કહી સંભળાવી. વળી મયણા કહે છે, "બીજું તો મારા મનમાં કાંઈ દુઃખ નથી, પરંતુ આખી ઉજ્જૈની નગરીમાં અજ્ઞાની લોકો ધર્મની નિંદા કરે છે એ મને ખટકે છે."

મયણા ગુરૂને વિનવે, દેઇ આગમ ઉપયોગ;
કરી ઉપાય નિવારીએ, તુમ શ્રાવક તનુ રોગ.

"આપ કાંઈ ઉપાય કરી આપના શ્રાવકનો કોઢનો રોગ દૂર કરો." ત્યારે મુનિચંદ્રસૂરિ મહારાજ કહે છે, "જૈન મુનિઓનો એવો કોઈ આચાર નથી કે ઔષધ, જડીબુટ્ટી વગેરે આપે."

મયણાને ઉદ્દેશીને ગુરૂભગવંત કહે છે:—

ગુરૂ કહે દુઃખ ન આણજો, ઓછું અંશ ન ભાવે રે;
ચિંતામણિ તુજ કર ચઢયો, ધર્મ તણે પ્રભાવે રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હે મયણા ! તું મનમાં જરા પણ ઓછું ન લાવીશ. તારા ધર્મના પ્રભાવથી આ ચિંતામણિ રત્ન સમાન પુરૂષ તને પ્રાપ્ત થયો છે. આ નરરત્ન જૈનશાસનનો મહાન પ્રભાવક પુરૂષ થશે અને આખું જગત તેના ચરણમાં નમશે."

જેના શરીરમાંથી રક્તપિત્તીયા કોઢ રોગની રસી ઝરી રહી છે તેને ગુરૂ ભગવંત ચિંતામણિ રત્ન કહે છે. આપણે અજ્ઞાન દશામાં બહારનું બારદાન જોઈને માલની પરીક્ષા કરીએ છીએ. શરીર જોઈને પૃથક્કરણ કરીએ છીએ. મહાપુરૂષો શરીરમાં રહેલા આત્મતત્ત્વને જોઈને પરીક્ષા કરે છે. મુનિચંદ્રસૂરિ મહારાજાએ જે રીતે દૂધમાંથી માખણ સત્ત્વરૂપે ખેંચી લેવામાં આવે છે તે રીતે સકલ આગમ ગ્રંથોનું વલોણું કરીને દશમા વિદ્યાપ્રવાદપૂર્વમાંથી ઉધ્ધૃત કરેલો સિદ્ધચક્ર મહાયંત્ર શ્રીપાલ અને મયણાને આપવા માટે તૈયાર કર્યો. સકલ મંત્ર તંત્ર યંત્રાધિરાજરાજેશ્વર શ્રી સિદ્ધચક્રયંત્રના મધ્યબિન્દુમાં અરિહંત પદ છે. મધ્યમાં રહેલા અરિહંતપદની ચાર દિશાઓમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પદ છે. તેની વિદિશાઓમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પદ છે. આ રીતે નવપદજી ભગવંત સિદ્ધચક્રયંત્રના મધ્યબિન્દુમાં છે. સિદ્ધચક્રયંત્રમાં રહેલાં બીજાં વલયોમાં જે પદોનું આલેખન કરવામાં આવેલું છે તેનું વિસ્તૃત વર્ણન અન્ય ગ્રંથમાંથી જાણી લેવું. આ સિદ્ધચક્રજી ભગવંતનું આરાધન આસો સુદ સાતમથી શરૂ કરવું. તેમાં નવ દિવસ આયંબિલનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ કરવો. ઉભય ટંક પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન, અષ્ટપ્રકારીપૂજા, સ્નાત્રપૂજા, નવ દિવસ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, જે દિવસે જે પદની આરાધના હોય તે પદની વીસ માળાનો જાપ, જે પદના જેટલા ગુણ હોય તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલા ખમાસમણા, સાથિયા વગેરે જે વિધિ અત્યારે પ્રચલિત છે અને દરેક ઓળીમાં કરવામાં આવે છે તે વિધિ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજાએ બતાવ્યો. નિર્મળ મન, વચન અને કાયાને સ્થિર કરીને નવપદનું ધ્યાન કરવાનો વિધિ બતાવ્યો.

દરેક વરસમાં બે ઓળી આસો સુદી સાતમથી આસો સુદી પૂનમ અને ચૈત્ર સુદી સાતમથી પૂનમ સુધી–એમ સાડા ચાર વરસે નવ ઓળી પૂરી થાય. આ રીતે નવપદની આરાધના મુનિચંદ્રસૂરિ મહારાજાએ શ્રીપાલ અને મયણાને બતાવી. જ્યારે નવપદનું ધ્યાન સિદ્ધ થાય છે, તે સમયે નવપદના આરાધકના જીવનમાં અનેક ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે તેનું વર્ણન કરતાં અંતમાં કહે છે–

"વિણ કેવલી સિદ્ધયંત્રના, ગુણ ન શકે કહી કોઈ"

કેવલી પરમાત્મા સિવાય સિદ્ધચક્રના ગુણોનું વર્ણન કરવાને કોઈ સમર્થ નથી. અનુભવસિદ્ધ મહાપુરૂષ શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજીએ શ્રીપાલ અને મયણાને આશિર્વાદ પૂર્વક સિદ્ધચક્ર યંત્ર આપ્યું.

શ્રીપાલ અને મયણાને તે સમયે ઉજ્જૈની નગરીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેવા માટે કોઈ સ્થાન ન હતું. સાધર્મિક બંધુ ઉપાશ્રયમાં આવ્યા હતા તે શ્રીપાલ અને મયણાને પોતાના ઘરે રહેવા માટે લઈ ગયા. આસો સુદ સાતમનો દિવસ આવતાં શ્રીપાલ અને મયણાએ નવપદની આરાધના શરૂ કરી. પહેલા દિવસે જ આયંબિલના તપ પૂર્વક નવપદના ધ્યાનમાં લીન બન્યાં. પરમાત્મ–ધ્યાનમાં લીન બનતાં પરમાત્માની શક્તિઓ શ્રીપાલના શરીરમાં કાર્યશીલ બની ગઈ. લોઢાના ગોળામાં બાળવાનો કોઈ ગુણ નથી, પરંતુ જે રીતે લોઢાના ગોળામાં અગ્નિના સંયોગથી બાળવાનો ગુણ ઉત્પન્ન થાય છે, તે રીતે શ્રીપાલ મહારાજાનું ચૈતન્ય પરમાત્માની સાથે ધ્યાનમાં એકાકાર બનવાથી પરમાત્માની શક્તિઓ શ્રીપાલ મહારાજામાં (creative power રૂપે) કાર્યશીલ બની ગઈ. પહેલા દિવસે જ રોગનો દાહ શાંત થયો.

"બીજે આંબિલે બાહિર ત્વચા, નિર્મળ થઇ જપતાં જિનરૂચા;
એમ દિન દિન પ્રતિ વાધ્યો વાન, દેહ થયો સોવન્ન સમાન."

બીજા દિવસે સાધનામાં વધુ સ્થિરતા થઇ. પરમાત્માનો પ્રકાશ શ્રીપાલના શરીરમાં કાર્યશીલ થઈ ગયો, શરીરની ચામડી શુદ્ધ થવા માંડી. પ્રતિદિન ચઢતા વાને સાધનામાં વધુ સ્થિરતા થતાં નવમા દિવસે કંચનવર્ણી કાયા થઈ ગઇ. શ્રીપાલ અને મયણાને નવ દિવસમાં પ્રત્યક્ષ અનુભવ થયો. આપણે કદાચ નવ ઓળી કરી હશે, ઓળી ન કરી હોય તો પણ કાંઈ ને કાંઈ ધર્મ આરાધના આપણે કરીએ છીએ. કોઈ પૂછે કે ધર્મ આરાધનાનો તમે આ જીવનમાં શું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ કર્યો ? અનુભવની વાતો આવે છે ત્યાં આપણે કાંઈ જવાબ આપી શકતા નથી. ધર્મના સિદ્ધાંતને આપણે પ્રયોગશાળા બનાવીને જીવનને ચકાસીએ છીએ ત્યારે અનુભવ કરી શકાય છે, અને ત્યાં સુધી પહોંચવા માટે જ આપણે શ્રીપાલ અને મયણાનું વૃત્તાંત જોઈએ છીએ.

સ્કૂલના ગણિતના પુસ્તકમાં શરૂઆતમાં દાખલા હોય છે, છેલ્લા પાનામાં તેના જવાબ હોય છે. કોઈ તે દાખલા અને જવાબ બધું જ યાદ રાખી લે અને દાખલો તથા જવાબ બધું જ બોલી જાય તે માણસ બજારમાં વેપાર કરવા જાય ત્યારે તેને તે ગોખેલો દાખલો અને જવાબ કાંઈ કામ લાગતાં નથી. ત્યાં અનુભવની આવશ્યકતા ઉત્પન્ન થાય છે. આપણે ધર્મ ઉપદેશ સાંભળીએ છીએ, કદાચ કોઈ યાદ પણ રાખે છે. સાંભળવું અને યાદ રાખવું ખૂબ જ જરૂરી છે. પણ સાંભળીને યાદ રાખવા માત્રથી ફળ પ્રાપ્ત થતું નથી. આપણી પાસે Principle અને Result બે વસ્તુ છે. "પ્રભુ નામે આનંદ કંદ" આ વાક્યમાં 'પ્રભુના નામે' સિદ્ધાન્ત ( Principle ) છે, 'આનંદનો કંદ' ફળ ( Result ) છે. પણ આ બે વસ્તુ જાણવા માત્રથી કાર્ય સિદ્ધિ નથી. કાર્ય સિદ્ધિનું સમીકરણ ફોર્મ્યુલા છે :–

Principle + Application = Result.
સિદ્ધાંત + પ્રયોગ = ફળનો અનુભવ.

Application નું સ્ટેજ આપણા જીવનમાં બાકી છે. પ્રયોગ કર્યા સિવાય ફળનો અનુભવ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દા. ત. યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે,
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે.

અસંખ્ય ઉપાયો જિનેશ્વર ભગવંતોએ મોક્ષની પ્રાપ્તિ માટે બતાવ્યા છે. તેમાં નવપદની આરાધના મુખ્ય ધોરી માર્ગ છે. કારણ કે નવપદના આલંબનથી આત્મધ્યાન અને તેનાથી આત્મ અનુભવ પ્રાપ્ત થાય છે.

આત્મ અનુભવ સુધી પહોંચવાનો પ્રથમ તો આપણો સંકલ્પ દૃઢ થવો જોઇએ. તીવ્ર સંકલ્પ થયા પછી નવપદનું ધ્યાન થવું જોઇએ, અને નવપદની આરાધના પ્રયોગાત્મક રીતે આપણે કરીએ છીએ ત્યારે ફળ અનુભવ ( રિઝલ્ટ ) સુધી પહોંચી શકાય છે.

ઈમ નવપદ ધ્યાવે પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે.

ઈમ નવપદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે,
વળી જ્ઞાનવિમલાદિ ગુણ રત્નધામા, નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના.

આ બધી પંક્તિઓ મહાપુરૂષોએ નવપદના ધ્યાનનો પ્રયોગ કરીને આત્મ અનુભવ પ્રાપ્ત કરીને લખેલી છે. પ્રયોગાત્મક સાધના કરીએ તો આપણે પણ નવપદના ધ્યાનના પ્રભાવથી આ જન્મમાં આત્મ અનુભવ યાને આત્મ સાક્ષાત્કાર કરી શકીએ. એક નાના દૃષ્ટાંતથી આ વસ્તુ વધુ સ્પષ્ટ થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકબર બાદશાહ નમાઝ પઢી રહ્યો છે. તે દિવસે અકબરનું સૈન્ય વિજય મેળવીને આવ્યું છે. દિલ્હી શહેરની બહાર સૈન્યે પડાવ નાખ્યો છે.

બીજા દિવસે સવારે દિલ્હીમાં વિજયકૂચનો પ્રવેશ છે. લશ્કરના અફસરોના કુટુંબીજનો તેઓને મળવા માટે જઈ રહ્યા છે. એક અફસર લગ્ન કરીને તુરત જ લડાઇમાં ગયેલો, તેની પત્ની તેને મળવા માટે જઈ રહી છે.

અકબર ખુલ્લા મેદાનમાં કપડું પાથરીને નમાઝ પઢી રહ્યો છે. પેલી સ્ત્રી અકબર નમાઝ પઢતો હતો તે કપડા ઉપર પગ મૂકીને ત્યાંથી ચાલી ગઈ.

અકબરે નમાઝનું કાર્ય પૂરું કર્યું, બાજુમાં ઊભેલા પહેરાવાળાને અકબર પૂછે છે, “હું નમાઝ પઢતો હતો ત્યારે અહીંથી કોઈ પસાર થયું હોય તેવો અવાજ મને સંભળાયેલો.”

પહેરાવાળો કહે છે “આપણા લશ્કરના અફસરની પત્ની અહીંથી પસાર થયેલી. હું તેને ઓળખું છું. બીજા દિવસે તે સ્ત્રીને રાજદરબારમાં હાજર કરવાનો હુકમ કર્યો. રાજદરબાર ભરાઈ ગયો છે. પેલી સ્ત્રીની જુબાની લેવાની શરૂ થઇ.

“ગઈ કાલે તું ઘરેથી બહાર નીકળેલી?”

“હા.”

“કયા રસ્તે?”

જે હતો તે જ કહ્યો.

"તેં મને નમાઝ પઢતો જોયેલો ?"

"ના"

"કપડું પાથરેલું જોયેલું ?"

"ના"

સાક્ષી પુરાવા ઉપરથી તે સ્ત્રી જ ત્યાંથી પસાર થયેલી તે સાબિત થયું. અકબર છેલ્લો પ્રશ્ન કરે છે, "હું નમાઝ પઢતો હતો તે કપડા ઉપર પગ મૂકીને પસાર થવાના બદલામાં હું ધારું તો તને દેહાંતદંડની સજા કરી શકું છું; પરંતુ તું કહે છે મેં તમને જોયેલા નહીં, કપડું પણ જોયેલું નહીં, તો તે રસ્તેથી પસાર થતાં તારું ધ્યાન ક્યાં હતું ? તું કયા ધ્યાનમાં હતી જેથી તું કહે છે, મેં તમને જોયેલા નહીં. પેલી સ્ત્રી કહે છે, "મારા પતિને મળવાના ધ્યાનમાં ચાલતાં ચાલતાં હું એટલી લીન બની ગયેલી કે મેં આપને જોયેલા નહીં; પરંતુ આપ તો પરવરદિગાર ખુદાના ધ્યાનમાં લીન હતા. આપને શું ખબર પડી કે હું ત્યાંથી પસાર થઈ હતી ?" અકબર હકીકતનો મર્મ સમજી ગયો. સિંહાસન ઉપરથી નીચે ઊતરી પેલી સ્ત્રીના ચરણમાં પડી કહેવા લાગ્યો; "તેં આજ મને સાચો માર્ગ બતાવ્યો છે. ચાલતાં ચાલતાં તું તારા પતિને મળવાના ધ્યાનમાં જેટલી લીન બની શકી તે લીનતા મને નમાઝ પઢતા પરમાત્મામાં ન આવી, તું મારી ગુરૂ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સ્ત્રી પોતાના પતિને મળવાના ધ્યાનમાં જેટલી લીનતા કેળવી શકે છે તેટલી તન્મયતા–તદ્રૂપતા પરમાત્માના ધ્યાનમાં આપણને આવે તે દિવસે કાર્ય સિદ્ધિ થાય, આને આપણે Abblication કહીએ છીએ–પ્રયોગાત્મક સાધના કહીએ છીએ.

શ્રીપાલ અને મયણાનું કાર્ય નવ દિવસમાં સિદ્ધ થયું. શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત આપણે એટલા માટે જોઈએ છીએ કે આપણે પણ શ્રીપાલ અને મયણાના જેવું નવપદનું ધ્યાન કરીએ, અને અનુભૂતિ સુધી પહોંચીએ. ગૌતમ ગણધર ભગવંત પણ આ દૃષ્ટાંત એટલા માટે જ કહી રહ્યા છે કે જેવું ધ્યાન શ્રીપાલ અને મયણાએ કર્યું તેવું નવપદનું ધ્યાન આપણે પણ કરીને આ જન્મમાં આત્મ સ્વરૂપનો અનુભવ કરીએ અને જન્માન્તરમાં પૂર્ણપણે આત્મસ્વરૂપ પ્રગટ કરીએ. નવ દિવસ આયંબિલના તપપૂર્વક નવપદની આરાધનાથી શ્રીપાલનો કોઢ રોગ નાશ પામી ગયો તે સમયે મયણાસુંદરી કહે છે–

મયણા કહે અવધારો રાય, એ સવિ સદ્ગુરુ તણો પસાય.

આ સર્વ જ્ઞાની ગુરૂ ભગવંત મુનિચંદ્રસૂરિ મહારાજાનો આપણા ઉપર ઉપકાર છે. તેમણે આપણને સિદ્ધચક્ર યંત્ર આપ્યું. તેની આરાધનાનો વિધિ આશીર્વાદપૂર્વક બતાવ્યો. આ સર્વ પ્રભાવ ગુરૂ ભગવંતનો છે. માતા, પિતા, બાંધવ સર્વ આપણા સ્નેહી સ્વજન છે. પરંતુ ગુરૂ સમાન હિત કરવાને કોઈ સમર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિવસે પરમાત્માના મંદિરે દર્શન કરીને આવતાં રસ્તામાં અચાનક શ્રીપાલની માતાનો મેળાપ થયો.

કહે કુંવર માતાજી સુણો, એ પસાય સહુ તુમ વહુ તણો;
ગયો રોગ ને વાધ્યો રંગ, વળી લહ્યો જિન ધર્મ પ્રસંગ.

વળી એક વખતે શ્રીપાલ, મયણા, અને શ્રીપાલની માતા જિનમંદિરમાં ભક્તિ કરતાં હતાં, ત્યાં અચાનક મયણાની માતાનો મેળાપ થયો. ચારે જણા સાધર્મિક બંધુને ત્યાં રહેલા છે, તે વખતે શ્રીપાલની માતા કમળપ્રભા, મયણાની માતા રૂપસુંદરીને ઉદ્દેશીને કહે છે–

વહુએ અમ કુલ ઉદ્ધર્યું, કીધો અમ ઉપગાર;
અમને જિન ધર્મ બુઝવ્યો, ઉતાર્યા દુઃખ પાર.

મારી આ પુત્રવધૂએ અમારા કુળનો ઉદ્ધાર કર્યો. અમને જિનેશ્વર ભગવંતનો ધર્મ પ્રાપ્ત કરાવ્યો અને દુઃખ સમુદ્રથી પાર ઉતાર્યા, નિરંતર અમૃત વચન કહેનારી તમારી પુત્રીના કારણે શ્રીપાલને સિદ્ધચક્રની આરાધના પ્રાપ્ત થઇ, અને કોઢનો રોગ નાશ પામી કંચનવર્ણી કાયા બની. તે પ્રભાવ મારી વહાલી પુત્રવધૂનો છે. ત્યારે રૂપસુંદરી કહે છે–

રૂપા કહે ભાગ્યે લહ્યો, અમે જમાઈ એહ;
રયણ ચિંતામણિ સારિખો, સુંદર તનુ સસનેહ.

રૂપસુંદરી કહે છે, અમારા પણ પૂર્વ જન્મનાં પુણ્ય ઉદયમાં આવ્યાં અને અમને આવા રત્ન ચિંતામણિ સરખા જમાઈની પ્રાપ્તિ થઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુણવા અમ ઇચ્છા ઘણી, એહનાં કુલ ઘર વંશ રે;
પ્રેમે તેહ પ્રકાશીએ, જેમ હીંસે અમ હંસ રે.

હીંસે=હર્ષ પામે, હંસ: આત્મા.

તે વખતે કમળપ્રભા આગળનો વૃત્તાંત કહે છે–

અંગ દેશમાં ચંપાપુરી નામની મહાન નગરી છે. ત્યાં સિંહરથ નામે રાજા રાજ્ય કરે છે. તેને કમળપ્રભા નામની રાણી છે. રાજા અને રાણીની મોટી ઉંમર થઇ પણ પુત્ર ન હતો. તેથી રાજા-રાણી ખૂબ દુઃખી હતાં. પૂર્વ જન્મના પુણ્યના ઉદયથી પુત્રની પ્રાપ્તિ થઈ. આખા નગરમાં પુત્ર જન્મનો મોટો મહોત્સવ થયો. પુત્રનું નામ શ્રીપાલ રાખવામાં આવ્યું. શ્રીપાલની ઉંમર પાંચ વરસની થઈ તે વખતે પિતા શૂળ રોગની વેદનાથી અકાળ મૃત્યુ પામ્યા.

કમળપ્રભા રાણી હૈયાફાટ રૂદન કરે છે. ચોધાર આંસુએ વિલાપ કરે છે. ઘણા દિવસો પસાર થઈ ગયા.

મતિસાગર મંત્રી રાજમાતાની પાસે આવી કહે છે, "કુંવર હજી નાનો છે. રડવાથી રાજ્ય ચાલે નહીં માટે રાજ્યની ધુરા હાથમાં લો."
રાજમાતા કહે છે:–

'કમળા કહે મંત્રી પ્રત્યે, હવે તુમે આધાર;
રાજ્ય દેઇ શ્રીપાલને, સફળ કરો અધિકાર.'

શ્રીપાલનો રાજ્યાભિષેક કરો અને હે મંત્રીશ્વર! રાજ્યની ધુરા શ્રીપાલ વતી તમે વહન કરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ ઠવી શ્રીપાલને રે, વરતાવી તસ આણ;
રાજકાજ સવિ ચાલવે રે, મંત્રી બહુ બુદ્ધિ ખાણ.

શ્રીપાલ કુંવરનો રાજ્યાભિષેક કરાવી મંત્રીશ્વર રાજ્ય ચલાવી રહ્યા છે. તે વખતે શ્રીપાલના કાકા અજીતસેને મંત્રી અને શ્રીપાલનો ઘાત કરી રાજ્ય પચાવી પાડવાનું કાવત્રું કર્યું. ખાનગી માણસો પાસેથી મંત્રીને આ કાવત્રાનો ખ્યાલ આવી ગયો.

મંત્રી રાજમાતા પાસે આવીને કહે છે, 'શ્રીપાલનો ઘાત કરવાનું કાવત્રું થયું છે. માતાજી તમે શ્રીપાલને લઈને જંગલમાં નાસી છૂટો. શ્રીપાલ જીવતો હશે તો કોઇ દિવસ પિતાનું રાજ્ય પાછું મેળવશે. ગુપ્ત દરવાજેથી નાસી છૂટવાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે."

"રાણી નાઠી એકલી, પુત્ર ચડાવી કેડ."

પુત્રને કેડમાં બેસાડીને રાણી એકલી જંગલમાં ચાલી નીકળી. ભયંકર જંગલમાં ઉજ્જડ માર્ગે રાણી ઘોર અંધારી રાત્રીએ દોડી રહી છે. જંગલી પશુઓના ભયાનક અવાજો ચારે તરફ થઇ રહ્યા છે. પગમાં કાંટા અને કાંકરા ભોંકાવાથી લોહીની ધારાઓ ફૂટી રહી છે.

ચોવીસ કલાક પહેલાં જે સુવર્ણના હિંડોળા ખાટ ઉપર હીંચતી હતી, સોનાના પલંગમાં સૂતી હતી, તે આજે રસ્તા ઉપર રખડતી બની ગઈ. જીવ ઉપર કર્મની પણ એક સત્તા ચાલી રહી છે. કર્મસત્તાના પંજામાંથી કોઈ છટકી શકતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રડવડતાં રયણી ગઈ, ચઢી પંથ શિર શુદ્ધ;
તવ બાળક ભૂખ્યો થયો, માંગે સાકર દૂધ.

આ પ્રમાણે આખી રાત્રી પસાર થઇ ગઈ. સવારે ધોરી માર્ગ મળી ગયો. તે સમયે બાળક ભૂખ્યો થયો. સાકર અને દૂધ માંગે છે. તે સમયે રડતા હૈયે રાણી કહે છે, "પુત્ર ! દૂધ અને સાકરને તો આપણને આસમાન અને જમીન જેટલું અંતર પડી ગયું. હવે તો કુકશાનું ભોજન મળે તો પણ બરાસ મિશ્રિત ભોજન જેવું સમજવાનું છે."

રસ્તે જતાં કોઢિયાના ટોળાનો મેળાપ થયો. કમળપ્રભાએ કોઢિયાના ટોળાનો આશ્રય લીધો. પાછળ અજીતસેનના સૈનિકો આવી રહ્યા હતા. કોઢિયાના પ્રતાપે માતા અને પુત્રનો બચાવ થઈ ગયો.

કુષ્ટિ સંગતથી થયો, સુતને ઉંબર (કોઢનો) રોગ,
માડી મન ચિંતા ઘણી, કઠિન કરમના ભોગ.

શ્રીપાલને કોઢિયાના ટોળામાં રહેવાથી કોઢનો રોગ થઈ ગયો. આવો ભયંકર રક્તપિત્તીયાના કોઢનો રોગ થવાથી માતા ખૂબ દુઃખી થઈ. ઔષધ શોધવા માટે માતા દેશ-દેશાંતર ભટકી. અનેક દુઃખ ભોગવતાં ભોગવતાં અહીં આપનો મેળાપ થયો. અને મારા જીવનમાં સુખની શરૂઆત થઈ.

આ પ્રસંગ આપણા જીવન માટે મહાન તત્ત્વ સમ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાવે છે. પુત્ર ન હતો તેના કારણે સિંહરથ રાજા અને કમળપ્રભા રાણી બન્ને દુઃખી હતાં. પુત્ર જન્મનો આનંદ થયો, પિતા મૃત્યુવશ થયો, મહાન દુઃખ આવ્યું. શ્રીપાલનો રાજ્યાભિષેકનો મહોત્સવ કર્યો, સુખ આવ્યું. જંગલમાં નાસી છૂટવું પડયું, મહાન કષ્ટ આવ્યું. શ્રીપાલને કોઢનો રોગ થયો, વધું કષ્ટ આવ્યું. મયણા સાથે લગ્ન થયા પછી સિદ્ધચક્રની આરાધનાના પ્રભાવથી કોઢનો રોગ નામશેષ થયો, સુખ આવ્યું. માતા અને પુત્રનો મેળાપ થયો, વધુ સુખ આવ્યું.

સુખ અને દુઃખ આ રીતે વારાફરતી આવે છે. સુખ આવે છે ત્યારે મનુષ્ય લીન બને છે; ત્યાં તો દુઃખ આવીને ઊભું રહે છે, અને મનુષ્ય દીન બને છે. હવે દુઃખ કદી નહીં જાય તેવો કલ્પાંત કરે છે, ત્યાં તો પાછું સુખ આવે છે. તેમાં લીન બનવા જાય છે, અને ફરીથી દુઃખ આવે છે. જીવનમાં દુઃખનો અતિરેક થાય છે, ત્યારે મનુષ્ય નિરાશ થઈ જાય છે. કોઈ વખત તો આપઘાત કરવા સુધીનો વિચાર આવી જાય છે. પરંતુ સુખ અને દુઃખ બન્ને મહેમાન છે. મહેમાન કેટલા દિવસ રહી શકે ! બન્ને જવાનાં છે. એકલા સુખમાં પણ મનુષ્યનો વિકાસ નથી. એકલા દુઃખમાં પણ મનુષ્યનો વિકાસ નથી. બન્ને વારાફરતી આવે છે, ત્યારે વિકાસ થાય છે. સુખ આવીને જતું રહે છે ત્યારે બુદ્ધિમાન મનુષ્ય વિચારે છે કે આવ્યા પછી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી ન જાય તેવું સુખ ક્યારે મળે ? જરા પણ દુઃખનું મિશ્રણ ન હોય તેવું સુખ કેવી રીતે મળે ?

અવ્યાબાધપણે ભોગવી શકાય તેવું સુખ કેવી રીતે મળે ? તેવા સમયે સાચી જીજ્ઞાસા થવાથી જ્ઞાની ગુરૂનો મેળાપ થાય છે અને સુખ અને આનંદનો પરમ ભંડાર પોતાના આત્મામાં છુપાયેલો પડ્યો છે તેવું સમજાય છે અને સત્યનો માર્ગ પ્રાપ્ત થાય છે. દુઃખ ન આવ્યું હોત તો સત્યનો માર્ગ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા કદી ન થાત.

**હકીકતમાં સુખની મોસમ સ્વર્ગમાં છે. દુઃખની મોસમ નરકમાં છે. મનુષ્યજીવન તો ધર્મની મોસમ છે. જ્યાં સુખ અને દુઃખ બન્ને આવે છે અને બન્નેમાં સમત્વ સાધીને ધર્મસાધના દ્વારા અવ્યાબાધ અનંત સુખ (મોક્ષનું સુખ) પ્રાપ્ત કરવાનો માર્ગ મળી શકે છે.**

દુઃખ સિવાય સુખની કિંમત સમજાતી નથી. ઉનાળામાં કેરીના રસના જમણ સાથે કારેલાનું કડવું શાક બનાવવામાં આવે છે. દૂધપાકના જમણ સાથે વાલની કડવી દાળ બનાવવામાં આવે છે. કારેલાનું કડવું શાક ખાધા પછી કેરીના રસની મીઠાશ વધી જાય છે. આ રીતે દુઃખ આવ્યા પછી જ સુખની કિંમત સમજાય છે, અને ત્યારે જ સમજુ અને બુદ્ધિમાન મનુષ્ય છેવટે અનંત અવ્યાબાધ, સ્વાધીન એવા આત્મિક સુખ તરફ વળે છે અને જિન-કથિત માર્ગ પ્રાપ્ત કરીને અનંત સુખ અને આનંદનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધામ આત્મતત્ત્વને પ્રાપ્ત કરે છે.

શ્રીપાલનું પૂર્વ વૃત્તાંત સાંભળતાં મયણાની માતા હર્ષોલ્લાસમાં આવી ગઈ. પોતાના ભાઈ (મયણાના મામા) પુણ્યપાલ જે ઉજ્જૈની નગરીમાં જ રહેતા હતા તેમને બોલાવી બધી હકીકત કહી સંભળાવી.

પુણ્યપાલ આવીને ચારે જણાને પોતાના મહેલમાં લઈ જાય છે અને આનંદમાં દિવસો પસાર થઈ રહ્યા છે.

એક દિવસ પ્રજાપાલ રાજા (મયણાના પિતા) ઉજ્જૈની નગરીમાં ફરવા માટે નીકળ્યા છે. દૂરથી ઝરૂખા ઉપર નજર પડી. ઝરૂખામાં એક સ્ત્રી અને એક પુરુષ બેઠેલાં છે. રાજાએ સ્ત્રીને તો ઓળખી લીધી પોતાની પુત્રી મયણાસુંદરી જ છે. પરંતુ તેની સાથે કોઈ પરપુરૂષ બેઠેલો જોઇ રાજા મનમાં ખેદ કરે છે.

"ધિક્કાર છે મને કે ક્રોધના આવેશમાં પુત્રીને કોઢિયાની સાથે પરણાવી. અને તેને પરપુરૂષની સાથે રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

પ્રજાપાલ રાજા ખેદ કરી રહ્યા છે. માળ ઉપરથી તેમના સાળા પુણ્યપાલે જોયા અને નીચે આવીને કહે છે.

રાજ પધારો મુજ ઘરે, જુઓ જમાઇ રૂપ;
સિદ્ધચક્ર સેવા ફળી, તે કહ્યું સકલ સરૂપ.

હે રાજન! ઉપર પધારો અને આપણા જમાઇનું રૂપ તો જુઓ! પ્રગટ પ્રભાવી શ્રી સિદ્ધચક્રજીની સેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલદાયી થઇ છે. એમ કહી ટૂંકમાં સઘળી હકીકત કહી સંભળાવી.

રાયે આવી ઓળખ્યો, મુખ ઈંગિત આકાર;
મન ચિંતે મહિમાનિલો, જૈન ધર્મ જગ સાર.

બનેલી હકીકત સાંભળી પ્રજાપાલ રાજા મયણાસુંદરી પાસે પોતાની ભૂલની કબૂલાત કરે છે.

મયણા તેં સાચી કહી, સભા માંહે સવિ વાત;
મેં અજ્ઞાનપણે કહ્યું, તે સઘળું મિથ્યાત.

હે મયણા ! તેં રાજસભામાં જે વાત કહી હતી તે વાત સાચી છે. મેં અજ્ઞાનપણે કહ્યું તે મારી વાત ખોટી છે. પિતાએ કહેલું કે "હું જેના ઉપર તુષ્ટમાન થાઉં છું તેને બધું જ આપી શકું છું, હું જેના ઉપર રોષાયમાન થાઉં છું તેનું બધું જ પડાવી લઈ શકું છું."

તે વખતે મયણાએ કહેલું કે "મનુષ્ય પોતાના કર્મ અનુસાર સુખ અને દુઃખ પ્રાપ્ત કરે છે." તે વખતે ક્રોધના આવેશમાં આવી ગયેલો રાજા હવે પોતાની ભૂલની કબૂલાત કરતાં કહે છે:—

"હે પુત્રી ! મેં તને દુઃખી કરવા માટે ઇરાદાપૂર્વક કોઢિયાની સાથે પરણાવી, પરંતુ દુઃખ મટીને સુખ થયું તે તારા ધર્મનો પ્રભાવ છે." તે વખતે મયણા જે કહે છે તે આપણા સર્વના જીવનમાં ઉપયોગી છે.

મયણા કહે સુણો તાતજી, ઈહાં નહીં તુમ વાંક;
જીવ સયલ વશ કર્મને, કોણ રાજા કોણ રાંક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતાજી! આ જે કાંઇ બન્યું તેમાં આપનો કોઇ દોષ નથી. મારા કોઈ અશુભ કર્મના ઉદયથી આ પરિસ્થિતિનું સર્જન થયું છે. વળી આપને પણ મોહને પરવશ થવાથી આવેશ આવ્યો તેમાં પિતાજી! આપનો દોષ નથી. આપ પણ કર્મને પરવશ હતા. રાજા અને રંક સૌ કર્મને પરવશપણે વર્તી રહ્યા છે.

**જેના હૃદયમાં ધર્મ છે, જેના હૃદયમાં ભગવાન છે, તે કોઇને પણ ગુનેગાર ગણતો નથી. જ્યાં સુધી આપણું અશુભ કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી આપણું અનિષ્ટ કરવાને કોઈ સમર્થ બની શકતું નથી. કોઇ કદાચ આપણા અનિષ્ટમાં નિમિત્ત બની શકે છે, પરંતુ આપણું અનિષ્ટ આપણાં અશુભ કર્મના ઉદયથી જ થાય છે.**

મુંબઈ શહેરમાં બે મિત્રો હતા. પરસ્પર દૃઢ મૈત્રી હતી. એક મિત્રે પોતાને રહેવાનો બ્લોક (મકાન) બીજા મિત્રને એક લાખ ત્રીસ હજારમાં ફરનિચર ટેલિફોન સાથે વેચાણ આપ્યો. દશેરાના દિવસે રહેવા જવાનું મુહુર્ત હતું. પૈસા આપી દીધા અને બ્લોકની ચાવી પણ વેચાણ આપનાર મિત્રના ત્યાં જ રાખી. રહેવા જવાનું હશે ત્યારે મંગાવી લઇશું.

રહેવા જવાના આગળના દિવસે વેચાણ આપનાર મિત્રના ત્યાંથી ચાવી મંગાવી બ્લોક ખોલીને જુએ છે તો ફરનીચર ટેલિફોન નથી. વેચાણ લેનાર મિત્ર વિચાર કરે છે કે મારા મિત્રે મારો વિશ્વાસઘાત કર્યો. ફરનિચર ટેલિફોન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે વેચાણ આપેલું. તેને તે વસ્તુઓ લઈ જવી હતી તો પૂછવું તો જોઇએ ને? મારો મિત્ર બહુ જ ખરાબ માણસ નીકળ્યો. તેણે મારું ફરનિચર લઇ લીધું. બહુ જ ખરાબ માણસ....

આખો દિવસ મનમાં વિચાર કર્યા જ કરે છે. "મિત્ર બહુ ખરાબ" એ વિચારથી મન ઘેરાઈ ગયું. થોડા દિવસમાં તો માંદો પડી ગયો. ડૉકટરના ત્યાં લઈ ગયા. ડૉકટરે કહ્યું, શરીરમાં કોઈ રોગ નથી. પ્રતિદિન માંદગી વધવા લાગી. કોઇની સલાહથી માનસિક ચિકિત્સકના ત્યાં લઇ ગયા, તે પણ કાંઈ શોધી શકયા નહીં. છેલ્લું માનસિક ચિકિત્સકે પૂછ્યું. તમારે હમણાં થોડા દિવસમાં કોઇની સાથે ઝઘડો-લડાઈ કાંઈ થયું છે? ત્યારે કહે છે "મારો મિત્ર બહુ જ ખરાબ માણસ છે તેણે મારો વિશ્વાસઘાત કર્યો. મારૂં ફરનિચર ટેલિફોન લઇ ગયો." ડૉકટરે શોધી કાઢ્યું અને તેની પત્નીને બોલાવીને બધી હકીકત પૂછી લીધી. ડૉકટર હવે પેલા ભાઇને કહે છે–

"કેટલા રૂપિયાનું ફરનિચર હતું?"

"અંદાજે ૨૫ થી ૩૦ હજારનું હશે"

"તમે બીજું બનાવી લો ને?"

"પણ એણે મારૂં લીધું કેમ? બહુ જ ખરાબ માણસ, અવસરે જોઇ લઈશ." દ્વેષ ભરેલાં વચનો તેણે કહ્યાં. ડૉકટરે તેની પત્નીને કહ્યું "એક તરફ ૨૫ હજારનું ફરનિચર છે. બીજી તરફ તમારા પતિનું જીવન છે. એમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક પસંદ કરી લ્યો. "મારે તો પતિનું જીવન જોઈએ. ફરનિચરની મારે કાંઈ પડી નથી." બન્નેએ વિચાર કરી નવું ફરનિચર બનાવી લેવાનું નક્કી કર્યું. ડૉકટરની સલાહ મુજબ ફરનિચર લઇ જનાર મિત્રનો વિચાર છોડી દીધો. મન ઉપરથી ભાર ઓછો થઈ ગયો. તબિયત ધીમે ધીમે સુધરવા માંડી....

એક દિવસ ડૉકટર ખબર લેવા આવ્યા. પેલા ભાઇએ કહ્યું, તબીયત હવે સુધરતી છે. પણ પહેલાં જેવી નથી. મૂળ સ્થિતિ હજી નથી આવી.

ડૉકટરે કહ્યું, એક કામ કરો, મૂળ સારી સ્થિતિ આવી જશે. "તમારા મિત્રનું ભલું થાઓ, તેનું સારૂં થાઓ, તેનું કલ્યાણ થાઓ, આવા વિચાર શરૂ કરો. તમારું અસલ આરોગ્ય પ્રાપ્ત થશે."

પેલા ભાઈએ વિચાર્યું કે ફરનિચર હવે નવું બનાવી લીધું છે. તેનું સારૂં ચિંતવવામાં કોઈ નુકસાન નથી. તેને મિત્રનું ભલું ચિંતવવાનું શરૂ કર્યું. થોડા વખતમાં મૂળ આરોગ્ય પ્રાપ્ત થયું.

ફરનિચર લઈ જનાર મિત્ર બહુ મુશ્કેલીમાં આવેલો તેથી તેને ફરનિચર વેચી નાખેલું. હવે તેની પરિસ્થિતિ થોડી સુધરી અને તે થોડા રૂપિયા ભેગા થયેલા તે લઇને મિત્રના ત્યાં આપી ક્ષમા યાચે છે.

મિત્ર કહે છે ભાઈ "પૈસાની જરૂર નથી. તારૂં સારૂં અને ભલું થાય તે જ મારી ભાવના છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દૃષ્ટાંત આપણા જીવનને બહુ જ મહત્ત્વનો પાઠ શિખવાડે છે. આપણે રસ્તે જતા હોઈએ, અંધારામાં લાઈટ બંધ થઈ જવાથી થાંભલા સાથે માથું અથડાઈ ગયું. મનમાં ને મનમાં થાંભલા ઉપર રોષ કર્યો. પરંતુ થાંભલા તરફથી સામે કોઈ પ્રત્યાઘાત (Reaction) આવતો નથી. કદાચ કોઈ જીવ અડફેટમાં આવી ગયો, આપણા જીવનમાં નુકસાન થવામાં કોઈ માણસ નિમિત્ત બની ગયો, ત્યારે આપણે મનમાં ગાંઠ વાળીએ છીએ કે "આ માણસે મારું નુકસાન કર્યું છે, અવસરે જોઈ લઈશ." થાંભલા તરફથી સામે કોઈ પ્રત્યાઘાત આવ્યો નહિ, પરંતુ આ રીતે કોઈ માણસને આપણા મનના બંધનમાં બાંધીએ છીએ. "આ માણસે મારું નુકસાન કર્યું છે. અવસરે જોઈ લઈશ." ત્યારે માણસમાં જે ચૈતન્ય શક્તિ છે, પરમાત્માના જેવું ચૈતન્ય સત્તાએ તેનામાં રહેલું છે, તે ચૈતન્યનું આપણા ઉપર એવું દબાણ આવે છે કે આપણે કોઈ દિવસ શાન્તિ ભોગવી શકતા નથી.

હવે જો આપણે શાન્તિ જોઈતી હોય તો-કોઈ એકાદ માણસને પણ આપણા મનના બંધનમાં આપણે બાંધી રાખ્યો હોય તો આજે ને આજે તેના ત્યાં જઈ ક્ષમાપના કરી લેવી જોઈએ. ભૂલ સામી વ્યક્તિની હોવા છતાં આપણે તેના ત્યાં જઈ "ભાઈ મારી ભૂલ છે. તું મને ક્ષમા આપ". ત્યારે સામો માણસ કહે છે. "મારી ભૂલ છે ક્ષમા આપો" પરસ્પર ક્ષમાપના

થતાં અશાન્તિનું કારણ દૂર થાય છે ત્યારે શાન્તિનો અનુભવ થાય છે.

મયણાને ઈરાદાપૂર્વક દુઃખી કરવા પિતાએ કોઢિયાને પરણાવેલી, છતાં પિતા જ્યારે ભૂલની કબૂલાત કરે છે ત્યારે મયણા કહે છે. "પિતાજી! આપનો દોષ નથી. મારા કોઈ અશુભ કર્મના ઉદયથી આપના મનમાં આ વિચાર ઉત્પન્ન થયો હશે."

**जारिस सिद्धसहावो तारिस भावो हु सव्वजीवाणं ।**
**एयं सिद्धंतरुई कायव्वो भव्वजीवेहिं ॥ (सिद्धप्राभृतटीका)**

"સિદ્ધ ભગવંતનું જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ જગતના જીવમાત્રમાં છે." આ ભાવ મોક્ષમાર્ગમાં અનિવાર્ય છે. ચારિત્ર અને સામાયિકનું મૂળ પણ આ ભાવ જ છે. જગતના જીવો સાથે આપણો એક વિશિષ્ટ સંબંધ છે. તેનું જ્ઞાન '**परस्परोपग्रहो जीवानाम्**' સૂત્રથી થાય છે. એક જીવને બીજા જીવ સાથે સંબંધ છે. કોઈપણ જીવ સાથે અનુકૂળ સંબંધ રાખીએ તો અનુગ્રહ થાય છે. તેની સાથે પ્રતિકૂળ સંબંધ રાખીએ તો નિગ્રહ થાય છે. એક કીડીને મારવાનો પરિણામ નરકાદિ ગતિનું કારણ બને છે. એક કીડીને બચાવવાનો પરિણામ સ્વર્ગાદિનું કારણ બને છે. જીવોના પરસ્પર સંબંધથી ભાવિત થવાથી આત્મામાં સર્વ જીવ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર ઉત્પન્ન થાય છે અને તેમાંથી મહાવ્રતો ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે. '**सव्वे**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવા ન हंतव्वा ' જે જિનશાસનનું મૂળભૂત હૃદય છે, ત્યાં સુધી પહોંચી શકાય છે. અને

सव्वभूअप्पभूअस्स सम्मं भूआइं पासओ ।

આ દશવૈકાલિકનું સૂત્ર સર્વ જીવ સાથે આત્મસમાન ભાવથી ભાવિત બનીને આશ્રવનાં દ્વાર બંધ કરવાનું કહે છે. તે ભાવ આપણને પંચ પરમેષ્ઠિના ધ્યાનથી—નમસ્કારથી મળે છે, કારણ કે અરિહંત, સિદ્ધ ભગવંતો તે ભાવની પરાકાષ્ઠાએ પહોંચેલા છે.

Communion of Cosmos ના સિદ્ધાંતને જીવનમાં લાવવા માટેનું પરમ સાધન—જેના હૃદયમાં જગતનાં જીવ-માત્ર પ્રત્યે પૂર્ણ કરૂણા છે તે અરિહંત પરમાત્માની ઉપાસના છે. તે ઉપાસનાથી પરમાત્માના હૃદયમાં રહેલા સર્વ જીવ સાથે મૈત્રી અને કરૂણા ઉત્પન્ન થાય છે.

Unity with Universe સધાય છે.

અપરાધીનું પણ જે અશુભ ચિંતવતો નથી તે સમ્યગ્દર્શનનો પરિણામ છે: મયણાનું સમ્યગ્દર્શન બાલ્યાવસ્થાથી નિર્મળ હતું. તેના કારણે કસોટીના સમયે પણ પિતાની ભૂલ નથી જોતી. પોતાના અશુભ કર્મના ઉદયને જ જુએ છે. જે ધર્મ મૈત્રીભાવપૂર્વક કરવામાં આવે છે. તે જ સાચો ધર્મ બની શકે છે.

मैत्र्यादिभावसंयुक्तं तद् धर्म इति कीर्त्यते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજાપાલ રાજા શ્રીપાલ અને મયણાને પોતાના મહેલમાં મોટા મહોત્સવપૂર્વક પ્રવેશ કરાવે છે.

ઘરે જમાઈ મહોત્સવે, તેડી આવ્યો રાય,
સંપૂરણ સુખ ભોગવે, સિદ્ધચક્ર સુપસાય.

આ વાત ઉજ્જૈની નગરીમાં પ્રસિદ્ધ થતાં સર્વત્ર જિનશાસનની પ્રભાવના થઈ.

ખંડ ખંડ મીઠો જિમ ખંડ, શ્રી શ્રીપાલ ચરિત્ર અખંડ;
કીર્તિવિજય વાચકથી લહ્યો, પ્રથમ ખંડ એમ વિનયે કહ્યો.

ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે રચેલ શ્રીપાલ મહારાજાના રાસનો પ્રથમખંડ અહીં પૂર્ણ થયો.

卐 પ્રથમ ખંડ સંપૂર્ણ 卐

★ ★

---

મારો ઉપયોગ બગાડયો માટે હું બગડયો તેવું માનીને ઉપયોગ સુધારનાર આલંબન લેવા. નવકાર અને નવપદ ઉપયોગ સુધારવા માટેનાં શ્રેષ્ઠ આલંબનો છે.

★ ★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપાળ અને મયણાનાં

## આધ્યાત્મિક

# જીવન રહસ્યો

★ દ્વિતીય ખંડ ★

એક દિવસ શ્રીપાલકુંવર ઉજ્જૈની નગરીમાં ફરવા નીકળે છે. શ્રીપાલકુંવર કેવા શોભે છે? પૂર્ણિમાના ચંદ્ર જેવું મુખ, અષ્ટમીના ચંદ્ર જેવું લલાટ, અમૃત ભરેલાં કચોળાં જેવા નેત્ર, લાલ પરવાળાના વર્ણવાળા હોઠ, દાડમની કળી જેવા દાંત, શંખના જેવો મનોહર કંઠ, વિશાળ હૃદય, લાંબી ભૂજાઓ, કેસરી સિંહ જેવી પાતળી કેડ, સુવર્ણના જેવા વર્ણવાળું શરીર, મુખમાંથી પુષ્પ ખરતાં હોય તેવી વાણી, મેઘના જેવો ગંભીર સ્વર છે જેમનો એવા **શ્રીપાલના અંગે અંગોમાંથી પરમાત્માના ધ્યાનનો પ્રભાવ પ્રકાશી રહ્યો છે. પ્રત્યેક શ્વાસે પરમાત્માનું સ્મરણ છે. હૃદયના પ્રત્યેક ધબકારે નવપદનો જાપ જપાય છે. જેના લોહીના અણુએ અણુમાં નવપદજી ભગવંત વ્યાપી ગયા છે. જેના રોમે રોમે પરમાત્માની ભક્તિની ઝલક છે, જાણે સાક્ષાત્**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધચક્રનો પ્રત્યક્ષ પ્રભાવ........આવા શોભી રહ્યા છે શ્રીપાલકુંવર.

જીવતો ને જાગતો સિદ્ધચક્રનો પ્રભાવ જોઈ સૌ કોઈ ધર્મનો મહિમા ગાય છે. તે જ આ ઉજ્જૈનીનગરી છે, જેના બજારમાં પસાર થતા શ્રીપાલના શરીરમાંથી કોઢના રોગની રસી ઝરી રહી હતી, જેની પાછળ છોકરાં ધૂળ ઉડાડતાં હતાં, જેની પાછળ કૂતરાં ભસતાં હતાં. તે જ માણસમાં અને તે જ ભવમાં સિદ્ધચક્રને હૃદયમાં લાવતા થયેલો ફેરફાર જોઈ અરિહંત પરમાત્માના શાસનની પ્રભાવના સર્વત્ર થઈ રહી છે. ધર્મની નિંદા કરનારા પ્રભાવના કરનારા બન્યા છે. લોકહૃદય ધર્મનું પ્રત્યક્ષ ફળ જોઈ ધર્મ પ્રત્યે અનુકૂળ ભાવોથી ઊભરાઈ રહ્યું છે.

આપણે પણ શ્રીપાલ અને મયણા બનીએ તેવું આ ગ્રંથનું અધ્યયન કરનાર આપણને પણ થાય છે. નવપદની આરાધના અને ધ્યાનના પ્રભાવે કોઢિયામાંથી શ્રીપાલ બન્યા. આપણને પણ આઠ કર્મનો કોઢ છે. નવપદજીની અનન્યભાવે ભક્તિ અને ધ્યાન કરીશું તો આપણો પણ આઠ કર્મનો કોઢ નાશ પામશે. આપણે પણ નિરંતર નવપદને હૃદયમાં ધારણ કરી શ્રીપાલ અને મયણા બની નવમા ભવે મોક્ષે જઈશું.

શ્રીપાલકુંવર ઉજ્જૈનીના રાજમાર્ગ ઉપરથી હાથી ઉપર બેસીને પસાર થઈ રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોક ચોક ચહુટે મલ્યા, રૂપે મોહ્યાં લોક;
મહેલ ગોખ મેડી ચડે, નર નારીના થોક.

અલકાપુરી જેવી ઉજ્જૈની નગરીના ચોકે ચહુટે લોકોનાં ટોળે ટોળાં શ્રીપાલકુંવરને જોવા એકઠા થયાં છે. નરનારીના સમૂહો તો મહેલ ઉપર ઝરૂખામાં અને મેડી ઉપર ચડીને શ્રીપાલકુંવરને જોઈ રહ્યાં છે.

તે સમયે ભોળી બાલિકા પોતાની માતાને પૂછવા લાગી.

મુગ્ધા પૂછે માયને, માય એ કુણ અભિરામ;
ઈન્દ્ર ચંદ્ર કે ચક્કવી, શ્યામ રામ કે કામ ?
માય કહે મોટે સ્વરે, અવર મ ઝંખો આલ;
જાય જમાઈ રાયનો, રમવા કુંવર શ્રીપાલ.

મા જરા મોટા અવાજથી કહે છે " આપણા રાજાના જમાઇ ક્રીડા કરવા જઈ રહ્યા છે."

તે સાંભળતાં–

વચન સુણી શ્રીપાલને, ચિત્તમાં લાગી ચોંક,
ધિક્ સસરા નામે કરી, મુજ ઓળખાવે લોક.

ધિક્કાર છે મને કે આ નગરમાં હું સસરાના નામે ઓળખાઈ રહ્યો છું. મનમાં નીતિનું વચન વિચારે છે.

ઉત્તમ આપ ગુણે સુણ્યા, મજ્ઝિમ બાપ ગુણેણ,
અધમ સુણ્યા માઉલ ગુણે, અધમાધમ સસુરેણ.

પોતાના નામે ઓળખાય તે ઉત્તમ, બાપને નામે ઓળખાય તે મધ્યમ, અમુકનો ભાણિયો એમ મામાના

નામે ઓળખાય તે અધમ અને સસરાના નામે ઓળખાય તે અધમોમાં અધમ.

"કોઈ લૌકિક કળા આવડતી હોય તેવા માણસ પણ પોતાના નામે ઓળખાય છે. નાટકનો એક્ટર પણ પોતાના નામે ઓળખાય છે. માટે આગળ થોડું વધારીયે "ભગવાનના નામે ઓળખાય તે ઉત્તમોમાં ઉત્તમ."

શ્રીપાલ અને મયણા મુનિસુવ્રતસ્વામી ભગવાનના વખતમાં થઈ ગયા. ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર અનંત લબ્ધિનિધાન ગૌતમ મહારાજા પર્ષદાની સમક્ષ શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત "નવપદનું ધ્યાન કેવી રીતે કરવું" તે અંગે આપે છે. પરમાત્માના નામે-સિદ્ધચક્રના નામે શ્રીપાલ મહારાજાની પ્રસિદ્ધિ છે.

**ભગવાનના નામે ઓળખાય તે ઉત્તમોમાં ઉત્તમ છે.**

શ્રીપાલકુમાર રાજમહેલમાં પાછા આવ્યા. બોલતા નથી, ચાલતા નથી, ખાતા નથી, પીતા નથી, સૌ પૂછે છે થયું છે શું? કાંઈ બોલતા નથી.

પ્રજાપાલ રાજા આવીને પૂછે છે "તમને થયું છે શું? કોઈએ તમારૂં અપમાન કર્યું છે? કોઇએ તમારી આજ્ઞા નથી માની? તમારા પિતાનું ચંપાનગરીનું રાજ્ય પાછું લેવું હોય તો યુદ્ધની નોબતો વગડાવી પ્રયાણ કરીએ." શ્રીપાલ કહે છે—

"કુંવર કહે સસરા તણે, બળે ન લીજે રાજ રે;
આપ પરાક્રમ જિહાં નહી, તે કુણ આવે કાજ રે".

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સસરાના સૈન્ય બળથી પિતાનું રાજ્ય પાછું લેવું નથી. મારી ભુજાબળથી હું પિતાનું રાજ્ય પાછું મેળવીશ. મને દેશાંતર જવાની ઇચ્છા છે." માતાની પાસે આવી આશીર્વાદ માંગે છે. માતા કહે છે "હે વત્સ! હું તારી સાથે આવીશ. જીવનમાં ઘણાં દુઃખ ભોગવ્યાં પછી તારો મેળાપ થયો છે. હવે હું તને એકલો નહીં જવા દઉં."

"માતાજી! આપ સાથે હશો તો પગબંધન થશે. હું વહેલી તકે કાર્ય સિદ્ધિ કરીને પાછો આવીશ. આશીર્વાદ આપો માતાજી!"

માય કહે કુશલા રહો, ઉત્તમ કામ કરજો રે;
ભુજ બલે વયરી વશ કરી, દરિસણ વહેલું દેજો રે.

હે વત્સ! હે મારા પ્રાણથી પણ અધિક પુત્ર! "સુખ પૂર્વક પધારો. સદા કુશળ રહેજો. કાર્યસિદ્ધિ કરી વહેલા પાછા આવજો. રસ્તામાં સંકટ કે કષ્ટ આવે ત્યારે પ્રગટ પ્રભાવી નવપદનું ધ્યાન કરજો."

માતાએ આશીર્વાદ આપ્યા, કુમકુમનું તિલક કરી અક્ષતથી વધાવ્યા.

આ પ્રસંગ આપણા જીવન માટે મહત્ત્વનો છે, માતાએ આશીર્વાદમાં સંકટ-કષ્ટ આવે ત્યારે નવપદનું ધ્યાન કરવાની પ્રેરણા આપી. સાત પ્રકારના ભય અને આઠ પ્રકારના કર્મ મનુષ્યના માથે દંડો લઇને ઊભેલાં છે. કયા સમયે કેવા ભયગ્રસ્ત વાતાવરણમાં ફસાવું પડશે. કયા સમયે કેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મનો ઉદય આવશે તે કોઈને પણ ખબર નથી. પરંતુ **સાતે પ્રકારના ભય અને આઠે પ્રકારના કર્મને મૂળમાંથી ઉખેડવાને સમર્થ એવા જિનેશ્વર ભગવંત જેના હૃદયમાં બિરાજમાન છે તેનું અનિષ્ટ કોઈ કરી શકતું નથી.**

છેલ્લે માતા કહે છે "શ્રી સિદ્ધચક્રજીના અધિષ્ઠાયક દેવદેવીઓ માર્ગના વિષે તમારૂં સદા રક્ષણ કરો."

શ્રીપાલ હવે મયણાની પાસે આવે છે. ત્યારે મયણા કહે છે—

"હવે મયણા ઈમ વિનવે, તુમશું અવિહડ નેહ;
અળગી એક ક્ષણ નહી રહું, તિહાં છાયા જિહાં દેહ.

"સ્વામીનાથ! તમારી સાથે મારો અવિહડ પ્રેમ છે. એક ક્ષણ પણ તમારાથી હું જુદી નહી રહું. આપ દેહ છો હું આપની છાયા છું. છાયા તો હંમેશાં દેહની સાથે જ રહે છે. હું આપની સાથે આવીશ.

અગ્નિ સહેવો સોહિલો, વિરહ દોહિલો હોય;
કંત વિછોહી કામિની, જલણ જલંતી જોય.

અગ્નિ સહન કરવો સહેલો છે. પતિનો વિરહ સહન કરવો દુષ્કર છે. માછલીને પાણીની બહાર કાઢવામાં આવે ત્યારે જે સ્થિતિ થાય છે તેવી સ્થિતિ પતિના વિરહમાં સતી સ્ત્રીની થાય છે. માટે સ્વામીનાથ! હું આપની સાથે આવીશ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીપાલ કહે છે "તું સાથે હોઈશ તો કાર્યસિદ્ધિમાં ઘણો વિલંબ થશે. હું જલ્દીથી કાર્યસિદ્ધિ કરીને પાછો આવીશ. વળી માતાજી પણ ઘરમાં એકલાં છે. તું માતાજીની સેવામાં રહી જા."

શ્રીપાલ અને મયણાનો સંબંધ શરૂ થયો ત્યારથી અહીં સુધી મયણાની ઉત્તમ પ્રેરણા મુજબ શ્રીપાલે કર્યું છે. હવે મયણાને સાથે જવું છે. શ્રીપાલને સાથે લઈ જવાની ઇચ્છા નથી. પુરૂષનું કહ્યું સ્ત્રીએ કરવું કે સ્ત્રીનું કહ્યું પુરૂષે કરવું? આવો વિવાદ આપણા જીવનમાં પણ કોઈક દિવસ આવે છે. હકીકતમાં તો સ્ત્રી અને પુરૂષ બન્ને જુદા છે. લગ્ન થયા પછી બંને એક બને છે. એક-બીજાના પ્રેરક અને પૂરક બને છે. **પરંતુ જ્યારે બેમાંથી એકના મનમાં હું કહું તેમજ થવું જોઈએ એવો અધિકાર ભોગવવાનો અહંકાર જાગૃત થાય છે ત્યારે બન્નેનું જીવન નિષ્ફળ બની જાય છે.**

મોટા ભાગે ઘરોમાં સ્ત્રીઓમાં પ્રેમ અને કોમળતાની લાગણી હોવાના કારણે પુરૂષ આડકતરી રીતે સ્ત્રીની ઇચ્છા મુજબ ચાલતો હોય છે. પરંતુ જ્યારે સ્ત્રીના મનમાં "**હું કહું તેમ થવું જોઈએ તેવો અહંકાર જાગૃત થાય છે ત્યારે તેનું સ્ત્રીત્વ નાશ પામી જાય છે.**"

મયણા હવે જે કહે છે તે ઉપરથી વધુ સમજાય છે.

"મન પાખે મયણા કહે, પિયુ તુમ વચન પ્રમાણ;
છે પિંજર સૂનું પડ્યું, તુમ સાથે મુજ પ્રાણ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સ્વામીનાથ ! આપનું વચન મને પ્રમાણ છે. આપ સુખપૂર્વક પધારો. આ દેહ રૂપ પાંજરૂં અહીં સૂનું પડયું છે. મારો પ્રાણ તો આપની સાથે જ રહેશે."

મયણા વિદાયનું ગીત ગાય છે.

"વાલમ વહેલા રે આવજો, કરજો માહરી સાર રે,"

સ્વામીનાથ ! આપ જલદી જલદી કાર્યસિદ્ધિ કરીને પાછા આવજો અને અમારી સારસંભાળ લેજો. આજથી હું એકાસણાનું પચ્ચક્ખાણ કરીશ. સચિત્ત વસ્તુનો ત્યાગ કરીશ. ભૂમિ ઉપર સંથારો કરીશ. પરમાત્માની ભક્તિના કાર્ય સિવાય સ્નાન અને શણગારની સજાવટ નહીં કરૂં.

"તે દિન વળી કદી આવશે. જીહાં દેખીશ પિયુ પાય રે,"

તે દિવસ ક્યારે આવશે કે પ્રિયતમના ચરણના પુનઃ દર્શન કરીશ.

વિરહની વેદના વારશું, સિદ્ધચક્ર સુપસાય રે. વાલમ૦

પતિનાં વિરહની વેદના સહન કરવી અતિ દુષ્કર છે, છતાં શ્રી સિદ્ધચક્ર ભગવંતના પ્રભાવથી વિરહની વેદનાનું પણ હું નિવારણ કરીશ. વિરહની વેદનાના નિવારણમાં પણ મયણા સિદ્ધચક્રનો પ્રભાવ જુએ છે, શ્રી સિદ્ધચક્રને કેન્દ્રમાં રાખીને શ્રીપાલ અને મયણા પોતાનું જીવન ચલાવે છે, જે પરમાત્માને કેન્દ્રમાં રાખી જીવન ચલાવે છે, તેને સર્વ કાંઈ આવી મળે છે.

શ્રીપાલકુંવરે વિજયમુહુર્તે ચંદ્રનાડીમાં સ્વર ચાલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે સમયે હૃદયમાં પરમાત્માનું સ્મરણ કરી પ્રયાણ કર્યું. રસ્તામાં પર્વત ઉપર કેટલાક પુરૂષો સુવર્ણ સિદ્ધિ કરી રહ્યા હતા, પણ કાર્ય સિદ્ધ થતું ન હતું. હૃદયમાં નિરંતર નવપદજી ભગવાનને ધારણ કરનાર શ્રીપાલકુંવરની દૃષ્ટિના પ્રભાવથી કાર્ય સિદ્ધિ થઈ. સુવર્ણ સિદ્ધિ કરનાર માણસ શ્રીપાલકુંવરને કહે છે—આપના પ્રભાવથી આ સુવર્ણની પ્રાપ્તિ થઇ તેમાંથી તમે ગ્રહણ કરો.

બે પ્રકારના મનુષ્યો હોય છે. એક છે Self centred. બીજો છે God Centred. એક મનુષ્ય પોતાની જાતને કેન્દ્રમાં રાખી જીવન જીવે છે તે self-centred. બીજો મનુષ્ય પરમાત્માને કેન્દ્રમાં રાખી જીવન જીવે છે તે છે God centred. પહેલા પ્રકારનો મનુષ્ય હંમેશાં કહે છે. "I lack you give me" મારી પાસે નથી તમે મને આપો. તે બધે જ માગતો ફરે છે. બીજા પ્રકારનો મનુષ્ય કહે છે. "I have use me" મારી પાસે છે તમે તેનો ઉપયોગ કરો. શ્રીપાલ પરમાત્માને કેન્દ્રમાં રાખી જીવન ચલાવે છે. શ્રીપાલે સુવર્ણ સિદ્ધિ કરનારને મદદ કરી. જ્યારે તે સોનું આપે છે, ત્યારે શ્રીપાલકુંવર કહે છે મારે સુવર્ણની જરૂર નથી. એવો ભાર કોણ ઉપાડે. શ્રીપાલના હૃદયમાં પરમાત્મા છે. સોનું પણ તેને ભાર રૂપ લાગે છે. પરમાત્માને કેન્દ્રમાં રાખી શ્રીપાલ પોતાનું જીવન જીવે છે તેથી પરમાર્થ અને પરોપકાર તેના જીવનમાં વણાઇ ગયા છે.

શ્રીપાલને ભરૂચ બંદરે ધવલ શેઠનો મેળાપ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ધવલના થંભી ગયેલા પાંચસો વહાણ શ્રીપાલ નવપદજીના પ્રભાવે ચલાવી આપે છે. ધવલની સાથે તેના વહાણમાં દરિયાઇ મુસાફરીએ નીકળે છે. પાંચસો વહાણનો કાફલો બબ્બરકુલ બંદરે આવી પહોંચ્યો. ધવલ શેઠ બંદર ઉપર દાણ (જકાત) ચુકવવાની ના પાડે છે. તેથી બબ્બરકુલ બંદરના મહારાજાના સૈનિકોએ ધવલને પકડીને ઊંધો લટકાવ્યો. ધવલશેઠને બંધનમાંથી છોડાવવાના બદલામાં શ્રીપાલકુંવર હવે અઢીસો વહાણના માલિક બન્યા છે. બબ્બરરાજા શ્રીપાલનું પરાક્રમ જોઈને મહાન પુરૂષ છે તેમ સમજીને પોતાના નગરમાં લઇ જાય છે. ખૂબ પ્રેમપૂર્વક પોતાની પુત્રી મદનસેના શ્રીપાલની સાથે મોટા મહોત્સવપૂર્વક પરણાવે છે, અને પહેરામણીમાં અઢળક ધન આપે છે.

અઢીસો વહાણ ધવલશેઠનાં અને અઢીસો વહાણ શ્રીપાલકુંવરનાં. આ પાંચસો વહાણનો કાફલો રત્નદ્વીપના કિનારે આવીને ઊભો છે. બન્નેના તંબુ બંધાઈ ગયા છે. શ્રીપાલ મહારાજા અત્યારે અઢીસો વહાણના અઢળક ધનના માલિક બન્યા છે. સિદ્ધચક્રના પ્રભાવથી પગલે પગલે સંપત્તિઓ અને સિદ્ધિઓ મળતી જાય છે.

મોટા તંબૂમાં નમસ્કાર મંત્રના સ્મરણમાં રક્ત એવા શ્રીપાલ મહારાજા સુવર્ણના હિંડોળા ખાટ ઉપર બેઠા છે. ત્યાં એક બહારનો માણસ આવે છે. શ્રીપાલે પૃચ્છા કરતાં તે માણસ વિનંતીપૂર્વક શ્રીપાલની સમક્ષ વૃત્તાંત કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તમે જે અહીં પધાર્યા છો તે રત્નદ્વીપ છે. બાજુમાં જ આ રત્નસાનુ નામનો પર્વત છે. પર્વતના શિખર ઉપર રત્નસંચયા નામની નગરી છે. તેમાં કનકકેતુ નામે રાજા રાજ્ય કરે છે. તેને રત્નમાલા નામની રાણી છે. તેને ચાર પુત્રો અને એક પુત્રી છે. પુત્રીનું નામ **મદનમંજુષા** છે. પુત્રી રૂપ ગુણ અને કળાની નિધાન છે પર્વતના શિખર ઉપર ઋષભદેવ ભગવાનનું દિવ્યમંદિર છે. તેમાં મનોહર ઋષભદેવ ભગવાન બિરાજમાન છે. રાજા અને રાજપુત્રી પરમાત્માના પરમ ભક્ત છે. રાજા અને રાજકુંવરી ત્રણે કાળ પરમાત્માની પુજા કરે છે."

એક દિન જિન આંગી રચીજી, કુંવરીએ અતિરંગ;
કનકપત્ર કરી કોરણીજી, વિચવિચ રતન સુરંગ.

એક દિવસ રાજકુંવરી પરમાત્માના મંદિરમાં પૂજા કરવા આવે છે. પરમાત્માની અંગરચના કરે છે. પ્રભુ ભક્તિમાં રાજકુમારી લીન બની ગઇ છે. તે સમયે રાજા દર્શન કરવા આવે છે અને પુત્રીને પરમાત્માની ભક્તિમાં લીન બનેલી જોઈ રાજા વિચાર કરે છે. મારી પુત્રી ખરેખર ચોસઠ કળાની નિધાન છે. સાથે જ રાજાના મનમાં વિચાર આવે છે.

એ સરિખો જો વર મિલેજી, તો મુજ મન સુખ થાય;
સાચી સોવન મુદ્રડીજી, કાચ તિહાં ન જડાય.

"મારી પુત્રીના હૃદયમાં પરમાત્મા પ્રત્યે જેવો ભક્તિભાવ છે તેવો ભક્તિભાવ જેના હૃદયમાં હોય તેવો પતિ જો તેને પ્રાપ્ત થાય તો જ તેનું જીવન સફળ બને."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા જમાઈની પસંદગી સંબંધી વિચાર કરી રહ્યો છે, તે સમયે રાજકુમારીએ પૂજાનું કાર્ય પૂરું કર્યું અને જિનેશ્વર ભગવાનના સોહામણા મુખને જોતી પાછા પગે ગભારાની બહાર આવી. રાજકુમારી બહાર આવી તે વખતે જ—

તામ ગભારા તેહનાંજી, દેવાણાં દોય બાર;
હલાવ્યાં હાલે નહીંજી, સલકે નહિ અ લગાર.

ગભારાના બન્ને દ્વાર બંધ થઈ ગયા. ઘણું હલાવવા છતાં જરાપણ હાલતાં નથી. રાજકુંવરી ચોધાર આંસુએ રડી રહી છે, તેના હૃદયમાં દુઃખ સમાતું નથી, જરૂર મારાથી પ્રમાદ વશ કોઇ આશાતના થઇ ગઈ છે. રાજકુમારી ગદ્‌ગદ્‌ ભાવે વિલાપ કરી રહી છે.

ધિગ્ મુજ જિન જોવા તણો, ઉપન્યો એહ અંતરાય;
દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય.

ધિક્કાર છે મને કે જેને પરમાત્માના દર્શનનો અંતરાય પડયો છે.

દાદા દરિસણ દીજીએજી, એ દુઃખ મેં ન ખમાય;
છોરૂ હોય કછોરૂઆંજી, છેહ ન દાખે માય.

હે કરૂણાના સાગર, કૃપાના અવતાર, દયાના સમુદ્ર પરમાત્મા ! આપના દર્શનના વિરહનું દુઃખ મારાથી સહન થઈ શકતું નથી.

હે પ્રભુ ! આ શરીરમાં હવે પ્રાણ ટકી નહીં શકે. હે નાથ ! જો મને બીજું કાંઇ દુઃખ આવ્યું હોત તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપના દર્શનથી તે દુઃખનું નિવારણ કરત, પરંતુ આપનાં દર્શનના વિરહનું દુઃખ સહી શકાય તેમ નથી. છોરૂ કછોરૂ થાય છે, પરંતુ માતા પિતા કદી છેહ આપતા નથી. આપ તો ત્રણલોકના માતા અને પિતાતુલ્ય છો. હે પરમાત્મા ! મારા અપરાધની માફી આપો. પ્રભુ ! દર્શન આપો. હે અશરણુના શરણુ પરમાત્મા ! હવે શરણુ આપો. દીનાનાથ પ્રભુ ! દર્શન આપો....

તે વખતે રાજા કહે છે " હે પુત્રી ! દોષ તારો નથી. દોષ મારો છે. હું તારા વર સંબંધી મનમાં ચિંતન કરી રહ્યો હતો. જિનેશ્વર પ્રભુના મંદિરમાં સંસાર સંબંધી વિચાર કરવો તે આશાતના છે. તેના કારણે આ દ્વાર બંધ થઇ ગયાં છે. મંદિરના દ્વાર ખૂલે નહિ અને દર્શન ન થાય ત્યાં સુધી ખાવાનું પીવાનું સઘળું બંધ છે. રાજકુમારીએ પણ એ જ નિર્ણય કર્યો. પ્રભુ દર્શન ન થાય ત્યાં સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ છે.

રાજા અને રાજકુમારીને રાજમહેલમાં રાજઋદ્ધિની કાંઇ કમીના નથી. પરંતુ રાજા એ સત્યને બરાબર સમજતો હતો કે રાજસંપત્તિની પ્રાપ્તિ થઈ તે પ્રભાવ પરમાત્માનો છે. આપણા જીવનમાં પણ નિગોદમાંથી બહાર આવ્યા પરમાત્માના પ્રભાવે. ત્યાંથી અહીં સુધી પહોંચ્યા પરમાત્માના પ્રભાવે. " ઇતની ભૂમિ પ્રભુ તુમ હી આણ્યો, પરિ પરિ બહુત બઢાઈ મામ. "

મનુષ્ય ભવ સુધી પ્રભુ તમારા પ્રભાવે આવ્યો. અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ઉત્તમ પ્રકારની સામગ્રીની પ્રાપ્તિ થઈ તે પ્રભાવ પરમાત્માનો છે. ખાઈએ છીએ, પીએ છીએ, બોલીએ છીએ, ચાલીએ છીએ, તે સર્વ પ્રભાવ પરમાત્માનો છે. આંખનું પોપચું બંધ કરેલું પાછું ખૂલે છે તે પણ પરમાત્માનો જ પ્રભાવ છે. હૃદયનો એક ધબકારો થાય છે, હૃદય બંધ નથી પડતું પાછળ બીજો ધબકારો થાય છે, તે પ્રભાવ છે પરમાત્માનો. કોઈ કહે છે પુણ્યથી આ બધું મળ્યું છે તો પુણ્યનું ઉત્પાદન પણ પરમાત્માના પ્રભાવે થાય છે. પરમાત્માને ભૂલીને અમનચમન કરવાની ઇચ્છા જેવો બીજો કોઈ તુચ્છ વિચાર નથી.

જ્ઞાની પુરૂષો તો કહે છે કે, શ્રાવકના જીવનમાં તો એવો નિયમ હોય છે કે પ્રાતઃકાળે પ્રભુનું દર્શન કર્યાસિવાય પચ્ચક્ખાણ પાળવું નહીં. મધ્યાહ્નકાળે અષ્ટ પ્રકારી પૂજા કર્યા સિવાય ભોજન કરવું નહિ, સાંજે આરતી મંગળદીવો અને ધૂપ દ્વારા પૂજા કર્યા સિવાય શય્યામાં સૂઈ જવું નહીં. કદાચ પ્રમાદવશ આપણે આવો નિયમ ન પાળતા હોઇએ તો રાજા અને રાજકુમારી આપણને કાંઈક સંદેશો આપે છે.

જ્ઞાની પુરુષો તો કહે છે કે, જે નેત્ર પ્રાતઃકાળમાં પ્રભુનું દર્શન કરતાં નથી તે નેત્ર નથી, પણ આ મુખરૂપી ઘરનાં બે જાળિયાં માત્ર છે. જે જીભ પ્રભુનું ગુણગાન કરતી નથી તે જીભ નથી, પણ મુખરૂપી ગોખલામાં રહેલો માંસનો લોચો માત્ર છે. જે હૃદય પ્રભુનું ધ્યાન કરતું નથી તે હૃદય નથી, પણ આ દેહરૂપી પહાડમાં રહેલી અંધારી ગુફા માત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે વસ્તુ જે કામ માટે મળી છે, તે કામ માટે તેનો ઉપયોગ કરીએ છીએ તો પુરવઠા કેન્દ્ર તરફથી પુરવઠો વધી જાય છે. Law of providence પુરવઠાનો નિયમ એવું બતાવે છે કે, આંખ પ્રભુનું દર્શન કરવા માટે મળી છે. તે આંખનો ઉપયોગ જો પરસ્ત્રીનું રૂપ જોવામાં કર્યો તો કુદરત તેઇંદ્રિયમાં ફેંકી દેશે, જ્યાં આંખ જ નહીં હોય. જે હૃદય પ્રભુનું ધ્યાન કરવા માટે મળ્યું છે, તેને જો અશુભ ધ્યાનમાં રાખ્યું તો ફરી આવું હૃદય નહીં મળે. બન્ને હાથ દાન અને પૂજા માટે મળ્યા છે તે હાથ પરધનની ચોરીના કાર્યમાં વાપર્યા તો આવા હાથ ફરી નહીં મળે.

બીજો નિયમ છે Law of Grace and Gratitude નમ્રતા દ્વારા અનુગ્રહની પ્રાપ્તિનો નિયમ cosmic order યાને ધર્મ મહાસત્તાનો આ એક મહાન નિયમ છે. જેઆપણા પરમ ઉદ્ધારક છે, જે આપણા પ્રત્યે પૂર્ણ પ્રેમ અને કરૂણાથી ભરેલા છે, જે પરોપકારની પરાકાષ્ઠાએ પહોંચેલા છે, તે અરિહંત પરમાત્મા પ્રત્યે જેટલી કૃતજ્ઞતા (નમ્રતા) આપણા હૃદયમાં ભાવિત થાય છે તેટલા પ્રમાણમાં આપણે તેમના અનુગ્રહને પ્રાપ્ત કરી શકીએ છીએ. તે પરમાત્મા પ્રત્યે નમ્રતાના બદલે અહંકારમાં રાચીએ છીએ ત્યારે પુરવઠા કેન્દ્ર સાથેનો સંબંધ કપાઈ જાય છે. આ નિયમને ધ્યાનમાં લઇ પરમાત્માની કરૂણાને આપણા હૃદયમાં ઝીલતા રહીએ; તેમના દર્શન, પૂજન, વંદન, સ્તવન અને આજ્ઞા પાલનમાં સ્થિર બનીએ છીએ, ત્યારે શ્રીપાલ મયણાની જેમ આપણું જીવન દિવ્ય બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા, રાજપુત્રી અને આખા નગરનો પરિવાર પરમાત્માના મંદિરના રંગમંડપમાં પરમાત્માના સ્મરણ અને ધ્યાનમાં સ્થિર બની ગયા. ત્રીજી રાત્રીએ પાછલા પહોરે આકાશવાણી થઈ.

ત્રીજે દિન નિશિ પાછલી, વાણી હુઈ આકાશ,
દોષ નથી ઈહાં કોઇનો, કાંઈ કરો રે વિષાદ.
જેહની નજરે દેખતાં ઉઘડશે એ બાર;
મદનમંજુષા તણો થશે, તેહ જ નર ભરતાર.

જેની નજર પડતાં ગભારાનાં દ્વાર ખુલશે, તે મદનમંજુષાનો પતિ થશે. કોઇ જરાપણ ચિંતા કરશો નહીં, કોઈનો કાંઇ પણ દોષ નથી. આકાશવાણીનો અવાજ ક્યાંથી આવી રહ્યો છે તે સૌ વિચારે છે, ત્યાં જેના તરફથી અવાજ આવતો હતો તે પોતાની ઓળખાણ આપે છે.

ઋષભદેવની કિંકરી, હું ચક્કેશ્વરી દેવી;
એક માસ માંહિ હવે, આવું વરને લેવી.

હું ઋષભદેવ ભગવાનની સેવિકા ચક્રેશ્વરી દેવી છું. એક મહીનામાં મદનમંજુષાના વરને લઈને અહીં આવી પહોંચીશ.

ત્રણ દિવસ અને ત્રણ રાત્રીનો રાજા અને રાજકુમારીને પરમાત્માનો વિરહ રહ્યો રાજકુમારીને પરમાત્મદર્શનની, મિલનની તીવ્ર ઝંખના હતી.

જ્યારે આપણને આવો પ્રભુમિલનનો સત્યસંકલ્પ નિશ્ચા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વકનો થાય છે. ત્યારે પરમાત્માનો અવશ્ય મેળાપ થાય છે. પણ તે માટે પ્રભુવિરહની એક ક્ષણ પણ વરસ સમાન લાંબી લાગવી જોઈએ.

"સાહિબા એક ઘડી પ્રભુ તુમ વિના, જાય વરસ સમાન (૨)
પ્રેમ વિરહ હવે કેમ ખમું, જાણો વચન પ્રમાણ (૨)
ઘડી યે ન વિસરો હો સાહિબા"

પ્રભુદર્શનની આવી લગની જ્યારે મનુષ્યને લાગે છે ત્યારે જ પરમાત્મા મળે છે. પરમાત્માના વિયોગ વખતે થયેલા ભાવો, વિયોગમાં રહેલા વિશિષ્ટ યોગને બતાવે છે. વિયોગ વખતે આપણે જેની ઇચ્છા કરીએ છીએ તે વસ્તુ (object) ઘણી દૂર હોય છે, પણ વિયોગ વખતે એક વિશિષ્ટ યોગ થાય છે, જેનાથી સ્મરણ અને ધ્યાન દ્વારા વસ્તુની નિકટતા અનુભવાય છે.

રાવણ સીતાને ઉપાડી લંકામાં લઈ ગયો. રામે હનુમાનને સીતાની ખબર લેવા મોકલ્યા. હનુમાન સીતાની ખબર લઇને રામ પાસે આવીને નિવેદન કરે છે, કે સીતાના પ્રાણ રામના ધ્યાનમાં એવી રીતે ખોવાઇ ગયા છે કે સાક્ષાત્ યમરાજ સીતાના પ્રાણનું હરણ કરવા આવ્યો! પરંતુ સીતાના પ્રાણ તો રામના ધ્યાનમાં ખોવાઇ ગયા હતા, તેથી યમરાજને સીતાના પ્રાણ જડ્યા નહિ. અને યમરાજ પાછો ચાલ્યો ગયો છે.

ફરીથી હનુમાન કહે છે: "રામ વિષયક ધ્યાનરૂપી બારણું સીતામાં એવી રીતે બંધ થઈ ગયું છે કે સીતાના પ્રાણ શરીરમાંથી છૂટવા માટે દ્વાર શોધે છે, પરંતુ રામના ધ્યાનરૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાર સીતામાં બંધ થઈ ગયેલ હોવાથી, સીતાના પ્રાણ શરીરમાંથી છૂટી શકતા નથી. રામનું ધ્યાન છૂટે તેની સાથે સીતાના પ્રાણ છૂટે તેવી પરિસ્થિતિ છે.” રામ અને સીતા વચ્ચે હજારો માઈલનું અંતર છે, છતાં વિયોગ સમયે અંતરંગમાં સ્મરણ અને ધ્યાન દ્વારા તદ્દન નિકટતા અનુભવાય છે.

પરમાત્માના વિયોગ વખતે થતું આવું ધ્યાન અને સ્મરણ પરમાત્માની તદ્દન નિકટતાનો અનુભવ કરાવે છે. પરમાત્મ મિલનની તીવ્ર ઝંખના ( Dynamic Desire ) જેને થાય છે તેને પરમાત્મા અવશ્ય મળે છે.

નિષ્ઠાપૂર્વકના સત્ય સંકલ્પ સિવાય સદ્‌વસ્તુઓ જીવનમાં પ્રાપ્ત થઈ શકતી નથી. સંકલ્પને કલ્પવૃક્ષ કહેવામાં આવે છે. જ્યારે જીવને પરમાત્માની પ્રાપ્તિની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય છે, ત્યારે પરમાત્માને ત્યાં આવવું પડે છે, તેવુ જ્ઞાની પુરુષો કહે છે.

મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે.

‘દરિશન પ્રાણજીવન મોહે દીજે;
બીન દરિશન મોહે કલ ન પરત હૈ
તરફ—તરફ તનુ છીજે.’

હે પરમાત્મા, હે કરુણાસાગર, દર્શન આપો.

તમારા દર્શન વિના હવે આ દેહમાં પ્રાણ ટકી શકે તેમ નથી.

મીરાંબાઈ ભજનમાં ગાય છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'મેં તો પ્રેમ દીવાની;
મેરા દર્દ ન જાને કોઈ.

આવી તીવ્ર ઝંખના પરમાત્માના દર્શન માટે થાય છે ત્યારે મહાપુરુષો કહે છે કે—

"સાત રાજ અળગા જઈ બેઠા;
પણ ભગતે અમ અમ મન માંહે પેઠા."

ઉ. યશોવિજયજી મ.

જ્યારે હૃદયમાં સાચી ભક્તિ ઉત્પન્ન થાય છે, ત્યારે પરમાત્મા ત્યાં હાજર જ હોય છે.

નામ ગ્રહે આવી મિલે, મન ભીતર ભગવાન;
મંત્રબળે જેમ દેવતા, વ્હાલો કીધો આહ્વાન.

જેમ કોઈ મંત્ર–દેવતાનું આહ્વાન કરવાથી મંત્ર–દેવતાને હાજર થવું પડે છે, તેમ પ્રભુના નામરૂપ મંત્રનું સ્મરણ કરવાથી પરમાત્મા આપણા મનમંદિરમાં મળવા માટે આવે છે.

નામ અને નામીનો કથંચિત્ અભેદ સંબંધ છે. 'લાડુ' શબ્દ બોલવાથી તેનો દેખાવ, સ્વાદ, બધું નજર સમક્ષ આવે છે. 'રસગુલ્લાં' શબ્દ બોલીએ છીએ ત્યારે કેટલાક રસલોલુપી માણસોને મોઢામાં પાણી આવે છે. તે બતાવે છે કે વસ્તુના નામને વસ્તુ સાથે સીધો સંબંધ છે. તેવી રીતે 'અરિહંત' એવા નામને સાક્ષાત્ અરિહંત પરમાત્મા સાથે સીધો સંબંધ છે. માટે કહ્યું છે કે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નામ ગ્રહે આર્વા મિલે, મન ભીતર ભગવાન'

માટે પરમાત્માને મેળવવાની તીવ્ર ઝંખના Dynamic Desire આપણામાં ઉત્પન્ન કરવી અને તે ઝંખના પૂર્ણ કરવા માટે ચારે નિક્ષેપે ત્રિવિધે ત્રિવિધે પ્રભુભક્તિ કરવી. (Devotion to Divinity)

જૈનશાસનમાં ચાર નિક્ષેપાનું અદ્ભુત તત્ત્વજ્ઞાન છે. ભાવનિક્ષેપો તો અતિ ઉપકારી છે જ, પરંતુ નામ, સ્થાપના અને દ્રવ્યની પણ અતિ કિંમત છે. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા 'પ્રતિમાશતક' નામના ગ્રંથમાં લખે છે:—

नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव स्फुरति। हृदयमिवाऽनुप्रविशति, मधुरालापमिवाऽनुवदति, सर्वाङ्गीणमिवाऽनुभवति, तन्मयीभावमिवापद्यते: तेन च सर्वकल्याणसिद्धिः, तत्कथं निक्षेपत्रयादरं विना भावनिक्षेपादरः ? भावोल्लासस्य तदधीनत्वात ॥

ભાવાનુવાદ : નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ હૃદયમાં સ્થિર થવાથી ભગવાન જાણે સાક્ષાત્ સામે દેખાય છે, જાણે હૃદયમાં પ્રવેશ કરી રહ્યા છે, મધુરાલાપથી જાણે આપણી સાથે બોલી રહ્યા છે, જાણે આખા શરીરમાં ભગવાન વ્યાપી ગયા હોય, જાણે તન્મય ભાવને પામ્યા હોય તેવું અનુભવાય છે. તેથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે. માટે ત્રણ નિક્ષેપાના આદરથી જ ભાવનિક્ષેપનો આદર થઈ શકે, અને ભાવોલ્લાસ વધે છે.

મહાપુરુષોએ આ રીતે પરમાત્માને ચારે નિક્ષેપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયમાં સ્થિર કરવા અને તે દ્વારા થતા વિશિષ્ટ અનુભવોને જીવનમાં અનુભવવા ઉપદેશ આપેલ છે. ઉપરનાં શાસ્ત્રવચનો સાક્ષી પૂરે છે કે ભગવાન આપણા હૃદયમાં પ્રવેશે છે, આપણી સાથે મધુર વાર્તાલાપ કરે છે, આખા શરીરમાં વ્યાપી જાય છે, આવો અમૃત અનુભવ કરવો તે જ માનવજીવનનું લક્ષ્ય છે.

દ્રોણાચાર્યે પાંડવો અને કૌરવોને પરીક્ષા લેવા માટે બોલાવ્યા, ઝાડ ઉપરની પૂતળીની ડાબી આંખ વીંધવાની હતી. એક પછી એક બધાને પૂછ્યું : 'તમને શું દેખાય છે? બધું જ દેખાય છે.' તેમ દરેક કહ્યું. છેલ્લે અર્જુનને પૂછ્યું ત્યારે કહ્યું : 'લક્ષ્ય સિવાય કંઇપણ દેખાતું નથી.' ગુરુએ આજ્ઞા કરી અને અર્જુને લક્ષ્ય વીંધ્યું; અર્થાત્ જ્યાં સુધી લક્ષ્ય (પરમાત્મા) સિવાય બીજું બધું જ દેખાતું બંધ ન થાય, ત્યાં સુધી પરમાત્મા મળતા નથી. બીજા બધામાંથી વૃત્તિઓ નીકળી ન જાય, ત્યાં સુધી પરમાત્માનાં દર્શન થતાં નથી દર્શનની સાચી લગની, પરમાત્માના મિલનની તીવ્ર ઝંખના અને તેના માટે જ સર્વ પ્રયત્ન થાય ત્યારે પરમાત્મા મળ્યા સિવાય રહેતા નથી. પેલો પરદેશી માણસ રત્નદ્વીપના કિનારા ઉપર તંબુમાં સુવર્ણના હિંડોળાખાટ ઉપર બેઠેલા શ્રીપાલ મહારાજાને આ હકીકત કહી રહ્યો છે. ઓગણત્રીસ દિવસ પૂરા થઈ ગયા. અનેક માણસો દર્શન કરવા આવી ગયા. પરંતુ હજી ગભારાના દ્વાર ખુલ્યા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે દિવ્ય પુરુષ ! હું આ રત્નસંચયા નગરીનો જિનદેવ નામના શ્રાવકનો પુત્ર જિનદાસ છું. આપ મહાન દિવ્ય પુરૂષ છો !

"પૂજ્ય પધારો દેહરે, જુહારો જગદીશ" પરમાત્માના મંદિરે આપ દર્શન કરવા પધારો.

તે સમયે શ્રીપાલ મહારાજા ધવલશેઠને બોલાવીને કહે છે: "ચાલો શેઠ, આપણે પરમાત્માના મંદિરે દર્શન કરવા જઇએ."

તે વખતે ધવલશેઠ કહે છે :

શેઠ કહે જિનવર નમો, નવરા તુમે નિચિંત;
વિણુ ઉપરાજે જેહની, પહોંચે મનની ખંત.

અમને જમવાનો નહીં, ઘડી એક પરવાર;
સીરામણ વાળુ જિમણુ, કરિયે એક જ વાર.

ધવલ શેઠ કહે છે, તમે નવરા અને નિશ્ચિત છો. અમારે તો જમવાની પણ ફુરસદ નથી. સવાર, બપોર અને સાંજે જમવાનું પણ એકજ વખતમાં પતાવવું પડે છે. તમે નવરા બેઠા દર્શન કર્યા કરો.

ધવલ શેઠની વાત સાંભળીને આપણુને હસવું આવે છે, પરંતુ આપણા અંદર પણ ધવલ શેઠ બેઠેલો છે. તેને કાઢવા માટે ધવલનું પાત્ર ઉપયોગી છે. જૈનદર્શનના કથા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નુયોગના પાત્રો આપણા અંદર રહેલા છે. ધવલ પણ આપણા અંદર છે અને શ્રીપાલ પણ આપણા અંદર છે.

શિયાળાની કડકડતી ઠંડીમાં રસ્તે જતા ટાઢમાં થરથરતા રસ્તામાં સૂતેલા ગરીબ માણસને જોઈ, અંદરથી દયાનો પરિણામ આવે છે. જૂનો કોટ પહેરેલો છે તે આપી દેવાનો આપણને ભાવ આવે છે. અંદર રહેલો મમ્મણ શેઠ કહે છે–હજુ કોટ એક વરસ ચાલે તેવો છે, પછી આપીશું. શાલીભદ્ર પણ આપણા અંદર જ છે. તે આપવાની વૃત્તિ કરાવે છે. અંદર રહેલો મમ્મણ શેઠ આપવાની ના પાડે છે. કયા પાત્રને ઉદયમાં આવવા દેવું અને કયા પાત્રને દબાવી દેવું તે આપણા હાથની વાત છે.

આપણા અંદર રહેલા ધવલ શેઠે આજ સુધી આપણને પ્રભુના નામની સાચી એક માળા પણ ગણવા દીધી નથી. માટે જ વીરવિજયજી મહારાજ બારવ્રતની પૂજામાં કહે છે–

સંસાર માંહે એક સાર, જાણી કંચન કામિની રે;  
ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે.

તૃષ્ણા તરૂણી રસ લીન, હું રઝળ્યો રે ચારે ગતિ રે;  
તિર્યંચ તરૂના મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે.

" ત્રિલોકના સ્વામી, કરૂણાના સાગર, પરમાત્મા અરિહંત દેવ મળવા છતાં પ્રભુના નામની એક માળા પણ સાચી હું ગણી શક્યો નથી. પ્રભુનું નામ લેવા બેસું છું અને મારું મન ફરે છે સંસારના પદાર્થો ઉપર. આસક્ત બનીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારે ગતિમાં હે પ્રભુ! હું રઝળ્યો છું. માટે હે મારા પ્રભુ! હવે હું કદી આવા ધવલ શેઠના પક્ષમાં નહીં બેસું. આજ તો હવે શ્રીપાલ અને મયણાને મારા હૃદયમાં પધરાવીશ. શ્રીપાલની જેમ એક ક્ષણ પણ પ્રભુ! હવે તમને નહીં ભૂલું. ક્ષણે ક્ષણે તમારું સ્મરણ કરીશ. તમારું જ ધ્યાન કરીશ. તમારી આજ્ઞાને મારું જીવન બનાવીશ."

શુભવીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવ સુંદરી રે;

સંતોષને જીવનમાં ધારણ કરીને હે કરૂણાસાગર પ્રભુ! તમારા ધ્યાન દ્વારા મુક્તિને મેળવીશ. આ છે શ્રીપાલનો પક્ષ.

આપણે હવે સદા માટે ધવલના પાત્રને આપણા જીવનમાં ઉદયમાં નહીં આવવા દઈએ. શ્રીપાલને જ મહત્ત્વ આપીશું.

શ્રીપાલ મહારાજા હૃદયમાં પરમાત્માને ધારણ કરતા ઘોડા ઉપર બેસી પર્વત ઉપર પહોંચી ગયા. શ્રીપાલ મહારાજાને આજે પ્રભુનું દર્શન થશે જ તેવી પૂરી શ્રદ્ધા છે. તેમણે સ્નાન કર્યું, પૂજાની સામગ્રી લઈ શ્રી ઋષભદેવ ભગવાનના મંદિરમાં આનંદપૂર્વક પ્રવેશ કર્યો. ત્યાં શું બન્યું?

કુંવર ગભારો નજરે દેખતાંજી, બેહુ ઉઘડીયાં બાર રે;
દેવ કુસુમ વરસે તિહાંજી, હુવો જય જયકાર રે.
કુંવર ગભારો નજરે દેખતાંજી.

જેવી શ્રીપાલ કુંવરની નજર ગભારાના દ્વાર ઉપર પડી કે તુરત જ બન્ને દ્વાર ખૂલી ગયા, જય જયકાર થઈ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાને વધામણી આપવામાં આવી. "આજનો દિવસ સફળ થઈ ગયો છે. દેવીનો દીધેલો વર આવી પહોંચ્યો છે. ગભારાના દ્વાર ખૂલી ગયા છે." તે વખતે રાજા, રાજકુમારી અને આખા નગરનો પરિવાર ભગવાનના મંદિરે દર્શન કરવા આવે છે.

તે વખતે શ્રીપાલકુંવરે ભગવાનનો અભિષેક કર્યો છે. કેસર, ચંદન અને પુષ્પથી પૂજા કરી રહ્યા છે. હર્ષોલ્લાસથી અત્યંત ભાવપૂર્વક પૂજા કરતા શ્રીપાલ મહારાજાને, દર્શન કરવા આવેલા રાજા, રાજકુમારી અને નગરજનોએ દીઠા.

શ્રીપાલ મહારાજા પૂજા કરતાં જાણે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિત કરતા હોય તેવા ભાવથી ભાવિત છે. આપણે પણ પરમાત્માની પૂજા કરતી વખતે તેવા ભાવથી ભાવિત બની શકીએ છીએ. પુષ્પ પૂજા કરતાં એક સુંદર અખંડ પુષ્પ બન્ને હાથ વડે લઈ ભાવના કરીએ : "હે કરૂણાનિધાન પરમાત્મા ! આ પુષ્પ મારા હૃદયના ભાવોનું પ્રતીક છે. આ ફૂલ નથી, પરંતુ મારું સર્વસ્વ છે. આ પુષ્પરૂપી પ્રતીક દ્વારા મારું સર્વસ્વ હું આપના ચરણમાં સમર્પિત કરું છું." આવા ભાવથી ભાવિત બની પુષ્પ પ્રભુ ચરણે સમર્પિત કરીશું ત્યારે કોઈ અલૌકિક ભાવ આવશે. કેસરની પૂજા કરતી વખતે આ કેસરરૂપી માધ્યમ દ્વારા આ જીવનમાં આપણને જે કાંઈ મળ્યું છે તે પ્રભુ ચરણમાં સમર્પિત કરવાનું છે. જે આંગળીથી આપણે કેસરથી પૂજા કરીએ છીએ, તે આંગળીના ટેરવા ઉપર સંકલ્પ કરીને—"આ જીવનમાં મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કાંઈ તન, ધન, ભાવ મળ્યો છે, તે કેસરરૂપી માધ્યમ દ્વારા હે દયાસિન્ધુ પરમાત્મા ! આપના ચરણે સમર્પિત કરૂં છું” તે ભાવથી આપણી કેસરવાળી આંગળી પ્રભુ ચરણના અંગૂઠે સ્થાપન કરી ભાવના કરીએ તે વખતે થોડી ક્ષણ (૧૦ થી ૧૫ સેકન્ડ) આપણી આંગળીને પ્રભુ ચરણના અંગૂઠા ઉપર મૂકી રાખીએ છીએ તો થોડી ક્ષણમાં પરમાત્મામાંથી શક્તિનો પ્રવાહ નીકળી આપણી અંદર પ્રવેશ કરવો શરૂ થાય છે.

વાંચકને વિનંતી છે–આ ઉપરનો પ્રયોગ જરૂર કરશો. આપને દિવ્ય અનુભવ થશે. શ્રીપાલ મહારાજા પૂજા પૂરી કરી યુગાદિ ઋષભદેવ પરમાત્માનું સ્તવન કરે છે.

દીઠો નંદન નાભિનરિંદનોજી, દેવનો દેવ દયાલ રે;
આજ મહોદય મેં લહ્યોજી, પાપ ગયાં પાયાલ રે.

**હે ત્રિલોકચૂડામણિ, શરણાગતવત્સલ, દયાના સમુદ્ર, અનાથના નાથ, અશરણના શરણ, પરમાત્મા ! આપના દર્શનથી આજે હું મહાન મહોદયને પામ્યો, આજે મારાં સર્વ પાપ નાશ પામી ગયાં, આજે સર્વ દુઃખ દૌર્ભાગ્ય નાશ પામી ગયાં, આજે સર્વ ચિંતાઓ ચૂર્ણ થઇ ગઈ, આજે આનંદથી મારૂં હૃદય ઊભરાઈ ગયું, આજે હું આત્માના પ્રદેશે પ્રદેશે અમૃત વડે છંટાયો, આજે મહાન મહોદયને પ્રભુ આપના દર્શનથી હું પામ્યો. આજે મારાં સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયાં. આજે સર્વ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાર્યની સિદ્ધિ થઈ ગઈ.** સ્તવન બોલતાં શ્રીપાલ મહારાજા પરમાત્માના ધ્યાનમાં લીન બની ગયા. શ્રીપાલ મહારાજા પૂજા કરીને પવિત્ર બની જિનપ્રાસાદની બહાર આવે છે. રંગમંડપમાં રાજા, રાજપુત્રી અને નગરજનો રાહ જોઈ રહ્યાં છે. રાજાએ પ્રણામ કર્યા અને કહે છે: "હે દિવ્ય-પુરુષ! આપના પ્રભાવથી જિનમંદિરના દ્વાર ખૂલ્યાં તે મહાન આશ્ચર્ય બન્યું છે. આપ કોઈ મહાન પુરુષ દેખાઓ છો. આપના કુળ, જાતિ, વંશ વગેરે જણાવવા કૃપા કરો."

તે વખતે શ્રીપાલકુંવર નીતિનું વચન વિચારે છે.

ન કહે ઉત્તમ નામ તે આપણુંજી, નવિ કરે આપ વખાણ રે;
ઉત્તર ન દીધો તેણે રાયનેજી, કુંવર સયલ ગુણ ખાણ રે.

"ઉત્તમ પુરુષો પોતાનું નામ પોતાના મુખે કદી બોલતા નથી. પોતાના વખાણ પોતાની જાતે કદી કરતાં નથી" ગુણના ભંડાર શ્રીપાલકુંવર મૌન સેવે છે. કંઈ બોલતાં નથી. તે વખતે એક વિદ્યાધર મુનિરાજ પ્રભુ દર્શન કરવા પધાર્યા. પ્રભુનું દર્શન-સ્તવન કરી મંદિરની બહાર રંગમંડપમાં પધાર્યા. દેવરચિત ઉત્તમ સિંહાસન ઉપર બેસીને વિદ્યાધર મુનિરાજ મધુર ધ્વનિથી દેશના (પ્રવચન) આપવા લાગ્યા.

નવપદ મહિમા તિહાં વર્ણવેજી, સેવો ભવિક સિદ્ધચક્ર રે;
ઈહભવ પરભવ લહિએ એહથીજી, લીલા લહેર અથક્ક રે.

દેશનામાં નવપદના મહિમાનું વર્ણન કરે છે. "હે ભવ્ય જીવો! તમે સકલ મંત્રતંત્રયંત્રાધિરાજરાજેશ્વર સકલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનવાંછિત પૂર્ણ કરનાર, ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં અધિક પ્રભાવશાળી સિદ્ધચક્ર ભગવાનની સેવા કરો. તેમની સેવાથી આ લોક અને પરલોકમાં સર્વત્ર કાર્યસિદ્ધિ થાય છે.

"દુઃખ દોહગ સવિ ઉપશમેજી, પગ પગ પામે ઋદ્ધિ રસાલ રે;
એ નવપદ આરાધતાંજી, જિમ જગ કુંવર શ્રીપાલ રે."

**આ સિદ્ધચક્ર ભગવંતના પ્રભાવથી સર્વ દુઃખ અને દૌર્ભાગ્ય નાશ પામે છે, સર્વ ચિંતાઓ ચૂર્ણ થઈ જાય છે, સર્વ ભય, શોક અને ઉપાધિથી મુક્ત બની જવાય છે, સુખ, શાન્તિ, આનંદ અને નિર્ભયતા પ્રાપ્ત થાય છે, આત્માના પૂર્ણ શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને પ્રાપ્તિ થાય છે. "હે ભવ્ય આત્માઓ! જે રીતે શ્રીપાલ મહારાજાએ નવપદમય સિદ્ધચક્રનું આરાધન કર્યું, તે રીતે તમે પણ આરાધના કરો. તેના પ્રભાવથી તમે મોક્ષ પર્યંતની સર્વ સંપત્તિઓ, સિદ્ધિઓ, લક્ષ્મીઓ અને શક્તિઓને પ્રાપ્ત કરશો."**

પ્રેમે સયલ પૂછે પર્ષદાજી, તે કુણ કુંવર શ્રીપાલ રે;

તે વખતે વિદ્યાધર મુનિરાજ શ્રીપાલકુંવરનું વૃત્તાંત કહી સંભળાવે છે. અને છેલ્લે કહે છે:–

"તે તુમ પુણ્યે ઈહાં આવીયોજી, ઉઘાડયાં ચૈત્ય દુવાર રે;
તેહ સુણીને નૃપ હરખિયોજી, હરખ્યો સવિ પરિવાર રે."

તમારા પુણ્યોદયથી તે જ શ્રીપાલકુંવર અહીં પધાર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને તેમના પ્રભાવથી ચૈત્યનાં દ્વાર ખૂલ્યાં છે. એમ કહીને વિદ્યાધર મુનિરાજ વિહાર કરી ગયા.

શ્રીપાલ મહારાજાની ઓળખાણની આવશ્યકતા ઊભી થઈ, વિદ્યાધર મુનિરાજે શ્રીપાલકુંવરની ઓળખાણ આપી. અરિહંત પરમાત્મામાં અચિંત્ય શક્તિ છે, એટલું જ નહીં પરંતુ તે અરિહંત પરમાત્માના આરાધકમાં પણ અનેક શક્તિઓ ઉત્પન્ન થાય છે. વિદ્યાધર મુનિરાજની દેશનાનો મર્મ અતિ અદ્‌ભુત છે.

The secret source of life is hidden in relationship of God and Man.

અનંત શક્તિ, અનંત સુખ, અનંત જ્ઞાન આદિના ભંડારોની માલિકી પ્રાપ્ત કરવાની ચાવી, Master Key આપણા અને પરમાત્માના સંબંધો કેટલા વિકસિત થાય છે તેના ઉપર આધારિત છે. કહ્યું છે કે–

ઈતને દિન તૂં નાહિ પિછાન્યો, મેરો જનમ ગયો સો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુ ગુન અખય ખજાનમેં.
હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.

(પૂ૦ ઉ૦ યશોવિજયજીકૃત શાન્તિનાથભગવાનનું સ્તવન.)

જ્યાં સુધી જીવ અજ્ઞાન દશામાં મિથ્યાત્વના અંધકારમાં ફસાયેલો છે ત્યાં સુધી તેની દીનતા, ભય, શોક, દુઃખ આદિ લાગણીઓ કદી શમતી નથી, પરંતુ જ્યારે તેને પરમાત્માની અને ઉપલક્ષણથી પોતાના આત્માની અનંત શક્તિ, અવ્યાબાધ સુખ અને પરમાનંદ આદિની ઓળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાણ, પરિચય, પ્રતીતિ અને અનુભૂતિ થાય છે–એટલે જીવ જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે ત્યારે તેની બધી જ વિશદ લાગણીઓ–ભય, ચિંતા, દીનતા, ખેદ આદિ ચાલ્યા જાય છે.

ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં;
પ્રભુ ગુણ અનુભવ રસકે આગે, આવત નહિ કોઉ માનમેં.
હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.

આમ પરમાત્મા અને ઉપલક્ષણથી આત્માના અક્ષય-અનંત ખજાનામાં પ્રવેશ કરવાના મંગલમય સૂત્રો છે. "નમો અરિહંતાણં" "નવપદનું ધ્યાન" "સિદ્ધચક્રની આરાધના."

God is my instant, constant, abumdant supply of every potent good.

શાસ્ત્રકાર મહર્ષિઓ ઉપરની વસ્તુઓ નીચેના શ્લોકમાં બતાવે છે.

દર્શનાદ્ દુરિતધ્વંસી, વંદનાદ્ વાંછિતપ્રદઃ ।
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ॥

જિનેશ્વર ભગવંત કલ્પવૃક્ષની જેમ ફળ આપનારાં છે. સાધક જ્યારે દર્શન, પૂજન, વંદન દ્વારા પરમાત્મા સાથે નિકટના સંબંધમાં આવે છે, પોતાના મન, વચન, કાયાના યોગોને પ્રભુ ભક્તિમાં ભાવોલ્લાસપૂર્વક પ્રવર્તાવે છે, ત્યારે સર્વ સંપત્તિઓ અને સિદ્ધિઓ તેના હાથમાં આવીને વસે છે. આત્માના પરમાનંદનો તે ભોક્તા બને છે. સુખ, આનંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે શાન્તિ માટે જગતમાં દોડવાની જરૂર નથી. પરમાત્માના ખજાનામાં સર્વ કાંઈ ઉત્તમ છે તે આપણા માટે તૈયાર જ છે.

**સાધક પોતે પરમાત્માને જેટલા મહાન નિહાળે છે. તેટલી જ મહાનતાને તે પામે છે.** મહાન બનવા માટે લોકો પાસે દોડવાની કોઈ જરૂર નથી. પરમાત્માની મહાનતાને હૃદય મંદિરમાં ધારણ કરવાની જરૂર છે.

**આપણે પરમાત્માને જેટલા શક્તિશાળી જોઈએ છીએ તેટલી જ શક્તિ આપણામાં ઉત્પન્ન થાય છે.** શક્તિ મેળવવા માટે જગતમાં દોડવાની જરૂર નથી. પરમાત્માની અનંત શક્તિને આપણા મન મંદિરમાં વસાવવાની જરૂર છે.

જેટલી ભક્તિ ભગવાન પ્રત્યે આપણા હૃદયમાં હોય છે તેટલી જ તૃપ્તિનો જીવનમાં અનુભવ થાય છે. તૃષ્ણાનો અંત લાખો, ક્રોડો કે અબજો મળવાથી આવતો નથી, પણ પ્રભુ ભક્તિથી જ આવે છે.

**જેટલી મમતા ભગવાન પ્રત્યે, તેટલી જ સમતાનો જીવનમાં અનુભવ થાય છે.** અશાંતિ અને અજંપાનું દેખાતું કારણ મનુષ્ય ગમે તે બતાવે, જેવાં કે–શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક, રાજકીય વગેરે. પરંતુ આર્થિક ઉણપને કારણે અશાંત મનુષ્યના જ્યારે આર્થિક સંજોગ સુધરે છે ત્યારે વધારે અશાન્ત બને છે. એટલે સાચું કારણ આ બધા બહારના માની લીધેલા સંજોગો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, પરંતુ પરમાત્માથી પોતાની જાત વિખૂટી પડી ગઈ છે, તે છે. પરમાત્માથી વિમુખદશા તે જ અજંપાનું અને અશાંતિનું મૂળ કારણ છે. Relationship to Reality પરમાત્મા સાથે પોતાના મૂળ સંબંધનું અજ્ઞાન છે, તે અજ્ઞાન યાને મિથ્યાત્વ દૂર કરવામાં ન આવે ત્યાં સુધી જીવનમાં સમતાનો અનુભવ થતો નથી. પરમાત્મા સાથે આપણો જાતિ એકતાનો સંબંધ છે.

"ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવિએ;
જાતિ જસુ એકતા તેહ પલટે નહિ,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી."

**પરમાત્મા સાથે આપણો એકત્વનો સંબંધ ભાવિત થતાં સર્વ સુખની ખાણરૂપ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.**

"પરમ નિધાન પ્રગટ મુખ આગળે"

પરમાનંદનું પરમ નિધાન આપણી પોતાની અંદર જ રહેલું છે, તે પરમાત્માની ભાવભક્તિ દ્વારા અનુભવાય છે. મનુષ્યના સ્તર ઉપર વિચાર કરતાં દરેક ચીજની અછત દેખાય છે. પરમાત્માના સ્તર ઉપર વિચાર કરતાં અનંતની ઉપસ્થિતિ છે. On human plane, there is Scarcity of every thing, On Divine plane, there is Infinite supply માત્ર ખ્યાલ એટલો જ રાખવાનો છે કે કલ્પવૃક્ષ પાસે કાકડી ન માગી શકાય. અનંત આનંદ, અવ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય સુખ અને પરમાત્મ સ્વરૂપના દાતાર પરમાત્મા પાસે તુચ્છ પૌદ્ગલિક વસ્તુની માંગણી કરવી તે અયોગ્ય છે. જો કે આપણા પરમાનંદના ખજાનાને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના થતાં અને આત્મ સ્વરૂપની ઓળખાણ થતાં તુચ્છની ઈચ્છા પણ થઈ શકતી નથી.

શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે :

"પ્રભુ મેરે તું સબ બાતે પૂરા,
પરકી આશા કહાં કરે પ્રીતમ, યે કૌન બાતે અધૂરા"

પૂર્ણ તત્ત્વની પ્રાપ્તિની ઈચ્છા થયા પછી તુચ્છ વસ્તુની ઈચ્છા થતી જ નથી. પરમ તત્ત્વ પરમાત્માના સંબંધનું જ્ઞાન થયા પછી પરમાત્મા આપણું સર્વસ્વ બની જાય છે.

**આત્માના અનંત સુખ અને આનંદના ખજાનાની ઓળખ થયા પછી જગતના બાહ્ય સુખો તુચ્છ લાગે છે** અને આત્માના અનંત સુખની અનુભૂતિના પરમ કારણ, પૂર્ણતાને વરેલા પરમાત્મામાં વૃત્તિઓને વિલીન કરવા માટેનો પરમ મંત્ર "નમો અરિહંતાણં" શ્વાસે શ્વાસે સ્મરણ કરવો, તે જ પરમ અમૃત તુલ્ય લાગે છે.

દા. ત. આપણા ઘરડા કાકા, આપણા ઉપર અતિ સ્નેહ અને પ્રેમ રાખવાવાળા દેશમાંથી મુંબઈ આપણા ઘરે આવ્યા. આખો દિવસ તેમણે આપણી દોડાદોડી જોઈ. એક દિવસ આપણને પ્રેમપૂર્વક પૂછ્યું કે, ભાઈ, આ બધી દોડા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોડી શા માટે કરો છો? ત્યારે આપણે જે હતું તે જ કહ્યું, કે થોડા પૈસા વધારે મળે તે માટે દોડાદોડી કરું છું, ત્યારે આપણા કાકા કહે છે કે ભાઈ, તારા ઘરમાં તારા બાપ-દાદાએ હીરા, માણેક, રત્નો અને સુવર્ણનો ભંડાર દાટેલો છે.

આ વાત સાંભળ્યા પછી આપણે બજારમાં જવાનું પણ બંધ કરી દઈએ અને કોદાળો લઈને ખોદવા મંડી પડીએ અને તે દાટેલું નિધાન કાઢીએ ત્યારે જંપીએ છીએ.

**તે રીતે આપણા કાકાઓના પણ કાકા, આપણા દાદાઓના પણ દાદા તીર્થંકર ભગવાન જે આપણા ઉપર અત્યંત કરૂણાવાળા છે, તે આપણને કહે છે, કે ભાઇ! શા માટે આ બધી દોડાદોડી કરે છે? અનંત આનંદ, અવ્યાબાધ સુખ, અચિંત્ય શક્તિ અને કેવળજ્ઞાન આદિ અનંત ગુણોનું નિધાન તારી અંદર જ પડેલું છે. તું બહાર દોડી રહ્યો છે, પરંતુ તારા અંદર જો, તને પરમ નિધાનનું દર્શન થશે.**

ત્યારે પેલા ભાઈ જેમ કોદાળો લઈને ખજાનો કાઢવા મંડી પડયા, તેમ આપણે પણ પ્રભુનું આ વચન સાંભળીને, બહિરાત્મભાવ છોડીને, આપણા અંદરના આત્માની ક્ષાયિક લબ્ધિઓના દિવ્ય ખજાનાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનીએ છીએ. આત્માની અંદરના ખજાનાને બહાર કાઢવાની એટલે જીવનમાં અનુભવવાની પ્રક્રિયાને નમસ્કાર મહામંત્રની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધના કહેવાય છે, તેને જ સિદ્ધચક્રનું પૂજન કહેવાય છે, અને તેને જ અરિહંત પ્રભુની ઉપાસના કહેવાય છે અને નવપદનું ધ્યાન પણ તેને જ કહેવાય છે. માટે જ અરિહંત પરમાત્મા, નમસ્કાર મંત્ર, સિદ્ધચક્રનું પૂજન, અને નવપદનું ધ્યાન, આત્મ સ્વરૂપનો અનુભવ કરવા માટેનાં દિવ્ય આલંબનો છે. તેની આરાધનાથી આત્મ સ્વરૂપનો અનુભવ આ જન્મમાં જ થઈ શકે છે. માટે જ કહ્યું છે કે–

"એ નવપદ ધ્યાતા થકાં, પ્રગટે નિજ આત્મરૂપ રે"

(ઉ. યશોવિજયજીકૃત 'શ્રીપાલરાસ')

કનકકેતુ રાજા શ્રીપાલકુંવરને રાજમહેલમાં સામૈયાપૂર્વક લઈ જાય છે તેમને સિંહાસન ઉપર બેસાડીને રાજા અને રાજકુંવરી ભાવના કરે છે :–

ધન્ય રિસહેસર કલ્પતરૂ, ધન્ય ચક્કેશ્વરી દેવી;
જાસ પસાયે મુજ ફળ્યા, મન વાંછિત તતખેવી. (તત્કાળ)

ધન્ય છે કલ્પવૃક્ષ સમાન ઋષભદેવ ભગવાનને! ધન્ય છે ચક્રેશ્વરી દેવીને! જેમના પ્રભાવથી આજે સર્વ મનોરથો પૂર્ણ થયા.

રાજાએ સજ્જન મનુષ્યોને બોલાવીને પ્રેમપૂર્વક મદનમંજુષાનું વેવિશાળ શ્રીપાલકુંવર સાથે કર્યું. શ્રીપાલકુંવરને તિલક કરી, શ્રીફળ અને પાન આપી કેશર કુમકુમના છાંટણા કર્યાં.

શ્રીપાલ મહારાજા પોતાના સ્થાને દરિયા કિનારે તંબુ નાખેલો હતો ત્યાં પહોંચ્યા. અહીં રાજા લગ્નની તૈયારી કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( રાગ—નીલુડા વાંસની વાંસળી )

રાયે મંડાવ્યો માંડવો, હોજી સોવન મણિમય થંભ;
થંભ થંભ મણિ પૂતળીરે, હોજી કરતી નાટારંભ.
તોરણ ચિહુ દિશિ બારણે, હોજી નીલ રયણ મયપાન;
ઝૂંમે મોતી ઝૂંમખાં, હોજી જાણે સરગ વિમાન.

કનકકેતુ રાજાએ શ્રીપાલ મહારાજા સાથે પોતાની પુત્રીના લગ્ન માટે સ્વર્ગનું વિમાન હોય તેવો મંડપ તૈયાર કરાવ્યો. શ્રીપાલકુમાર જે વખતે કોઢિયાની અવસ્થામાં ઉજ્જૈની નગરીના બજારમાંથી પસાર થયા હતા તે વખતે પાછળ છોકરાં ધૂળ ઉડાડતાં હતાં, કૂતરા ભસતાં હતાં, તે જ માણસ તે જ ભવમાં જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે. સંપત્તિઓ અને સિદ્ધિઓને પ્રાપ્ત કરે છે. જે વખતે તે કોઢિયાની અવસ્થામાં હતા, ત્યારે તેમના હૃદયમાં પરમાત્મા ન હતા. આજે શ્રીપાલના હૃદયમાં પરમાત્મા છે, તેનો આ સર્વ પ્રભાવ છે. શ્રીપાલકુમાર પણ વરઘોડો કાઢીને, રાજાએ લગ્નમંડપ તૈયાર કર્યો છે ત્યાં આવી પહોંચ્યા.

પોંખી આણ્યા માંહી, સાસુએ ઉલટ ઘણેજી;
આણી ચોરી માંહી, હર્ષ ઘણો કન્યા તણેજી.

લગ્નવિધિ શરૂ થયો.

( રાગ—લગ્નગીત )

જીરે મારે કરી અગ્નિની શાખ રે,
જી રે મારે મંગલ ચારે વરતીયાંજી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જી રે મારે ફેરા ફરતાં તામ રે,
જી રે મારે દાન નરિંદે બહુ દીયાંજી.
જી રે મારે કેલવીયો કંસાર,
જી રે મારે સરસ સુગંધો મહમહેજી;
જી રે મારે કવલ ઠવે મુખમાંહી,
જી રે મારે માંહોમાંહે મન ગહગહેજી.

જી રે મારે મદનમંજુષા નારી રે,
જી રે મારે પ્રેમે પરણી ઈણી પરેજી.

રાજાએ દાયજામાં અઢળક ધન આપ્યું. રહેવા માટે મહેલ આપ્યો.

બીજા દિવસે પ્રાતઃકાળમાં શ્રીપાલ મહારાજા—

ઋષભદેવ પ્રાસાદ, મહોત્સવ પૂજા નિત કરેજી;
ગીત ગાન બહુ દાન, વિત્ત ઘણું તિહાં વાવરેજી.

ઋષભદેવ ભગવાનના મંદિરમાં મોટો મહોત્સવ કરાવે છે. ગીતગાન અને સ્તવન વડે પ્રભુ ભક્તિમાં લીન બની જાય છે. ઘણા પ્રકારે દાન કરવા પૂર્વક ધન વાપરે છે.

પરમાત્માનો પ્રેમી મનુષ્ય વહેવારના લગ્ન, મૃત્યુ વિગેરે પ્રસંગોમાં પણ પરમાત્માની ભક્તિનો મહોત્સવ કરાવે છે. વ્યવહારિક પ્રસંગોને પરમાત્માની ભક્તિના મહોત્સવમાં રૂપાન્તર કરે છે અને વ્યવહારિક પ્રસંગમાં પધારનાર સ્નેહી સ્વજનોને પરમાત્મભક્તિનો લાભ અપાવે છે. આનંદમાં દિવસો પસાર થઈ રહ્યા છે, ત્યારે ચૈત્ર મહિનો આવી ગયો. તે વખતે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્ર માસે સુખ વાસ, આંબિલ ઓળી આદરેજી;
સિદ્ધચક્રની સાર, લાખેણી પૂજા કરેજી.
વરતાવી અમારી, અઠ્ઠાઈ મહોત્સવ ઘણોજી;
સફલ કરે અવતાર, લાહો લીએ લખમી તણોજી.

ચૈત્ર મહિનો આવતાં શ્રીપાલ મહારાજાએ બન્ને રાણીઓ સાથે ઓળીની આરાધના શરૂ કરી. જિનમંદિરમાં મોટો મહોત્સવ કરાવ્યો. નગરજનોને આરાધનામાં જોડયાં. સિદ્ધચક્રની મોટી પૂજા કરાવી, અને ઓળીના નવે દિવસ પરમાત્માના ધ્યાનમાં લીન બની ગયા.

પહેલી ઓળી ઉજ્જૈની નગરીમાં કોઢિયાની અવસ્થામાં કરી હતી. છ મહિનામાં તો શ્રીપાલ મહારાજા સિદ્ધચક્રનો પ્રત્યક્ષ પ્રભાવ જીવનમાં અનુભવી રહ્યા છે. નિરંતર ક્ષણે ક્ષણે પરમાત્માનું સ્મરણ, ચિંતન, વંદન, સ્તવન અને ધ્યાનમાં મગ્ન બન્યા છે. ક્ષણે ક્ષણે પરમાત્માના ઉપકારોને યાદ કરી કૃતજ્ઞભાવ વ્યક્ત કરી રહ્યા છે.

એક દિવસ કનકકેતુ રાજાના સૈનિકો જકાત નહીં ચૂકવવાના કારણે ધવલશેઠને પકડીને લાવ્યા. શ્રીપાલ મહારાજાની વિનંતિથી ધવલને રાજાએ બંધન મુક્ત કર્યો. શ્રીપાલે પોતાની સાથે મહેલમાં રાખ્યો.

એક દિવસ શ્રીપાલકુંવરે રાજાની સમક્ષ પોતાના દેશ તરફ જવાની ઇચ્છા બતાવી, તેથી રાજાને પુત્રીનો વિયોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થશે તેનું દુઃખ થયું. પરંતુ પોતાના વિચારોથી જ સમાધાન કરે છે–

માંગ્યા ભૂષણ જેહ, તે ઉપર મમતા કિસીજી;

પ્રસંગ ઉપર માંગી લાવેલા આભૂષણ, અવસર વીતે પાછાં આપવાનાં જ હોય છે. તેમ લગ્ન થયા પછી પુત્રી માંગી લાવેલા આભૂષણ જેવી વસ્તુ છે–તેને શ્વસુરગૃહે વળાવવી જ પડે છે. તે વખતે રાજા અને રાણી શ્રીપાલકુમારની પાસે આવે છે, અને કુંવરને રડતા હૃદયે વિનંતી કરે છે–

મદનમંજુષા એહ, અમ ઉત્સંગે ઉછરીજી;
જન્મ થકી સુખ માંહી, આજ લગેં લીલા કરીજી.
વહાલી જીવિત પ્રાય, તુમ હાથે થાપણ ઠવીજી.

"અમારી પુત્રી મદનમંજુષા અમને અમારા જીવ કરતાં પણ વધુ પ્રિય છે. બાલ્યવયમાંથી ચોસઠ કળામાં પ્રવીણ બની છે. સુંદર સંસ્કારોથી તેને સજ્જ કરી છે. તેના હૃદયમાં નિરંતર પરમાત્મા અરિહંતદેવ વસે છે. ધર્મમાં અત્યંત પ્રીતિવાળી છે. અમારી આ થાપણ તમારા હાથ સોંપીએ છીએ. તમે તેનું જતન કરજો, રક્ષણ કરજો."

હવે માતા અને પિતા પુત્રી મદનમંજુષાની પાસે આવી, શ્વશુર ગૃહે જતી પુત્રીને શિખામણના બે શબ્દ કહે છે–

(રાગ–ઢોલીડા ઢબુકયા લાડી, ચાલો આપણા દેશ રે)

પુત્રીને કહે વત્સ બહેની, ક્ષમા ઘણી મન આણજો જી;
સદા લગે ભરતાર બહેની, દેવ કરીને જાણજો જી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલી શિખામણ આપે છે, "હે પુત્રી ! તું નિરંતર ક્ષમાને તારા જીવનમાં ધારણ કરજે. ગમે તેવા સંજોગો ઉપસ્થિત થાય તો પણ કદી આક્રોશ કે આવેશ કરીશ નહીં. આવેશ કરવાના કારણે અનેકના જીવન નિષ્ફળ બની જાય છે. માટે હે વત્સ ! નિરંતર તું ક્ષમાને ધારણ કરજે." બીજી શિખામણ આપે છે–"તારા પતિનું નિરંતર તું દેવની જેમ જતન કરજે."

આર્યક્ષેત્રના બધા જ ધર્મના શાસ્ત્રો પતિને દેવતુલ્ય માનવાનું અને પત્નીને દેવીતુલ્ય માનવાનું કહે છે. તેની પાછળ મહાન તત્ત્વ છુપાયેલું છે. આજનું વિજ્ઞાન પણ તે જ વાત કરે છે.

એક વૈજ્ઞાનિકે એક મોટા હોલમાં બે છોડ ઉગાડવાનો પ્રયોગ કર્યો. તેના માટે બે જુદા જુદા માણસોની નિમણૂંક કરી. બન્ને છોડ માટે એક સરખાં બીજ, એક સરખી હવા અને પ્રકાશ મળે તેવી ગોઠવણ કરી. પૂર્વ દિશામાં છોડ ઉગાડવાવાળો વૈજ્ઞાનિક બીજ હાથમાં લઈ વિચારે છે : "આ બીજ ઘણું જ સુંદર છે, તેમાંથી સરસ છોડ તૈયાર થશે. તેનાં સુંદર ફૂલ–ફળ આવશે." પાણી સિંચતાં દરરોજ આવી ભાવના કરે છે. પશ્ચિમ દિશામાં છોડ ઉગાડવાવાળો વૈજ્ઞાનિક બીજ વાવતાં ભાવના કરે છે : "આ બીજ નકામું છે. ઊગશે જ નહીં. ઊગશે તો ફળ–ફૂલ આવશે જ નહીં." પાણી સિંચતાં આવી ભાવના કરે છે. પૂર્વ દિશાનો છોડ પુરબહારમાં ખીલી ઊઠ્યો. સુંદર પાંદડા, ફૂલ અને ફળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યાં. પશ્ચિમ દિશાનો છોડ ઊગતો નથી. થોડાંક પાંદડા આવ્યાં. એકાદ ફૂલ આવ્યું. ફળ તો આવ્યું જ નહીં. બન્ને બીજમાં સરખું ઊગવાની શક્તિ, સરખું પાણી, સરખી હવા અને પ્રકાશ મળવા છતાં બન્નેના ઉછેરમાં ઘણો ફરક પડી ગયો.

આ રીતે જ પ્રત્યેક મનુષ્યમાં સત્તાએ પરમાત્મ-તત્ત્વ છુપાયેલું છે. પ્રત્યેક જીવાત્મામાં પરમાત્માના જેવું જ ચૈતન્ય સત્તાએ રહેલું છે. પરંતુ પત્ની જ્યારે પતિને પરમેશ્વર તુલ્ય ભાવ આપે છે, ત્યારે પતિમાં પરમેશ્વરપણાના ભાવો પ્રગટ થવા શરૂ થાય છે. પત્નીને દેવીતુલ્ય માનવામાં આવે છે, ત્યારે તેમાં દેવત્વ પ્રગટ થવું શરૂ થાય છે.

માટે હે પુત્રી ! તારા પતિનું દેવની જેમ આરાધન કરજે. તારા જીવનની સફળતાનો આધાર તારા પતિના પ્રેમ ઉપર છે.

સાસુ સસરા જેઠ બહેની, લજ્જા વિનય મ ચૂકજો રે;
પરિહરજો પરમાદ બહેની, કુલ મરજાદા મ મૂકજો રે.

તારા વડીલોનો વિનય કદી ચૂકીશ નહીં. તારી ફરજ બજાવવાના અવસરે કદી પણ પ્રમાદ કરીશ નહીં. ઘરોની અંદર નાની બાબતમાં પોતાની ફરજ નહીં બજાવતાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. તેમાંથી કલેશ અને કંકાસ ઊભા થાય છે. માટે પુત્રી ! તારી ફરજ બજાવવાના પ્રસંગે કદી પણ પ્રમાદ કરીશ નહીં, તારા કુલની મર્યાદા કદી ચૂકીશ નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'કંત પહેલાં જાગ બહેની, જાગતા નવિ ઉંઘીયેજી;'
'કંત સયલ પરિવાર બહેની, જમ્યા પછી ભોજન કરેજી.'

તારા પ્રિયતમ નિદ્રામાંથી જાગે તેના પહેલાં જાગી જજે, અને તારા પ્રિયતમ ઊંઘે તેના પહેલાં કદી ઊંઘીશ નહીં. સર્વત્ર ઔચિત્ય જાળવજે.

'જિનપૂજા ગુરૂભક્તિ બહેની, પતિવ્રતા વ્રત પાળજો જી.'

હે પુત્રી ! જિનેશ્વર પરમાત્માની પૂજા અને ગુરૂની ભક્તિને નિરંતર હૃદયમાં ધારણ કરજે.

આપણે પુત્રીને ગમે તેટલું સારું જોઇને પરણાવી હોય, પરંતુ આવતી કાલે શું થવાનું છે તેની કોઇને પણ ખબર નથી. સાત પ્રકારના ભય અને આઠ પ્રકારનાં કર્મ મનુષ્યને માથે દંડો લઇને ઊભાં છે. કયા સમયે કેવા ભયગ્રસ્ત વાતાવરણમાં ફસાવું પડશે તેની કોઇને પણ ખબર નથી. કયા સમયે કેવા કર્મનો ઉદય આવશે તેની પણ કોઇને ખબર નથી. સાતે પ્રકારના ભય અને આઠે પ્રકારનાં કર્મને મૂળમાંથી ઉખેડવાને સમર્થ એવા પરમાત્મા જેના હૃદય મંદિરમાં બિરાજમાન છે, તેનું અનિષ્ટ કરવાને કોઈ સમર્થ નથી. માટે હે વત્સ ! "પરમાત્મા જિનેશ્વર ભગવંતને નિરંતર હૃદયમાં ધારણ કરજે." છેલ્લી શિખામણ–

"શી કહીએ તુમ શીખરે બહેની, ઈમ અમ કુલ અજુવાળજો રે."

આ શિખામણ આપણે સૌ આપણી પુત્રીને આપીએ છીએ તે જ છે. "હે પુત્રી ! તું તારા શ્વસુરના કુળમાં અને અમારા કુળમાં અજવાળું થાય તેવું કાર્ય સદા કરજે અને ઉત્તમ આચરણ દ્વારા બન્ને કુળને શોભાવજે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળાવવા માટેની સઘળી તૈયારી થઇ ચૂકી. સાત માળનું મોટું વહાણ કનકકેતુ રાજાએ બનાવ્યું. ધન, ધાન્ય, વસ્ત્ર, હીરા, માણેક, મોતી, સોનું, ચાંદીથી વહાણ ભરી દેવામાં આવ્યું. સાતમા માળ ઉપર સુવર્ણનો હિંડોળા ખાટ બનાવ્યો.

કાંઠે સયલ કુટુંબ, હૈડાં ભર ભેટી મળ્યાં;
તસ મુખ વારોવાર, જોતાં ને રોતાં પાછાં વળ્યાં.

દૂર દૂર ક્ષિતિજમાં વહાણ દેખાયાં ત્યાં સુધી સૌ દરિયાના કિનારા ઉપર ઊભા રહ્યાં. ક્ષિતિજમાં પણ વહાણ દેખાતાં બંધ થયાં, ત્યારે સૌ ભારે હૈયે પાછાં ફર્યાં. રાજાના હૃદયમાં સુખ અને દુઃખની મિશ્ર લાગણી છે. પુત્રીના વિરહનું દુઃખ છે. સાથે પોતાનો સંકલ્પ પૂર્ણ થયો તેનો આનંદ છે. રાજાનો સંકલ્પ હતો–" મારી પુત્રીના હૃદયમાં જિનેશ્વર ભગવંત પ્રત્યે જેવો ભક્તિભાવ છે, તેવો ભક્તિભાવ જેના હૃદયમાં હોય તેવો પતિ જો તેને મળે, તો જ તેનું જીવન સફળ થાય." આ સંકલ્પ પૂર્ણ થયાનો રાજાને આનંદ પણ છે

'વિનય કહે શ્રી સિદ્ધચક્રની, ભક્તિ કરો સુરતરૂ સમીજી.'

શ્રીપાલ રાજાના રાસના રચનારા ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ કહે છે કે, આ સિદ્ધચક્રની કલ્પવૃક્ષ સમાન ભક્તિ હે ભાગ્યવાનો ! તમારા હૃદયમાં નિરંતર ધારણ કરો.

★ શ્રીપાલ મહારાજાના રાસનો દ્વિતીય ખંડ સમાપ્ત. ★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપાળ અને મયણાનાં
આધ્યાત્મિક
# જીવન રહસ્યો

★ તૃતીય ખંડ ★

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં નાવે પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારંવાર.

પાંચસો વહાણનો કાફલો મધદરિયે ચાલ્યો જાય છે. અઢીસો વહાણ શ્રીપાલ મહારાજાના છે. અઢીસો ધવલ શેઠનાં છે. રત્નદ્વીપના રાજાએ આપેલાં વહાણના સાતમા માળ ઉપર શ્રીપાળ મહારાજા બંને રાજપુત્રીઓની સાથે સુવર્ણના હિંડોળા ખાટ ઉપર બેઠા છે. હૃદય નવપદનું નિરંતર ધ્યાન કરે છે. પરમાત્માની અચિંત્ય શક્તિથી નિરંતર ભાવિત તેમનું મન છે. તેમના અણુએ અણુમાં પરમાત્માની શક્તિ કાર્યશીલ છે. બંને રાજપુત્રીઓ પણ નિર્મલ સમ્યગ્-દૃષ્ટિ છે. ક્ષણે ક્ષણે પરમાત્મા અરિહંતદેવનું સ્મરણ-ચિંતન કરે છે. શ્રીપાલ મહારાજા અને બંને રાજપુત્રી (રાણી)ઓ વચ્ચે નવપદના મહિમાની વિચારણા ચાલી રહી છે. ધર્મ તત્ત્વનું ઊંડું ચિંતન મનન કરી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમયે ધવલ શેઠ વિચારે છે–

ધવલ શેઠ ઝૂરે ઘણું, દેખી કુંવરની ઋદ્ધિ;
એકલડો આવ્યો હતો, હે હે દૈવ શું કીધ!

ધવલ વિચારે છે–શ્રીપાલ એકલો કાંઇ પણ લીધા વિના આવ્યો હતો. અત્યારે અઢીસો વહાણ અને બે રાજ-રમણીઓનો માલિક બન્યો છે. પણ હવે જોઉં છું આ બધું લઇને કેવી રીતે ઘરે જાય છે?

જેના હૃદયમાં ઇર્ષા હોય છે તે બીજાની ઋદ્ધિ જોઈ શકતો નથી. મેઘની ગર્જના સાંભળવાથી સમુદ્ર દુબળો થાય છે. વર્ષાઋતુમાં સર્વ વનસ્પતિઓ નવપલ્લવિત થાય છે, તે વખતે જવાસા નામનું વૃક્ષ સુકાઈ જાય છે. તે રીતે ધવલ શેઠ ઇર્ષા અને ચિંતાથી બળી રહ્યો છે. તે વિચારે છે–

એક જીવ છે એહને, નાખું જલધિ મઝાર;
પછી સયલ એ માહરું, રમણી રૂદ્ધિ પરિવાર.

આ શ્રીપાલને હું દરિયામાં નાખું, પછી તેની રમણી, ઋદ્ધિ અને પરિવારનો હું માલિક બની જાઉં. આવા દુષ્ટ વિચારોથી ધવલ ઘેરાઈ ગયો છે. પરસ્ત્રી અને પરધનમાં લુબ્ધ બનેલો ધવલ રાત્રે ઊંઘી પણ શકતો નથી. રૌદ્રધ્યાનથી અત્યંત પીડાઈ રહ્યો છે. તેને અન્ન–પાણી ભાવતાં નથી. આકુળ વ્યાકુળ રહે છે. એક ઘડીની પણ શાંતિ નથી. મુખથી નિસાસા નાખે છે. ક્ષણ ક્ષણ પસાર કરવી મુશ્કેલ બની ગઇ છે. રાત–દિવસ ઝુરી રહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવો ધવલ શેઠ પણ આપણા જીવનમાં કોઈક દિવસ ઉદયમાં આવે છે, ત્યારે આપણે વિવેક ચૂકી જઇએ છીએ. ઈર્ષા અગ્નિ જ્યારે ભભૂકે છે, ત્યારે આર્ત રૌદ્રધ્યાન પરાકાષ્ઠાએ પહોંચે છે. જે મળ્યું છે તેને માણસ ભોગવી શકતો નથી અને નથી મળ્યું તેની ચિંતાથી પીડાય છે.

ધવલ શેઠના મનમાં પાપ છે. બીજાને કહી શકતો નથી. છેવટે વહાણમાં સાથે રહેલા તેના મિત્રોને શરમ છોડીને શેઠ પોતાના મનમાં ઘડેલી શ્રીપાલને દરિયામાં નાખવાની યોજના કહે છે.

ત્યારે મિત્રો કહે છે:-" પરસ્ત્રી અને પરધનની ઇચ્છા ભવોભવ દુઃખ દેનાર છે. વળી આ શ્રીપાલકુમાર કલ્પવૃક્ષ જેવા પ્રભાવશાળી છે. તમને મોતના મુખમાંથી બચાવ્યા છે. કલ્પવૃક્ષની ડાળ કાપવાનો દુષ્ટ વિચાર હે ધવલ શેઠ! તમે પડતો મૂકો " ત્રણ મિત્રોએ આવી સલાહ આપી.

ચોથો કુબુદ્ધિ મિત્ર કહે છે "શેઠ! ધન ભેગું કરવામાં નીતિ–અનીતિ પાપ–પુણ્ય જોવાય નહીં. ગમે તે રીતે ધન ઉપાર્જન કરવુ જોઇએ." કુબુદ્ધિ મિત્ર અને ધવલશેઠ શ્રીપાલને દરિયામાં ફેંકવાની યોજના કરીને, વહાણના સાતમા માળે શ્રીપાલ અને બન્ને રાણીઓ બેઠાં છે ત્યાં આવી, શ્રીપાલની માયાવી રીતે સેવા કરે છે. માયા કરીને મીઠાં વચનો બોલે છે અને શ્રીપાલને પૂરો વિશ્વાસમાં લે છે. વહાણમાં દરિયાઈ દશ્યો જોવા માટે માંચડો રાખવામાં આવે છે, ત્યાં ધવલ જાય છે અને શ્રીપાલને કહે છે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અદ્‌ભુત જોવા લાયક દશ્ય છે. એક મોટો મગરમત્સ્ય છે. આઠ મોઢાં છે. આઠે મોઢાંના જુદા જુદા રંગ છે. હે શ્રીપાલકુંવર ! આવું અદ્‌ભુત દશ્ય જોવા અહીં આવો, અહીં આવો."

જેવા શ્રીપાલકુંવર માંચડા ઉપર જાય છે, કે તરત ધવલ અને કુબુદ્ધિ મિત્રે માંચડા ઉપરથી નીચે ઉતરી દોરડાં કાપી નાખ્યાં .... .... ....

પડતા સાયર માંહિ, કે નવપદ મન ધરે;
સિદ્ધચક્ર પ્રત્યક્ષ, કે સવિ સંકટ હરે.

દરિયામાં પડતાં પડતાં પણ શ્રીપાલ મહારાજા નવપદના ધ્યાનમાં લીન છે. વહાણના સાતમા માળથી દરિયાની સપાટી સુધી પહોંચતા અતિ અલ્પ સમય મળે. પડવાનું અચાનક બન્યું છે. નવપદને યાદ કરૂં એટલું વિચારવાનો પણ સમય નથી. **પરંતુ જેની ક્ષણેક્ષણ પરમાત્માના ધ્યાનમાં જ પસાર થતી હોય, તેને પરમાત્માને યાદ કરવાનો પ્રયત્ન કરવો પડતો નથી.** શ્રીપાલના હૃદયમાં પરમાત્માનું ધ્યાન નિરંતર ચાલુ જ છે.

જ્ઞાની પુરુષો કહે છે કે પ્રત્યેક મનુષ્યના મનમાં ધ્યાન નિરંતર ચાલુ જ છે. રાત્રે ઊંઘમાં પણ મનુષ્ય પૈસાનું, જગતના પદાર્થોનું ધ્યાન નિરંતર કરતો જ હોય છે, પરંતુ તેને જ્ઞાની પુરુષો આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કહે છે. આ બન્ને ધ્યાન દુર્ધ્યાન છે. આર્તધ્યાન ચાલતું હોય તે વખતે આયુષ્ય બંધાય તો તિર્યંચગતિનું બંધાય, રૌદ્રધ્યાન ચાલતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય ત્યારે આયુષ્ય બંધાય તો નરકગતિનું બંધાય. જગતના પદાર્થોનું ધ્યાન નિરંતર સૌ કોઇના મનમાં ચાલે છે. જગતના પદાર્થોના સ્થાને જ્યારે પરમાત્મા આવે ત્યારે તે ધ્યાન ધર્મધ્યાન બની જાય છે. ધ્યાન કોઇને શિખવાડવાની વસ્તુ નથી. ધ્યાન બધા જ કરે છે. **આપણે શ્રીપાલના જીવનમાંથી શીખવાનું એટલું જ છે કે, જગતના પદાર્થોના સ્થાને પરમાત્માને કેવી રીતે લાવવા ? પરમાત્માનું સાન્નિધ્ય કેવી રીતે અનુભવવું ? પરમાત્મ સ્વરૂપને અવલંબેલું આપણું ચૈતન્ય કેવી રીતે બનાવવું ? પરમાત્મ સ્વરૂપના રંગે રંગાયેલી આપણી ચેતના કેવી રીતે બનાવવી ?**

શ્રીપાલના હૃદયમાં ચાલતા નવપદના ધ્યાનના પ્રભાવથી સંકટ નાશ પામ્યું. શ્રીપાલ દરિયામાં પસાર થતાં મગરમત્સ્યની પીઠ ઉપર પડે છે. તેના ઉપર બેસીને સમુદ્ર પાર ઊતરે છે.

અહીં બહુજ મહત્ત્વનો પ્રશ્ન આપણું ધ્યાન ખેંચે છે. કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે, તે ભોગવ્યા સિવાય આપણો છૂટકો જ નથી, તો પરમાત્માનો પ્રભાવ કેવી રીતે માનવો ? પરમાત્માના પ્રભાવે કાર્ય સિદ્ધિ થાય છે તેવું માનવામાં કર્મના નિયમનું શું ? શું કર્મના નિયમનો ભંગ થાય છે ? અગર કર્મના નિયમ અનુસાર પરમાત્માના પ્રભાવે કાર્ય સિદ્ધિ થાય છે ? આ બહુ જ તાત્ત્વિક પ્રશ્ન (Intelligent question) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માના પ્રભાવે કાર્યસિદ્ધિ જરૂર થાય છે. શ્રીપાલ અને મયણાનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. **પરમાત્માના પ્રભાવે કાર્યસિદ્ધિ કર્મના નિયમ અનુસાર જ થાય છે. કર્મના નિયમનો ભંગ થઇને નહીં.**

કમ્મપયડી નામના અદ્‌ભુત ગ્રંથમાં શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે:—આપણા આત્મામાં કેટલાય બંધાયેલા કર્મ અત્યારે સત્તામાં (સ્ટોકમાં) પડેલાં છે. શુભ કે અશુભ અધ્યવસાય પ્રમાણે તે સત્તામાં રહેલાં (સ્ટોકમાં પડેલાં) કર્મોમાં સમયે સમયે ફેરફાર, કરણોની અસર દ્વારા થાય છે. આવાં આઠ કરણો છે. (૧) બંધન કરણ (૨) સંક્રમણ કરણ (૩) ઉદ્‌વર્તના કરણ (૪) અપવર્તના કરણ (૫) ઉદીરણા કરણ (૬) ઉપશમના કરણ (૭) નિધત્તિ કરણ (૮) નિકાચના કરણ.

હવે આપણે **સંક્રમણ** કરણ જોઇએ. ગંગાનું પાણી વહેતું હોય અને લોટો ભરીને ગંદુ પાણી તેમાં નાંખીએ તો નાંખતાંની સાથે ગંદુ પાણી ગંગાનું પાણી બની જાય છે તેમ જિનભક્તિ, પરમાત્મસ્મરણ–ધ્યાન આદિ શુભ અધ્યવસાય આત્મામાં ચાલતા હોય તે વખતે અશુભ કર્મનું શુભ કર્મમાં સંક્રમણ થાય છે. એટલે કે અશુભ કર્મ શુભ રૂપમાં પલટાઈ જાય છે. જે રીતે ગટરના પાણીમાં લોટો ભરીને ગંગાનું પાણી નાંખીએ તે વખતે જ ગંગાનું પાણી ગટરનું પાણી બની જાય છે, તે રીતે આત્મામાં અશુભ અધ્યવસાય ચાલતો હોય ત્યારે શુભ કર્મ અશુભ રૂપે સંક્રમણ થાય છે. (પલટાય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે **ઉદ્વર્તના** અને **અપવર્તના** કરણ જોઇએ. સત્તામાં રહેલાં કર્મોમાં શુભ કે અશુભ અધ્યવસાય પ્રમાણે ઉદ્વર્તના અને અપવર્તના કરણની અસર થાય છે. દા. ત. કોઈ જીવે એવું કર્મ બાંધ્યું છે કે, ૧૦૧ ડિગ્રી તાવ ત્રણ દિવસ સુધી આવે. હવે ૧૦૧ ડિગ્રી તે રસ કહેવાય અને ત્રણ દિવસ તે સ્થિતિ કહેવાય. અપવર્તના કરણની અસરથી જો આત્મામાં શુભ અધ્યવસાય ચાલતો હોય તો ૧૦૧ ડીગ્રી તાવને બદલે ૯૯।। ( સાડીનવ્વાણું ) થઈ જાય અને ત્રણ દિવસના બદલે ત્રણ કલાક થઇ જાય. આ રીતે શુભ અધ્યવસાયના બળથી અશુભ કર્મના સ્થિતિ અને રસ ઘટી જાય છે. હવે જો અશુભ અધ્યવસાય આત્મામાં ચાલતો હોય તો ઉદ્વર્તના કરણની અસરથી અશુભના સ્થિતિ અને રસ વધી જાય છે. એટલે કે ૧૦૧ ડીગ્રી તાવને બદલે ૧૦૩ ડીગ્રી થાય અને ૩ દિવસને બદલે ૧૩ દિવસ થઈ જાય. આ રીતે શુભ અધ્યવસાયના બળથી, સત્તામાં રહેલા અશુભ કર્મના સ્થિતિ અને રસ ઘટે છે અને શુભ કર્મના સ્થિતિ અને રસ વધે છે. તથા અશુભ અધ્યાવસાયના બળથી અશુભના સ્થિતિ અને રસ વધે છે, અને શુભના સ્થિતિ રસ ઘટે છે.

**ઉદીરણા** કરણ દ્વારા સત્તામાં રહેલાં કર્મને વહેલાં ઉદયમાં આવે તેવાં કરાય છે. દા. ત. એક કર્મ એક હજાર વર્ષ પછી ઉદયમાં આવવાનું હતું તે ઉદીરણા કરણની અસરથી હમણાં ઉદયમાં આવે તેવું બને છે.

**ઉપશમનાં** કરણની અસરથી સત્તામાં રહેલાં કર્મનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમ થાય છે, એટલે હમણાં ઉદયમાં આવનાર કર્મને ઉપશમાવી શકાય છે.

**આ કર્મના નિયમોનો અભ્યાસ કરતાં સમજાય છે કે, પરમાત્માનું દર્શન, પૂજન, સ્તવન, ધ્યાન, સ્મરણ, આજ્ઞાપાલન આદિથી શુભ અધ્યવસાયનું બળ આત્મામાં વધે છે, અને શુભ અધ્યવસાયના બળથી અશુભ કર્મ શુભ રૂપે પલટાય છે. અશુભના સ્થિતિ અને રસ ઘટે છે, અને શુભના સ્થિતિ અને રસ વધે છે. જિન ભક્તિમાં અંતરાયને તોડવાની શક્તિ છે. તે કર્મોનાં સ્થિતિ, રસ–અનુબંધ તોડી નાખે છે. પરમાત્માનો અચિંત્ય પ્રભાવ કર્મના નિયમ અનુસાર જ ફળ આપે છે.**

કેટલાંક અપવાદ જોઇએ. ઉદય આવલિકામાં આવેલું કર્મ બદલી શકાતું નથી. (ઉદય આવલિકા અતિ અલ્પ સમયની હોય છે.) ઉદયાવલિકાની બહાર રહેલાં કર્મોમાં એટલે કે દા. ત. બે મિનિટ પછી ઉદયમાં આવવાનાં સત્તામાં રહેલાં કર્મોમાં ફેરફાર થઈ શકે છે.

નિકાચિત કર્મ અવશ્ય ભોગવવું પડે છે. જે પ્રભુ મહાવીર સ્વામીને પણ નિકાચિત કર્મ ભોગવવાં પડેલાં. નિકાચિત કર્મ બહુ જ અલ્પ હોય છે. મોટા ભાગનાં કર્મ નિકાચિત નથી હોતા. નિકાચિત કર્મના પણ ઉદય વખતે સમત્વ દ્વારા તેને નિરનુબંધી કરી શકાય છે.

"કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે (તપ) કરંતા"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા તપ પદની પૂજામાં તપ દ્વારા નિકાચિત કર્મ પણ ક્ષય કરી શકાય છે તેવું કહે છે. આ પ્રમાણે નિકાચિત કર્મ સિવાયના કર્મ બદલી શકાય છે.

**આ બધું જોતાં હવે આપણે જો નિરંતર શુભ અધ્યવસાયમાં રહીએ તો આપણા અશુભ કર્મને પલટાવાની શક્તિ તે શુભ અધ્યવસાયમાં છે. અને શુભ અધ્યવસાયનું પરમ અવલંબન નવપદનું ધ્યાન, નમસ્કાર મંત્રનું સ્મરણ, પ્રભુ ભક્તિ આદિ છે, માટે શુભ અધ્યવસાયના આલંબનનું નિરંતર સેવન કરવું અને અશુભ અધ્યવસાયના આલંબનોને છોડવા તે જ ઉપાય કર્મના બંધનમાંથી છૂટવાનો છે.**

હવે પ્રશ્ન એક જ રહે છે કે કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે તેવું જે કહેવામાં આવે છે તેનું શું ?

કર્મ ભોગવવાના બે પ્રકાર છે. એક વિપાક ઉદયથી, બીજું પ્રદેશ ઉદયથી. દા. ત. એક માણસે ૧૦૦૦ ટાટા ઓરડીનરીના શેરો ૨૫૦ ના ભાવે ખરીદ કર્યા. અને સાંજની ટ્રેઇનમાં તે માણસ આબુની જાત્રા કરવા ગયો. આઠ દિવસ આબુ રહ્યો. આઠ દિવસ સુધી તેને ભાવ જાણવા મળ્યા નથી. તે આઠ દિવસ દરમ્યાન ૨૫૦ વાળો ભાવ ઘટીને ૨૧૦ થઈ ગયો. અને તે ભાઈ આબુની જાત્રાથી ઘરે આવ્યા ત્યારે ૨૮૦ નો ભાવ છે. હવે ૨૧૦ નો ભાવ થયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ૧૦૦૦ શેરમાં ૪૦૦૦૦નું નુકસાન હતું. પરંતુ તે ભાઇને ખબર ન પડી. તે રીતે નુકસાન આવીને ગયું, તે પ્રદેશ ઉદયથી ભોગવ્યું કહેવાય. અને જ્યારે ઘરે આવે છે ત્યારે તો ૨૮૦ના ભાવ છે એટલે નફો જ દેખાય છે. વિપાક ઉદયથી કેવી રીતે ભોગવાય તે આ દૃષ્ટાંતથી જ જોઇએ. ૨૫૦ના ભાવે ૧૦૦૦ શેર ખરીદ કર્યા પછી ૨૧૦નો ભાવ થાય ત્યારે તે ૧૦૦૦ શેર તે ભાઈ બજારમાં હાજર હોત અને તે ભાવે સોદો કરે એટલે કે વેચી નાખે અને ૪૦૦૦૦નું નુકસાન આપવું પડે તે વિપાક ઉદયથી ભોગવ્યું કહેવાય. અને ૨૧૦માં વેચ્યા પછી ૨૮૦ થાય એટલે મારું વેચાઇ ગયું અને ભાવ વધી ગયા તે વિચારોમાં આર્તધ્યાન કરી નવું કર્મ બાંધે.

આ રીતે કર્મો પ્રદેશ ઉદયથી ભોગવાઇ જાય છે, જેની જીવને ખબર પણ પડતી નથી. માટે નિરંતર શુભ અધ્યાવસાયના આલંબનોનું સેવન કરવું. શ્રીપાલ અને મયણાના જીવનની કાર્યસિદ્ધિ અરિહંત પરમાત્મા, નવપદો અને સિદ્ધચક્રના પ્રભાવે થાય છે. કહ્યું છે કે:–

સિદ્ધચક્રના ધ્યાને રે, સંકટ ભય નાવે;<br>
કહે ગૌતમ વાણી રે, અમૃત પદ પાવે.

આ બધી વાતનો સાર એટલો જ આવે છે કે, નિરંતર પરમાત્માને હૃદયમંદિરમાં ભાવપૂર્વક ધારણ કરવા તે જ કર્મના દબાણમાંથી છૂટવાનો અને આત્માના પૂર્ણ શુદ્ધ ચૈતન્યના અનુભવ અને પ્રાપ્તિનો માર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું પ્રભુ જો વસે હર્ષભર હીયલડે,
તો સકલ પાપના બંધ તૂટે;
ઊગતે ગગન સૂરજ તેણે મંડલે,
દહ દિશિ જિમ તિમિર પડલ ફૂટે.

હે કરૂણાસાગર પરમાત્મા ! તું જો મારા હૃદયમંદિરમાં આનંદપૂર્વક વસે તો મારા સકલ પાપના બંધ તૂટી જાય, કારણ કે પાપરૂપી અંધકાર ત્યાં સુધી જ રહી શકે છે કે જ્યાં સુધી પરમાત્મારૂપ સૂર્યનો ઉદય થતો નથી. અર્થાત્ જેમ સૂર્યનો ઉદય થતાં દશે દિશામાં અંધકારના પડલ ફૂટી જાય છે, તે રીતે પરમાત્મા રૂપ સૂર્યનો ઉદય જ્યારે જીવાત્માના હૃદયમાં થાય છે, ત્યારે સકલ પાપો પલાયન થઈ જાય છે.

કોંકણ કાંઠે ઊતર્યો, પહોતો એક વન માંહિ;
થાકયો નિદ્રા અનુસરે, ચંપક તરૂવર છાંહિ.

મગરમચ્છ પોતાની પીઠ ઉપર બેઠેલા શ્રીપાલકુમારને કોંકણના કાંઠે લાવે છે, અને કિનારા ઉપર ઊતરીને વનમાં ચંપાના ઝાડ નીચે શ્રીપાલ નિદ્રા કરે છે. (આરામ કરે છે).

દાવાનલ જલધર હુએ, સર્પ હુએ ફૂલમાલ;
પુણ્યવંત પ્રાણી લહે, પગપગ ઋદ્ધિ રસાલ.
થલ પ્રગટે જલધિ વિચે, નગર રાનમાં થાય;
વિષ અમૃત થઈ પરગમે, પૂરવ પુણ્ય પસાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદા લગે જે જાગતો. ધર્મ મિત્ર સમર્થ;
કુંવરની રક્ષા કરે, દૂર કરે અનર્થ.

ધર્મ અને પુણ્યનો અદ્ભુત પ્રભાવ છે. દાવાનલ એ જલધર બની જાય છે. સાપ ફૂલની માળા બને છે. પગલે પગલે રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે. સમુદ્રમાં પૃથ્વી પ્રગટે છે. જંગલ નગર રૂપ બની જાય છે. ઝેર અમૃત રૂપ પરિણમે છે. માટે ધર્મને નિરંતર ધારણ કરવો.

કરે કષ્ટમાં પાડવા, દુર્જન કોટિ ઉપાય;
પુણ્યવંતને તે સવે, સુખના કારણ થાય.

ધવલ શેઠે કષ્ટમાં નાખવા ક્રોડો ઉપાય કર્યા, પરંતુ શ્રીપાલને તે સર્વે સુખનું કારણ બન્યા.

કોંકણના કિનારે વનમાં ચંપાના ઝાડ નીચે શ્રીપાલ સૂતેલા છે. ઊંઘમાંથી જાગે છે ત્યારે ચારે બાજુ સૈનિકો ઘેરી વળેલા છે અને જાણે પોતાને ઈચ્છિત વસ્તુ મળી હોય તેમ સુભટો શ્રીપાલને વિનંતી કરે છે:-

હે સ્વામી! અમારી એક વિનંતી છે. તેનો આપ આદર કરીને સ્વીકાર કરો. અહીંથી થોડે દૂર સ્વર્ગની અલકાપુરી જેવી ઠાણા નામની નગરી છે. તેમાં વસુપાલ નામે રાજા રાજ્ય કરે છે. કોંકણ દેશના તે રાજાનો મહિમા સર્વત્ર ગાજે છે. તે રાજાની સભામાં એક દિવસ નિમિત્ત શાસ્ત્રનો જાણકાર એક જોશી આવ્યો અને રાજાને પ્રશ્ન પૂછવા માટે કહે છે, ત્યારે રાજા તેને પૂછે છે, “હે જોશીજી!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણના ભંડાર સમી મારી પુત્રી મદનમંજરીનો પતિ કોણ થશે? તે રાજકુમાર અમને કેવી રીતે પ્રાપ્ત થશે? અમે તેને કેવી નિશાનીથી ઓળખીશું? તે અમને ક્યારે મળશે?"

તે વખતે જોશી કહે છે–"વૈશાખ સુદી દસમના દિવસે, અઢી પહોર દિવસ ચઢયા પછી દરિયા કિનારા ઉપર નંદનવનમાં ચંપાના ઝાડ નીચે એક બત્રીસ લક્ષણો પુરુષ સૂતેલો હશે તે મદનમંજરીનો પતિ થશે. નિશાની એ છે કે સૂર્ય ફરે તો પણ તે પુરુષ ઉપર ઝાડની છાયા અઢી પહોર દિવસ સુધી રહેશે."

સુભટોનો આગેવાન કહે છે–"જોશીના કહેવા મુજબ આજે આપ અમને અહીં મળ્યા છો, માટે હે સ્વામી! આ અશ્વરત્ન ઉપર બિરાજો અને ઠાણા નગરે પધારો."

પ્રભુ થાઓ અસવાર, અશ્વરત્ન આગળ ધર્યોજી;
કુંવર ચાલ્યો તામ, બહુ અસવારે પરીવર્યોજી.

એક ઘોડેસ્વારને આગળ ખબર આપવા મોકલી દીધો. રાજાને વધામણી મળી. રાજા સામૈયા સાથે સામે આવે છે અને અડધે રસ્તે શ્રીપાલને હાથી ઉપર બેસાડી મહોત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવે છે.

રાજા જોશીને બોલાવી લગ્નનું મહુરત પૂછે છે.

જીરે મારે જોશી તેડાવ્યા જાણ,
લગન તેહિજ દિને આવીયું જીરેજી;
જીરે મારે દેઈ બહુલાં દાન,
રાયે લગન વધાવીયું, જીરેજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે દિવસે જ લગ્નનું મુહૂર્ત આવ્યું. મોટા મહોત્સવ પૂર્વક રાજાએ પોતાની પુત્રી મદનમંજરીનું લગ્ન શ્રીપાલકુમારની સાથે કરાવ્યું. દાયજામાં અઢળક ધન આપ્યું. રહેવા માટે મહેલ આપ્યો.

જીરે મારે પડિયા સાયર માંહી,
એક જ દુઃખની યામિની, જીરેજી;
જીરે મારે બીજી રાત્રે જોય,
ઈણી પરે પરણ્યા કામિની, જીરેજી.

જીરે મારે જઈએ મહિમા દેખી,
સિદ્ધચક્રને ભામણે જીરેજી.

શ્રીપાલના રાસના રચનારા શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે, હજુ આગલી રાત્રીએ તો દરિયામાં પડયા છે. એક જ રાત્રી દુઃખમાં પસાર કરી છે. બીજી રાત્રીએ તો રાજકુમારી સાથે લગ્ન થયું અને સંપત્તિઓને પામ્યા. આ દેખી અમારા મનમાં તો એવું થાય છે કે, " નવપદમય શ્રી સિદ્ધચક્રજી અદ્ભુત મહિમાવંત છે. એક ક્ષણ પણ તેને ભૂલીએ નહીં. નિરંતર તેનું આરાધન કરીએ. અમારું જીવન સિદ્ધચક્રને સમર્પિત કરી કૃતાર્થ બનીએ ".

સિદ્ધચક્રના મહિમાને બતાવનાર શ્રીપાલ રાજાના રાસના ત્રીજા ખંડની બીજી ઢાળ અહીં પૂરી થાય છે, ત્યાં રાસના રચનારા કહે છે–

જીરે મારે સિદ્ધચક્ર ગુણ શ્રેણી,
ભવિ સુણજો વિનયે ભણીજી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીરે મારે ત્રીજે ખંડે એહ,

ખીજી ઢાળ સોહામણી જીરેજી.

આ નવપદો વિશ્વ ઉપરના મહાન નવ દિવ્ય ભંડારો છે. શ્રીપાલ મહારાજા નિરંતર આ નવપદના ધ્યાનમાં જ રહેતા હતા. દરિયામાં પડતાં પણ નવપદનું ધ્યાન ચાલુ હતું. આપણે પણ એ નવપદો અને અરિહંત પરમાત્માને હૃદય મંદિરમાં ધારણ કરીએ. એ નવપદના નવ દિવ્ય ભંડારોનું દર્શન કરીએ.

★ "Supramental Seminar of Supreme Authorities–Shree Navpad." ★

**"વિશ્વની સર્વોત્કૃષ્ટ શક્તિઓનો ભંડાર શ્રી નવપદો."**

સુપ્રિમ ઓથોરિટી વિશ્વમાં એક જ છે અને તે પંચ પરમેષ્ઠિ છે. જગતની સર્વોત્કૃષ્ટ વિભૂતિઓ પંચ પરમેષ્ઠિમાં આવી જાય છે.

અરિહંત ભગવંતો ઉપકારના ભંડાર છે.

સિદ્ધ ભગવંતો સુખના ભંડાર છે.

આચાર્ય ભગવંતો આચારના ભંડાર છે.

ઉપાધ્યાય ભગવંતો વિનયના ભંડાર છે.

સાધુ ભગવંતો સહાયના ભંડાર છે.

પાંચેય પરમેષ્ઠિઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપમય છે.

સમ્યગ્દર્શન (Real & creative Faith) સદ્ભાવનાઓનો ભંડાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્જ્ઞાન (Real & creative knowledge) સદ્‌વિચારોનો ભંડાર છે.

સમ્યગ્ચારિત્ર (Real & creative character) સદ્‌વર્તનનો ભંડાર છે.

સમ્યગ્ તપ સંતોષનો ભંડાર છે.

આ નવે પદો જગતનાં ઉત્કૃષ્ટ મહાનિધાનો છે. છેલ્લાં ચાર પદો પંચ પરમેષ્ઠિઓમાં ઉત્કૃષ્ટ રીતે રહેલાં છે. જગતની સર્વોત્તમ મહાવિભૂતિઓનો સત્સમાગમ, સત્સંગ કરવાનું સ્થાન નમસ્કાર મહામંત્ર અને નવ પદો છે. નમસ્કાર મહામંત્રની અને નવપદની આરાધના વખતે જગતના ત્રણે કાળના અનંત અરિહંત ભગવંતો, અનંત સિદ્ધ ભગવંતો, અનંત આચાર્ય ભગવંતો, અનંત ઉપાધ્યાય ભગવંતો અને અનંત સાધુ ભગવંતોનો સત્સમાગમ થાય છે. આવી અનંત ઉપકારી મહાન વ્યક્તિઓનો મેળાપ નમસ્કાર મંત્રમાં અને નવપદમાં થાય છે.

સત્‌ના સંગ વિના તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

સત્‌ના સંગ વિના અંતની વાતોનો તંત કદી મળતો નથી.

સત્ સંગ વિના વિવેક નથી.

વિવેક વિના ભક્તિ નથી.

ભક્તિ વિના મુક્તિ નથી.

મુક્તિ વિના સુખ નથી.

પરમ સુખ મુક્તિમાં છે. સુખ માટે મુક્તિ જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુક્તિ માટે ભક્તિ જોઈએ.

ભક્તિ માટે વિવેક જોઈએ.

વિવેક માટે સંતોનો સમાગમ જોઈએ.

જગતના સર્વોત્કૃષ્ટ સંતોનો સમાગમ નવકાર અને નવપદમાં થાય છે. નવપદના મધ્યમાં રહેલા અરિહંત પરમાત્માની ભક્તિ, આરાધના અને ધ્યાન સર્વ સંપત્તિ અને સિદ્ધિ પ્રદાયક છે.

દેવેન્દ્રોને દર્શનીય, સુરેન્દ્રોને સેવનીય, મુનીન્દ્રોને માનનીય, યોગીન્દ્રોને આદરણીય, પ્રાણીમાત્રને પૂજનીય, વિશ્વને વંદનીય કોઈ તત્ત્વ હોય તો તે અરિહંત પરમાત્મા છે, તેથી તેઓ Cosmic Ruler– ત્રણ ભુવનના અધિપતિ છે. તેમને નમસ્કાર કરવો તે આત્માના ગુપ્ત ભંડારની ચાવી– A Key to cosmic secret છે. પરમાત્માના કેવળજ્ઞાન આદિ અનંત ગુણ સમૃદ્ધિના ખજાનાની ગુપ્ત ચાવી નવપદમાં છે. અવ્યાબાધ અનંત સુખ, પરમ આનંદ, અચિંત્ય શક્તિ, અનંત વીર્ય, અનંત દાન, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત લાભ રૂપ આત્માના ગુપ્ત ભંડારોની ચાવી–A Key to cosmic secret અરિહંતના નમસ્કારમાં છે, અરિહંતના ધ્યાનમાં છે, અરિહંતની આજ્ઞાના પાલનમાં છે.

તુજ સ્વરૂપ જબ ધ્યાવે, તબ આતમ અનુભવ પાવે;
જે અનુભવ રૂપ હોવે, તો મોહ તિમિરને ખોવે.

(જ્ઞાનવિમલસૂરિ કૃત સુમતિનાથ ભગવાનનું સ્તવન.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માના ધ્યાનથી આત્માનો અનુભવ થાય છે. આત્માના અનુભવથી મોહ નાશ પામે છે અને પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

Cosmic Kingdom **પરમાત્મપદ પ્રાપ્તિની પરમ કળા અને પરમાત્માના અનંત સમૃદ્ધિના પરમ ભંડારની ગુપ્ત ચાવી** (A Key to cosmic secret) **નવપદના ધ્યાનમાં છે.**

પરમાત્માને નમસ્કાર એ Supermost secret art of cosmos–વિશ્વની સર્વોત્તમ દિવ્ય કળા છે.

વહાણ માંહિ જે હુઇ, હવે સુણો તે વાત;
ધવલ નામ કાલો હિયે, હરખ્યો સાતે ધાત.
એ ધન એ દોય સુંદરી, એહ સહેલી સાથ;
પરમેસર મુજ પાધરો, દીધું હાથો હાથ.

હવે વહાણમાં શું બન્યું ? શ્રીપાલ દરિયામાં પડતાં ધવલ શેઠ જેનાં કાળાં કામ છે, તે ખૂબ હર્ષ પામ્યો. આ ધન અને આ બે સુંદરીનો હવે હું માલિક બનીશ. ઉપાધિ (શ્રીપાલ)ને દરિયામાં ફેંકી, હવે મને શાન્તિ થઇ.

દુર્જન મનુષ્યો જે પરધન અને પરસ્ત્રીમાં લંપટ છે, જે અનંતકાળ દુર્ગતિમાં રખડવાના હોય છે, તેની આવી જ સ્થિતિ હોય છે.

બંને રાજકુમારી મદનસેના અને મદનમંજુષાને પોતાનો પતિ શ્રીપાલ દરિયામાં પડયા તે જોતાં જ ધ્રાસકો પડયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વજનો ઘા લાગ્યો. અચેતન થઈ ધરતી ઉપર ઢળી પડી. સખીઓ–દાસીઓએ શીતલ ઉપચાર કર્યા. પાછું કાંઈક ચેતન આવ્યું ત્યારે ચોધાર આંસુએ હૃદયફાટ રૂદન કરે છે.... વિલાપ કરે છે....

માય બાપને પરિહરી રે, કીધો જેહનો સાથ રે;
ફિટ હિયડા ફૂટે નહીં રે, વિછડયો તે પ્રાણનાથ રે.

"હે પ્રાણો! તમે શા માટે પાછા વળ્યા? પતિ તો અમને મૂકી દરિયામાં ચાલ્યા ગયા. માતાપિતાને છોડી જેનો સંગ કર્યો તે સ્વામીનાથ છૂટા પડી ગયા. હે પ્રાણો! તમે શા માટે પાછા આવ્યા?"

એક બાજુ બન્ને રાજકુમારી હૈયાફાટ રૂદન કરે છે, બીજી તરફ ધવલ શેઠ મનમાં હરખાય છે. પણ બહારથી માયાવી રીતે શોક બતાવે છે. બન્ને રાજકુમારીને સમજાવવા પ્રયત્ન કરે છે. રાજકુમારીઓ સમજી ગઈ કે ધન અને રમણીની લાલચથી ધવલશેઠે જ સ્વામીને દરિયામાં ફેંકી દીધા છે. ધવલ શેઠની કૂડી બુદ્ધિ રાજકુમારીના ખ્યાલમાં આવી ગઈ.

શીલ હવે કિમ રાખશું રે, એ કરશે ઉપઘાત રે;
કરીએ કંત તણી પરે રે, સાયર ઝંપાપાત રે.

રાજકુંવરીઓ વિચારે છે–ધવલ શેઠની કૂડી બુદ્ધિ છે. શીલનું રક્ષણ કરવું મુશ્કેલ છે. શીલનું રક્ષણ કરવા માટે દરિયામાં ઝંપાપાત કરવા રાજકુમારીઓ વિચારે છે તે સમયે શું થાય છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાલ કલ્લોલ સાયર થયો રે, વાયે ઉભડ વાય રે;
ઘોર ઘનાઘન ગાજીયો રે, વિજળી ચિહું દિશિ થાય રે.

સાગરમાં તોફાની પવન શરૂ થયો. સમુદ્રના પાણી ઊછળવા માંડ્યાં. આકાશમાં ભયંકર મેઘ ગાજવા લાગ્યો. ચારે બાજુ વિજળીના ચમકાર થવા લાગ્યા. વહાણોનાં કૂવા સ્થંભો તૂટવા લાગ્યા. સઢનાં દોરડાં ઊડી જવા લાગ્યાં. ભયંકર અંધકાર છવાઈ ગયો.

સૌથી આગળ સિદ્ધચક્રના અધિષ્ઠાયક ક્ષેત્રપાલ દેવ હાથમાં તલવાર લઈને આવ્યા. બાવન વીરથી પરિવરેલાં ચક્રેશ્વરી દેવી ત્યાં પધારે છે.

બેઠી મૃગપતિ વાહને રે, ચક્ર ભમાડે હાથ રે;
ચક્કેસરી પાઉધારિયા રે, દેવ દેવી બહુ સાથ રે.

ક્ષેત્રપાલ દેવે ધવલ શેઠને ખરાબ બુદ્ધિ આપનાર કુબુદ્ધિના ટુકડે ટુકડા કરી નાખ્યા. આ પ્રમાણે મિત્રના હાલ જોઇને ધવલ બન્ને સતી રાજકુમારીઓના શરણે બેસી ગયો, ત્યારે પશુની માફક ધ્રૂજતા તે શેઠને ચક્રેશ્વરી દેવીએ જોયો. ચક્રેશ્વરી દેવીએ કહ્યું : "સતી સુંદરીઓના શરણના કારણે તને જીવતો જવા દઉં છું. પણ હવે જો કૂડી નીતિ રાખી તો જીવથી જઈશ."

ચક્રેશ્વરી માતા બન્ને રાજકુમારીઓને પ્રેમપૂર્વક કહે છે, "તમારા પતિ ક્ષેમકુશળ છે. એક મહિનામાં તમારા પતિનો તમને મેળાપ થશે." બન્ને રાજકુમારીઓને ફૂલની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માળા પહેરાવી અને વરદાન આપ્યું કે તમારી સામે કોઈ કૂડી બુદ્ધિથી જોશે ત્યારે તે વખતે તે આંધળો થઈ જશે. ચક્રેશ્વરી માતા પોતાના સ્થાને ગયાં.

પેલા ત્રણ સુબુદ્ધિ મિત્રો ધવલ શેઠને સમજાવે છે– "શેઠ! હવે પરસ્ત્રી અને પરધનની લોલુપતા છોડી દો." છતાં લસણને ભીમસેની કપૂરના પટ ચઢાવવામાં આવે તો પણ દુર્ગંધ છોડતું નથી, તેમ દુષ્ટ બુદ્ધિવાળા શેઠનું ચિત્ત ઠેકાણે આવ્યું નહીં. રાજકુમારીઓને સમજાવવા પ્રયત્ન કરે છે. પણ સતીત્વને વરેલી રાજપુત્રીઓ ધવલશેઠના સામું પણ જોતી નથી. ધવલે વહાણને બીજી દિશામાં લઈ જવા હુકમ કર્યો. પરંતુ પવનના વેગના કારણે વહાણો ઠાણા બંદરે આવી પહોંચ્યાં.

ધવલશેઠ ઠાણાનગરીના રાજાને ભેટણું લઈ મળવા જાય છે. ભેટણું ધરીને બાજુમાં નજર કરે છે તો રાજાની પાસે શ્રીપાલકુંવરને બેઠેલા જોયા. ધવલ મનમાં વિચારે છે: "આ શું ઉત્પાત થયો? જે વાત મેં ખારા પાણીના સમુદ્રમાં નાંખી હતી તે અહીં કેવી રીતે પ્રગટ થઈ?" બહાર નીકળીને શેઠ પહેરાવાળાને પૂછે છે કે રાજાની બાજુના સિંહાસનમાં કોણ બેસે છે? ત્યારે પહેરાવાળો કહે છે: "અરે! વનમાં સૂતેલા માણસને લાવીને રાજાએ પુત્રી તેની સાથે પરણાવી છે. ન તો તેની નાત પૂછી કે ન તો જાત! આશ્ચર્ય બની ગયું છે."

ધવલ મનમાં વિચારે છે: હજી કાંઈક રસ્તો છે. રસ્તે

જતાં નાટક કરવાવાળું ચંડાળ જાતિના ડુંબનું ટોળું મળ્યું. ધવલ ડુંબના આગેવાનને કહે છે, એક અમારું કામ કરી આપો.

એહ જમાઇ રાયનો રે, તેહને કહો તુમે ડુંબરે, ચતુરનર, લાખ સોનૈયા, તુમને આપશું હો લાલ,

"રાજાના જમાઈ જે રાજાની બાજુના સિંહાસનમાં બેસે છે, તેને ડુંબ જાતિના તમારા સગા છે તેવું કહી તેના ગળામાં તમે રાજદરબારમાં વળગી પડો તો તમને એક લાખ સોનામહોર આપીશ."

નક્કી કરીને ડુંબનો આગેવાન રાજદરબારમાં ગયો અને નાટક કર્યું. રાજાએ કહ્યું : 'તમારે શું જોઈએ છે?' ડુંબનો આગેવાન કહે છે : 'અમારું માન-મહત્તા વધે તેવું કરો.' ત્યારે રાજા બાજુમાં બેઠેલા શ્રીપાલકુમાર પાસે તેને દાન અપાવે છે. તે વખતે ડુંબનો આગેવાન શ્રીપાલના ગળે વળગી પડે છે અને કહે છે : "ઓ પુત્ર! તું ક્યાં ગયો હતો? અમે તો તને ઘણા વખતથી શોધીએ છીએ." ત્યાં તો ડુંબડી આવીને વળગી પડી. ઓ પુત્ર! તારા વિના તો અમે ખાતાં પણ નથી. ત્યાં મામો આવ્યો. ઓ ભાણેજ! તું ક્યાં જતો રહ્યો હતો? સ્ત્રી આવીને વળગી પડી. રાજ-દરબારમાં ધીંગાણું મચી ગયું. ડુંબ જાતિનો આ કુંવર છે તેવું પ્રત્યક્ષ દેખાયું. રાજા ચિંતામાં પડી ગયો. બહુ ખોટું થયું. ચંડાળ જાતિના ડુંબની સાથે રાજપુત્રી પર-ણાવી. જોશી અને શ્રીપાલને મારવા માટે રાજાએ તૈયારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી, ત્યાં રાજપુત્રી મદનમંજરી આવીને પિતાને (રાજાને) વિનંતી કરે છે–"પિતાજી! વિચાર કરીને કામ કરવું જોઇએ જેથી પસ્તાવાનો વખત ન આવે."

રાજા શ્રીપાલને કુલ વંશ પ્રગટ કરવા કહે છે ત્યારે શ્રીપાલ કહે છે : "મારા કુલ વંશ તલવારની ધાર ઉપર પ્રગટ કરીશ. છતાં તમને જાણુવાની ઇચ્છા છે તો દરિયાના કિનારા ઉપર વહાણુનો કાફલો આવેલો છે તેમાં મારી પરણેલી બે રાજ પુત્રીઓ છે તેમને બોલાવી પૂછી શકો છો."

મંત્રીને મોકલી રાજકુમારીઓને રાજદરબારમાં બોલાવી. વિદ્યાધર પુત્રી મદનમંજુષાએ શ્રીપાલનું ચરિત્ર વિદ્યાધર મુનિ પાસેથી સાંભળેલું કહી સંભળાવ્યું. ઠાણા નગરીનો રાજા ખૂબ આનંદમાં આવી ગયો. "શ્રીપાલ તો મારી બહેનનો પુત્ર છે. ઘી ઢળ્યું તો ખીચડીમાં ઢળ્યું. વળી મારે પુત્ર નથી. રાજ્ય કોને સોંપવું તેની પણુ ચિંતા હતી તે ચિંતા પણુ ટળી." ડુંબના આગેવાને કહ્યું કે ધવલ શેઠના કહેવાથી અમે આ પ્રપંચ કર્યું છે. ધવલને બાંધીને રાજ-દરબારમાં લાવ્યા. શ્રીપાલે ધવલને છોડાવ્યો. સજ્જન શ્રીપાલ પોતાનું સજ્જનપણું છોડતો નથી. દુર્જન ધવલ પોતાનું દુર્જનપણું છોડતો નથી. શ્રીપાલે ધવલને પોતાના મહેલમાં સાથે રાખ્યો.

એક દિવસ ધવલ વિચાર કરે છે–"આપ મુઆ સિવાય સ્વર્ગે જવાતું નથી. શ્રીપાલને આ સુખ કદી ભોગવવા નહીં દઉં. મારે હાથે જ કુંવરને હણી નાંખું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવો દુષ્ટ વિચાર કરી ધવલ અંધારી રાત્રીએ પોતાના હાથમાં કટારી લઈને મહેલના સાતમા માળે શ્રીપાલ સૂતેલા છે ત્યાં જવા માટે સીડીના પગથિયાં ચઢે છે. ત્યાંથી લપસી પડ્યા અને પોતાની કટારી પોતાને વાગવાથી મરણને શરણ થયો. સાતમી નારકીમાં ગયો. પાપનો અંજામ છેવટે તેત્રીસ સાગરોપમની સાતમી નારકીની ભયંકર યાતનામાં આવ્યો. ધર્મ મહાસત્તાના ફોજદારી ગુના ( criminal offence )ની સજા ભોગવવા ધવલ સાતમી નારકીમાં ગયો.

રાજમહેલમાં ત્રણે રાજકન્યા સાથે શ્રીપાલ મહારાજા નવપદના ધ્યાનમાં નિરંતર રક્ત રહે છે. સિદ્ધચક્રના મહિમાને નિરંતર હૃદયમાં ધારણ કરે છે. અરિહંત પરમાત્માની ભક્તિમાં વિશેષ લક્ષ્યવાળા બને છે. નિરંતર પરમાત્મા જ જેનું શરણ છે એવા શ્રીપાલ મહારાજા કૃતજ્ઞભાવે મનમંદિરમાં નવપદને ધારણ કરે છે. ચાર કષાય અને પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપ સંસારના નવ પદોને તે કદી નમતા નથી. શ્રીપાલ મહારાજા સંપત્તિઓ અને સિદ્ધિઓ વચ્ચે પણ અનાસક્તભાવે રહે છે. નમવા યોગ્ય અરિહંત આદિ નવપદને જ નમે છે. આપણા જીવનમાં પણ શિસ્તબદ્ધ રીતે આપણે **જીવીએ** એ જ **પરમાર્થની પ્રાપ્તિનો** માર્ગ છે.

★ Direct Discipline Towards Divinity ★

**"સર્વોત્તમ શિસ્ત"–શ્રી નવપદોની આરાધના**

( i ) નમવા યોગ્યને નમવું તે શિસ્ત (discipline) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ii ) જે નમવા યોગ્ય નથી, તેને નમવું તે ગેરશિસ્ત છે.
( iii ) નમવા યોગ્યને ન નમવું તે ગેરશિસ્ત છે.
( iv ) નમવા યોગ્ય નથી, તેને ન નમવું તે શિસ્ત છે.

શ્રી અરિહંત આદિ પંચ પરમેષ્ઠિઓ અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ ધર્મ—એ જ આ વિશ્વમાં સાચા નમસ્કારને યોગ્ય છે, કારણ કે આ નવને કરેલ નમસ્કાર સર્વ પાપનો ક્ષય કરી આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ મંગલને લાવનાર છે, માટે તે જ સાચું શિસ્ત (discipline) છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો અને ચાર કષાયો ( ક્રોધ, માન, માયા અને લોભ )–એ સંસાર પરિભ્રમણ કરાવી જીવને અત્યંત પીડા આપનાર છે. સંસારના આ નવપદોને નમવું તે ગેરશિસ્ત છે, કારણ કે તે જીવને દુઃખનું કારણ છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ–આ નવપદોને ન નમવું તે આપણા વિનાશનું કારણ છે, કારણ કે અરિહંત આદિ નિરંતર આપણું હિત કરે છે.

આપણને સર્વ દુઃખથી મુક્ત કરવાનો જેમનો સંકલ્પ છે, આજ સુધી જેમના અનંત ઉપકાર નીચે આપણે આવ્યા છીએ, તેમને નહીં નમવાથી આપણે ધર્મમહાસત્તાના મોટા ગુનેગાર બનીએ છીએ અને આ (criminal offence) ફોજદારી ગુનાની સજા ભોગવવા આપણે નરક–નિગોદ આદિમાં ભટકવું પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અયોગ્યને ન નમવું તે શિસ્ત છે.

પાંચ વિષયો અને ચાર કષાયો તે અયોગ્ય છે. તેને ન નમવું-તેના શરણે ન જવું-તેની પરવશતા સહન ન કરવી તે જ સાચું શિસ્ત (discipline) છે.

અરિહંત આદિ નવપદોનું શરણ એ જ વાસ્તવિક કર્તવ્ય છે. તે કર્તવ્યમાં સદા રક્ત રહેવું એ જ સાચો ધર્મ છે.

સ્મરણ એટલે શરણ. ( स्मरणं शरणं मम )

આપણે જેનું નિરંતર સ્મરણ કરીએ છીએ તેના શરણે છીએ. અરિહંત આદિનું નિરંતર સ્મરણ કરીએ છીએ, ત્યારે અરિહંત આદિને શરણે છીએ, અને જો આપણે વિષય-કષાયનું સ્મરણ કરીએ છીએ તો આપણે વિષય-કષાયના શરણે છીએ.

**સ્મરણ એ જ શરણ છે.**

સ્મરણ દ્વારા શરણગમનની આ સહેલી રીતને આપણે જીવનમાં શિસ્તબદ્ધ રીતે શરૂ કરીએ તો અનંતકાળના ભાવી સુખનું સર્જન થાય છે. અને ભવદુ:ખનો અંત આવે છે.

પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર એ જ શિસ્તબદ્ધ સાચી સેવા છે. (Supreme service to supremacy)

પરમેષ્ઠિ પદોનું સ્મરણ અને તેના દ્વારા થતું શરણ તે જ આત્માનું દિવ્ય સંગીત (Divine song of the soul) છે.

પરમાત્માને નિરંતર હૃદયમાં ધારણ કરતા શ્રીપાલ મહારાજા ઠાણા બંદરે આનંદમાં દિવસો પસાર કરી રહ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એક દિવસ એક પરદેશી માણસ શ્રીપાલ મહારાજા પાસે આવીને એક અદ્ભુત આશ્ચર્યકારી ઘટના કહે છે :—

"અહીંથી ચારસો ગાઉ દૂર કુંડલપુર નામનું નગર છે. તે નગરમાં મકરકેતુ નામે રાજા રાજ્ય કરે છે. તેને કપૂરતિલકા નામની રાણી છે. તે રાણીને બે પુત્રો અને એક પુત્રી છે. પુત્રીનું નામ ગુણસુંદરી છે. રાજકુમારી ચોસઠ કળામાં પ્રવીણ બની ચૂકી છે. રૂપ, ગુણ, કળાનો ભંડાર છે. સંગીતની કળામાં, વીણાવાદ્યની કળામાં અજોડ છે. યૌવન અવસ્થાને પામી છે. પતિની પસંદગીમાં રાજકુમારી વિચારે છે.

રસિયાશું વાસો નહીં, તે રસિયા એક તાલ;
ઝૂરીને ઝાંખર થઈ, જિમ વિછડી તરૂડાળ.

કળાના રસિકને જો રસિકજન સાથે મેળાપ ન થાય તો રસિકજનને એક હાથે તાળી પાડવા જેવું થાય છે. બન્ને સરખા હોય તો જ કળાની કિંમત થઈ શકે. નહીં તો પછી ઝાડથી છૂટી પડેલી ડાળીની જેમ સુકાઈને ઝાંખર થઈ જવાય છે. રોઝ જેવા મૂર્ખનું મન કોઈ ચતુરજન રીઝવી શકતો નથી. વસ્તુ તત્ત્વનો મર્મ જે ન સમજે તેની સાથે સંબંધ કરવાથી કાંઈ લાભ નથી.

રસિયાને રસિયા મિલે, કેળવતાં ગુણગોઠ;
હિયે ન માયે રીઝરસ, કહેણો નાવે હોઠ.

હવે કળાના રસિકને, ધર્મના જાણકારને, પરમાત્માના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તને અને તત્ત્વના જ્ઞાનીને તેવા જ પ્રકારના જીવન-સાથીનો મેળાપ થાય છે ત્યારે તેની સાથે ગુણ અને તત્ત્વની ગોષ્ઠી કરતાં આનંદરસ પ્રાપ્ત થાય છે. તત્ત્વભર્યો વિચારો કરી રાજકુંવરીએ નિર્ણય કર્યો કે–

તિણ કારણ તે કુંવરી, કરે પ્રતિજ્ઞા સાર;
વીણા વાદે જીતશે, જે મુજ તે ભરતાર.

વીણાવાદ્યની કળામાં જે મને જીતી જશે તેની સાથે હું લગ્ન કરીશ તેવી પ્રતિજ્ઞા રાજકુમારીએ ધારણ કરી છે. રાજાએ દેશ–દેશાન્તર રાજા–મહારાજા સર્વને રાજ-કુમારીની પ્રતિજ્ઞાની ખબર મોકલી છે. કુંડલપુર નગરમાં વીણા શિખવાડનાર ગુરૂઓની શાળાઓ ખૂલી ગઈ છે. દેશ દેશાન્તરથી રાજા–મહારાજા અને અઢારે વર્ણના માણસો વીણા શીખવા આવે છે. આખા નગરમાં સર્વત્ર વીણા વાગી રહી છે.

ચહુટા માંહે વીણ, બજાવે વાણિયા હો લાલ;
ન કરે કોઇ વ્યાપાર, તે હોંશી પ્રાણિયા હો લાલ.

બજારમાં વાણિયા પણ દુકાને બેસીને વીણા વગાડે છે. કોઈ વેપાર કરતું નથી. વીણા જ વગાડયા કરે છે. રાજકુમારીને મેળવવાનો મનોરથ મનમાં ધારણ કરે છે.

ઈણી પરે વરણ અઢાર, ઘરોઘર આંગણે હો લાલ;
સઘળે મેડી માલે, વીણા રણઝણે હો લાલ.

અઢારે વરણના માણસો નિરંતર વીણા વગાડયા કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આખા નગરમાં સઘળે ઠેકાણે મેડીએ અને માળે વીણાના મધુર સૂરો રણઝણે છે.

જંગલમાં ગોવાળિયા પણ વીણા વગાડે છે. ખેતરમાં ખેડૂતો પણ વીણા વગાડે છે. આખા નગરમાં આવું કૌતુક થઈ રહ્યું છે. પરદેશી માણસ શ્રીપાલ મહારાજાને કહે છે કે આજ સુધીમાં અનેક પરીક્ષાઓ લેવાઇ ગઈ, પરંતુ વીણા-વાદ્યની કળામાં રાજકુમારીને કોઈ જીતી શક્યું નથી. તેથી રાજકુમારી વિમાસણમાં પડી ગઇ છે. રાજા ચિંતાતુર બની ગયો છે.

આ વાત સાંભળી પરોપકારના ભંડાર શ્રીપાલ મહારાજા કુંડલપુર નગર જવાનો વિચાર કરે છે. ચારસો ગાઉ દૂર પહોંચવાનું છે. તે સમયે આજના જેવા ઝડપી સાધન ન હતાં. ઊંટ અને ઘોડા જેવા સાધનો ઉપર જવું પડતું. ચારસો ગાઉ પહોંચવું શી રીતે? ત્યાં તો ક્ષણમાં જ વિચાર આવે છે–

સિદ્ધચક્ર મુજ એહ, મનોરથ પૂરશે,
એહિજ મુજ આધાર, વિઘન સવિ ચૂરશે;
થિર કરી મન વચ કાય, રહ્યો ઈક ધ્યાન શું,
તન્મય તત્પર ચિત્ત, થયું તસ ગ્યાન શું.

શ્રીપાલ મહારાજા વિચારે છે: સિદ્ધચક્ર એ જ મારા સઘળાં મનોરથ પૂર્ણ કરનાર છે. મારા જીવનમાં આવતાં વિઘ્નો નાશ કરવા માટે સિદ્ધચક્ર એ જ એક પરમ શક્તિ છે. એ જ મારા જીવનનો આધાર–સ્તંભ છે. આવો વિચાર કરી શ્રીપાલ મહારાજા સિદ્ધચક્રના ધ્યાનમાં તન્મય–તદ્રૂપ બની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા. ઉપયોગ પરમાત્મામાં લીન થઈ ગયો. પરમાત્મામાં તદાકાર ઉપયોગે પરિણામ પામી ગયા. સિદ્ધચક્રની શક્તિઓ શ્રીપાલ મહારાજામાં (Creative power–રૂપે) કાર્યશીલ બની ગઈ. જે રીતે લોઢાના ગોળામાં બાળવાનો કોઈ ગુણ નથી, પરંતુ અગ્નિના યોગમાં આવતાં લોઢાના ગોળામાં બાળવાનો ગુણ ઉત્પન્ન થાય છે, તે રીતે સિદ્ધચક્રના ધ્યાનમાં તન્મય તદ્રૂપ બનેલા શ્રીપાલ મહારાજામાં સિદ્ધચક્રની શક્તિઓ કાર્યશીલ બની ગઈ. ગમે તેવા વિષમ સંજોગોમાં પણ શ્રીપાલ અને મયણાનું મન અને હૃદય ખોલીને અંદર જોવામાં આવે તો પરમાત્મા સિવાય કાંઈ દેખાતું નથી. કોઢિયો પતિ મળ્યો તેવા સમયે, દરિયામાં ફેંકાઈ જવું પડ્યું તેવા સમયે પણ શ્રીપાલ અને મયણાના મન અને હૃદયમાં પરમાત્મા જ રહેલા છે. આપણા જીવનમાં સામાન્ય મુશ્કેલીનું કારણ આવતાં આપણે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી પીડાઈએ છીએ. ભય, શોક અને ચિંતાની લાગણીથી ઘેરાઈ જઈએ છીએ, પરંતુ મુશ્કેલ સંયોગોમાં શ્રીપાલ અને મયણા શું કરતાં હતાં તે જાણીએ છીએ ત્યારે આપણને જીવન જીવવાની અદ્ભુત કળા પ્રાપ્ત થાય છે. આર્ત્તધ્યાન તિર્યંચ ગતિનું કારણ છે. રૌદ્રધ્યાન નરક ગતિનું કારણ છે. પરંતુ શ્રીપાલ અને મયણાની જેમ આર્ત્ત અને રૌદ્રધ્યાનના નિમિત્તો વચ્ચે પણ અરિહંત આદિ પદોના સ્મરણરૂપ ધર્મધ્યાન કરવાની કળા જો આપણે શીખી લઇએ તો દુર્ગતિનાં દ્વાર બંધ થઈ જાય છે. અરિહંત આદિ પદોના સ્મરણરૂપ ધર્મધ્યાન ચાલતું હોય ત્યારે આયુષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાય તો સદ્ગતિનું બંધાય છે. વળી અરિહંત આદિ પદોનું સ્મરણ તો શુક્લધ્યાનનું બીજ હોવાથી છેવટે પંચમીગતિ રૂપ મોક્ષ આપનાર બને છે. **શ્રીપાલ અને મયણાના જીવનમાંથી આપણે આ એક મહત્ત્વની કળા શીખવાની છે કે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના નિમિત્તો વચ્ચે પરમાત્માના સ્મરણરૂપ ધર્મધ્યાન કેવી રીતે કરવું ?**

આપણે સૌ શ્રીપાલ અને મયણા બનવા ઈચ્છીએ છીએ પરંતુ મહાપુરુષોની એવી કોઈ શરત નથી કે શ્રીપાલ બનવા માટે નવ રાણીઓ અને નવ દેશનું રાજ્ય હોવું જોઈએ. શ્રીપાલ અને મયણા બનવા માટે એટલી જ શરત છે કે, "જેના મન અને હૃદયમાં પરમાત્મા નિરંતર વસે તે શ્રીપાલ અને મયણા બને છે અને નવમા ભવે મોક્ષની પ્રાપ્તિ કરે છે."

આપણે પણ શ્રીપાલ અને મયણા બનવું છે તો હવે આપણું મન તપાસીએ. આપણા મનનું પૃથક્કરણ (Analysis) કરવામાં આવે તો ગૃહસ્થ જીવનના મનુષ્યના મનનો પંચોતેર ટકા સમય પૈસાની પાછળ ખર્ચાય છે. જે અર્થશાસ્ત્ર – Economy ની પાછળ જીવનનો મહત્ત્વનો આટલો સમય ખર્ચાય છે તે અર્થશાસ્ત્ર – Economy ને સાચા દૃષ્ટિબિન્દુથી સમજવામાં આવે તો આપણા મનમાં અરિહંત સિવાય બીજું કોઈ પ્રવેશ કરી શકતું નથી. **તો અર્થશાસ્ત્ર–Economy શું છે ? તેનો મૂળભૂત સિદ્ધાંત શું છે ?**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાન અર્થશાસ્ત્ર ઓછામાં ઓછી મહેનતથી વધારેમાં વધારે ફળ 'કેવી રીતે' મેળવવું તેના પર આધારિત છે. અર્થશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત minimum effort and maximum result છે.

"એક વ્યક્તિ દશ હજાર કમાય છે, બીજી વ્યક્તિ એક લાખ કમાય છે." આટલું જ જણાવવામાં આવે તો સહેજે કહી શકાય છે કે બીજી વ્યક્તિ વધુ કમાય છે. પરંતુ સ્પષ્ટીકરણ કરવામાં આવે કે પહેલી વ્યક્તિ હંમેશના દશ હજાર કમાય છે, જ્યારે બીજી વ્યક્તિ દર વર્ષે એક લાખ કમાય છે–તો ઉપલક દૃષ્ટિએ જે વધુ કમાતો લાગતો હતો તે હવે સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં ઓછું કમાતો લાગશે, જ્યારે પહેલાં ઓછું કમાતો જણાતો હતો તે હવે વધુ કમાતો લાગશે.

આ રીતે અર્થશાસ્ત્રને સમયમર્યાદા (Time limitation) સાથે સંબંધ છે.

બીજું ઉદાહરણ લઈએ—

"એક વ્યક્તિ વેપારમાં એક ટકો નફો મેળવે છે અને બીજી વ્યક્તિ ૧૦૦ ટકા નફો પ્રાપ્ત કરે છે"-આટલું જ જાણ્યા બાદ તરત જ કહી શકાય કે પહેલી વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિ ૧૦૦ ટકા વધુ નફો મેળવે છે, પરંતુ તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે કે—

૧૦૦ ટકા નફો કરતો વેપારી ૧૦ કિલો શાક બે રૂપિયે કિલોના ભાવથી ખરીદીને, ચાર રૂપિયે કિલોના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવથી વેચે છે. જ્યારે પહેલી વ્યક્તિ દશ લાખ રૂપિયાનું હીરાનું પડીકું (જેનું વજન દશ ગ્રામથી પણ ઓછું છે) –તે એક ટકાના નફે વેચે છે. તો આ બેમાં એક ટકો નફો મેળવતો વેપારી પેલા ૧૦૦ ટકા નફો મેળવતા વેપારી કરતાં અનેક ગણો નફો ટૂંક સમયમાં મેળવે છે.

આ બાબતને અર્થશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત–ઓછામાં ઓછી મહેનતને વધુમાં વધુ ફળ (નફો) સાથે સંબંધ છે. The Fundamental principle of Economics is minimum effort and maximum result. ઓછામાં ઓછા પ્રયત્નથી વધારેમાં વધારે ફળ કેવી રીતે પ્રાપ્ત કરવું તે અર્થશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત છે.

નમસ્કાર મહામંત્ર અને નવપદની આરાધનામાં અર્થશાસ્ત્રના આ બન્ને નિયમો સાકાર બને છે, તેથી આરાધનામાં અલ્પ સમયમાં, સહજ પ્રયત્નથી વિરાટ–શાશ્વત ફળ પ્રાપ્ત થાય છે. આમ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર મહામંત્રની આરાધનાની પ્રક્રિયા અનંતગણું શાશ્વતું ફળ આપનાર છે.

વર્તમાન દુનિયામાં સૌથી વધારે કમાણી કરવાવાળા મનુષ્યની આવક વર્ષે ૪૨ અબજ રૂપિયા છે. આ મનુષ્ય કદાચ સો વર્ષ જીવે અને એની કમાણી એકસરખી જળવાઈ રહે તો આખા જીવનમાં ૪૨૦૦ અબજ રૂપિયા કમાઇ શકે છે, જ્યારે નમસ્કાર મહામંત્ર અને નવપદની આરાધના કરનારો એક શ્વાસોચ્છ્વાસ જેટલો (અંદાજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર સેંકડ) સમય 'નમો અરિહંતાણુ' પદનું સાચા ભાવથી સ્મરણુ કરે છે તો ૨,૪૫,૦૦૦ પલ્યોપમ સુધી દેવનું સુખ ભોગવી શકાય તેટલું પુણ્ય ઉપાર્જન કરે છે. પરમોપકારી પરમાત્મા મહાવીરદેવે બતાવેલ આ વ્યાપાર (નમસ્કાર મહામંત્ર અને નવપદના સ્મરણનો) સૌથી વધારે લાભદાયી છે. વર્તમાન દુનિયાનો વધારેમાં વધારે કમાણી કરવાવાળો મનુષ્ય પોતાના જીવનમાં જેટલું કમાઇ શકે છે, તેના કરતાં અસંખ્યગણું વધારે નમસ્કાર મહામંત્ર અને નવપદનો આરાધક ચાર સેંકડમાં કમાઇ શકે છે.

લંડનના બજારમાં ૨૧ કેરેટનો એક હીરો વેચાવા માટે આવ્યો. તે હીરો ૧ કરોડ ૬૧ લાખમાં વેચાયો. આવા એક હજાર હીરા એક મનુષ્ય પાસે છે. ઉપરાંત તેની પાસે ૧૬૦ માળનું મકાન છે. ઉપરાંત ૧૬ લાખ રૂપિયા કિંમતની એક મોટર, તેવી કુટુંબના માણુસ દીઠ ચાર મોટર છે. જગતની ઘણી મોટી ભૌતિક સંપત્તિ તેણે પોતાના ઘરમાં એકઠી કરી છે. વર્તમાન જગતનો સૌથી વધુ પૈસાદાર માણુસ આ બધું આપીને એક વસ્તુ ખરીદવા નીકળે છે. તેને નમસ્કાર મંત્રની અથવા નવપદની આરાધનાથી મહર્દ્ધિક દેવના પગની મોજડીનું એક રત્ન ખરીદ કરવું છે, પરંતુ તે રત્ન આ બધું આપીને પણ તે ખરીદી શકતો નથી, કારણુ કે મહર્દ્ધિક દેવના પગની મોજડીનું રત્ન અત્યંત કિંમતી હોય છે. વળી મુગટમાં તો કેવુંય કિંમતી રત્ન હશે? ત્યાં દેવોનું આયુષ્ય અસંખ્ય વર્ષનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પૃથ્વી ઉપર સો વર્ષથી વધુ આયુષ્ય નથી. નમસ્કાર મહામંત્ર અને નવપદનો આરાધક માત્ર ચાર સેકંડના 'નમો અરિહંતાણં'ના સ્મરણથી આવું દેવપણું અસંખ્ય વર્ષ માટે પ્રાપ્ત કરી શકે છે, ભૌતિક દૃષ્ટિએ જોતાં ત્યાં અસંખ્ય વર્ષો સુધી એકલું સુખ હોય છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર મહામંત્ર અને નવપદનો આરાધક સૌથી વધારે કમાણી કરવાવાળો છે, અને અંતે અવ્યાબાધ શાશ્વત સુખનો અધિકારી બને છે.

Economy—અર્થશાસ્ત્રની જાણકારી જગતમાં કોની પાસે છે? આરબ રાજ્યોનાં તેલક્ષેત્રના ધનપતિઓ પાસે છે કે એક ખૂણામાં સામાયિકમાં બેસી નમસ્કાર મંત્રનું સ્મરણ કરનાર પાસે છે? માનવજીવનની કિંમતી પળો Economically effective એવા નમસ્કાર મંત્રના સ્મરણમાં જ શા માટે પસાર ન કરવી? તે પ્રશ્ન આપણા અંતર–આત્માને પૂછીશું ત્યારે જીવનનો સાચો રાહ આપણને પ્રાપ્ત થશે.

હવે પ્રશ્ન માત્ર એટલો જ રહે છે, કે ઉપર બતાવેલ નમસ્કારનું દેવલોક આદિ ફળ બીજા જન્મમાં મળે છે અને પૈસા તો આ જન્મમાં મળે છે. પરંતુ આવો પ્રશ્ન પરલોકમાં માનનાર મનુષ્યના મનમાં થતો નથી, કારણ કે પરલોકનું ફળ પણ આપણા આત્માને જ મળે છે. હવે બીજો પ્રશ્ન એ રહે છે કે આ લોકની દૃષ્ટિએ વિચારતાં પણ અર્થશાસ્ત્રની અસર શું છે? કોઇ માણસ પૈસા ભેગા કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની પાછળનો હેતુ એવો હોય છે કે "પૈસા હશે તો મને શાન્તિ મળશે, પૈસા હશે તો સુખ મળશે, પૈસા હશે તો મને આનંદ મળશે, પૈસા હશે તો હું સ્વતંત્ર જીવન જીવી શકીશ." આ બધી પૈસાની અસર જીવનમાં અનુભવવા માટે મનુષ્ય પૈસાની પાછળ દોડે છે. પરંતુ કોઇ માણસ પાસે ૨૦ લાખ રૂપિયા છે. એક વર્ષમાં વેપારમાં એક કરોડ થઈ ગયા. ત્રણ મહિના પછી તેને આપણે પૂછીએ કે ભાઇ! તમારી પાસે એક વરસમાં પાંચ ગણા પૈસા થઈ ગયા, તેથી પૈસાની અસર (Effects of Economics) જીવનમાં કેટલા પ્રમાણમાં વધી? ત્યારે તે કહે છે, 'સુખ, શાન્તિ અને આનંદના બદલે ઉપાધિ વધી. અશાંતિ, ભય અને અજંપો જીવનમાં વધ્યાં.'

પૈસા (Economy)ની જે કાંઈ અસરો–સુખ, શાંતિ, આનંદ આદિ પોતાના જીવનમાં અનુભવવા માટે મનુષ્ય પૈસા પાછળ દોડે છે તે અસરો (effects) ગમે તેટલો પૈસો વધે તો પણ અનુભવી શકાતી નથી, જ્યારે પોતાના હૃદયમાં પરમાત્માને ધારણ કરનાર મનુષ્ય (Economy ની effects) સુખ, શાન્તિ, આનંદ આદિ જીવનમાં અનુભવી શકે છે. માટે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સૌથી વધુ અસરકારક (Economically effective) જગતમાં કોઈ વસ્તુ હોય તો તે 'નમો અરિહંતાણં' છે. તાત્ત્વિક સુખ અને પરમ વિશુદ્ધ આનંદની પ્રાપ્તિ તો પરમાત્મસ્મરણ, ચિંતન અને ભક્તિ દ્વારા જ થાય છે. પરમાનંદની પ્રાપ્તિનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ સાધન પરમેષ્ઠિઓ પ્રત્યે નમસ્કારભાવ છે. પરમાત્માને હૃદય-મંદિરમાં ધારણ કરનાર મનુષ્ય જગતનો શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી (Economist) છે, કારણ કે ( Economic ની effect ) સુખ, શાન્તિ, આનંદ, નિર્ભયતા આદિને તે જીવનમાં અનુભવી શકે છે.

## ★ Constitutionally Correct ★

## બંધારણની દૃષ્ટિએ શાશ્વત સત્ય

બંધારણીય દૃષ્ટિબિંદુથી જગતમાં સર્વશ્રેષ્ઠ નમસ્કાર મહામંત્ર છે. ભારતનું બંધારણ ઘડયાને ૩૧ વર્ષ થયાં, તે દરમિયાન ૪૪ સુધારા મંજૂર કરવાની જરૂર પડી. વિશ્વના દરેક દેશના બંધારણમાં અવસરે અવસરે જરૂરિયાત મુજબ સુધારા કરવામાં આવે છે.

પરંતુ આ એક જ ચીજના બંધારણમાં અનંતકાળમાં એક પણ સુધારો કરવાની જરૂર પડી નથી. અનંત તીર્થંકરો અને ગણધર ભગવંતો થઇ ગયા. અનંત મહા પુરુષો થઈ ગયા. પરંતુ નમસ્કાર મહામંત્રનું બંધારણ અતિ વિશુદ્ધ હોવાને કારણે આજ સુધીમાં અનંતકાળમાં કોઇને પણ ૬૮ અક્ષરના બંધારણમાં એક પણ સુધારો કરવાની જરૂરિયાત દેખાઇ નથી માટે જગતમાં Constitutionally Correct બંધારણની દૃષ્ટિએ શાશ્વત સત્ય શ્રી નમસ્કાર મહામંત્ર છે. જેની આરાધનાથી અનંતાએ અનંત ફળ પ્રાપ્ત કર્યું, તે નમસ્કાર મહામંત્રનું શાશ્વત સ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ વિશુદ્ધ હોવાથી અને તેની પવિત્રતા સર્વોત્કૃષ્ટ હોવાથી તેના આરાધકને અનંત ફળદાયી થાય છે. તેના પ્રત્યેક અક્ષર અવ્યાબાધ સુખની દિશામાં આગળ વધવા માટે મંગલના મહામંડાણરૂપ છે. તેનું પ્રત્યેક પદ શાશ્વત સ્વરૂપની પ્રાપ્તિની દિશામાં આગળ વધતા આરાધકનાં સર્વ વિઘ્નોનો વિચ્છેદ કરે છે અને અંતે પરમાનંદની પ્રાપ્તિ રૂપ સર્વ ધ્યેયોના ધ્યેયબિંદુ સુધી પહોંચાડે છે. માટે નમસ્કાર મહામંત્ર ઉપરનું શાશ્વત સત્ય (Eternally True) છે.

★ Mathematically Mature ★

## ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ—શ્રી નમસ્કાર મહામંત્ર અને નવપદો

ગણિતશાસ્ત્રના પાયાનો સિદ્ધાંત સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર છે. Addition Subtraction Multiplication and Division છે. આ ચાર પાયા ઉપર ગણિતશાસ્ત્ર આધારિત છે.

'નમો અરિહંતાણં'ના સ્મરણમાત્રથી ગણિતશાસ્ત્ર (Mathematics) ના ચારે સિદ્ધાંતો ઉત્કૃષ્ટ રીતે પરિણમે છે. પુણ્યનો સરવાળો, પાપની બાદબાકી, કર્મનો ભાગાકાર, અને ધર્મનો ગુણાકાર એક 'નમો અરિહંતાણં'ના સ્મરણથી થઇ જાય છે.

મનુષ્યના મનમાં એક મહાન કોમ્પ્યુટર કામ કરી રહ્યું છે. દા. ત. એક હીરાના ૫૦૦ કેરેટના પડીકામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૦૦ ના ભાવથી ૪૦૦૯ના ભાવ સુધીના હીરા ભેગા રહેલા છે. હીરાનો વેપારી ત્રણ મિનિટમાં થોડા હીરા જોઇને આખા પડીકાની સરેરાશ કિંમત ૧૪૦૦ ના ભાવની આંકે છે. અને જ્યારે એ હીરાના પડીકાનો એસોર્ટ કરવામાં આવે ત્યારે ૧૪૦૦નું જ રીઝલ્ટ આવે. આ એક જ વાત જોતાં ખ્યાલ આવશે કે મનુષ્યના મનમાં કેટલું મોટું ગણિત ચાલી રહ્યું છે! પરંતુ જગતનું ગણિત જ્યાં પૂરું થાય છે, ત્યાં તીર્થંકર પરમાત્માનું ગણિત શરૂ થાય છે. જગતનું ગણિત એક ક્રોડ, સો ક્રોડ, હજાર ક્રોડ, લાખ ક્રોડ કે ક્રોડને ક્રોડે ગુણીએ ત્યાં સુધી પહોંચે છે. ત્યાંથી આગળ તીર્થંકર પરમાત્માનું ગણિત સંખ્યાતા, અસંખ્યાતા, અનંતનું શરૂ થાય છે. અનંતાના અનંતા ભેદો કેવળજ્ઞાન સિવાય સમજી શકાતા નથી. આવું સર્વોચ્ચ ગણિત ( Supreme Mathematics ) 'નમો અરિહંતાણં' પદમાં રહેલું છે.

એક જીવ ૫૦૦ સાગરોપમ સુધી નારકીગતિમાં રહી જેટલાં પાપકર્મ ખપાવે છે, તેટલાં પાપ એક નવકારના સ્મરણથી ખપે છે; તે **પાપની બાદબાકી** છે. અને એક શ્વાસોચ્છ્વાસ પ્રમાણ સમય એટલે ચાર સેકંડ સુધી "નમો અરિહંતાણં"ના સ્મરણથી ૨૪૫૦૦૦ પલ્યોપમ સુધી દેવનું સુખ ભોગવી શકાય તેટલા પુણ્યનો સરવાળો થાય છે.

Law of Multiplication and Law of Division.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નમો અરિહંતાણં'ના સ્મરણમાત્રથી **ધર્મનો ગુણાકાર** અને **કર્મનો ભાગાકાર** અનુભવી શકાય છે.

એક જ 'નમો અરિહંતાણં' દ્વારા અનંતકાળમાં થયેલા, વર્તમાનમાં રહેલા, અનંતકાળ સુધી થવાના, જગતના પરમ ઉદ્ધારક સર્વ તીર્થંકર પરમાત્માના કરેલા અનંત સુકૃતોની અનુમોદનાથી **ધર્મનો ગુણાકાર** અને **કર્મનો ભાગાકાર** થઈ જાય છે. સર્વ સંપત્તિઓનું સર્જન અને વિપત્તિઓનું વિસર્જન થઈ જાય છે. 'નમો' પદથી આપણાં સર્વ દુષ્કૃતની ગર્હા–Rejection of wrongness થાય છે. અને 'અરિહંતાણં' પદથી પરમેષ્ઠિઓનાં મહાન સુકૃતોની અનુમોદના–Appreciation of Righteousness થાય છે. દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાના પાયા ઉપર શરણાગમન–Surrender to Supermacy થતાં ભવસ્થિતિનો પરિપાક થઈ જાય છે. અને ધર્મધ્યાનનો ધોધ ઉત્પન્ન થાય છે. પરમાત્માની કરૂણાના પરમ પાત્ર બની, અનંતનો આશીર્વાદ મેળવી ત્રિભુવનેશ્વરમાં તન્મયતા દ્વારા આત્મ-સ્વરૂપના અનુભવ સુધી પહોંચી શકાય છે. માટે જ નમસ્કાર મહામંત્ર અને નવપદો સર્વ સિદ્ધિઓનું કેન્દ્ર અને નવનિધાન સ્વરૂપ છે.

આ રીતે નમસ્કાર મહામંત્ર અને નવપદો–Mathemetically Muture છે. કારણ કે તેનાથી Elimination of evils and sublimation of good towards suPremacy થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપનો પ્રણાશ ( પાપની બાદબાકી ) અને પુણ્યનો પ્રકર્ષ ( પુણ્યનો સરવાળો ) થાય છે. વિભાવદશામાંથી છુટકારો ( ભાવકર્મનો ભાગાકાર ) અને સ્વભાવમાં રમણતા ( ધર્મનો ઉત્કૃષ્ટ ગુણાકાર ) થાય છે. આ રીતે નમસ્કાર મંત્ર અને નવપદો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ Methematically Mature છે.

આ રીતે જગતની સર્વ કળાનો સમૂહ નમસ્કાર મંત્ર અને નવપદમાં સંગ્રહીત છે. ( સર્વ કળાનો સંગ્રહ નવકાર અને નવપદમાં છે. વિશેષ સમજવા માટે વાંચો આ લેખકનું જ પુસ્તક–જીવનની સર્વ શ્રેષ્ઠ કળા શ્રી નવકાર. )

સર્વ કળાનું નિધાન નવકાર અને નવપદમાં છે તે આપણી બુદ્ધિમાં સમજાય છે ત્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને છે, આપણી બુદ્ધિ સમ્યગ્ બને છે, અને બુદ્ધિ શુદ્ધ થતાં વિવેકપૂર્વક આપણા મન મંદિરમાં પરમાત્મા સિવાય આપણે બીજા કોઈને પણ પ્રવેશ આપતા નથી. અને આ રીતે આપણા હૃદય મંદિરમાં પરમાત્મા નિરંતર વસે ત્યારે આપણે સ્વયં શ્રીપાલ અને મયણા બની જઈએ છીએ. નવપદ આપણું સર્વસ્વ બની જાય છે ત્યારે આપણે શ્રીપાલ અને મયણા બનીએ છીએ.

શ્રીપાલ મહારાજા સિદ્ધચક્રના ધ્યાનમાં તન્મય–તદ્રૂપ બની ગયા તે વખતે સિદ્ધચક્રની શક્તિઓ તેમનામાં (Creative power) રૂપ કાર્યશીલ થઈ ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તતખિણુ સોહમવાસી, દેવ તે આવીયો;
વિમલેસર મણિહાર, મનોહર લાવીયો,
થઈ ઘણો સુપ્રસન્ન, કુંવર કંઠે ઠવે;
તેહ તણો કર જોડી, મહિમા વરણવે.

તે વખતે સૌધર્મ દેવલોકમાં રહેવાવાળા વિમલેશ્વર દેવ પોતાના હાથમાં મણિનો મનોહર હાર લઈને આવી પહોંચ્યા. પ્રસન્નતાપૂર્વક તે હાર શ્રીપાલ મહારાજાના કંઠમાં આરોપણુ કર્યો. અને હારના મહિમાનું વર્ણન કરે છે. "આ હારના પ્રભાવથી તમે જ્યાં જવાની ઇચ્છા કરશો ત્યાં પહોંચી જશો. જેવું રૂપ પરિવર્તન કરવા ઇચ્છશો તેવું રૂપ પરિવર્તન થઈ જશે. જે કોઈ વિદ્યા–અભ્યાસ–કળા તમે શીખવા ઈચ્છતા હશો તે વિના અભ્યાસે તમને સિદ્ધ થઈ જશે. ઝેરના ભયંકર વિકારો પણુ હારના પ્રભાવથી નાશ પામી જશે."

હારના પ્રભાવનું વર્ણન કરીને વિમલેશ્વર દેવ કહે છેઃ–

સિદ્ધચક્રનો સેવક, હું છું દેવતા, હો લાલ,
કેઈ ઉદ્ધરીયા ધીર, મેં એહને સેવતા. હો લાલ.
સિદ્ધચક્રની ભક્તિ, ઘણી મન ધારજો, હો લાલ.
મુજને કોઈક કામ, પડે સંભારજો. હો લાલ.

વિમલેશ્વર દેવ કહે છેઃ "હું સિદ્ધચક્રનો સેવક દેવ છું એટલું જ નહીં, પરંતુ સિદ્ધચક્રના આરાધકોનો પણુ હું સેવક છું. આજ સુધીમાં સિદ્ધચક્રના અનેક આરાધકોનો મેં ઉદ્ધાર કર્યો છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલેશ્વર દેવ આપણને બધાને શિખામણ આપે છે. "સિદ્ધચક્રની ભક્તિ નિરંતર હૃદયમાં ધારણ કરજો. સિદ્ધચક્ર સિવાય બીજા કોઈને પણ મન કે હૃદયમાં પ્રવેશવા દેશો નહિ." આ શિખામણનું પાલન કરજો. અને વરદાન આપે છે. "કોઈક કામ પડે મુજને સંભારજો." કાંઈક કામ પડે તો મને યાદ કરજો. હું તમારું કાર્ય સિદ્ધ કરી જઈશ. પરંતુ તમે મનમાં કે હૃદયમાં પરમાત્મા સિવાય બીજા કોઈને પણ પ્રવેશવા ન દેતા.

સિદ્ધચક્ર એ (cosmic dianamo) અચિંત્ય શક્તિ છે. ધ્યાન પ્રક્રિયા દ્વારા સિદ્ધચક્રને આપણા હૃદયમાં (ઓપરેટ) ધારણ કરવામાં આવે છે, ત્યારે સર્વ સંપત્તિઓ, સિદ્ધિઓ અને મોક્ષ પર્યંતની સર્વ સંપદાઓનું ઉત્પાદન કેન્દ્ર આપણા અંદર જ સર્જન થાય છે.

શ્રીપાલ મહારાજાએ બીજા દિવસે પ્રાતઃકાળમાં ચિંતન કર્યું-કે "કુંડલપુર નગરે પહોંચુ"-હારના પ્રભાવથી ક્ષણમાં જ કુંડલપુર નગરે પહોંચી ગયા. ગામની બહાર ઊભા છે ત્યાં તો-

દીઠા તીહાં દરવાન, તે વીણ બજાવતા રે લોલ;
રાજકુંવરીના રૂપ, કળા ગુણ ગાવતા રે લોલ.

નગરનો દરવાન વીણા વગાડે છે. રાજકુમારીની રૂપ, ગુણ અને કળાની પ્રશંસા કરે છે. ખાતરી થઈ કે આ જ કુંડલપુર નગર છે. શ્રીપાલે કૂબડાનું રૂપ ધારણ કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરમાં પ્રવેશી વિદ્યાગુરૂના ત્યાં જાય છે. ત્યાં રાજકુમારો વીણા વાદ્યની કળા શીખે છે. રાજકુમારો કૂબડાને (શ્રીપાલને) પૂછે છે કે શું કામ માટે આવવું થયું ?

કૂબડો કહે છે: "જે કામ માટે તમે આવ્યા છો તે જ કામ માટે અમે પણ આવ્યા છીએ."

પરીક્ષા માટેનો સમય આવી ગયો. મોટી સભા ગોઠવાઈ છે. સંગીતના વિષયના અનેક જાણકારો આવેલા છે. દેશ-દેશાન્તરથી રાજકુમારો અને અઢારે વર્ણના માણસો આવેલા છે. તે વખતે સભામાં રાજકુમારી આવે છે.

આવી રાજકુમારી, કલા ગુણ વરસતી રે લોલ;
વીણા પુસ્તક હાથ, જે પ્રત્યક્ષ સરસ્વતી રે લોલ.

જાણે સાક્ષાત્ સરસ્વતી દેવીનો અવતાર હોય તેવી રાજકુમારી સફેદ વસ્ત્રમાં સજ્જ થયેલી, એક હાથમાં પુસ્તક અને એક હાથમાં વીણા લઈને સભામાં આવી.

આપણા કૂબડાજી (શ્રીપાલ) સભામાં પ્રવેશ કરવા જાય છે, ત્યાં દરવાને અટકાવ્યા. કૂબડાજીએ દરવાનને સોનાનું આભૂષણ ઈનામમાં આપ્યું, તુરત સભામાં પ્રવેશ મળી ગયો.

પરીક્ષા શરૂ થઈ. એક પછી એક રાજકુમારો અને સંગીતના અભ્યાસીઓ વીણા વગાડે છે. પરંતુ જ્યારે રાજકુમારીએ વીણા વગાડી ત્યારે પરીક્ષા આપનારા વીણા વાદ્યની કળામાં સાવ નિસ્તેજ દેખાયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે વખતે આપણા કૂબડાજી કહે છે: "મારી પરીક્ષા બાકી રહી ગઈ."

રાજકુમારીએ કૂબડાને વીણા આપી. (રાજકુમારી કૂબડાને મૂળ રૂપમાં જોઇ રહી છે.) વીણાનું સમારકામ કરી કૂબડાએ વીણામાં એવો સૂર વગાડચો કે બધા જ મૂર્છિત થઈ ગયા. ઘસઘસાટ ઊંઘવા લાગ્યા. ઊંઘતા રાજકુમારોના મુગટ, કુંડલ, હાર વગેરે આભૂષણો ઉતારી શ્રીપાલે મોટો ઢગલો કર્યો.

ફરી પાછો તેની વીણામાંથી એવો સૂર નીકળ્યો કે સૌ નિદ્રામાંથી જાગૃત થયા, પોતાના હાર અને મુગટ શોધે છે. ઢગલામાંથી પોતાનાં આભૂષણો શોધવા લાગ્યા.

ત્રિભુવન સાર કુમાર, ગળે વરમાલિકા;
હવે ઠવે નિજ માને, ધન્ય તે બાલિકા.

રાજકુંવરીએ વરમાળ કૂબડાના કંઠમાં પહેરાવી. રાજકુંવરીના પિતા ઘણો ખેદ કરે છે. અને કૂબડાને વિનંતી કરે છે, "તમારી કળા બતાવી તેવું તમારૂં રૂપ બતાવો." ત્યારે કૂબડાએ પોતાનું (શ્રીપાલનું) અસલ સ્વરૂપ ધારણ કર્યું.

શશી રજની હરગૌરી, હરિકમળા જીસ્યો;
યોગ્ય મેળાવો જાણી, સવિ ચિત્ત ઉલ્લસ્યો.

શંકર અને પાર્વતી, કૃષ્ણ અને લક્ષ્મીજી જેવો યોગ્ય મેળાપ જોઈ સૌ આનંદ પામ્યા.

શ્રીપાલ મહારાજના રાસના ત્રીજા ખંડની પાંચમી ઢાળ અધૂરી રહી તે વખતે રાસના રચનારા પૂ. ઉપાધ્યાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનયવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા. ત્યાંથી બાકીનો રાસ પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ પૂર્ણ કર્યો. શ્રીપાલ મહારાજા પરમાત્માને નિરંતર હૃદયમાં ધારણ કરતા આનંદમાં દિવસો પસાર કરી રહ્યા છે.

જ્ઞાની પુરૂષો કહે છે, પરમાત્માનું સ્મરણ કરો, સુખ અને સંપત્તિ રાહ જોઈ રહ્યાં છે. પરમાત્માનું વિસ્મરણ કરો, દુઃખ અને આપત્તિ રાહ જોઈ રહ્યાં છે. પરમાત્માનું સ્મરણ કરો, સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી તમારા કંઠમાં વરમાળા આરોપણ કરવા સદા તત્પર છે. પરમાત્માને ભૂલો, નરક અને નિગોદ પોતાના સ્થાને લઈ જવા તૈયાર (રાહ જોઈ રહ્યાં) છે. શું પસંદ કરવું તે માટે આપણને સ્વતંત્રતા આપવામાં આવી છે. આ બેમાંથી શું પસંદ કરવું ? દુઃખ, આપત્તિ, નરક અને નિગોદ પસંદ કરવાં, કે સુખ, સંપત્તિ, સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પસંદ કરવી, તેનો નિર્ણય આપણે પોતે જ કરવાનો છે. શ્રીપાલ અને મયણાનું જીવન આપણને પ્રેરણા આપે છે છતાં શું પસંદ કરવું તે આપણે પોતે જ નક્કી કરવાનું છે. This is the turning Print of our Life.

## પરમાત્મા સાથે એકતાનો અનુભવ એ વિશ્વ ઉપરની સર્વશ્રેષ્ઠ કળા છે.

જગતમાં મનુષ્ય અનેક પ્રકારની કળાઓની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હોય છે. વિશ્વમાં અનેક પ્રકારની કળાઓ (Arts) છે; તેમાં પરમાત્માની સાથે મનનો મેળાપ કર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાની પણ એક કળા છે. આ કળાને **ધર્મકળા** કહેવાય છે.

Supermost Art is to realise oneness with Supreme Power.

મયણાસુંદરીએ બાલ્યાવસ્થામાં કળા સિદ્ધ કરી હતી. તેને કોઢિયો પતિ મળ્યો, તે સમયે મયણાસુંદરીનું સમ્યગ્યદર્શન એટલું જ્વલંત હતું કે તેના મુખ ઉપર એક રેખા પણ બદલાઈ ન હતી, એવી અજોડ સ્વસ્થતા તે અનુભવી રહી હતી. બીજા દિવસે પ્રાતઃકાળમાં કોઈ વૈદ્ય કે ડૉક્ટરનું શરણ ન શોધતાં પરમાત્માના શરણ માટે પતિની સાથે મંદિરે દર્શન કરવા ગઈ. ત્યાં પૂજા કર્યા પછી પરમાત્માના ધ્યાનમાં મયણાસુંદરી સ્થિર બની ગઈ અને કાર્યસિદ્ધિ થઈ. શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીના જીવનમાં અનેક પ્રસંગોએ પરમાત્માની સાથે ધ્યાનમાં એકાકાર થતાં કાર્યસિદ્ધિ થવાના પ્રસંગો આવે છે.

જગતમાં અનેક કળાઓ છે. આપણે કઈ કળા સિદ્ધ કરીશું ? મહાપુરુષો કહે છે : 'જે મનુષ્યે પરમાત્માની સાથે એકાકાર બનવાની કળા સિદ્ધ કરી છે, તેને રાજાઓના રાજા બનવાની કળા સિદ્ધ થઇ ગઇ છે. જે મનુષ્યે ભગવાનની સાથે મનનો મેળાપ કરવાની કળા સિદ્ધ કરી છે, તેને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પોતાના હાથમાં વરમાળા લઈ તેના કંઠમાં આરોપણ કરવા તત્પર બનીને રહે છે.'

એક કરોડપતિ શેઠ એક સંતપુરુષની પાસે આવ્યા. શેઠ કહે છે : 'મારી પાસે ઘણી સંપત્તિ છે, સમાજમાં આબરૂ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ઘણી મોટી છે, કુટુંબ પરિવાર સારી રીતે મારી ઇચ્છા મુજબ વર્તે છે, મારે સર્વ પ્રકારની સાનુકૂળતા થઈ ગઈ છે. આ જીવનમાં પ્રાપ્ત કરવા લાયક બધું જ મને મળી ગયું છે.'

સંતપુરુષ કહે છે: "મહાનુભાવ! તમારે એક જ વસ્તુ પ્રાપ્ત કરવાની બાકી છે. તમારા મનનાં કિરણો જગતમાં સર્વત્ર પ્રસરાયેલાં છે, તે મનને પરમાત્મામાં કેન્દ્રિત કરવું તેટલું જ કાર્ય બાકી છે. અને આ એક કાર્ય બાકી રહી જાય તો તમારૂં બધું જ કાર્ય અધૂરૂં છે. તમારી પાસે અત્યારે છે તે તમારું અનંતકાળનું ભાવિ સુધારવામાં કાંઇ કામ ન લાગે."

પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની એક કળામાં સર્વ કળા સમાઈ જાય છે. કેવી રીતે? મનનો વિષય ત્રણ લોક છે. ત્રણ ભુવનના વિષયોમાં ફરતું મન જન્મ-મરણની પરંપરાનું કારણ છે. **માટે જિનેશ્વર ભગવંતોએ કહેલા ધ્યાનનું સામર્થ્ય ધરાવનારા મંત્રના આલંબન દ્વારા મનને પરમાત્મામાં કેન્દ્રિત કરવાથી તે મન મુક્તિનું કારણ બને છે.** પરમાત્મામાં કેન્દ્રિત થયેલું મન એ વિશ્વ ઉપરનું અમૃત છે અને તેનું પાન કરતાં પરમાનંદસ્વરૂપ આત્મમાં મનને સ્થિરતા પ્રાપ્ત થાય છે. પરમાત્મામાં કેન્દ્રિત થયેલું મન પરંપરાએ આત્માના અનુભવ અમૃતનું પાન કરાવી અંતે તે સંપૂર્ણ મુક્તિને આપનાર બને છે.

પરમાત્મા સાથે એકતા સાધવાની દિવ્યકળા પ્રાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા માટે નમસ્કાર મંત્ર અને નવપદ સર્વશ્રેષ્ઠ સાધન છે. સાધકનું મન જ્યારે નમસ્કાર મંત્રના જાપ અને નવપદના ધ્યાનમાં એકાકાર બને છે, ત્યારે વિશ્વની સર્વોત્તમ શક્તિ રૂપ પરમેષ્ઠિઓ સાથે તે એકતાનો અનુભવ કરે છે. તે એકતા સિદ્ધ થતાં, વિના ઇચ્છાએ સિદ્ધિઓ અને સંપત્તિ-ઓનું આગમન થાય છે, આત્માના પરમાનંદનો અનુભવ થાય છે અને અંતે પૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે: Possession of Perfection.

પરદેશી માણસની કહેલી હકીકત અનુસાર શ્રીપાલ મહારાજ કંચનપુર નગરે સ્વયંવર મંડપમાં પહોંચે છે. ત્યાં વજ્રસેન રાજા રાજ્ય કરે છે. તેને કંચનમાલા નામની રાણી છે. રાજાને ચાર પુત્રો અને ત્રૈલોક્યસુંદરી નામની એક પુત્રી છે. રૂપ, ગુણ અને કળાનો ભંડાર છે. રાજાએ સ્વયંવર મંડપની રચના કરી છે. સ્વયંવર મંડપમાં રાજકન્યા ત્રૈલોક્ય-સુંદરી શ્રીપાલ મહારાજને વરમાળા આરોપે છે.

અહીં પ્રશ્ન જરૂર થશે કે મયણા જેવી ઉપકારી સતી સ્ત્રી હોવા છતાં શ્રીપાલ મહારાજા શા માટે બીજી રાજ-કુંવરીઓ સાથે લગ્ન કરે છે? છેલ્લા ખંડમાં શ્રીપાલ અને મયણાનો પૂર્વ જન્મ આવશે. ત્યારે આ પ્રશ્નનો જવાબ મળી જશે.

શ્રીપાલ મહારાજા રાજસભામાં બેઠા છે હવે તે વખતે એક દૂત આવ્યો અને શ્રીપાલ મહારાજાને કહે છે કે અહીંથી થોડે દૂર દલપત્તન નામનું નગર છે. ત્યાં ધરા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલ રાજા રાજ્ય કરે છે. તે રાજાની ગુણમાલા નામની રાણીને પાંચ પુત્રો અને શૃંગારસુંદરી નામની પુત્રી છે. શૃંગારસુંદરીને પાંચ સખીઓ છે. તે સર્વના હૃદયમાં જિનેશ્વર ભગવંતનો ધર્મ વસેલો છે. શૃંગારસુંદરીનું સમ્યગ્દર્શન અતિ નિર્મળ છે. રાજકુંવરી નિરંતર પરમાત્માનું સ્મરણ –ધ્યાન કરે છે. પાંચ સખીઓ અને શૃંગારસુંદરી યૌવન અવસ્થાને પામેલી છે. તેઓ પરસ્પર વિચાર કરે છે.

તે આગળ કહે કુંવરી સાચું, આપણનું મ હોજો મન કાચું;
સુખ કારણ જિનમતનો જાણ, વર વરવો બીજો અપ્રમાણ.

રાજકુંવરી પોતાની સખીઓ સાથે વિચાર કરે છે–અત્યારે તો આપણે પિતાને ત્યાં સુખપૂર્વક ધર્મ આરાધના કરી શકીએ છીએ. પરંતુ લગ્ન થયા પછી આપણો ધર્મ કેવી રીતે સચવાશે ? તે માટે જિનેશ્વર ભગવંતના ધર્મના જાણકાર પુરુષ સાથે જ આપણે લગ્ન કરવું. તે સિવાય બીજા સાથે ન કરવું. આમ તેઓ વરની પસંદગીના વિષયમાં વધુ વિચાર કરે છે.

આપણા જીવનમાં પણ પુત્રના માટે પુત્રવધૂની પસંદગીનો દિવસ આવે છે. આપણો દીકરી માટે જમાઈની પસંદગીનો દિવસ આવે છે તે સમયે કેટલી બાબતોનો વિચાર કરવો ! તે આ રાજકુમારીની વિચારણા ઉપરથી જાણવા મળે છે.

જાણ અજાણ તણો જે જોગ, કેળ કંથેરનો તે સંયોગ;
વ્યાધિ મૃત્યુ દરિદ્ર વનવાસ, અધિકો કુમિત્ર તણો સહવાસ.

પતિ–પત્નિની પસંદગીના વિષયમાં એક જાણકાર હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બીજો અજાણુ હોય. એક ધર્મી હોય અને બીજો અધર્મી હોય, એક પરમાત્માનો ભક્ત હોય અને બીજો નાસ્તિક હોય, એક કળાનો રસિક હોય અને બીજાને કળાનો ખ્યાલ પણ ન હોય–આવો જો મેળાપ થાય તો કેળના ઝાડને કંથેરના ઝાડનો મેળાપ થવાથી જેમ જીવનભર કેળના ઝાડને કાંટા સહન કરવા પડે છે તેવી પરિસ્થિતિ સર્જાય છે.

વળી વ્યાધિ સારો છે, મૃત્યુ સારૂં છે, દરિદ્રતા સારી છે, વનવાસ સારો છે. પરંતુ જેની સાથે જીવન જીવવાનું છે તે જીવનસાથી જો કુપાત્ર મળે તો તેથી પણ વધુ ખરાબ છે. કારણ કે વ્યાધિ થયો હોય અને ઔષધ મળે તો આરોગ્યની પ્રાપ્તિ થાય છે. દરિદ્રતા મળી હોય પણ પુણ્યનો ઉદય જાગે તો ધનની પ્રાપ્તિ થાય છે. વનવાસ મળ્યો હોય પણ ધર્મ સાથે હોય તો વન પણ નંદનવન બની જાય છે; પરંતુ જેની સાથે જીવન જીવવાનું છે તે જીવનસાથી જો કુપાત્ર મળે તો આ લોક અને પરલોક બન્ને બગડે છે.

વળી શૃંગારસુંદરી વિચારે છે–

હેમ મુદ્રાએ અકીક ન છાજે, શ્યો જલધર જે ફોગટ ગાજે.

સુવર્ણની મુદ્રિકામાં અકીકનો ચળકતો પત્થર ન શોભે, તેમાં તો સાચો હીરો હોવો જોઇએ. દેખાવ ગમે તેટલો સારો હોય, પણ ગુણ અને ધર્મનું તત્ત્વ ન હોય તો તેની કોઈ કિંમત નથી. જે મેઘ ગાજે ઘણો, પણ વરસે નહીં, તેની કાંઈ કિંમત નથી. માટે ઉત્તમ ગુણો, અને જિનેશ્વરનો ધર્મ જેના હૃદયમાં હોય તેની સાથે જ લગ્ન કરવું. જેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયમાં પરમાત્મા અરિહંત દેવ નિરંતર વસતા હોય તેની જ પસંદગી કરવી.

વર વરવો પરખીને આપ, જિમ ન હોય કર્મે કુજોડાલાપ.

માટે પરીક્ષા કરીને વરની પસંદગી કરવી. પરીક્ષા કરવા માટે ઈન્ટરવ્યુ-મુલાકાત લેવાનું નક્કી કર્યું.

આજે પણ ઈન્ટરવ્યુ લેવાય છે; પરંતુ માત્ર બાહ્ય-દૃષ્ટિની પસંદગી હોય છે. જે વસ્તુઓ જીવનમાં ઉપયોગી ન હોય તેવા પ્રશ્નો અને તેના જવાબ ઉપર પસંદગી થાય છે, જેનું શુભ પરિણામ આવવું મુશ્કેલ છે. કેટલીક વખત તો અવળું પરિણામ પણ આવે છે.

રાજકુમારી શૃંગારસુંદરી અને પાંચ સખીઓએ પોતાના મનમાં પ્રશ્ન નક્કી કર્યા અને તેમણે જે જવાબ પોતાના મનમાં ધાર્યો છે તેવો જવાબ જે આપે તેની સાથે લગ્ન કરવું એમ નિશ્ચય કર્યો.

રાજાએ પણ આ વાત માન્ય કરી. દેશ દેશાન્તર ખબર આપવામાં આવી. અનેક પંડિતો, વિચક્ષણ પુરુષો, રાજકુમારો પરીક્ષા આપવા આવે છે. પરંતુ રાજકુમારીએ મનમાં ધારેલા જવાબો કોઈ આપી શકતું નથી.

આ પ્રમાણે પરદેશી માણસે શ્રીપાલ મહારાજાની સમક્ષ હકીકત રજૂ કરી. આશ્ચર્યમાં આવેલા શ્રીપાલ મહારાજા હારના પ્રભાવથી દલપત્તન નગરે પહોંચ્યા. સમસ્યાની પૂર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે રાજદરબાર ગોઠવાઈ ગયો. પાંચ સખીઓ અને શૃંગારસુંદરીએ પ્રશ્નો નક્કી કરી રાખેલા છે. છેલ્લું પદ તેઓ કહે છે અને આગળના ત્રણ પદ જવાબ આપનારને કહેવાના છે.

પહેલી સખીનો પ્રશ્ન છે–" મનવાંછિત ફળ હોઈ"

એટલે કે " મન વાંછિત ફળની પ્રાપ્તિ થાય છે." આપણા સર્વનો પણ આ જ પ્રશ્ન છે. આપણા મનમાં ઈચ્છા ઉત્પન્ન થાય છે. કોઈ વખત એક ઈચ્છા પૂરી થાય છે તો બીજી અનેક ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે, જે કદી પૂરી થતી નથી. અને ઇચ્છાની પૂર્તિ ન થવાના કારણે અતૃપ્તિની આગમાં મનુષ્ય બળ્યા કરે છે, તો આ અતૃપ્તિની આગમાંથી છૂટવા કોઈ ઉપાય છે? ઈચ્છાની પૂર્તિ થાય તે માટે કોઈ ઉપાય છે? શ્રીપાલ મહારાજ હવે તેનો જવાબ આપે છે–

અરિહંતાઈ નવપય, નિચ મન ધરે જુ કોઈ;
નિચ્છય તસ સુર નર સ્તવે, મનવંછિત ફળ હોઈ.

અરિહંત આદિ નવપદોને (અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ–આ નવપદોને) જે મનુષ્ય પોતાના મનમાં નિરંતર ધારણ કરે છે તેને મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે.

ઈચ્છાની અતૃપ્તિની આગમાં બળી રહેલા જગતને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીપાલ મહારાજાએ ઉપાય બતાવ્યો છે. નવપદોને મનમાં ધારણ કરો, તમારા મનોરથ પૂર્ણ થશે.

On human plane, there is scarcity of every thing, on divine plane, there is infinite supply. મનુષ્યના સ્તર ઉપર દરેક ચીજની અછત દેખાય છે. પરમાત્માના સ્તર ઉપર વિચાર કરતાં અનંતની ઉપસ્થિતિ છે. માત્ર ખ્યાલ એટલો જ રાખવાનો છે કે, કલ્પવૃક્ષની પાસે કાકડી ન માંગી શકાય. અનંત આનંદ, અવ્યાબાધ સુખ અને પરમાત્મ સ્વરૂપના દાતાર પરમાત્મા પાસે તુચ્છ પૌદ્ગલિક વસ્તુની માંગણી કરવી તે અયોગ્ય છે. જો કે આત્માની અનંત સમૃદ્ધિના ખજાનાને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના થતાં અને આત્માના પૂર્ણ-આનંદમય સ્વરૂપની ઓળખાણ થતાં તુચ્છ વસ્તુની ઇચ્છા પણ થતી નથી. પરમ તત્ત્વ પરમાત્મા સાથેના સંબંધનું જ્ઞાન થયા પછી પરમાત્મા અને નવપદો આપણું સર્વસ્વ થઈ જાય છે.

આત્માના અનંત સુખ અને આનંદના ખજાનાની ઓળખ થયા પછી જગતનાં બાહ્ય સુખો તુચ્છ લાગે છે. અને આપણા આત્માના અનંત સુખની અનુભૂતિના પરમ કારણ, પૂર્ણતાને વરેલા પરમાત્મામાં વૃત્તિઓને વિલીન કરવા માટે નવપદનું ધ્યાન, પરમાત્માનું સ્મરણ તે જ પરમ અમૃત તુલ્ય લાગે છે. શ્રીપાલ મહારાજાએ સમસ્યા પૂર્ણ કરી, તેનો ભાવાર્થ એ છે કે નવપદજી ભગવંતને હૃદયમાં ધારણ કરનારને મોક્ષ પર્યંતની સર્વ સંપત્તિઓ, સિદ્ધિઓ અને લક્ષ્મીઓની પ્રાપ્તિ થાય છે. માટે જ કહ્યું છે કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે.
(નવપદ પૂજા ઉ. યશોવિજયજી કૃત)

આત્માની અખૂટ સંપત્તિના દિવ્ય ભંડારને ખોલવાની ચાવી નવપદની આરાધના છે. નવપદના ધ્યાનના પ્રભાવથી સર્વ દુઃખ અને દૌર્ભાગ્ય નાશ પામે છે. સર્વ આપત્તિઓનું અવમૂલ્યન અને સંપત્તિઓનું સંવર્ધન થાય છે. અનુકૂળતાનું ઉત્પાદન અને પ્રતિકૂળતાનો પ્રણાશ થાય છે. નવપદજી ભગવંતની સાચા હૃદયની, શુદ્ધ આશયપૂર્વકની ભાવભક્તિથી આપણે સ્વયં શ્રીપાલ-મયણા બની નવમા ભવે મોક્ષ સુખના અધિકારી બનીએ છીએ. નવપદના મધ્યબિન્દુમાં રહેલા અરિહંત પરમાત્મા સમસ્ત સંસારના અહિત, અશિવ, અનિષ્ટ, અશુભ અને અપમંગલના અંતને લાવનારા તથા સુખ, સૌભાગ્ય, આનંદ, ઐશ્વર્ય અને વૈભવની વૃદ્ધિને કરનારા છે. વિઘ્નનો વિચ્છેદ અને મંગળના મંડાણને કરનારા, સકલ જગતનું યોગક્ષેમ કરનારા, કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ કરતાં પણ અધિક પ્રભાવશાળી છે. માટે જ કહ્યું છે : "એમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે." પરમાનંદની પ્રાપ્તિનું પરમ કારણ નવપદનું ધ્યાન છે. નવપદો Emergency exit from Evils છે.

નવપદ ધ્યાને રે પાપ પલાય.

નવપદો એ પાપમાંથી ભાગી છૂટવાનો દરવાજો છે.

નવપદો એ Royal Road to self Realisation આત્મસાક્ષાત્કારનો રાજમાર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલી સખીને જૈનશાસનના રહસ્યને બતાવનાર મન-ગમતો જવાબ મળતાં તે ચુપ થઈ ગઈ.

બીજી સખીનો પ્રશ્ન છે-"અવર મ ઝંખો આલ" એટલે કે બીજી આળપંપાળ છોડી દો. આખો દિવસ આપણા સર્વના મનમાં વિચારો ચાલે છે કે આમ કરૂં તો કાર્ય સિદ્ધિ થાય કે તેમ કરૂં તો કાર્યસિદ્ધિ થાય. રાત દિવસ આપણું ધારેલું કાર્ય કેવી રીતે પૂરૂં કરવું તે માટે આપણે આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનથી પીડાઈએ છીએ. ભય, શોક અને ચિંતાથી વ્યગ્ર રહીએ છીએ. તો શું કરવું? જવાબ શ્રીપાલ આપે છે.

અરિહંત દેવ સુસાધુ ગુરૂ, ધમ્મજ દયા વિશાલ;
જપ હુ મંત્ર નવકાર તુમે, અવર મ ઝંખો આલ.

અરિહંત અને સિદ્ધ જેમાં દેવ છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ જેમાં ગુરૂ છે અને દયામય ધર્મ જેમાં રહેલો છે તે નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ કરો. બીજી આળપંપાળ છોડી દો.

નમસ્કાર મંત્રના સ્મરણ માત્રથી શાન્તિ અને આનંદનો અનુભવ થાય છે. તે નવકારને મનમાં ધારણ કરો. સઘળી ચિંતા નાશ પામી જશે.

સમગ્ર વિશ્વ અશાંતિ અને અજંપામાંથી પસાર થઈ રહ્યું છે. કોઇ કહે છે, અમે આર્થિક કારણે, કોઈ માનસિક કારણે, કોઇ શારીરિક કારણે, કોઈ વ્યાવહારિક, કૌટુમ્બિક, રાજકીય, સામાજિક કારણે અશાંતિ અને અજંપામાં છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્થિક કારણે કોઇ અશાંત હોય તેવો મનુષ્ય પાંચ, પચીસ લાખ પેદા કરીને આર્થિક રીતે સ્વતંત્ર બને છે, તો પણ અશાંતિ વધી જાય છે. તેવી રીતે ઉપરનાં દેખીતાં કારણો ચાલ્યાં જવા છતાં, મનુષ્ય શાન્તિ મેળવી શકતો નથી, માટે અશાંતિ અને અજંપાનું દેખીતું કારણ લોકો માને છે તે નથી, પણ મૂળ કારણ બીજું કાંઈ છે. અશાંતિનું મૂળ કારણ પરમાત્માથી વિમુખ દશા છે. પરમાત્માથી આપણી જાત વિખૂટી પડી ગઈ છે, માટે અજંપામાં આપણું જીવન ચાલી રહ્યું છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વસ્તુઓ શરીર, નામ, સત્તા. સંપત્તિ ઉપર આધાર રાખી મનુષ્યે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ સ્થાપન કર્યું છે. આ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે પરિવર્તનશીલ હોવાથી મનુષ્યને સદા અશાંતિ, અજંપો, ભય અને ચિંતામાં જીવવું પડે છે. કર્મથી ઉત્પન્ન થયેલા આ અલગ વ્યક્તિત્વના (self centred) કોચલામાંથી બહાર નીકળી (God-centred) અમર તત્ત્વના દરવાજા ખુલ્લા કરી નાખીએ ત્યારે Transformation from Self-centered to God-centred શાંતિના મહાસાગરને પ્રાપ્ત કરી શકીએ છીએ. પરમાત્માના આધ્યાત્મિક પરમ પ્રકાશનાં દિવ્ય કિરણોને ઝીલવાથી જ પરમ શાંતિને અનુભવી શકીએ છીએ. પરમાત્મ તત્ત્વ સાથે તન્મય -તદ્રૂપ અને એકત્વ સાધવાની કળા સિદ્ધ કરવાથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે.

હકીકતમાં તો શાન્તિનો પરમ ભંડાર આપણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મામાં જ રહેલો છે. તે ભંડાર સુધી પહોંચવા માટે આત્મઅનુભવનાં દ્વાર ખુલ્લાં કરવાં પડે છે, આત્મઅનુભવ સુધી પહોંચવા માટે આત્મધ્યાન કરવું પડે છે અને સીધું આત્મધ્યાન કરવા માટે આપણી ભૂમિકા ન હોવાથી પરમાત્મધ્યાન દ્વારા આત્મધ્યાનમાં જવું પડે છે અને પરમાત્મધ્યાન માટે પરમેષ્ઠિ પદોનું આલંબન લેવું પડે છે.

જેહ ધ્યાન અરિહંતકો, તેહી જ આતમધ્યાન,
ઇણમેં ફેર કછુ નહીં, એહી જ પરમ નિધાન.

આ રીતે પરમાત્મ તત્ત્વના નમસ્કાર દ્વારા પરમ-શાંતિનો અનુભવ થાય છે. તેથી 'નમો અરિહંતાણં' એ Producer of Peace શાંતિપ્રદાયક મંત્ર છે. નમસ્કાર મંત્ર ભયનો ભંજનહાર, ચિંતાનો ચૂરક મંત્ર છે.

શ્રીપાલ મહારાજાએ બીજી સમસ્યા પુરી, તેમાં આળ-પંપાળ, ચિંતા, ભય, અશાન્તિના ભાવો છોડી–"જપ હું મંત્ર નવકાર તુમે"–નિરંતર નમસ્કાર મંત્રનું સ્મરણ કરવા માટે આપણને પ્રેરણા આપી. નવકારની આરાધનાથી પાપનો પ્રણાશ અને પુણ્યનો પ્રકર્ષ થાય છે.

સુખનું સર્જન અને દુઃખનું વિસર્જન થાય છે. વિઘ્નોનો વિચ્છેદ Dissolution of disorder અને મંગલનું મંડાણ થાય છે. સુવિધાઓનું સંવર્ધન અને દુર્ભાગ્યનું દૂરીકરણ શ્રી નવકારથી થાય છે. ઈચ્છાઓનું ઊર્ધ્વગમન થાય છે, સત્યનું સંશોધન થાય છે. શ્રી નવકાર એ વિશ્વેશ્વરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનંતી છે, જેનાથી અનંતના આશીર્વાદ મળે છે. શ્રી નવકાર એ સર્વેશ્વરની શરણાગતિનો મંત્ર છે, જેનાથી પૂર્ણતાનો પરમાનંદ (Delight of Divinity) પ્રગટે છે.

શ્રી નવકાર ધર્મધ્યાનનો ધોધ છે, જેનાથી ચિંતાનું ચૂરણ, આપત્તિઓનું અવમૂલ્યન, સૌભાગ્યની સંપ્રાપ્તિ, આત્મસિદ્ધિનું આયોજન, અવિનાશીપણાનો આદર્શ પ્રાપ્ત થાય છે. **શ્રી નવકાર એ પરમાત્મા સાથેનો દિવ્ય પ્રણય છે,** જેનાથી પૂર્ણતાનો પરમાનંદ પ્રાપ્ત થાય છે. શ્રી નવકાર શોકનો સંહારક, ભયનો ભંજનહાર અને ચિંતાનો ચૂરનાર છે, જેના વડે જીવનમાં શાશ્વતપણાનો સંદેશો સમજાય છે, અને પરમેષ્ઠિઓ સાથેના તન્મય, તદ્રૂપ ભાવથી (In tune with Infinite) આપણા આત્માને પરમેષ્ઠિ સ્વરૂપ બનાવી શકાય છે. સર્વ સિદ્ધિઓનું સોપાન શ્રી નવકાર છે. જગતનું સર્વશ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ, આધ્યાત્મિક સાધનાનું કેન્દ્ર શ્રી નવકાર છે.

આધ્યાત્મિક સાધનાનું કેન્દ્ર શ્રી નવકાર છે. નમસ્કાર મંત્ર અચિંત્ય શક્તિઓનો ભંડાર છે.

Foundation of Faith. શ્રદ્ધાનો પાયો શ્રી નવકાર છે.

Creater of Charactership. ચારિત્ર ગુણનો સર્જક શ્રી નવકાર છે.

Producer of Peace. શાંતિ પ્રદાયક શ્રી નવકાર છે.

Generator of Joy આનંદનો ઉત્પાદક શ્રી નવકાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Direct Discipline towards Divinity.
શ્રી નવકાર છે સર્વોત્તમ શિસ્ત.

Divine Song soul. શ્રી નવકાર છે આત્માનું દિવ્ય સંગીત.

End of Amixity. ચિંતા ચૂરક છે નવકાર.

Dilution of Difficulties. દુઃખ વિનાશક છે નવકાર.

Supermost Art and secret of cosmos.

વિશ્વની સર્વોત્કૃષ્ટ કળા અને સિદ્ધિનું ગુપ્ત શ્રી નવકારમાં છે. માટે શ્રીપાલ કહે છે–"જપો નવકાર, ભજો નવકાર, હૃદયે ધારો શ્રી નવકાર."

બીજી સખીને મનગમતો જવાબ મળતાં તે પણ ચુપ બની ગઈ. ત્રીજી સખીનો પ્રશ્ન છે–"કર સફ્લો અપ્પાણુ" "જીવનને તું સફળ કરી લે" આપણે સૌ આપણું જીવન સફળ બને તેમ ઈચ્છીએ છીએ. પણ જીવનની સફળતા માટે શું કરવું? શ્રીપાલ મહારાજા તેનો જવાબ આપે છે–

આરાહિજ્જઈ દેવ ગુરૂ, દેહુ સુપત્તહિં દાણ;
તવ સંયમ ઉવયાર કરિ, કર સફ્લો અપ્પાણુ.

દેવગુરૂનું આરાધન કરવું, સુપાત્રમાં દાન આપવું,
તપ સંયમ અને પરોપકારથી જીવનને સફળ કરવું.

જીવનની સફળતા પ્રાપ્ત કરવાની ચાવી શ્રીપાલ મહારાજાએ બતાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજી સખીને મનગમતો જવાબ મળ્યો તેથી તે ચુપ થઇ ગઇ.

ચોથી સખીનો પ્રશ્ન છે: "જિત્તો લિહ્યો નિલાડ" "ભાગ્યમાં હશે તેટલું જ મળશે." આપણો પણ આ જ પ્રશ્ન છે. લાખ રૂપિયા મળે તેવું પ્લાનીંગ કર્યું છતાં દશ હજાર મળ્યા. આવા સમયે આપણે ચિંતા કરીએ છીએ. બીજાને દોષ આપીએ છીએ. હવે **શ્રીપાલ મહારાજા શું** ઉપાય બતાવે છે?

રે મન અપ્પા ખંચિ કરી, ચિંતા જાળ મ પાડ;
ફળ તિત્તોહિ જ પામીએ, જિત્તો લિહ્યો નિલાડ.

રે મન! તું આત્માને ખેંચીને શા માટે ચિંતાની જાળમાં ફસાવે છે? ફળ તો તેટલું જ મળશે જેટલું ભાગ્યમાં લખ્યું હશે. પુરુષાર્થ ગમે તેટલો હોય પણ ફળ ભાગ્ય પ્રમાણે જ મળે છે.

ચોથી સખીને મનગમતો જવાબ મળવાથી તે ચુપ થઈ ગઈ.

પાંચમી સખીનો પ્રશ્ન છે: "તસુ તિહુઅણ જણ દાસ"

"ત્રણ જગતના જીવો આ મનુષ્યના દાસ બનીને રહે છે." આપણો પણ આ જ પ્રશ્ન છે. "સમાજમાં આપણને કોઈ સ્થાન મળે, ચાર માણસો આપણી સલાહ લે, આપણી પ્રતિષ્ઠા સર્વત્ર ફેલાય" આવું બધા જ ઇચ્છે છે પણ સફળતા મળતી નથી. તો શું કરવું?

શ્રીપાલ કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્થિ ભવંતર સંચિઓ, પુણ્ય સમગ્ગલ જાસ;
તસુ બલ તસુ મઈ તસુ સિરિ, તસુ તિહુઅણુ જણુ દાસ.

જે મનુષ્યે પોતાના આત્મામાં પુણ્યનો સંચય કર્યો છે તેને બળ, બુદ્ધિ અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અને જેની પાસે બળ, બુદ્ધિ અને લક્ષ્મી છે તેનું આખું જગત દાસ બને છે. માટે પુણ્યની પ્રાપ્તિના કારણોનું જીવનમાં સેવન કરવું.

પાંચમી સખીને પોતાના ધાર્યા પ્રમાણે જવાબ મળ્યો.

છેલ્લી શૃંગારસુંદરીનો પ્રશ્ન છે–"રવિ પહેલાં ઉગંત"

એવા માણસો હોય છે કે જેનો ઉદય સૂર્યના ઉદય પહેલાં થાય છે.

શ્રીપાલ કહે છે –

જીવંતા જગ જશ નહીં, જશ વિણ કાંઈ જીવંત;
તે જશ લેઇ આથમ્યા, રવિ પહેલાં ઉગંત.

જીવતાં છતાં પણ જેનો જગતમાં યશ નથી, તેનું જીવવું નકામું છે. પરંતુ જે યશ મેળવીને આ જગતમાં અસ્ત પામ્યા છે તેનો ઉદય સૂર્યના ઉદય પહેલાં થાય છે.

આચાર્ય ભગવંતો પણ પ્રાતઃકાળમાં ભરહેસર બાહુબલી, અભયકુમારો ઢંઢણકુમારો....સુલસા ચંદનબાલા.... આદિ ઉત્તમ જનોના નામ સૂર્યના ઉદય પહેલાં લે છે. એટલે સૂર્યના ઉદય પહેલાં આવા ઉત્તમ જનોના નામ જગતમાં ઉદય પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરે કુંવર સમસ્યા સારી, આનંદિત હુઈ નૃપતિ કુમારી;
વરે કુમાર તે ત્રિભુવન સાર, ગુણ નિધાન જીવન આધાર.

આ પ્રમાણે શ્રીપાલકુંવરે સર્વ સમસ્યાઓ પૂર્ણ કરી.

રાજકુમારી ખૂબ આનંદિત થઇ. ગુણના ભંડાર સરીખા અને જીવનના આધારરૂપ શ્રીપાલકુંવરને રાજકુમારી શૃંગારસુંદરીએ વરમાળા પહેરાવી.

સાતમી ઢાળ એ ત્રીજે ખંડે, પૂરણ હુઇ ગુણ રાગ અખંડે;
સિદ્ધચક્રના ગુણ ગાઇજે, વિનય સુજસ સુખ તો પાઇજે.

તે પછી રાધાવેધ કરીને કોલ્લાગપુર નગરના પુરંદર રાજાની પુત્રી જયસુંદરી સાથે શ્રીપાલ મહારાજાનું લગ્ન થયું.

બધી રાજકુમારીઓ, અઢળક ધન સંપત્તિ અને ચતુરંગ સેના સાથે શ્રીપાલ મહારાજા થાણા બંદરે પધાર્યા. થાણાનગરીના રાજાને પુત્ર ન હતો, તેથી શ્રીપાલ મહારાજાનો રાજ્યાભિષેક કર્યો. અને થાણાનગરીની રાજગાદી શ્રીપાલ મહારાજાને સોંપી.

હવે શ્રીપાલ મહારાજા મુગટબદ્ધ રાજા બન્યા છે. નવપદના પ્રભાવને નિરંતર મનમાં ધારણ કરે છે. પોતાની માતાને તથા મયણાસુંદરીને મળવાની ઇચ્છાથી હવે શ્રીપાલ કુંવર ઉજ્જૈની નગરી તરફ જવા નીકળે છે.

હાથી, ઘોડા, ચતુરંગ સેના અને સુંદરીઓથી પરિવરેલા શ્રીપાલ મહારાજા ઉજ્જૈની નગરી તરફ પ્રયાણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસ્તામાં સોપારક નામનું નગર આવે છે. ત્યાંના રાજા મહાસેનની રૂપ, ગુણ અને કળાના ભંડાર સમી રાજકુંવરી તિલકસુંદરીને સર્પદંશ થયો છે, તેથી મૂર્છિત થઈ છે. તેને મરેલી જાણી સ્મશાનમાં અગ્નિદાહ માટે લઈ જવાય છે. લોકોનું મોટું ટોળું જોઈ, પૂછવાથી શ્રીપાલ મહારાજાને સર્પદંશના સમાચાર મળ્યા. તે વખતે શ્રીપાલ મહારાજા કહે છે, આ તો મૂર્છિત થઈ છે. તેને અગ્નિદાહ ન આપો.

મહિયત મૂકી તે થાનકે, કરી હાર નવણ અભિષેક;
સજ્જ કરી સવિ લોકના ચિત્તશું, થઈ બેઠી ધરીય વિવેક.

નનામી તે સ્થળે મુકાવી. હારનો અભિષેક કરી પાણી છાંટયું તે વખતે રાજકુમારી વિવેકને ધારણ કરતી બેઠી થઈ.

રાજાએ ખૂબ ભાવ ધરી તે રાજકુમારી તિલકસુંદરીને શ્રીપાલ મહારાજાની સાથે પરણાવી.

આ પ્રમાણે કુલ આઠ રાજકન્યાઓ સાથે શ્રીપાલ મહારાજાનાં લગ્ન થયાં. (૧) મદનસેના (૨) મદનમંજુષા (૩) મદનમંજરી (૪) ગુણસુંદરી (૫) ત્રૈલોકયસુંદરી (૬) શૃંગારસુંદરી (૭) જયસુંદરી (૮) તિલકસુંદરી સાથે શ્રીપાલ મહારાજા ચતુરંગ સેના વડે પરિવરેલા ઉજ્જૈની નગરી તરફ જઈ રહ્યા છે.

આઠ દૃષ્ટિ સહિત સમકિતવંત જેમ વિરતિની ઈચ્છા રાખે છે, અષ્ટપ્રવચનમાતા સહિત મુનિ પણ નવમી સમતાને ઈચ્છે છે, આઠ સિદ્ધિ સહિત મુનિ પણ જેમ નવમી મોક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધિને ઈચ્છે છે તે પ્રમાણે આઠ રાણીઓ સાથે હોવા છતાં પોતાની ઉપકારી મયણાને મળવા માટે શ્રીપાલ મહારાજા ઈચ્છા કરે છે.

શ્રીપાલ મહારાજાએ ચતુરંગ સેના સાથે માલવ દેશમાં પ્રવેશ કર્યો. તે વખતે માલવ દેશના રાજા પ્રજાપાલ કોઈ પરદેશી રાજા મોટા સૈન્ય સહિત આવે છે તેવી ખબર મળતાં ખૂબ ભયભીત બની ગયા. રાજાએ ઉજ્જૈની નગરીના દરવાજા બંધ કરી દીધા. શ્રીપાલ મહારાજાએ ઉજ્જૈની નગરીની ચારે તરફ મોટો ઘેરો નાખ્યો છે.

ઢાળ પુરી હુઈ આઠમી, પૂરણ હુઓ ત્રીજો ખંડ રે;
હોય નવપદ વિધિ આરાધતાં, જિમ વિનય સુયશ અખંડ રે.

શ્રીપાલ મહારાજાની સિદ્ધિની પાછળ શું રહસ્ય છે તે જોઈએ. શ્રીપાલ મહારાજાના મનમાં નવપદો નિરંતર રહેતાં હતાં, નવપદના મહિમાથી તેમનું હૃદય નિરંતર વાસિત રહેતું હતું. તે નવપદો છેવટે સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરાવી શ્રીપાલ મહારાજાને પણ નવપદરૂપ બનાવી દેશે. પરમાત્મા પ્રત્યેના નમસ્કાર ભાવથી શ્રીપાલ મહારાજાનું હૃદય સદા વાસિત રહેતું હતું.

તાત્ત્વિક નમસ્કારનું સ્વરૂપ કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત "સિદ્ધ હેમ શબ્દાનુશાસન" નામના ગ્રંથમાં બતાવેલું છે.

તે મૂળ પાઠ નીચે મુજબ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# अर्हं

'अर्हं' इत्येतदक्षरम् परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्,
सिद्धचक्रस्यादिबीजम्, सकलागमोपनिषद्भुतम्,
अशेषविघ्नविघातनिघ्नम्,

अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्, आशास्त्राध्ययना-
ध्यापनावधि प्रणिधेयम् ।

प्रणिधानं चानेनाऽऽत्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः,
वयमपिचैतच्छास्त्रारम्भे प्रणिदध्महे ।
अयमेव हि तात्त्विको नमस्कार इति ॥ १ ॥

'अर्हं' એ અક્ષર પરમેશ્વર એવા પરમેષ્ઠિનો વાચક છે. સકલ રાગાદિ મલરૂપ કલંકથી રહિત, સર્વ જીવોના યોગ અને ક્ષેમને વહન કરનારા, પ્રસન્નતાના પાત્ર, જ્યોતિ સ્વરૂપ દેવાધિદેવ, સર્વજ્ઞ, એવા પરમાત્મા અરિહંત દેવનો વાચક 'अर्हं' મંત્ર છે.

આ અર્હંનું આલંબન, પ્રણિધાન માટે સર્વશ્રેષ્ઠ છે. તે પ્રણિધાનના બે પ્રકારો છે:—

(૧) સંભેદ પ્રણિધાન

(૨) અભેદ પ્રણિધાન

સંભેદ પ્રણિધાનઃ- અર્હં રૂપ વાચક પદ સાથે ધ્યાતાનો સંશ્લિષ્ટ સંબંધ તે સંભેદ પ્રણિધાન.

અભેદ પ્રણિધાનઃ- અર્હં અક્ષરના અભિધેય જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પરમેષ્ઠિ તેમની સાથે ધ્યાતાના આત્માનો સર્વપ્રકારે એકીભાવ અથવા ઐકયતા તે અભેદ પ્રણિધાન છે.

આવું અભેદ પ્રણિધાન જ વિઘ્નોને નિર્મૂળ કરવામાં સૌથી અધિક સમર્થ છે. તેથી જ તે પરમાત્મસ્વરૂપ "અર્હં"ના આ **અભેદ પ્રણિધાનને તાત્ત્વિક નમસ્કાર કહેવામાં આવે છે.**

ટૂંકમાં સંભેદ એટલે ચારે બાજુ 'અર્હં' શબ્દથી આપણા આત્માને વીંટળાયેલો જોવો. અર્થાત્ પોતાના આત્માનો અર્હંની મધ્યમાં ન્યાસ (સ્થાપન) કરવો.

**અભેદ એટલે પોતાના આત્માનું અરિહંત રૂપે ધ્યાન કરવું.**

નમસ્કારનું ઉપર મુજબ તાત્ત્વિક સ્વરૂપ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ભગવાને બતાવ્યું છે. તેનું રહસ્ય જ્યારે સાધના દ્વારા સમજાય છે ત્યારે સર્વ પાપ (કર્મો)ને મૂળમાંથી ઉખેડી નાખવાની અને શ્રેષ્ઠ મંગલ રૂપ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરાવવાની નમસ્કારની અચિંત્ય શક્તિ ઉપર પૂર્ણ શ્રદ્ધા થાય છે.

★ શ્રીપાલ મહારાજાના રાસનો ત્રીજો ખંડ સમાપ્ત ★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપાળ અને મયણાનાં

આધ્યાત્મિક

# જીવન રહસ્યો

★ ખંડ ચોથો ★

શ્રીપાલ મહારાજાએ ઉજ્જૈની નગરીની ચારે તરફ મોટો ઘેરો નાખ્યો છે. ઉજ્જૈની નગરીના દરવાજા રાજાએ બંધ કરી દીધા છે. આખું નગર ભયગ્રસ્ત બની ગયું છે. દુશ્મનનું સૈન્ય જોઈ સૌ કોઈ ચિંતાતુર બની ગયા છે. ઉજ્જૈની નગરીમાં જ શ્રીપાલના માતાજી કમલપ્રભા અને મયણાસુંદરી રહેલાં છે.

માતા કમલપ્રભા પુત્રવધૂ મયણાસુંદરીને કહે છે :– "હે પુત્રી ! કોઈ બળવાન દુશ્મન રાજાના સૈન્યે આપણા નગરને ઘેરો ઘાલ્યો છે. આખું નગર અત્યારે ભયગ્રસ્ત બની ગયું છે. સર્વત્ર એક જ વાત ચાલે છે. દુશ્મન રાજાનું સૈન્ય ઘણું મોટું છે. આપણા ઉપર મહાન આપત્તિ આવી છે. નગરજનોનું શું થશે ? વળી હે પુત્રી ! તારો પ્રિયતમ પરદેશ ગયો છે. તેને ઘણા દિવસ વીતી ગયા છે. તેનો આવવાનો વાયદો પણ પૂરો થઈ ગયો છે. પણ હજુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલ નથી. આપણા નગરજનોનું શું થશે તેની ચિંતાથી હું બહુ દુઃખી છું."

તે વખતે મયણા કહે છે :-

મયણા રે બોલે મ કરો ખેદ, મ ધરો રે ભય મનમાં પરચક્રનો જી. "હે માતાજી! જરા પણ ખેદ ન કરશો. દુશ્મન રાજાનો ભય જરાપણ મનમાં ધારણ કરશો માં." કારણ કે -

નવપદ ધ્યાને રે પાપ પલાય, દુરિત ન ચારો છે ગ્રહ વક્રનો જી. નવપદના ધ્યાનના પ્રભાવથી સઘળાંએ પાપો બળીને ભસ્મ થઇ જાય છે. ગમે તેવા બળવાન દુશ્મનો હોય, તેની શક્તિ પણ નવપદની પાસે ક્ષીણ થઇ જાય છે.

વળી મયણાસુંદરી કહે છે : "મનુષ્યના માથે સાત પ્રકારના ભય નિરંતર ઝઝૂમી રહ્યા છે. દુશ્મનનો ભય, જંગલી પશુઓનો ભય, વ્યાધિનો ભય, મૃત્યુનો ભય, જેલખાનાનો ભય, આજીવિકાનો ભય, આબરૂનો ભય. આ સાતે પ્રકારના ભય આપણા સર્વના ઉપર રહેલા છે. પરંતુ આ સાતે પ્રકારના ભય-

જાય રે જપતાં નવપદ જાપ, લહે રે સંપત્તિ ઈહિ ભવ પર ભવે જી.

આ સાતે પ્રકારના ભય નવપદનો જાપ જપતાં એટલે કે પરમાત્મા હૃદય મંદિરમાં આવતાં જ તત્કાલ નાશ પામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે અને સંપત્તિઓ, સિદ્ધિઓ અને લક્ષ્મીઓ નવપદના આરાધકોની પાસે આવીને વસે છે.

મયણાસુંદરીનો કહેવાનો ભાવાર્થ એ છે કે, દુન્યવી મુશ્કેલીઓમાં મનુષ્યને હેરાન કરવાની જેટલી શક્તિ છે, તેના કરતાં અનંતગુણી શક્તિ પરમાત્માની ભક્તિમાં તે મુશ્કેલીઓ દૂર કરવાની છે. (શ્રીપાળ દરિયામાં પડે છે તે પ્રસંગે કરણોની અસર દ્વારા કર્મોમાં ફેરફાર થાય છે તે હકીકત વાચકે અહીં ફરીથી જોઇ લેવી.) પરમાત્મા મનમંદિરમાં આવતાં શુભ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તેથી અશુભ કર્મ શુભમાં સંક્રમણ થઈ જાય છે, અશુભનો સ્થિતિ અને રસ ઘટી જાય છે, શુભમાં સ્થિતિ અને રસ વધી જાય છે. વગેરે કારણોથી જિનભક્તિમાં અંતરાયને તોડવાની અદ્‌ભૂત શક્તિ છે. માટે માતાજી! જરાપણ ચિંતા ન કરશો.

જૈન મહાભારતનો એક પ્રસંગ આપણને અહીં ખૂબ ઉપયોગી છે.

પાંચ પાંડવો, દ્રૌપદી અને કુંતામાતાજીએ ઘણી ઘણી યાતના ભોગવી છે. દુઃખનો અંત હજુ પણ આવતો નથી. જંગલમાં રહેલાં છે તે વખતે એક વિદ્યાધર મુનિરાજ પધારે છે. કુંતામાતા મુનિરાજને પૂછે છે, “હવે દુઃખનો અંત ક્યારે આવશે? મારા પુત્રો અને દ્રૌપદીનું દુઃખ મારાથી હવે સહન થતું નથી.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજ કહે છે-"હવે પછીના આઠ દિવસ હજુ પણ ભયંકર દુઃખ તમારા ઉપર આવી રહ્યું છે."

કુંતામાતાના કહેવાથી તે મુનિરાજ દુઃખમાંથી છૂટવાનો ઉપાય બતાવે છે.

મુનિરાજે બતાવેલા ઉપાય મુજબ સાતે જણા આઠ દિવસના ઉપવાસ કરે છે અને પરમાત્મા અરિહંત દેવનાં સ્મરણ અને ધ્યાનમાં આઠ દિવસ લીન થઈ જાય છે.

બીજી તરફ દુર્યોધનની છાવણીમાં હવે દુર્યોધન ખૂબ અકળાઇ ગયો છે. બધા પ્રયત્નો અજમાવી જોયા, પણ પાંડવો દરેકમાંથી બચી જાય છે. હવે ગમે તે રીતે પાંડવોના માથાં નીચે પડવા જોઈએ. સર્વ ઉપાયો શોધે છે, સર્વને પૂછે છે. એક ઉપાય પાંડવોને મારી નાંખવાનો મળ્યો. એક રાક્ષસીને સાધવાની છે. તે રાક્ષસી પાડવોનું મૃત્યુ કરાવી શકશે. રાક્ષસીને સાધી પાંડવોના પ્રાણ લેવા માટે મોકલી છે, તે વખતે જ કુંતામાતાને વિદ્યાધર મુનિ મળે છે. અને આઠ દિવસના ઉપવાસ કરી પાંચ પાંડવો, દ્રૌપદી અને કુંતામાતા પરમાત્માના ધ્યાનમાં સ્થિર થઈ જાય છે. રાક્ષસી પ્રાણ લેવા આવી, પણ તપ અને ધ્યાનના પ્રભાવથી કાંઈ કરી શકતી નથી. થાકીને આઠમા દિવસે પાછી ચાલી ગઇ. અહીં નવમા દિવસે સવારે પારણા માટે તૈયારી કરી છે. તે સમયે વિદ્યાધર મુનિરાજ પધારે છે. તેમને વહોરાવે છે. દેવો પાંચ દીવ્યની વૃષ્ટિ કરે છે. મુનિરાજ કહે છે, "દુર્યોધને મોકલેલી રાક્ષસી તમારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણ લેવા આવી, પણ તમારા ધર્મના પ્રભાવથી તેનું કાંઇ ચાલ્યું નથી. હવે સંકટનો સમય તમારા માટે પૂરો થયો છે."

આ દૃષ્ટાંતથી આપણને સમજાશે કે, જિનભક્તિમાં અંતરાયને તોડવાની કેવી અજોડ શક્તિ છે!

Fear is the faith in evils. જગતના અનિષ્ટ પદાર્થોની શ્રદ્ધામાંથી ભયનું સર્જન થાય છે. કેટલાંક ગામનાં નામ એવા હોય છે–દા.ત. ગોઝારીયા, લાંઘણજ, સાયલા, મરોલી વગેરે એ ગામ કોઈ માણસ સવારે જતો હોય અને કોઈ પૂછે કે, કયા ગામ જાઓ છો? તો કહેશે કે, ભગતના ગામ જાઉં છું. સ્ટેશન ઉપર જાઉં છું. પણ તે ગામનું નામ કોઇ લેશે નહિ. કારણ કે તે ગામનું નામ લઇશું તો દિવસ ખરાબ જશે. મમ્મણ શેઠનું નામ લઇશું તો ખાવા નહિ મળે, તેમાં માણસને શ્રદ્ધા છે. મમ્મણ શેઠના નામમાં ખાવા ન મળે તેવી શક્તિ છે તો પ્રભુ મહાવીરના નામમાં કાંઈ શક્તિ છે કે નહિ? ગૌતમ ગણધરના નામમાં કાંઈ શક્તિ છે કે નહિ? આ બાબત આપણે કદી વિચારી નથી. 'પ્રભુ નામે આનંદ કંદ' 'ગૌતમ નામે નવે નિધાન' એ જીવનમાં અનુભવવાની વસ્તુ છે.

Where there is faith in God, Fear has no power.

આપણી શ્રદ્ધા જ્યારે પરમાત્મા, નવપદ, સિદ્ધચક્ર, આપણો આત્મા વગેરે ઉપર કેન્દ્રિત થાય છે તે વખતે સર્વ ભય તત્કાલ નાશ પામી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Where there is God, there is only Good.
જ્યાં પરમાત્મા હોય ત્યાં બધું સારૂં જ હોય છે.

Fear is nothing but lack of faith in God.
પરમાત્મામાં શ્રદ્ધાનો અભાવ એનું જ નામ ભય છે.

આખા નગરના લોકો દુશ્મનમાં કેટલી શક્તિ છે તેનો વિચાર કરતા હતા. તેથી તે ભયગ્રસ્ત બની ગયા છે. મયણા પરમાત્મામાં કેટલી અચિંત્ય શક્તિ છે તેનો વિચાર કરતી હતી. તેથી એક મયણા જ આખા નગરમાં નિર્ભય છે. જે વસ્તુનો માણસ નિરંતર પોતાના મનમાં વિચાર કરતો હોય છે તે વસ્તુ તેના જીવનમાં અવશ્ય ફળદાયી થાય છે. ખરાબ વિચારો કરે છે તેને ખરાબ રૂપે તે ફળે છે. સારા વિચારો કરે છે તેને સારા રૂપે ફળે છે. જે જિનેશ્વર ભગવંતના નિરંતર વિચારો કરે છે તેના જીવનમાં પરમાત્મા કલ્પવૃક્ષની જેમ ફળદાયી બને છે. તે માટે શ્રીપાળ અને મયણાનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપણે જોઈ રહ્યા છીએ.

મયણાએ કહ્યું, નવપદના પ્રભાવથી સર્વ ભયો નાશ પામી જાય છે, ત્યારે માતા પૂછે છે "પુત્રી! નવપદનો આવો અચિંત્ય પ્રભાવ છે, તેનું તારી પાસે પ્રમાણ શું છે?

ત્યારે મયણા કહે છે–

"બીજાં રે ખોજે કોણ પ્રમાણ,
અનુભવ જાગ્યો મુજને એ વાતનો જી;
હુઓ રે પૂજાનો અનુપમભાવ,
આજ રે સંધ્યાએ જગતાતનો જી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"માતાજી ! શાસ્ત્રમાં તો નવપદના પ્રભાવનું વર્ણન અનેક સ્થળોએ આવે છે. પરંતુ મને પોતાને જ એ વાતનો આજે અનુભવ થયો છે. આજ સંધ્યાકાળે હું ભગવાનના મંદિરમાં પૂજા કરવા ગઈ હતી. સંધ્યાકાળે પરમાત્માનાં આરતી મંગળ દીવો અને ધૂપ પૂજા કરતાં મારા હૃદયમાં એવા અદ્‌ભુત ભાવો ઉત્પન્ન થયાં કે જેના પ્રભાવથી આપણા સર્વ ભયો આજે જ નાશ પામી જવા જોઈએ."

માતા પૂછે છે, "હે મારી વહાલી પુત્રવધૂ ! તને પૂજામાં કેવો અનુપમ ભાવ આવ્યો ?" ત્યારે મયણા કહે છે–"આજે મને અમૃતક્રિયાનો પરિણામ મારા હૃદયમાં ઉત્પન્ન થયો છે." અમૃતક્રિયાના સાત લક્ષણો મયણા-સુંદરી અહીં બતાવે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે આ સાત લક્ષણો યુક્ત ભગવાનની પૂજા અગર ધર્મનું કાંઈપણ અનુષ્ઠાન જો થઇ જાય છે તો આજના કરેલા ધર્મના ફળ માટે આવતા ભવ સુધી નહીં પરંતુ આવતી કાલ સુધી પણ રાહ જોવાની જરૂર નથી. **"અમૃત-ક્રિયા સિદ્ધિરૂપ, તુર્ત ફળે છે-તિહાં નથી આંતરોજી." આજના કરેલા ધર્મનું ફળ આજે જ પ્રાપ્ત થાય છે.**

અમૃતક્રિયાના સાત લક્ષણો મયણાસુંદરી બતાવે છે. આપણે પણ પરમાત્માની ભક્તિ આવા અમૃતક્રિયાના લક્ષણો યુક્ત કરવાની છે. ધ્યાનપૂર્વક આ લક્ષણો આપણે સૌએ હૃદયમાં ધારણ કરવાના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ લક્ષણઃ- તદ્દગતચિત્ત. જે વખતે જે ક્રિયા ચાલતી હોય તેમાં મન, વચન, કાયાના યોગોની સ્થિરતા.

બીજું લક્ષણઃ- સમયવિધાન. સમય એટલે શાસ્ત્રમાં જિનેશ્વર ભગવંતોએ જે ક્રિયા જે વિધિ મુજબ જે સમયે કરવાની કહી છે તે ક્રિયા તે વિધિ મુજબ તે સમયે કરવામાં આવે તે સમયવિધાન.

ત્રીજું લક્ષણઃ- ભવનો ભય.

જન્માન્તરેડપિ તવ પાદયુગં ન દેવ !
મન્યે મયા મહિતમીહિત-દાનદક્ષમ્;
તેનેહ જન્મનિ મુનીશ ! પરાભવાનાં,
જાતો નિકેતનમહં મથિતા-શયાનામ્.

(કલ્યાણમંદિર સ્તોત્ર ગાથા ૩૬)

મનુષ્ય જ્યારે અણુચિંતવી મુશ્કેલીમાં ફસાઈ જાય છે ત્યારે તેના હૃદયમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. “મારા આશયોનું મથન કરી નાખે તેવી ઉપાધિઓથી હું શા માટે ઘેરાઇ રહ્યો છું ! મારા મર્મસ્થાનને ભેદી નાખે તેવાં દુઃખો શા માટે મને ઘેરી રહ્યાં છે ? હું ધારૂં છું કાંઇ અને એના કરતાં વિપરીત પ્રકારના બનાવો શા માટે મારા જીવનમાં બની રહ્યાં છે ?”

પૂજ્ય સિદ્ધસેનદિવાકરસુરીશ્વરજી મહારાજા આ પ્રશ્નોનો ઉકેલ કલ્યાણમંદિર સ્તોત્રમાં બતાવી રહ્યા છે. ‘જન્માંત-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રેડપિ તવપાદયુગં ન દેવ, મન્યે મયા મહિત મીહિત-દાનદક્ષમ્, હે સકલ મનવાંછિત પૂર્ણ કરવાને સમર્થ એવા જિનેશ્વર ભગવંત! હે કલ્પવૃક્ષ ચિંતામણિ અને કામધેનુ કરતાં પણ અધિક ફળદાતા પરમાત્મા! આપના ચરણકમળને પૂર્વજન્મમાં ભાવપૂર્વક કદી પણ મેં સેવ્યા નથી. નહીં તો આ ભવમાં મારી આવી હાલત કદી હોઈ શકે નહીં.

આકર્ણિતોડપિ મહિતોડપિ નિરીક્ષિતોડપિ,
નૂનં ન ચેતસિ મયા વિધૃતોડસિ ભક્ત્યા,
જાતોડસ્મિ તેન જનબાન્ધવ! દુઃખ-પાત્રં,
યસ્માત્ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ!

હે કરૂણાના સાગર, કૃપાના અવતાર, પરમાત્મા! પૂર્વજન્મમાં મેં આપને સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે, આપનું દર્શન પણ કર્યું છે. પરંતુ આપને ભાવપૂર્વક હૃદયમાં મેં કદી ધારણ કર્યા નથી. તેથી જ આ ભવમાં હું દુઃખનું ભાજન બન્યો છું. અને આ જન્મમાં પણ જો મેં આપને ભાવપૂર્વક હૃદયમાં ધારણ ન કર્યા તો ભવચક્રમાં મારો શોધ્યો ટુકડો પણ હાથ નહીં આવે. અનંતકાળ દુર્ગતિના ફેરા સિવાય મારી કોઈ ગતિ નથી. આ છે ભવનો ભય.

જેવી રીતે કાંટાથી કાંટાનું નિવારણ થાય છે, ઝેરથી ઝેરનો નાશ કરાય છે, તેવી રીતે ભયથી ભયનો નાશ થાય છે. સાત પ્રકારના ભયનું નિવારણ કરવા માટે મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરૂષોએ આઠમો ભય બતાવ્યો તે **ભવભ્રમણનો** ભય છે. સાત પ્રકારના ભય આપણી વર્તમાન નાનકડી જિંદગી સંબંધીના છે. આઠમો-ભવભ્રમણનો ભય અનંતકાળના આપણા ભાવી સંબંધનો છે. અનંતકાળના આપણા ભાવી સંબંધી વિચાર ઉત્પન્ન થતાં વર્તમાન જીવનની પાંચ-પચીસ વરસની નાનકડી જિંદગી સંબંધીના ભય આપણા મનમાંથી નીકળી જાય છે. **ભવભ્રમણનો ભય** તે અમૃત-ક્રિયાનું ત્રીજું લક્ષણ થયું.

ચોથું લક્ષણ છે **ભાવની વૃદ્ધિ.** ભવભ્રમણનો ભય ઉત્પન્ન થતાં જ ભવભ્રમણના ભયનું નિવારણ કરનારા એકમાત્ર અરિહંત પરમાત્મા જ છે. તે આપણું સર્વસ્વ બની જાય છે. પરમાત્માનું દર્શન. પૂજન, વંદન, સ્તવન, ધ્યાન અને આજ્ઞાપાલન કરતી વખતે ભાવોલ્લાસ વધી જાય તેને ભાવની વૃદ્ધિ કહેવાય છે. હે કરૂણાસાગર પરમાત્મા ! આપનું દર્શન, પૂજન, ધ્યાન કરતાં આજે હું આપની કરૂણાનો પાત્ર બન્યો, આજે મારાં સર્વ દુઃખ, દૌર્ભાગ્ય નાશ પામી ગયાં, આજે સર્વ ચિંતાઓ ચૂર્ણ થઈ ગઈ, આજે સર્વ ભય નાશ પામી ગયા, આજે સર્વ પાપો દૂર થઈ ગયાં, આજે મહાન મહોદયને હું પામ્યો, આજે મને સુખશાન્તિ અને આનંદનો અનુભવ થયો, આજે મારા સર્વ મનોરથ પૂર્ણ થઈ ગયા, આજે આત્માના પ્રદેશે પ્રદેશે અમૃત વડે હું છંટાયો, આજે મારા આત્માના ઇતિહાસની સુવર્ણમય પળ પ્રાપ્ત થઈ, આજે મને કલ્પ-વૃક્ષ કામધેનુ અને ચિંતામણિની પ્રાપ્તિ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે ક્ષણે ક્ષણે આત્મામાં ભાવોલ્લાસ વધતો જતો હોય, તે છે "ભાવની વૃદ્ધિ" રૂપ અમૃતક્રિયાનું ચોથું લક્ષણ.

પાંચમું લક્ષણ "વિસ્મય" એટલે આશ્ચર્ય.

આંધળા મનુષ્યને ચક્ષુની પ્રાપ્તિ થાય, દરિદ્રી માણસને ધનના પુંજની પ્રાપ્તિ થાય ત્યારે જેવું આશ્ચર્ય થાય તેવું આશ્ચર્ય પરમાત્માનાં દર્શન વખતે થાય તે અમૃતક્રિયાનું પાંચમું લક્ષણ છે.

છઠ્ઠું લક્ષણ પુલક એટલે રોમાંચ.

પરમાત્માના ગુણો, પરમાત્માની આપણને તારવાની અચિંત્ય શક્તિ, પરમાત્માનું સ્વરૂપ, તેનું ચિંતન કરતાં રોમરાજી વિકસ્વર થઈ જાય તે રોમાંચ અમૃતક્રિયાનું છઠ્ઠું લક્ષણ છે.

સાતમું લક્ષણ પ્રમોદ એટલે આનંદ.

પરમાત્માનું પૂજન ધ્યાન વગેરે કરતી વખતે આનંદથી હૃદય ભરાઈ જાય, જેવું પરમાત્માનું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ સત્તાએ આપણા પોતાના અંદર રહેલું છે તે આત્મ સ્વરૂપનો પરમાત્માનું દર્શન, વંદન, પૂજન, સ્તવન, ધ્યાન કરતી વખતે યત્કિંચિત અનુભવ થતાં જે આનંદ અનુભવાય છે, તે અમૃતક્રિયાનું સાતમું લક્ષણ છે.

અમૃતક્રિયાના સાત લક્ષણોયુક્ત પરમાત્માની પૂજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગર ધર્મનું કોઈ પણ અનુષ્ઠાન થઈ જાય છે, ત્યારે આજના કરેલા ધર્મનું ફળ આજે જ પ્રાપ્ત થાય છે.

ગમે તેવો ભયંકર રોગ થયો હોય પરંતુ ઔષધમાં જો અમૃત મળી જાય છે તો બીજા કોઈ ઔષધની જરૂર રહેતી નથી. તેમ ભવચક્રમાં એક જ વખત આવી અમૃત-ક્રિયા પ્રાપ્ત થઈ જાય છે તો મોક્ષે જવામાં કોઈ વસ્તુ આડે આવતી નથી.

મયણા કહે છેઃ-

એહવો રે પૂજામાં મુજ ભાવ,
આવ્યો રે ભાવ્યો ધ્યાન સોહામણો જી;
હજિય ન માયે મન આણંદ,
ખિણ ખિણ હોયે પુલક નિઃકારણોજી.

આજે પૂજામાં મને આવા પ્રકારનો ભાવ ઉત્પન્ન થયો. તે ભાવમાં સુંદર રીતે પરમાત્માનું ધ્યાન થયું તે પરમાત્માની પૂજા અને ધ્યાનનો આનંદ હજી પણ મારા હૃદયમાં ઊભરાય છે. સંધ્યાકાળે કરેલી પૂજાનો આનંદ હજી મધ્યરાત્રીએ પણ મારા હૃદયમાં ઊભરાઇ રહ્યો છે. ક્ષણે ક્ષણે અત્યારે પણ રોમાંચ થાય છે.

પરમાત્માની આરતી મંગળદીવો અને ધૂપની પૂજા, તથા તે પૂજા વખતની ભાવના, અને તે ભાવનામાં થયેલું ધ્યાન, અને તે ધ્યાનનો આનંદ....બધુંયે મયણાનું અલૌકિક છે, અદ્ભુત છે, આશ્ચર્યકારી છે. આ સાંભળીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણને પણ ભાવ થાય છે કે, આપણને આ જીવનમાં ક્યારે આવી અનુપમ પૂજા, ભાવના અને ધ્યાન પ્રાપ્ત થશે ?

બાકી તો સિદ્ધસેનદિવાકરસૂરીજી મહારાજા કહે છેઃ-

નિઃસંખ્ય સાર શરણં શરણં શરણ્ય-
માસાદ્ય સાદિતરિપુ પ્રથિતાવદાતમ્ ।
ત્વત્પાદપંકજમપિ પ્રણિધાનવંધ્યો,
વધ્યોઽસ્મિ ચેદ્ભુવનપાવન ! હા હતોઽસ્મિ ॥

કલ્યાણમંદિર ગાથા ૪૦

હે ત્રણ ભુવનને પવિત્ર કરનારા, અનંત શક્તિના ભંડાર, અશરણના શરણ અને અનાથના નાથ પરમાત્મા ! હે અચિંત્ય પ્રભાવશાળી પરમાત્મા ! આપણા ચરણકમળનું શરણ પામીને પણ જો હું આપના ધ્યાન વડે રહિત છું એટલે કે જો હું આપની શરણાગતિને પાત્ર બની આપનું ધ્યાન કરતો નથી અને જગતના પદાર્થોનું જ ધ્યાન કરું છું તો ખરેખર આ જન્મમાં હણાવા યોગ્ય જ છું. અર્થાત્ આપના ધ્યાન વિના આ વિષયો અને કષાયોરૂપી આંતરશત્રુઓ મને હણી નાખશે. માટે હે પ્રભુ !

ત્વં નાથ ! દુઃખીજનવત્સલ ! હે શરણ્ય !,
કારુણ્ય-પુણ્યવસતે ! વશિનાંવરેણ્ય !,
ભક્ત્યા નતે મયિ મહેશ ! દયાં વિધાય,
દુઃખાઙ્કુરોદ્દલનતત્પરતાં વિધેહિ.

કલ્યાણમંદિર ૩૯મી ગાથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે કરૂણાના મહાસાગર, કૃપાના અવતાર, દયાના સમુદ્ર, એક માત્ર શરણુ આપવાને સમર્થ પરમાત્મા ! હે કરૂણાના નિધાન પ્રભુ ! આપના ચરણમાં ભક્તિ વડે નમેલા એવા મારા ઉપર કરૂણા વરસાવી દુઃખના અંકુરા નાશ કરવા હે દયામય પ્રભુ ! તમે તત્પર બનો.

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ॥

હે પ્રભુ ! આજ પર્યંત મેં અનંતનું શરણુ સ્વીકાર્યું પરંતુ મને શરણુ આપવાને કોઈ સમર્થ બની શક્યું નથી. આપના સિવાય મને બીજા કોઈનું પણ શરણુ નથી. તમે એક જ મને શરણુ આપવાને સમર્થ છો. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક આપના કરૂણારસનું પાન (સ્નાન) કરાવી પ્રભુ તમે મારૂં રક્ષણ કરો ! રક્ષણ કરો ! રાત અને દિવસ આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનથી પીડાઈ રહ્યો છું. ભય. શોક અને ચિંતાની લાગણીથી સદા વ્યગ્ર રહું છું. રાત અને દિવસ જગતના પદાર્થોનું ધ્યાન કરીને પીડાઇ રહ્યો છું. તો હે પ્રભુ ! દયા લાવીને આપની કરૂણા વરસાવી દુઃખનું મૂળ કારણ આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન શાન્ત થાય તેવું કરો. ચિંતા અને અશાંતિથી મને મુક્ત કરો. સુખ શાન્તિ અને આનંદનો અનુભવ કરાવો.....................

સુખ શાન્તિ અને આનંદની પ્રક્રિયા કરતાં પહેલાં પ્રાર્થના:-

(૧) દયા સિન્ધુ, દયા સિન્ધુ, દયા કરજે, દયા કરજે,
હવે આ જંજીરોમાંથી, મને જલદી છૂટો કરજે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા,
વરસાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે.

(૨) તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે જાણી હું આવ્યો છું દીન-દયાળ જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો.

સુખ શાન્તિ અને આનંદનો અનુભવ કરવા માટે પ્રક્રિયા આ પ્રમાણે—

હવે આપણે આંખો બંધ કરી દઈએ.

આપણી સામે આપણને પરમાત્મા દેખાય છે.

આપણી સમક્ષ બિરાજમાન કરુણામય પ્રભુનું આપણે દર્શન કરી રહ્યા છીએ........................................

પરમાત્મા કરૂણા સ્વરૂપ છે.

તેમના નેત્રમાંથી સફેદ દૂધ જેવી કરુણાની ધારા વહી રહી છે................................................

પ્રભુના નેત્રમાંથી વરસતી કરુણાની ધારા આપણા ઉપર પડી રહી છે...........................................

આપણા મસ્તકના મધ્યભાગ (બ્રહ્મરંધ્ર) ઉપર પ્રભુની કરુણારસની સફેદ દૂધ જેવી ધારા વરસી રહી છે.........

આપણા મસ્તકના મધ્યભાગમાંથી કરુણાની ધારા આપણા શરીરમાં પડી રહી છે..........................

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણું હૃદય જે આજ સુધી ઊંધું હતું તે કમળ જેવું સીધું બન્યું છે. (receptive attitude)

પરમાત્મામાંથી દિવ્ય કરુણાની ધારા આપણા કમળ જેવા હૃદયમાં પડે છે અને હૃદય કરુણાથી ભરાઈ રહ્યું છે..........(આવું અનુભવવું)

હૃદય ભરાઇને ઉભરાઈ રહ્યુ છે.....................

પ્રભુની કરુણા હૃદયમાં ભરાઈને ઊભરાઈ રહી છે. અને આપણા શરીરમાં ફેલાય છે......................

આપણું શરીર પ્રભુની મહાકરુણાથી ભરાઈ ગયું........

આપણા લોહીના અણુએ અણુમાં પરમાત્માની મહા કરૂણા વ્યાપ્ત બની ગઈ..................................

આપણા આત્માના પ્રદેશે પ્રદેશે પ્રભુની મહાકરુણા વ્યાપક બની ગઈ...........................................

(અંતરંગમાં આવો ભાવ કરવો.)

પરમાત્માની કરુણામાં અચિંત્ય શક્તિ છે. સર્વ દુઃખ નિવારણ કરવાની, સર્વ શોક, ભય, ચિંતામાંથી મુક્ત કરવાની શક્તિ પરમાત્માની આ મહાકરુણામાં છે. સર્વ-સુખ, શાંતિ, આનંદ અને નિર્ભયતાનો અનુભવ કરાવવાની શક્તિ પરમાત્માની કરુણામાં છે. પરમાત્માની કરુણા-શક્તિને આપણે સંપૂર્ણ આધીન બની જઈએ છીએ. પરમાત્માની સંપૂર્ણ અને બિનશરતી શરણાગતિ (complete unconditional surrender.) સ્વીકારીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોરશોરથી વરસે છે ભગવાનની કરુણા...............

આપણે તેમાં સ્નાન કરીએ છીએ..................

પરમાત્માની કરુણા આપણા આંતરમન સુધી સ્પર્શે છે.

પરમાત્માની કરુણા આપણા હૃદયમાં ઊંડાણ સુધી સ્પર્શે છે.

પરમાત્માની કરુણાના દિવ્ય પ્રભાવે—

મને કોઈ દુઃખ નથી, મારાં સર્વ દુઃખ નાશ પામી ગયાં......................................................................

મને કોઈ ચિંતા નથી, ચિંતા નાશ પામી ગઈ છે.........................................................................

મને કોઇ શોક નથી..............................

મને કોઈ ભય નથી. હું ભયથી મુક્ત બન્યો છું.

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન શાન્ત થઈ ગયાં.

મને કોઈ અશાન્તિ નથી.......(આવું સંવેદન કરવું.)

પરમાત્માની કરુણામાં સ્નાન કરવાથી મારાં સઘળાં શોક, દુઃખ, ભય, ચિંતા નાશ પામી ગયાં છે........(આવું સંવેદન કરવું.)

જોરથી વરસે છે ભગવાનની કરુણા...................

તેમાં હું સ્નાન કરી રહ્યો છું.....................

**તેના પ્રભાવે હું સુખથી ભરાઈ રહ્યો છું. મને સુખનો અનુભવ થઈ રહ્યો છે.............................................**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આનંદ–આનંદ–આનંદથી પૂર્ણ ભરાઇ રહ્યો છું. મને આનંદનો અનુભવ થાય છે.........................................**

હું નિર્ભય બની ગયો છું.........................................

શાંતિ–શાંતિ–શાંતિનો અનુભવ થાય છે...............

હું સુખ, શાંતિ, આનંદ અને નિર્ભયતાથી પૂર્ણ ભરાઈ ગયો છું...........(આવું અનુભવવું.)

પરમાત્માની કરુણાના પ્રભાવે મારાં સર્વ શોક, દુઃખ, ભય, ચિંતા નાશ પામી ગયાં છે. હું સુખ, શાંતિ આનંદ અને નિર્ભયતામાં બેઠો છું.............................

હું જ્યાં પણ હોઇશ, જ્યારે પણ હોઈશ ત્યાં સર્વત્ર ભગવાનની કરુણા વરસી રહી છે. તેમાં હું નિરંતર સ્નાન કરતો રહીશ. તેના પ્રભાવે દુઃખ, ભય, ચિંતા, અશાંતિ આદિ હવેથી મને સ્પર્શી પણ ન શકે. હું સદા સર્વદા સુખ, શાંતિ, આનંદ અને નિર્ભયતામાં જ રહીશ.........

જોરથી વરસે છે ભગવાનની કરુણા. તેમાં આપણે સ્નાન કરીએ છીએ................................................

કરુણા દૃષ્ટિ કીધી રે, સેવક ઉપરે,
ભવભય ભાવઠ લાગી ભક્તિ પ્રસંગ જો;
મન વાંછિત ફળિયા રે, તુજ આલંબને,
કર જોડીને સેવક કહે મન રંગજો.

**કરુણાસાગર પ્રભુ! આજે હું ધન્ય બન્યો, કૃત-પુણ્ય બન્યો, આજ આપની કરૂણાનો પાત્ર બન્યો. પ્રભુનું**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન કરી આનંદથી હૈયું નાચી રહ્યું છે. (તેવું અનુભવવું)

હે કરુણાનિધાન પ્રભુ ! આપે મારા ઉપર કરુણા વરસાવી શોક, દુઃખ, ભય, ચિંતામાંથી મને મુક્ત કર્યો. સુખ, શાંતિ, આનંદ, નિર્ભયતાનો અનુભવ કરાવ્યો. હવે મારી એક જ અરજ છે -

વાલેશ્વર સુણો વિનતી, તું મુજ પ્રાણ આધાર;
તુજ વિણ હું ન રહી શકું, જેમ બાળક વિણ માત રે.
(પૂ. ઉ. યશોવિજયજી કૃત વીર પ્રભુનું સ્તવન)

હે કરુણાનિધાન પ્રભુ ! હૃદય મંદિરીયે પધારો. તમે મારા પ્રાણ, ત્રાણ, શરણ આધાર છો. જેમ બાળક મા વગર રહી ન શકે તેમ પ્રભુ ! એક ક્ષણ પણ તમારા વગર રહી ન શકું તેવી મારી સ્થિતિ છે.

હવે મુજ મંદિરમાં પ્રભુ આવી વસો રે, પામું પામું પરમાનંદ રે
પ્રભુ ! પધારો પધારો અને સેવકને પરમાનંદથી ભરી દો.

અરજી સુણી મન આવીયા રે, વીર જીણંદ દયાળ રે;
રમજો મુજ મન મંદિરે રે, પ્રભુ પ્રેમ ધરી નિશદિન રે.

પરમાત્મા હૃદય-મંદિરમાં પધારે છે............(આવું દશ્ય આપણે જોઇ રહ્યાં છીએ.)

હૃદય-મંદિરમાં પરમાત્મા બિરાજમાન થાય છે....

જે દિશામાં આપણું મુખ છે તે દિશામાં પરમાત્માનું મુખ છે............

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયમાં બિરાજમાન પરમાત્માનું આપણે ધ્યાન કરીએ છીએ............................................................

૧. પરમાત્મા પ્રેમ અને કરુણાના ભંડાર છે. તેમનામાંથી પ્રેમ અને કરુણાના ફુવારા ઊડી આપણી અંદર ફેલાય છે...................................................

આપણે પ્રેમથી ભરાઇએ છીએ.....................

આપણે પ્રેમ સ્વરૂપ બનીએ છીએ......(આવું સંવેદન અને અનુભવ આપણને થઈ રહ્યો છે.)

૨. પરમાત્મા આનંદના ભંડાર છે........................

પરમાત્મામાંથી આનંદના ફુવારા ઊડે છે...........

આપણી અંદર ફેલાય છે................................

આપણે આનંદથી ભરાઈ જઇએ છીએ...............

આપણે આનંદ સ્વરુપ બનીએ છીએ.........(આવું આપણે અનુભવી રહ્યાં છીએ.)

૩. પરમાત્મા અનંત સુખના નિધાન છે................

પરમાત્મામાંથી સુખના ભાવો નીકળી આપણી અંદર ફેલાય છે..................................................

આપણે સુખથી પૂર્ણ ભરાઇએ છીએ.................

આપણે સુખ સ્વરૂપ બનીએ છીએ....................

(આવો અનુભવ આપણને થઇ રહ્યો છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. પરમાત્મા શક્તિના ભંડાર છે. (અનંત વીર્ય તે શક્તિ છે.)..........................................

પરમાત્મામાંથી શક્તિનો પ્રકાશ નીકળી આપણી અંદર ફેલાય છે..........................................

આપણે શક્તિ સ્વરૂપ બનીએ છીએ..................
(આવું સંવેદન આપણને થાય છે.)

૫. પરમાત્મા કેવળજ્ઞાન આદિ ગુણ સમૃદ્ધિના ભંડાર છે.

પરમાત્મામાંથી ગુણ સમૃદ્ધિના ફુવારા ઊડે છે અને આપણી અંદર ફેલાય છે..........................................

આપણે સમૃદ્ધિથી ભરાઈએ છીએ..................

આપણે સમૃદ્ધિવાન બનીએ છીએ..................

હૃદયમાં બિરાજમાન પ્રભુના અનુગ્રહથી આપણે પ્રેમ આનંદ, સુખ, શક્તિ અને ગુણ સમૃદ્ધિથી પૂર્ણ ભરાઈ ગયા તેવા સંકલ્પપૂર્વક અનુભવ થઈ રહ્યો છે...............

હૃદયમાં બિરાજમાન પરમાત્માનું આપણે ધ્યાન ધરીએ છીએ........પછી આપણે પ્રભુને વિનંતિ કરીએ છીએ—પ્રભુ ! મારી સાથે એકરૂપ થઈ પ્રસન્ન થાઓ. હૃદયમાં બિરાજમાન પરમાત્મા ધીમે ધીમે મોટું રૂપ ધારણ કરે છે..........................................

આપણા દેહ પ્રમાણ બની જાય છે..................

પરમાત્માના અસંખ્ય આત્મપ્રદેશો આપણા આત્માના અસંખ્ય પ્રદેશો સાથે એકરૂપ થાય છે...............

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માનો પ્રત્યેક આત્મપ્રદેશ અનંત સુખ અને અનંત ગુણથી પૂર્ણ છે............................................

આવો એક એક અનંત ગુણ અને સુખથી પૂર્ણ પરમાત્માનો આત્મપ્રદેશ આપણા એક એક આત્મપ્રદેશ સાથે મળતાં આપણે દિવ્ય સ્વરૂપ બની જઈએ છીએ....

આપણે પૂર્ણતાનો અનુભવ કરીએ છીએ.... .... ....

આપણે પૂર્ણ સ્વરૂપમાં સ્થિર બનીએ છીએ.... ....

(જેટલો સમય સ્થિર રહી શકાય ત્યાં સુધી સ્થિર રહી આનંદ અનુભવીએ છીએ.)

પરમાત્માની દિવ્યશક્તિ મારા લોહીના કણે-કણે કાર્યશીલ બની ગઈ છે............................................

અંતમાં પરમાત્મા હૃદયમાં બિરાજેલા છે તેનું દર્શન કરીએ છીએ............................................

હૃદયમાં બિરાજેલા પરમાત્માને નિરંતર હૃદયમાં ધારણ કરીશ............................................

ધ્યાન પૂરું થાય તે સમયની પ્રાર્થના—

દાદા તારી મુખમુદ્રાને, અમીય નજરે નિહાળી રહ્યો,  
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;  
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,  
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો.  
મુજ નેત્ર રૂપ ચકોરને તું, ચંદ્ર રૂપે સાંપડ્યો,  
તેથી જિનેશ્વર આજ હું, આનંદ ઉદધિમાં પડ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ભાગ્યશાળી હાથમાં, ચિંતામણિ આવી પડે,
કંઈ વસ્તુ એવી વિશ્વમાં, જે તેહને નવ સાંપડે ?
કલ્પવૃક્ષ અને ચિંતામણિ સમા પ્રભુ આજે મળ્યા,
હૃદય મંદિરીએ પ્રભુ પધાર્યા.

રમજો મુજ મનમંદિરે રે, પ્રભુ પ્રેમ ધરી નિશદિન રે.

હૃદયમંદિરમાં પધારી પ્રભુએ પ્રેમપૂર્વક આપણી અંદર તેમની શક્તિઓનું આપણને દાન આપ્યું. (આપણી ભૂલાઈ ગયેલી શક્તિઓનું સ્મરણ કરાવ્યું.) અને

ક્ષીર નીર પેરે તુમશું મલશું, વાચક યશ કહે હેજે હળશું.

આવો એકમેક રૂપે મળવાનો અનુભવ કરાવ્યો. પ્રભુ ! હવે નિરંતર મારા હૃદય મંદિરમાં બિરાજમાન રહેજે.

મયણાની પૂજા, મયણાના હૃદયના ભાવો અને ધ્યાનની અલૌકિકતાની ભાવના કરતાં કરતાં આપણે જ ભગવાનની ભાવના અને ધ્યાનમાં પહોંચી ગયાં..........

બહુ સારૂં થયું. નિરંતર આર્ત્ત–રૌદ્ર ધ્યાનથી પીડાઈ રહેલાં આપણને પણ કરૂણાસિન્ધુ પરમાત્માએ માર્ગ બતાવ્યો. હવે દરરોજ પૂજા કરીને અગર યોગ્ય અનુકૂળ સમયે અને સ્થળે આપણે પણ નિત્ય પ્રભુની કરૂણામાં આ પ્રમાણે સ્નાન કરીશું. અને તે દ્વારા આપણાં ભય, શોક, ચિંતા, અશાંતિ, ટેન્શનમાંથી મુક્ત બનીશું. અને પ્રભુની કરૂણા આપણા આંતરમનને સ્પર્શ થતાં આપણે નિત્ય સુખ, શાંતિ, આનંદ અને નિર્ભયતાનો અનુભવ કરીશું. હવે દરરોજ નિયમિત આ રીતે પ્રભુનું ધ્યાન અને ભાવના કરીશું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીપાળ મહારાજામાં પરમાત્માની શક્તિઓ કેવી રીતે કાર્યશીલ થતી હતી તેની વાનગી આપણે પણ દરરોજ નિયમિત ચાખીશું. પ્રભુને આપણા હૃદય મંદિરમાં પધારવા વિનંતિ કરીશું અને હૃદયમાં પધારેલા પરમાત્મા પ્રેમ, આનંદ, સુખ, શક્તિ, ગુણ, સમૃદ્ધિથી આપણને પૂર્ણ ભરી દેશે. પરમાત્માની અનંત ગુણશક્તિઓને આપણા જીવનમાં કાર્યશીલ થતી આપણે ઉપર મુજબ પ્રક્રિયા દ્વારા નિત્ય અનુભવીશું અને સામાન્ય મનુષ્યમાંથી આપણે પણ મહા-માનવ બનીશું. અને ક્ષીર નીરની જેમ પ્રભુ સાથે એક-મેક મળી જઈને આનંદનો અનુભવ કરીશું.

"ક્ષીર નીર પેરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હળશું."

આવું આપણે પ્રભુના સ્તવનમાં ગાઈએ છીએ. તેનો પ્રત્યક્ષ અનુભવ ઉપર મુજબની આરાધનાની પ્રક્રિયા દ્વારા આપણે દરરોજ કરીશું.

ધન્ય છે શ્રીપાલને, ધન્ય છે મયણાને કે જે મુનિ-સુવ્રતસ્વામીના વખતમાં થઈ ગયાં, પરંતુ હજી તેમના અદ્ભુત જીવન પ્રસંગો આપણા હૃદયને સ્પર્શે છે. ધન્ય છે ગૌતમ ગણધર ભગવાનને કે જેમણે શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત નવપદનું ધ્યાન કેવી રીતે કરવું તે વિષયમાં પર્ષદાની સમક્ષ કહ્યું કે જે આજે પણ આપણને દિવ્ય પ્રેરણા આપે છે. ધન્ય છે શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાને કે જેમણે "સિરિ સિરિવાલ કહા" નામનો ગ્રંથ રચ્યો. અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય છે મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજાને અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાને કે જેમણે આપણા જેવા બાળજીવો માટે ગુજરાતી ભાષામાં શ્રીપાલનો રાસ રચ્યો. જે રાસ આજે પણ આપણું સમ્યગ્દર્શન નિર્મળ કરે છે, આજે પણ આપણું ધ્યાન અરિહંત પ્રભુમાં કેન્દ્રિત કરાવે છે. અને ધન્ય છે અધ્યાત્મયોગી પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજાને જેમણે શ્રીપાલના રાસના રહસ્યો ખુલ્લાં કરીને આપણને માર્ગદર્શન આપ્યું છે કે—

*મયણાને પૂજામાં આવેલો ભાવ અને શ્રીપાલને ભીડ વખતે થયેલું નવપદનું ધ્યાન આપણને પણ સ્પર્શવું જોઇએ.

શ્રીપાલની જેમ દિનપ્રતિદિન વધુ તન્મયતા શ્રી નવપદજીના ધ્યાનમાં પ્રાપ્ત થાય તે માટે સદા ઉત્સાહિત બનવું જોઈએ. અને તન. મન, ધનની જે કાંઈ શક્તિઓ પ્રાપ્ત થાય તેના પ્રત્યે અહં મમત્વ ઉઠાવી લઈને શ્રી નવપદના શરણે રહેવું જોઈએ.

વિશ્વમાં શ્રી નવપદની ભક્તિનો નિષ્કામપણે પ્રચાર થાય એ માટે મલતી બધી તકોને સાર્થક કરી કૃતાર્થ થવું જોઈએ.

જગતના જીવો શ્રી નવપદજીના સાચા આરાધક બને એવી આપણી ભાવનાને ફળીભૂત કરવા માટે અને આપણા જીવનમાં શ્રી નવપદજીની સાચી ભક્તિનું પ્રત્યક્ષ

* પૂ. પં. ભદ્રંકરવિજયજીએ બાબુભાઈ કડીવાળા ઉપર લખેલા પત્રમાંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટાંત પૂરૂં પાડવા માટે શ્રીપાલનો સમગ્ર રાસ આપણું જીવન બનવું જોઇએ.

શ્રી નવકાર અને નવપદની આરાધનાને સંસારમાં સારભૂત માનીને સર્વ (જીવો)ના શુભના સંકલ્પપૂર્વક જેઓ આરાધે છે તેઓ નિકટભવી બનીને સર્વ અશુભના પારને પામે છે એમાં સંશય નથી.

શ્રી નવપદજી તથા અર્હં-પરમાત્માના ધ્યાન વખતે સદા સર્વદા વિશ્વના જીવોની સાથે અભેદ અનુભવવાનો અભ્યાસ પાડવો જોઈએ. અને તે દ્વારા ઈર્ષા, અસૂયા આદિ ભાવમળોનો સર્વથા નાશ શિઘ્રપણે થાય તેવી ભાવના કરવી જોઈએ. શ્રી નવપદજીના ભક્તો સાથે વિશેષ પ્રીતિ, ભક્તિ આદિ ભાવો કેળવવા જોઈએ.

ધર્મ મહાસત્તાના ગુપ્ત સંકેતથી નવકાર અને નવપદના સાચા ભાવથી આરાધક બનવા અને બનાવવાના સંયોગો ગોઠવાતા જાય છે અને અધિકારી (યોગ્ય) આત્માને તેના હથિયાર બનાવીને ધર્મ મહાસત્તા પોતાનું નિયત કાર્ય સદા આગળ ધપાવે છે. ધર્મ મહાસત્તાના નમ્ર સેવક બનવાનું બળ અને સત્ત્વ તે લઘુકર્મી આત્માઓમાં જ પ્રગટી શકે છે. શ્રીપાલ મહારાજાના રાસના ચતુર્થ-ખંડની તાત્ત્વિક ઢાળોનું સુંદર રીતે પરિશીલન થવાથી જરૂરી નમ્રતા અને ભક્તિ આપોઆપ પ્રગટે છે. શ્રીપાલ-રાજાના રાસના છેલ્લા કળશની ઢાળમાં આપેલો અનુભવ અને તેનો મહિમા ખૂબ ખૂબ પરિશીલન કરવા જેવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનસંઘ સમ્યકૃત્વપ્રધાન હોવાથી તેને ઝીલવા હંમેશાં તત્પર છે, ઝીલાવનાર જોઈએ. પૂર્વપુરુષોના પંથે શ્રી જિન-શાસનની સેવા અને આરાધના માટે ચાલવું એ આપણા સૌનું કર્તવ્ય છે.

જાતિ, કુલ, બળ, બુદ્ધિ, શ્રુત અને સૌભાગ્યશાળીના મદથી રહિત બનીને શ્રી સિદ્ધચક્ર ભગવંતની ત્રિભુવનવિજયી આરાધના માટે જેઓ તૈયાર થાય છે, તેઓને શાસન-દેવદેવીઓ સદા સહાય કરે છે. "સિદ્ધચક્રને ભજીએ રે, ભવિજન ભાવ ધરી; મદ માનને તજીએ રે, કુમતિ દૂર કરી. સિદ્ધચક્રના ધ્યાને રે, સંકટ ભય ન આવે; કહે ગૌતમ વાણી રે અમૃત પદ પાવે." ઉપરના સ્તવનના ભાવ ખૂબ વિચારવા જેવા છે.

શ્રી નવપદજી મહારાજાની સાથે અનંતકાળ સુધી ચાલે તેવો અતૂટ સંબંધ બાંધવા માટે આ માનવભવમાં ઉત્તમોત્તમ તક મળી છે એમ માનીને ભક્તિભર હૃદયથી આરાધના કરવા અને બીજાઓને જોડવા માટે ઉલ્લસિત થવું જોઈએ. બીજાઓને આરાધનામાં જોડવા એ પુણ્યાનુ-બંધી પુણ્ય કમાવવા માટે રત્નના વ્યાપાર તુલ્ય અમૂલ્ય વ્યાપાર છે. નવપદની આરાધના શાશ્વત ગુણરત્નોને કમા-વવાનું અપૂર્વ અનુષ્ઠાન છે. નવપદમાં આપણો આત્મા અને આપણા આત્મામાં નવપદો રહેલાં છે એવો નિશ્ચય શ્રીપા-લની જેમ આપણને પણ થાય એવું ધ્યેય રાખવું જોઈએ.

અરિહંતાદિ પદોના આલંબને આપણો ઉપયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંતાદિ સ્વરૂપ થાય છે. અને એ સ્વરૂપની સાથે આપણી એકતાનું જ્ઞાન જેમ જેમ સ્થિર થતું જાય છે તેમ તેમ મુક્તિ માટેની યોગ્યતા વધતી જાય છે. એ માટે ચૈતન્ય અંશથી સર્વ જીવ સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખવો જોઈએ.

**ધન્ય છે આવા મહાપુરૂષને! જેમણે નવપદનું ધ્યાન પોતે સિદ્ધ કરીને આપણને પણ તે માટે પ્રેરણા આપી. આપણું જીવન નવપદની આરાધનામાં સ્થિર બને તેવો આપણને માર્ગ બતાવ્યો.**

મયણા પોતાની સાસુ કમળપ્રભાને કહે છે: "હે માતાજી! હે મારા વહાલાં સાસુજી! આજે સંધ્યાકાળે પરમાત્માની પૂજા કરતી વખતે મારા હૃદયમાં આવા અમૃતક્રિયાના ભાવો આવ્યા અને તે ભાવોમાં મેં પરમાત્માનું ધ્યાન કર્યું અને તે ધ્યાનમાં અદ્ભુત આનંદ અનુભવ્યો. તે સંધ્યાકાળની પૂજાનો આનંદ હજી પણ મારા હૃદયમાં ઊભરાય છે. વિના કારણ ક્ષણ ક્ષણ રોમાંચ થાય છે. વળી આ અમૃતક્રિયા તુરત જ ફળવાવાળી છે. તેના ફળમાં આજ અને કાલ જેટલું પણ અંતર નથી.

બીજું રે અમૃતક્રિયા સિદ્ધિરૂપ,
તુરત ફળે તિહાં નહિ આંતરોજી;
ફુરકે રે વામ નયન ઉરોજ,
આજ મિલે છે વાલિંભ માહરોજી.

વળી મારું ડાબું નેત્ર અને ડાબું અંગ પણ ફરકે છે. તેથી હે માતાજી! તમે ધ્યાન દઈને સાંભળો. મારા પ્રિયતમ હમણાં જ અહીં પધારશે.

(શ્રીપાલ મહારાજાએ જ નગરને ઘેરો ઘાલ્યો છે. રાત્રે નગરની બહાર છાવણીમાં રહેલા શ્રીપાલના મનમાં વિચાર આવે છે કે નગરના દરવાજા રાજાએ બંધ કર્યા છે. તે ખૂલતાં તો ઘણા દિવસ નીકળી જશે. માતાજી અને મયણાને મળવાની ઇચ્છા છે. તેથી વિમલેશ્વર દેવે આપેલા હારના પ્રભાવથી શ્રીપાલ જે સ્થળે માતાજી અને મયણા રહે છે ત્યાં આવ્યા અને ઘરના બંધ દરવાજાની પાસે ઊભા રહે છે. ત્યાં અંદર ચાલતો વાર્તાલાપ સાંભળે છે. સાસુ–વહુનો વાર્તાલાપ સાંભળી શ્રીપાલ રોમાંચિત થઈ જાય છે. મયણાના હૃદયમાં રહેલી પરમાત્મભક્તિ, મયણાની શ્રદ્ધા, મયણાના સમ્યગ્દર્શનની નિર્મળતા, સાસુ પ્રત્યેનો વિનય અને સ્નેહભાવ જોઈ શ્રીપાલ આનંદવિભોર બની ગયા છે. પોતાની ગેરહાજરીમાં પણ ઘરમાં નવપદના જ ગુણો ગવાય છે.)

મયણાએ કહ્યું કે, "મારા પ્રિયતમ હમણાં જ પધારવા જોઇએ" ત્યારે સાસુ કમળપ્રભા કહે છે –

કમળપ્રભા કહે વત્સ સાચ,
તાહરી જીભે અમૃત વસે સદાજી.
તાહરૂં રે વચન હોશે સુપ્રમાણ,
ત્રિવિધ પ્રત્યય છે તેં સાધ્યો મુદાજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હે વત્સ! હે મારી વહાલી પુત્રવધૂ! તું જ્યારથી મારા ઘરમાં આવી છે ત્યારથી નિરંતર તારા મુખમાંથી અમૃત ઝરી રહ્યું છે. જ્યારે પણ તું કાંઇ બોલે છે ત્યારે સૌને આનંદ આપનારી બને છે. હે પુત્રી! તું જ્યારે લગ્ન કરીને આવી તે વખતે તારો પતિ કોઢના રોગથી ગ્રસ્ત હતો. તે શ્રીપાલને તેં નવપદની આરાધનામાં જોડયો. નવ-પદના પ્રભાવથી શ્રીપાલની આબરૂ સર્વત્ર વિસ્તૃત બની, તેમાં મુખ્ય નિમિત્ત કારણ હે પુત્રી! તું છે. તું મારા ઘરની પરમ લક્ષ્મી છે. તેં આજે મન વચન અને કાયાના યોગો પૂર્વક ત્રિવિધે ત્રિવિધે પરમાત્માની ભક્તિ કરી છે. તારૂં વચન જરૂર પ્રમાણ થશે. તારો પ્રિયતમ તને હમણાં જ પ્રાપ્ત થશે.

કરવા રે વચન પ્રિયાનું સાચ,  
કહે રે શ્રીપાલ તે બાર ઉઘાડિયેજી.

જાણે પોતાની પ્રિયતમાનું વચન સત્ય કરવા માટે ન હોય! તે રીતે બારણાની બહાર ઊભા રહીને સાસુ-વહુનો વાર્તાલાપ સાંભળી આનંદિત બનેલા શ્રીપાલ કહે છે: "બારણું ખોલો"

"કમળપ્રભા કહે, એ સૂતની વાણી,  
મયણા કહે, જિનમત ન મુધા હુયેજી"

તે વખતે અંદર કમળપ્રભા કહે છે: "આ તો મારા પુત્રનો અવાજ છે. અત્યારે મધ્યરાત્રીએ તે કયાંથી આવ્યો? તે તો પરદેશ ગયેલો હતો." મયણા કહે છે: "માતાજી!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માનું દર્શન કદી પણ નિષ્ફળ જતું નથી! આજે સંધ્યાકાળે જ પરમાત્માની ભક્તિ કરતાં મારા હૃદયમાં ભાવ આવેલો તેથી મને ખાત્રી હતી કે આજે મારા પ્રિયતમ જરૂર પધારશે.

( મયણાની ભક્તિના પ્રભાવે જ રાત્રે શ્રીપાલના મનમાં માતા અને મયણાને મળવા જવાનો વિચાર આવેલો. )

મયણા બારણું ખોલે છે. શ્રીપાલ અંદર આવી માતાના ચરણમાં નમસ્કાર કરે છે. માતા આશીર્વાદ આપે છે. મયણા વિશેષ વિનય વડે પતિને પ્રણામ કરે છે. શ્રીપાલ મનોહર પ્રેમભર્યા વચન વડે મયણાને બોલાવે છે.

ઉઘડીયાં બાર નમે શ્રીપાલ,
જનનીનાં ચરણસરોજ સુહંકરૂજી;
પ્રણમી રે દયિતા વિનય વિશેષ,
બોલાવે તેહને પ્રેમ મનોહરૂજી.

ટૂંકમાં હકીકત કહીને શ્રીપાલે માતાને ખભા ઉપર બેસાડી, અને મયણાને સ્નેહપૂર્વક પોતાના હાથ ઉપર બેસાડી, હારના પ્રભાવથી આકાશમાર્ગે છાવણીના આવાસમાં પહોંચે છે.

છાવણીમાં પહોંચીને માતાને સિંહાસન ઉપર બેસાડે છે અને માતાને પ્રેમપૂર્વક કહે છે: " માતાજી! આ નવપદનો પ્રભાવ જુઓ. નવપદના પ્રભાવથી આ સઘળું પ્રાપ્ત થયું છે."

" વહુરો રે આઠે લાગી પાય,
સાસુને પ્રથમ પ્રિયા મયણા તણે જી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહની રે શીશ ચઢાવી આશિષ,
મયણા રે આગે વાત સકલ ભણે જી.

તે વખતે આઠે પુત્રવધૂઓ પ્રથમ સાસુજીને ચરણે પડી અને પછી પોતાની મોટી બહેન મયણાસુંદરીને પ્રણામ કર્યા અને આઠે પુત્રવધૂઓએ શુભ આશીર્વાદ મેળવ્યા.

પછી તે આઠે રાજકન્યાઓએ માતા અને મયણાની આગળ દેશાન્તરની બનેલી બધી હકીકત કહી સંભળાવી. સૌ હર્ષભર આનંદમાં આવી ગયાં.

હવે શ્રીપાલ મયણાને પૂછે છે: "તારા પિતાને (ઉજ્જૈની નગરીના રાજાને) અહીં કેવી રીતે બોલાવવા છે?

મયણા કહે છે: "ખભા ઉપર કુહાડો લઈને તમારા શરણે આવે તે રીતે બોલાવો જેથી ફરીથી કોઇ જૈન ધર્મની આશાતના કરે નહીં."

શ્રીપાલે દૂત દ્વારા રાજાને કહેવરાવ્યું. તે સાંભળી પ્રજાપાલ રાજા કોપાયમાન થયો. તે વખતે મંત્રી કહે છે: "હે સ્વામિન્! સૂર્યની સામે ધૂળ ઉડાડવાથી આંખમાં પડે છે. શત્રુ ઘણો બળવાન છે. આપણી શક્તિનું માપ કાઢીને ચાલવું તે ઉચિત છે, માટે દૂત કહે તેમ કરો. સમય સમય બલવાન છે."

એહવાં મંત્રી વયણા સુણી, ધરી કુહાડો કંઠ;
માલવ નરપતિ આવિયો, શિબિર તણે ઉપકંઠ.

(શિબિર એટલે છાવણી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલવ નરપતિ પ્રજાપાલ રાજા (મયણાના પિતા) આ રીતે શરણે આવે છે.

ત્યારે શ્રીપાલે તેના ખભા ઉપરથી કુહાડો નીચે મુકાવ્યો અને સભામાં બેસવા માટે આસન આપ્યું.

તે વખતે મયણા કહે છે: "પિતાજી! કર્મ કરે તે થાય તે બોલ ઉપર આપે મને જે પતિ આપ્યો હતો તેનો આ પ્રભાવ તમે જુઓ."

ત્યારે માલવપતિ શ્રીપાલને કહે છે: "આપના ગુણો અને પ્રભાવને મેં ઓળખ્યા નહીં. આપ ખરેખર મનુષ્ય નથી, પણ દેવતુલ્ય છો.

"કહે શ્રીપાલ ન માહરો, એહવો એ બનાવ;
ગુરૂ દર્શિત નવપદ તણો, એ છે પ્રબલ પ્રભાવ."

શ્રીપાલ કહે છે: "આવા પ્રકારનો આ બનાવ મારાથી બન્યો નથી, પરંતુ ગુરૂ મહારાજે બતાવેલા નવપદનો જ આ બધો પ્રભાવ છે." અઢળક સિદ્ધિઓને પ્રાપ્ત કરનાર શ્રીપાલ કૃતજ્ઞભાવે નવપદને હૃદયમાં ધારણ કરે છે. આવો નવપદનો પ્રભાવ સાંભળી પ્રજાપાલ રાજા સમ્યગ્દર્શન પામે છે. તે વખતે પ્રજાપાલનો પરિવાર, સૌભાગ્યસુંદરી, રૂપસુંદરી વગેરે આવી પહોંચે છે. સૌ કોઈ ધર્મનો પ્રભાવ જોઇ સમ્યગ્દર્શન પામે છે.

ઘણા વખતે સ્વજનોનો મેળાપ થયો છે. સૌ આનંદમાં આવી ગયાં છે. આનંદ આનંદ પ્રવર્તી રહ્યો છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે શ્રીપાલ મહારાજાએ નાટક કરવા નૃત્યકારોને આદેશ આપ્યો.

નાટયકારો તૈયાર થઈ ગયા પણ મુખ્ય નટી સ્ટેજ ઉપર આવવાની ના પાડે છે. ઘણા પ્રયત્ને મુખ્ય નટીને પરાણે સ્ટેજ ઉપર લાવ્યા ત્યારે મુખ્ય નટી એક દુહો કહે છે –

કિંહા માલવ, કિંહા શંખપુર,
કિંહા બબ્બર, કિંહા નટ્ટ;
સુરસુંદરી નચાવિયે,
દૈવે દલ્યો વિમરટ્ટ.

ક્યાં માલવદેશમાં જન્મ? ક્યાં શંખપુરના રાજપુત્ર સાથે પરણવું? ક્યાં બબ્બર કુળમાં મને વેચવી? અને ક્યાં નાટક કરતાં શીખવું? હા! હા! ભાગ્યે મારો ગર્વ ગાળી નાખ્યો અને નાટકમાં નાચતી કરી દીધી.

તે વખતે માતાપિતા સૌ વિસ્મયમાં પડી ગયાં કે સુરસુંદરી અહીં કેવી રીતે હોઈ શકે?

તે વખતે સુરસુંદરી (મયણાની બહેન) સ્ટેજ ઉપરથી નીચે ઉતરી માતાના ગળામાં વળગી પડી. માતાપિતાએ દુઃખી સ્થિતિનું કારણ પૂછ્યું ત્યારે સુરસુંદરી બધી હકીકત કહે છે–

"હે પિતાજી! તમે મને શંખપુર નગરના રાજપુત્ર અરિદમનની સાથે પરણાવી, ધન, સંપત્તિ સાથે મને વિદાય આપી. તે પછી અમે અમારા નગર શંખપુર પહોંચ્યાં. બીજા દિવસે નગર પ્રવેશનું મુહૂર્ત હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પતિની સાથે નગરની બહાર ઉદ્યાનમાં રાત્રી રોકાયાં. સાથેના સુભટ સૈનિકો પોતાના કુટુંબીજનોને મળવા માટે નગરમાં ગયા, રાત્રે ત્યાં ધાડ પડી. તમારા જમાઈ તો પોતાનો જીવ બચાવવા નાસી ગયા અને હું તે ધાડપાડુઓના હાથમાં પકડાઈ ગઈ.

ધાડપાડુઓએ નેપાલ દેશમાં મને ધન લઇને વેચી. ત્યાં એક સાર્થવાહે મને વેચાતી લીધી. પછી તે સાર્થવાહે મહાકાલ રાજાના બબ્બરકુલ નગરમાં વેશ્યાને ત્યાં વેચી અને વેશ્યાએ મને વેચાતી લઈ નૃત્યકળા શિખવાડીને નટી બનાવી.

ત્યારપછી નાટકના મહાન શોખીન મહાકાલ રાજાએ નાટકની મંડળીઓ ખરીદી તેમાં મને વેચાતી લીધી. તેમણે મારી પાસે અનેક નૃત્યો કરાવ્યાં. પછી મહાકાલ રાજાએ પોતાની પુત્રી મદનસેનાના લગ્ન કર્યા, તે વખતે નવ નાટક મંડળીઓ દાયજામાં આપી. તેમાં મને પણ આપી.

ધ્રૂસકે ધ્રૂસકે રડતાં સુરસુંદરી કહે છે, મદનસેનાના પતિની સમક્ષ ઘણા વખત સુધી મેં નાટક કર્યું. મદનસેનાના પતિ તે મારા બનેવી–મયણાના પતિ શ્રીપાલ મહારાજા છે તે આજે જ મને અહીં ખબર પડી. આજે આપણાં સર્વ કુટુંબનો મને અહીં મેળાપ થયો.

પિતાજી ! તમે મને પરણાવી તે વખતે મયણાને પણ કોઢિયા સાથે પરણાવી ત્યારે મારી મોટાઇનું મેં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિમાન કર્યું. પરંતુ મયણાના પતિની દાસી રૂપે મારે રોજ નાટક કરવું પડ્યું.

તે વખતે સુરસુંદરી નાટકના સ્ટેજ ઉપર આવી અભિનયપૂર્વક મયણાની ચઢિયાતી કળા અને પોતાની ઊતરતી સ્થિતિનું અદ્દભુત વર્ણન કરે છે.

હોજી મયણાને જિન ધર્મ,
ફલિયો ખલિઓ સુરતરૂ હો લાલ;
હોજી મુઝ મન મિથ્યા ધર્મ,
ફલિયો વિષફળ વિષ તરૂ હો લાલ.

મયણાને જૈનધર્મ કલ્પવૃક્ષની જેમ ફળદાયી થયો અને મને મિથ્યાધર્મ વિષવૃક્ષના વિષફળોની જેમ ફળ્યો.

એક જ સમુદ્રમાં અમૃત અને ઝેર બન્ને ઉત્પન્ન થાય છે. મયણા પિતાના કુળમાં અમૃતસમાન છે અને હું ઝેર સમાન છું.

મયણાસુંદરી પોતાના કુળની લાજ પ્રકાશિત કરવામાં મણિરત્નોની દીપિકા જેવી છે અને હું કુલને મલિન કરવામાં અંધારી રાત્રી જેવી છું.

મયણાને જોવાથી સમકિતની શુધ્ધિ થાય છે અને મને જોવાથી મિથ્યાત્વની ધૃષ્ટતા (ધીઠાઇ) થાય છે.

સેંકડો નાટકો કરવાથી જે રસ પ્રાપ્ત ન થાય તેવો ધર્મનો રસ મયણાસુંદરીના ગુણગાન કરી, જૈનધર્મ અને નવપદજી ભગવાનની પ્રશંસા કરી સુરસુંદરીએ ઉત્પન્ન કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મયણાસુંદરી અને સુરસુંદરીના દૃષ્ટાંતથી અહીં આપણને પણ કાંઈક સમજવા મળે છે. બન્ને રાજપુત્રીઓને ચોસઠ કળામાં પ્રવીણ બનાવી હતી. સુંદર શિક્ષણ બન્નેને આપ્યું હતું. મયણાને ચોસઠ કળા ઉપરાંત પાંસઠમી ધર્મની કળા શિખવાડી હતી. ધર્મનું અદ્ભુત શિક્ષણ આપેલું હતું. બે વચ્ચે શિક્ષણનો ફરક એકમાત્ર પાંસઠમી ધર્મની કળાનો જ હતો. છેવટે પરિણામ જોઈએ ત્યારે જીવનમાં ધર્મની કળા, ધર્મનું શિક્ષણ કેટલું જરૂરી દેખાય છે! તેના ઉપરથી આપણે એક ફોર્મ્યુલા નક્કી કરીએ.

વ્યાવહારિક શિક્ષણ+ધાર્મિક શિક્ષણ=જીવનની સફળતા.

Success of life યાને મયણાસુંદરી.

વ્યાવહારિક શિક્ષણ-(બાદ)ધાર્મિક શિક્ષણ=જીવનની નિષ્ફળતા

Failure of life યાને સુરસુંદરી.

આપણા માટે અને આપણાં બાળકો માટે આ વિષયમાં પુરૂં ધ્યાન રાખવાનું છે. આવશ્યક ક્રિયાનાં સૂત્રો, જીવવિચાર, નવતત્ત્વ અને કર્મગ્રંથ શીખ્યા પછી જ સાચી ધર્મની સમજ આવે છે. આપણે પણ તે દિશામાં પ્રયત્ન કરીએ. મયણાસુંદરીની શ્રદ્ધાના મૂળમાં જ્ઞાન પડેલું છે. શ્રુતજ્ઞાનનું અધ્યયન તો દીપક છે. મિથ્યાત્વના અંધકારમાં શ્રુતજ્ઞાનરૂપ દીપક સમકિતને પ્રગટાવવામાં ખૂબ જરૂરી છે.

તે વખતે પોતાના લશ્કરમાં અરિદમન નામનો સુભટ છે તેને બોલાવ્યો. તે સુરસુંદરીનો પતિ નીકળ્યો. સુર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરી અને અરિદમનનો મેળાપ શ્રીપાલ મહારાજાએ કરાવી આપ્યો. **તે વખતે અપૂર્વ ભાવોલ્લાસ, નવપદનો મહિમા, મયણાનો ધર્મ અને શ્રીપાલમાં જિનેશ્વર ભગવંતની શ્રદ્ધા જોઈ સુરસુંદરી, અરિદમન, પ્રજાપાલ રાજાનો પરિવાર અને ઉજજૈની નગરીના અનેકજનો સમ્યગ્દર્શન પામ્યાં.**

**ધન્ય છે શ્રીપાલ અને મયણાને! જેમણે નવપદની સાધના કરી પોતાના દૃષ્ટાંતથી જગતને ધર્મ પમાડયો.** જગતના જીવો શ્રી નવપદજીના અને અરિહંત પરમાત્માના સાચા આરાધક બને એવી આપણી ભાવનાને ફળીભૂત કરવા માટે આપણા જીવનમાં શ્રી અરિહંત પરમાત્માની અને નવપદજીની સાચી ભક્તિનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએ.

તે સમયે જેમાં શ્રીપાલ પાંચ વરસની ઉંમરથી ઊછરીને મોટો થયેલો તે સાતસો કોઢિયાનું ટોળું ત્યાં આવ્યું. **સાતસો કોઢિયાને મયણાએ જૈનધર્મ પમાડયો અને ધર્મના પ્રભાવથી તે બધા નીરોગી બન્યા.** કોઢિયાઓને શ્રીપાલે રાણાની પદવી આપી.

તે વખતે મતિસાગર મંત્રી આવ્યો. જ્યારે શ્રીપાલની ઉંમર પાંચ વરસની હતી ત્યારે કાકા અજિતસેને ચંપાનગરીનું રાજ્ય પચાવી પાડવા માટે શ્રીપાલને હણવાનું કાવત્રું કરેલું. તેની બાતમી મતિસાગર મંત્રીએ આપી કહેલું કે, "રાજમાતા! શ્રીપાલ જીવતો હશે તો કોઇક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ પણ પિતાનું રાજ્ય પાછું મેળવશે." તેવી સલાહ આપી રાજમાતા કમળપ્રભા અને શ્રીપાલને ગુપ્ત રસ્તે જંગલમાં નસાડી મૂકયાં હતાં, તે મતિસાગર મંત્રી આવી શ્રીપાલ મહારાજાની સેવા કરવા મંડયો. શ્રીપાલ મહારાજાએ તેને મુખ્યપ્રધાન બનાવ્યો. દેશદેશાન્તરના અનેક રાજાઓ શ્રીપાલ મહારાજાનો પ્રભાવ જોઈ તેમની પાસે આવી સેવા કરવા લાગ્યા.

હોજી ચોથે ખંડે ઢાલ બીજી, એ હુઇ સોહામણી હો લાલ;
હોજી ગુણ ગાતાં સિદ્ધચક્રના, જસ કીર્તિ વાધે ઘણી હો લાલ.

સિદ્ધચક્રનો પ્રગટ મહિમા, નવપદના ધ્યાનની શક્તિ અને પરમાત્મા અરિહંત દેવ ઉપરની શ્રદ્ધાનું પ્રત્યક્ષ ફળ જોઈ આપણને પણ અદ્ભુત પ્રેરણા મળે છે.

★ A Key to Radiant Success ★

## જ્વલંત સફળતાની ચાવી – શ્રી નવપદની આરાધના

આપણે કોઈ શેઠની સેવા કરીએ, તો શેઠ આપણને પૈસા આપે છે. ખૂબ ભક્તિપૂર્વક કોઈ દેવને પ્રસન્ન કરીએ તો દેવ આપણા મનોરથ પરિપૂર્ણ કરે છે. કોઈ રાજાની સેવા કરીએ, તો રાજા એક–બે ગામ ઇનામમાં આપે છે. ચક્રવર્તી રાજાની સેવા કરીએ તો કદાચ એકાદ દેશનું રાજ્ય આપણને તે આપી દે છે, પરંતુ તેમાંનો કોઈ આપણને પોતાની ગાદી, સિંહાસન કે સત્તાના સ્થાને બેસાડતું નથી.

શેઠને કદાચ ખબર પડે કે આ મારા હાથ નીચેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણુસ મારી ગાદી પચાવવા પ્રયત્ન કરી રહેલ છે, તો તે શેઠ તે માણુસને પાણીચું પકડાવી દે છે.

રાષ્ટ્રના વડાપ્રધાન, પ્રમુખ કે રાષ્ટ્રપતિને થોડી પણુ ગંધ આવે કે અમુક વ્યક્તિ પોતાના સત્તાના સ્થાનને હસ્તગત કરવા પ્રયત્ન કરે છે, તો સત્તાધીશ તેનું અસ્તિત્વ નામશેષ કરી નાખે છે.

પરંતુ આપણુને એક એવા મહાન શેઠ મળ્યા છે કે જે પોતાના આશ્રિતોને પોતાના સમકક્ષ(સમાન) બનાવે છે. એવા આપણા શેઠ છે અરિહંત પરમાત્મા. આપણે તેમની ચરણુરજ જેવા આશ્રિત છીએ. એ અરિહંત પરમાત્મા એવા મહાન દાતાર શેઠ છે કે જે પોતાનું રૂપ–પોતાનું સ્થાન (અરિહંત પદ) પોતાના આશ્રિતને–પોતાના ભક્તને ઉદારતાપૂર્વક ન્યોછાવર કરે છે.

અન્ય કોઈ દેવ, પોતાની પૂજા કરનાર ભક્તોના (ભૌતિક) મનોરથ પૂર્ણ કરે, તેમને સ્વર્ગમાં–વૈકુંઠમાં લઇ જાય–તેવો બધાનો ખ્યાલ છે. પણુ "મારે પોતાને ભગવાન બનવું છે" તેવી શકયતા ત્યાં નથી. તેવો સંકલ્પ ત્યાં સાકાર થતો નથી–જાગૃત થતો નથી. જ્યારે જૈનશાસનમાં નાનું બાળક પણુ

"નિજદાસ જાણી, દયા આણી,
આપ સમવડ સ્થાપીએ..."

તેવી ભગવાન પાસે પ્રાર્થના કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનશાસનમાં–જૈનદર્શનમાં નાનું બાળક પણ ભગવાન બનવાનો દાવો કરી શકે છે.

જે કોઈ અરિહંત પરમાત્મા પાસે પૈસા–ધન–દોલત સમૃદ્ધિ–સંપત્તિ કે સત્તા માગે, જગતની ભૌતિક વસ્તુઓ માગે, તે ઊતરતી કોટીની માગણી ગણાય છે,

જે ભક્ત કહે છે કે 'મારે તારા જેવું જ બનવું છે, તારા સિંહાસને બેસવું છે.' તે અરિહંત પરમાત્માનો સર્વશ્રેષ્ઠ ભક્ત છે.

જૈનદર્શન પ્રથમ પંક્તિનું દર્શન ગણાય છે, તેનું મુખ્ય કારણ એ છે કે જૈનદર્શનના અરિહંત પરમાત્મા પોતાના ભક્તને પોતાનું રૂપ–પોતાનું પદ દાનમાં અર્પે છે. તેથી અરિહંત પરમાત્માને 'નિજ સ્વરૂપના દાતા' નું બિરુદ મળેલ છે.

ગૌતમ ગણધરનું નામસ્મરણ કરનારને નવનિધાન પ્રાપ્ત થાય છે, ઉપરાંત ગૌતમ ગણધરની પૂર્ણ ભક્તિ કરનારને ગણધરપદ પ્રાપ્ત થાય છે. સિદ્ધ ભગવાનની ભક્તિ કરનારને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે.

અરિહંતો અનંત, સિદ્ધો અનંત, ગણધરો અનંત થયા, થાય છે અને થશે.

આપણે પણ ગણધર બની શકીએ, અરિહંત બની શકીએ, અરે ! સિદ્ધ તો અવશ્ય બની શકીએ !

આ વિશ્વમાં આવા એકમેવ મહાન ઉદાર દાતાર અરિહંત પરમાત્માની ભક્તિ કરવાની, તેમનું નામસ્મરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાની. તેમને નમસ્કાર કરવાની. તેમની આરાધના કરવાની અને તેમની આજ્ઞા શિરોધાર્ય કરવાની જે આપણને અનુપમ તક પ્રાપ્ત થઈ તે જ આપણું સર્વોપરી અને શ્રેષ્ઠ સૌભાગ્ય છે. આપણને આવા નિજ સ્વરૂપના દાતા અરિહંત પરમાત્મા મળ્યા તેની આગળ અબજોની મિલકત, ધનસંપત્તિ કે વૈભવ તુચ્છ છે. તણખલા સમાન છે, ઉપેક્ષાને પાત્ર છે.

આવો આત્મઅનુભવ થવો એ જ નમસ્કાર મહામંત્ર, નવપદ અને સિદ્ધચક્રની આરાધનાનું સર્વસ્વ છે.
કહ્યું પણ છે કે—

અનુભવ રત્ન ચિંતામણિ,
અનુભવ હૈ રસ કૂપ;
અનુભવ મારગ મોક્ષનો.
અનુભવ સિદ્ધ સ્વરૂપ.

એક બુદ્ધિજીવી એક મહાન ઉદ્યોગપતિ પાસે ગયા અને તેમણે કહ્યું કે શેઠ, આ મારો પ્રોજેક્ટ (યોજના) લાખ રૂપિયાનો છે. એક લાખની મૂડી રોકવાથી આપને દર વર્ષે લાખ લાખ મળતા રહેશે.

તો શેઠે જવાબ આપ્યો, કે ભાઇ, મને આ લાખ–બે લાખની પરચૂરણ કમાણીમાં રસ નથી, કોઇ કરોડોની મહાન યોજના હોય તો બતાવો.

તેમ આપણી પાસે કોઈ એક કરોડ રૂપિયા કમાઈ જવાનો પ્રોજેક્ટ લાવે તો આપણે તેને કહીએ કે ભાઈ, આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક–બે કે પાંચ કરોડની કમાણીવાળા પરચૂરણ પ્રોજેક્ટમાં અમને રસ નથી, પણ અરિહંત બનવાનો પ્રોજેક્ટ હોય, ગણધર બનવાનો પ્રોજેક્ટ હોય, તો લાવો. સિદ્ધ ભગવાન બનવાનો પ્રોજેક્ટ હોય, તો લાવો, સહર્ષ તે સ્વીકારીશું.

આવું Conscience—અંતરંગ માનસ આપણે ઘડવાનું છે. અંતરંગમાં આવો પરિણામ આપણે ભાવિત કરવાનો છે. સિદ્ધપદની પ્રાપ્તિ પાસે જગતનું સર્વસ્વ પરચૂરણ છે.

વડાપ્રધાનપદ કે રાષ્ટ્રપતિપદની જેને શકયતા કે જેનામાં શક્તિ છે, તેને નાનકડા તાલુકાના–પંચાયતના પ્રમુખ બનવાની દરખાસ્ત મળે તો તેવી પરચૂરણ બાબતમાં તેને રસ નહીં પડે. કેન્દ્રના પ્રધાનમંડળમાં સ્થાનપ્રાપ્તિની જેને માટે શકયતા અને સંભાવના છે, તે કોઈ ગામના સરપંચ બનવાનું પસંદ નહીં કરે.

તે પ્રમાણે અખિલ બ્રહ્માંડના સાર્વભૌમ ચક્રાધીશ્વર બનવાની આપણે માટે શકયતા છે. દેવેન્દ્રોને દર્શનીય, સુરેન્દ્રોને સેવનીય, મુનીન્દ્રોને માનનીય, યોગીન્દ્રોને આદરણીય, પ્રાણીમાત્રને પૂજનીય, વિશ્વને વંદનીય, સર્વેશ્વર, જીવેશ્વર, લોકેશ્વર, સમગ્ર વિશ્વના અધિપતિ તીર્થંકર બનવાની શકયતા આપણામાં છે, આ વાત જાણ્યા પછી ભારતના વડાપ્રધાનપદની આપણને ઓફર કરવામાં આવે તો તે પદ આપણને 'પરચૂરણ' લાગશે.

પ્રકૃતિની મહાસત્તા યાને ધર્મ મહાસત્તા (Nature's Government or Cosmic Government) ના સાર્વભૌમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિનિધિ ( Bonafide representative ) બનવાની અને તે દ્વારા વિશ્વના મહાકલ્યાણમાં આપણી સંપૂર્ણ સેવા આપવાની અદ્ભુત તક પ્રાપ્ત થવાની શકયતા જો આપણામાં પડી છે, તો તેની આગળ ચક્રવતીંની છ ખંડની સત્તા સંપત્તિ પણ તુચ્છ લાગે છે.

ધર્મ મહાસત્તાનું કાર્ય જગતના જીવોને નિગોદમાંથી કાઢીને મોક્ષમાં મોકલવાનું છે. જિનશાસન શુદ્ધીકરણ અને સંપૂર્ણતાની અનુપમ, અદ્ભુત, અલૌકિક રિફાઇનરી છે. ( Refinery of Purification and Perfection ) અને તેના કારણે છ મહિને ઓછામાં ઓછો એક જીવ મોક્ષમાં જાય છે. તેના મૂળમાં "સવિ જીવ કરું શાસન રસી"ની ઉત્કૃષ્ટ ભાવના પડેલી છે. આ ભાવનાના સર્વોચ્ચ શિખર (Climax) ઉપર આરૂઢ થનારા તીર્થંકરો ધર્મ મહાસત્તાના સર્વોચ્ચ પ્રતિનિધિ છે. ગણધરો તેમના મુખ્ય પ્રધાનો છે.

આવા તીર્થંકરોના મુખ્ય પ્રધાન (ગણધર) બનવાનું સૌભાગ્ય જો આપણા પુણ્યમાં હોય તો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બનવાની દરખાસ્ત આપણને 'પરચૂરણ વાત' લાગશે.

જેના જ્ઞાનમાં એક સમયમાં સર્વ જીવો અને સર્વ પુદ્ગલોના ત્રણે કાળના સર્વ ભાવો જાણી શકાય છે, જે એકાન્તિક, આત્યંતિક, અનંત, અવ્યાબાધ, સ્વતંત્ર, સ્વાધીન એવા સુખના ભંડાર છે, અચિંત્ય શક્તિયુક્ત છે, અનર્ગળ આનંદના દિવ્ય ભંડાર છે અને કેવળજ્ઞાન આદિ અનંત ગુણસમૃદ્ધિના સ્વામી છે, અનંત વીર્ય, અનંત દાન, અનંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગ, અનંત ઉપભોગ અને અનંત લાભરૂપ ક્ષાયિક લબ્ધિના અધિપતિ છે, તેવા સિદ્ધ ભગવાન બનવાની આપણે માટે સંપૂર્ણ શક્યતા છે. તેનો project (પ્રોજેક્ટ) અરિહંત પરમાત્મા જેવા પરમ કરુણાનિધિ, વાત્સલ્યના ભંડાર, દયારસના સાગર, કૃપાના અવતાર પરમાત્માએ આપણે માટે રજૂ કરેલ છે. Perfect and Progressive Mastet Plan projected by Arihanta Paramatma–the Supreme President of the Cosmic Government.) આવા અનન્ય પ્રોજેક્ટ (યોજના)ની આગળ તાતા, બીરલા કે રોકફેલર બનવાનો પ્રોજેક્ટ અતિ અલ્પ 'પરચૂરણ વાત' લાગે છે.

જે અમૂલ્ય પળે જિનશાસનની આ રહસ્યભરી વાત દેવગુરુ કૃપાથી સમજાય છે, ત્યારે આપણે અરિહંત બનવાના, ગણધર બનવાના કે સિદ્ધ ભગવાન બનવાના પ્રોજેક્ટને આપણી સર્વ શક્તિથી અમલમાં મૂકવા (execute) (એકઝીકયુટ કરવા) તૈયાર થઈશું અને તે જ પળે આપણને ભાન થશે કે આપણે મર્યાદિત વ્યક્તિત્વના (limited personality) કોચલામાં પુરાયેલા પ્રાણી નથી, પરંતુ આપણે અમર્યાદિત વ્યક્તિત્વના (unlimited personality) માલિક છીએ.

આપણે અમર્યાદિત આનંદના મહાસાગર છીએ, (We are boundless ocean of joy) કેવળજ્ઞાન (Infinite Knowledge)આદિ ગુણસંપત્તિના માલિક છીએ....

અવ્યાબાધ સુખ અને અનંત શક્તિના સ્વામી છીએ....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણામાંથી પ્રેમ, કરુણા અને વાત્સલ્યનો ઝરો ( Stream of universal love ) વહેતો રહે તેવું જીવન આપણે જીવવાનું છે.

આ મનુષ્યજન્મ આપણને આપણા જ્વલંત આત્મ-સ્વરૂપની પ્રતીતિ (સમ્યગ્ દર્શન), આત્મસ્વરૂપનો અનુભવ (સમ્યગ્ જ્ઞાન), આત્મ-રમણતા (સમ્યક્ ચારિત્ર), આત્મ-સ્વરૂપ સ્થિરતા (સમ્યક્ તપ)ની પ્રાપ્તિ માટે મળેલો છે. (Discovery of limitless glory of the self) અને તે માટેના પ્રધાન કારણ સ્વરૂપ શ્રી નવપદ અને સિદ્ધચક્રની ત્રિભુવનવિજયી આરાધનામય આપણું જીવન બનવું જોઈએ.

તપપદની પૂજામાં કહ્યું છે કે—

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે.
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત શમાવે, **વિશ્વજયકાર** પાવે.

વિશ્વ જયજયકાર (એટલે Radiant success). તેની ચાવી ( Key ) નવપદની, નવકારની અને સિદ્ધચક્રની આરાધના છે.

ઇરયા નવપદના ધ્યાનને જેહ ધ્યાવે,
સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે;
વળી જ્ઞાન વિમલાદિ ગુણ-રત્ન ધામા,
નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના.

આ નવપદના ધ્યાનને જેઓ ધ્યાવે છે તે સચ્ચિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાનંદ સ્વરૂપને પામે છે.

—આ નવપદનું ધ્યાન કરવાથી આત્મસ્વરૂપ પ્રગટે છે. નવપદના ધ્યાન દ્વારા જેણે આત્મદર્શન કર્યું છે, તે ભવસમુદ્રથી પાર ઊતરે છે, અર્થાત્ મુક્તિને પ્રાપ્ત કરે છે. (Manifestation of Moksha (મોક્ષ).

આ રીતે શ્રી નવકાર, નવપદો અને શ્રી સિદ્ધચક્રજી એ Entrance to Innermost–આત્મસ્વરૂપમાં પ્રવેશ કરવા, આત્મસ્વરૂપનો અનુભવ કરવાનું દ્વાર છે.

નવકાર અને નવપદોમાં જે તત્ત્વોનું આરાધન થાય છે, તે સ્વરૂપો પૂર્ણ છે, તેની આરાધનાથી attention towards Absoluteness–પૂર્ણતા પ્રતિ ધ્યાન કેન્દ્રિત થાય છે. પૂર્ણતામાં સ્થિરતા પરિણામ પામે છે–existence in Eternity–થાય છે.

નવપદની આરાધના એ (Royal Road to Self-Realisation) આત્મસાક્ષાત્કારનો રાજમાર્ગ છે :

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તેણે અવલંબને, આતમધ્યાન પ્રમાણો રે................

—(ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ)

જિનેશ્વર ભગવંતની દાતૃત્વ શક્તિ અને તેમના અનંત કરૂણામય સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે શ્રીપાલ અને મયણાની જેમ એક ક્ષણ પણ આપણે પરમાત્મને ન ભૂલીએ અને અરિહંત પરમાત્મા અને નવપદોને હૃદયમાં નિરંતર ધારણ કરી આપણે પણ આપણું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ખંડ ચોથો (ઢાળ ત્રીજી)

શ્રીપાલ મહારાજા નવે રાણીઓ અને માતાજી સાથે નિરંતર નવપદનું ધ્યાન કરે છે. પરમાત્માની ભક્તિ અને આરાધનામાં સ્થિર બન્યા છે.

એક દિવસ મતિસાગર મંત્રી આવીને શ્રીપાલને કહે છે–"આપ અત્યારે સર્વ ઋદ્ધિ અને પરિવાર સહિત શોભી રહ્યા છો, અનેક રાજાઓ આપની આજ્ઞા માને છે, પરંતુ આ બધી ઋદ્ધિ-સિદ્ધિ મેળવ્યા પછી પણ પિતાનું ચંપા-નગરીનું રાજ્ય પાછું મેળવવું જરૂરી છે. અજિતસેન અન્યાયી રાજા છે. પ્રજાને ખૂબ પીડા આપે છે. વળી બીજાના હાથમાં ગયેલ પિતાના રાજ્યને પાછું મેળવવું તે પણ આપનું કર્તવ્ય છે."

શ્રીપાલે મતિસાગર મંત્રીની સલાહ મંજૂર રાખી અને કહ્યું : "મીઠું બોલવાથી કામ થતું હોય તો દંડ શા માટે કરવો ? સાકર ખાવાથી પિત્ત મટી જતું હોય તો કડવી દવા શા માટે લેવી ?"

આ રાજ્યનીતિ અનુસાર ચતુર્મુખ દૂતને સુંદર રીતે સમજાવી ચંપાનગરી તરફ મોકલ્યો. તે દૂત અનુક્રમે ચંપા-નગરીને વિષે પહોંચ્યો.

ચંપાનગરીમાં અજિતસેન રાજાના દરબારમાં જઈ દૂત પહેલાં મીઠાં, પછી ખાટાં અને છેવટે કડવાં એમ ભોજન જમવાની રીત પ્રમાણે વચનો કહેવા લાગ્યો : "તમે તમારા ભત્રીજા શ્રીપાલને બાળક સમજી કળા શીખવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે પરદેશ મોકલ્યો હતો તે શ્રીપાલ સર્વ કળાઓ શીખી, ચતુરંગ સેના સાથે તમે વૃદ્ધ થયા છો તેથી તમારો રાજ્ય કારભારનો ભાર ઉતારવા આ તરફ આવી રહેલા છે. માટે શ્રીપાલને રાજ્ય સોંપી તમે શ્રીપાલ સાથેના સ્નેહમાં વૃદ્ધિ કરો." આવાં મીઠાં વચન પહેલાં કહ્યાં.

હવે બીજા ખાટાં વચન કહે છે: "અનેક દેશના રાજાઓ શ્રીપાલ મહારાજાની સેવા કરવા આવ્યા છે, પણ તમે હજુ સુધી આવ્યા નથી તે હકીકત શ્રીપાલ મહારાજાના ખ્યાલમાં આવી ગઈ છે." શ્રીપાલ મહારાજામાં રહેલી શક્તિઓનું વર્ણન કરીને છેવટે દૂતે કહ્યું: "તમે આવા પ્રતાપી શ્રીપાલ મહારાજાની સેવા કરો."

છેલ્લું કડવું વચન કહે છે: "તમે જો શ્રીપાલની સેવા કરવા તૈયાર ન હોવ તો યુદ્ધ કરવા તૈયાર થાઓ. શ્રીપાલનું સૈન્ય સમુદ્ર જેવું વિશાળ છે. માટે હે રાજા! વિચાર કરીને કામ કરજો."

આ પ્રમાણે ચતુર્મુખ દૂતે પહેલાં મીઠાં, પછી ખાટાં અને છેલ્લે કડવાં વચન ભોજન કરવાના ક્રમ મુજબ કહ્યાં.

તે વખતે અજિતસેન ભૂતની જેમ બોલ્યો: "ભલે બીજા રાજા નમવા આવ્યા. પણ ચંપાનગરીનો રાજા અજિતસેન નમવા નહી આવે. વળી શ્રીપાલ સાથે મારે બાળપણથી જ વૈર છે. શ્રીપાલને જઈને કહે કે, હું યુદ્ધ કરવા તારી પાછળ જ આવી રહ્યો છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્મુખ દૂતે ઉતાવળે માળવા દેશ જઈ શ્રીપાલને ખબર આપી. શ્રીપાલ પિતાનું ચંપાનગરીનું રાજ્ય પાછું મેળવવાની પવિત્ર ફરજ બજાવવા માટે ચતુરંગ સેના સાથે ચંપાનગરી તરફ પ્રયાણ કરે છે. અજિતસેન રાજા પણ સૈન્ય સહિત સામે આવ્યો. યુદ્ધની નોબતો વાગી. ભયંકર યુદ્ધ ખેલાયું. અજિતસેનનું સૈન્ય પીછેહઠ કરવા લાગ્યું. તે વખતે અજિતસેન પોતે યુદ્ધના મેદાનમાં આવ્યો. તે વખતે શ્રીપાલના સુભટો સાતસો રાણાઓ અજિતસેનને ઘેરી વળ્યા. અજિતસેનને પકડીને બાંધી લીધો. અજિતસેનને બંદીવાન બનાવી સુભટો શ્રીપાલની સમક્ષ લાવી રહ્યા છે. શ્રીપાલ તે વખતે સામો આવી, બંધન છોડાવી, કાકા અજિતસેનને કહે છે: "પિતાજી! રાજ્ય તમે ભોગવો. જરા પણ ખેદ ન કરો. મને રાજ્યની ઈચ્છા નથી. તમે સુખપૂર્વક રાજ્ય ભોગવો." આ વચન સાંભળી અજિતસેન મનમાં વિચાર કરે છે: "ક્યાં આ બાળક અને ક્યાં હું? યુદ્ધમાં હારવા છતાં રાજ્ય પાછું આપે છે. અને મેં બાલ્યાવસ્થામાં શ્રીપાલનું રાજ્ય પડાવી લીધું. મેં બાળદ્રોહ કર્યો, ગોત્રદ્રોહ કર્યો, રાજ્યદ્રોહ કર્યો. આ ત્રણે ભયંકર ગુના મેં કર્યા. કોઈ નિર્દય માણસ પણ ન કરે તેવું પાપ મેં કર્યું. મારે હવે નરકગતિ સિવાય બીજું કોઈ સ્થાન નથી." આમ અજિતસેન અત્યંત પશ્ચાતાપ કરે છે અને વિચારે છે.

એહવા પણ બહુ પાપને, ઉદ્ધરવા દિયે હથ્થ;
પ્રવ્રજ્જા જિનરાજની, છે ઈક શુદ્ધ સમથ્થ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા ભયંકર પાપ મેં કર્યાં. તે ભયંકર પાપોમાંથી ઉદ્ધાર કરવા માટે એકમાત્ર જિનેશ્વર ભગવંતની બતાવેલી પ્રવ્રજ્યા(દીક્ષા) જ સમર્થ છે.

તે દુઃખવલ્લી વન દહન, તે શિવસુખ તરૂ કંદ;
તે કુલઘર ગુણગણતણું, તે ટાલે સવિ દંદ.

જિનેશ્વર ભગવંતના શાસનની તે દીક્ષા દુઃખરૂપી વેલડીઓના વનને બાળનારી છે. તે દીક્ષા મોક્ષ રૂપ વૃક્ષના મૂળ સમાન છે તથા ગુણોના સમૂહને રહેવા માટે મુખ્ય ઘર સમાન છે. તે દીક્ષા સર્વ દુઃખ અને પાપને દૂર કરવાને સમર્થ છે.

પ્રવ્રજ્જા ગુણ ઇમ ગ્રહે, દેખે ભવજલ દોષ;
મોહ મહામદ મિટ ગયો, હુઓ ભાવનો પોષ.

જીવ અનાદિ છે. અનાદિથી જીવ ભવભ્રમણ કરી રહ્યો છે. અનાદિથી જીવ કર્મના બંધનમાં છે. તેના કારણે તેનું આ સંસાર પરિભ્રમણ છે. સંસાર દુઃખરૂપ છે, દુઃખરૂપ ફળ આપનાર છે, દુઃખની પરંપરાનું કારણ છે. સંસાર દાવાનળ છે. વિશ્વમાં સર્વત્ર સંસાર દાવાનળ સળગી રહ્યો છે. આપણે સૌ તેમાં શેકાઈ રહ્યા છીએ. સંસાર કેદખાનું છે, સંસાર મુસાફરખાનું છે, સંસાર કલાલખાનું છે, સંસાર કૂટણખાનું છે, સંસાર પાયખાનું છે, સંસાર જુગારખાનું છે, સંસાર શિકારખાનું છે, સંસાર ચોરખાનું છે, સંસાર કતલખાનું છે. આવા ભયંકર સંસારમાં અનંત જીવો પીડાય છે, શેકાય છે, ભૂંજાય છે, કુટાય છે અને નિરંતર ભયંકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખ અનુભવી રહ્યા છે. આવા સંસારનાં ચતુર્ગતિ પરિભ્રમણનાં દુઃખોમાંથી મુક્ત કરનાર એકમાત્ર જિનેશ્વર ભગવંતનો ધર્મ છે. અને તે ધર્મનું પૂર્ણ સેવન એકમાત્ર પ્રવ્રજ્યા—દીક્ષામાં છે. દીક્ષા એ સિદ્ધિપદનું આકર્ષણ છે. જીવનું અનંત આનંદ અને સુખમય સ્વરૂપ પ્રગટ કરવા માટે દીક્ષા એ જ પરમ સાધન છે. વિષયો રૂપ ઝેરને ઉતારવા માટે અને કષાયરૂપ પર્વતને ભેદવા માટે દીક્ષા વજ્ર સમાન છે. જ્યાં જીવમાત્ર સાથે આત્મસમાન ભાવ છે, આત્મસમાન વર્તન છે. તે સાધુ જીવન જ સાચું જીવન છે. એ જ મોક્ષનો સાચો પંથ છે.........................

અજિતસેન રાજા આવી ભાવનામાં ચઢયા છે. ચારિત્રના ગુણોને ગ્રહણ કરે છે. સંસારના દોષોને જુએ છે. ભાવની ધારાએ ચઢયા છે. તેમાં ઘણા પાપકર્મોની સ્થિતિ તૂટી ગઈ. એટલે સમ્યક્ત્વ પામ્યા. ભાવની ધારામાં પૂર્વજન્મનું જ્ઞાન થયું અને શુભભાવ પૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. કેવું અદ્ભુત પરિવર્તન! બાલદ્રોહ, રાજદ્રોહ અને ગોત્રદ્રોહ કરનાર પણ જિનેશ્વરના શાસનના આલંબને જ્યારે સત્યને પ્રાપ્ત કરે છે, ભાવની ધારાએ ચઢે છે, ત્યારે કરેલા પાપના દૃઢ અનુબંધને પણ તોડી શકે છે. ધન્ય છે જિનેશ્વર ભગવંતના ધર્મને! ધન્ય છે આવા ધર્મને પ્રરૂપનારા જિનેશ્વર ભગવંતોને!

ભેદાણી બહુ પાપ થિતિ, કર્મે વિવરજ દીધ;<br>
પૂરવ ભવ તસ સાંભળ્યો, રંગે ચારિત્ર લીધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ પરિણામની ધારાએ ચઢેલા અજિતસેન રાજા હવે અજિતસેન મુનિરાજ બન્યા....

હવે અજિતસેન મુનિરાજ ઉત્તમ ગુણોના ભંડાર બન્યા. શ્રીપાલ મહારાજા અંતરંગ ભક્તિપૂર્વક વંદન કરી મુનિરાજની સ્તવના કરે છે. વાચકો! આપણે પણ સૌ સ્તવના કરીએ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત મુનિ-રાજના ગુણોની સ્તવના કરી આપણે આપણાં પાપોનો નાશ કરીએ.

ઉપશમ અસિધારે, ક્રોધને મારે વિશ્વનો તારૂજી
તું મદ્દવ વજ્જે, મદ ગિરિ ભજ્જે મોટકા વારૂજી;
માયા વિષ વેલ્લી, મૂલ ઉખેડી, વિશ્વનો તારૂજી;
તેં અજ્જવ કીલે, સહજ સલીલે સામટી વારૂજી.

હે મુનિરાજ! આપ ઉપશમ રૂપ તલવારની ધાર વડે ક્રોધને હણો છો. ક્ષમા ગુણને ધારણ કરો છો. નમ્રતા રૂપ વજ્ર વડે અભિમાન રૂપ પર્વતને ભેદો છો. સરળતા રૂપ ખીલા વડે માયા રૂપી વેલડીને ઉખેડી નાંખો છો.

મૂર્છાજલ ભરીયો, ગહન ગુહરિયો, વિશ્વનો તારૂજી;
તે તરિયો દરિયો, મુત્તિ તરીશું, લોભનો વારૂજી.

આ સંસાર સમુદ્ર મૂર્છા રૂપી જળથી ભરેલો છે. અમે સૌ સંસારી જીવો મૂર્છા (આસક્તિ)રૂપ જળથી ભરેલા દરિયામાં ડૂબી રહ્યા છીએ. પણ આપ તો સંતોષ રૂપ હોડીનો આશ્રય લઈ મૂર્છા રૂપ જલના સમુદ્રને તરી ગયા. આપે તો ચારિત્ર રૂપી વજ્ર વડે ચાર કષાય જે સંસારના મૂળ છે તેને ભેદી નાંખ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે સ્વરૂપ રમણતા રૂપી પંડિતવીર્ય વડે કામદેવને પણ હણી નાંખ્યો. સ્વરૂપ રમણતારૂપ આપના આત્મામાં થયેલા આનંદને દેખી નવ નોકષાય, સિંહના અવાજથી હાથી જેમ ભાગે તેમ ભાગી ગયા.

તેં પુગ્ગલ અપ્પા ભિન્નું, પખે થપ્પા, લક્ષણે વારૂજી.

ખરેખર, આપે પુદ્ગલની અને આત્માની લક્ષણ ભેદથી એ જુદી જુદી થપ્પીઓ કરી. (પોતપોતાના પક્ષમાં સ્થાપન કર્યા.) પુદ્ગલનું લક્ષણ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. આત્માનું લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ છે. આપે તો પુદ્ગલ અને આત્મા બંનેના જુદાં જુદાં લક્ષણોથી બંનેને જુદાં જુદાં અનુભવ્યાં. પુદ્ગલને પરદ્રવ્ય સમજી તેને ત્યજી દીધું અને આપ આત્માના સ્વરૂપમાં –આત્માની રમણતામાં સ્થિર બન્યા.

પરિસહની ફોજે, તું નિજ મોજે, વિશ્વનો વારૂજી.
ઉપસર્ગને વર્ગે, તું અપવર્ગે, વિશ્વનો તારૂજી.

પરિષહ આવે તે સમયે આપ તો આત્માના પૂર્ણ આનંદ સ્વરૂપની મોજમાં સ્થિર હોવાથી પરિષહ પાર કરી ગયા છો. ઉપસર્ગ સમયે પણ આપનું ચિત્ત અપવર્ગ એટલે આત્માના પૂર્ણ શુદ્ધ આનંદના અનુભવમાં લીન હોવાથી ઉપસર્ગને પણ આપ પાર પામી ગયા છો.

તુમે અનુભવ જોગી, નિજ ગુણ ભોગી, વિશ્વનો તારૂજી;
તુમે ધર્મ સંન્યાસી, શુદ્ધ પ્રકાશી, તત્ત્વના વારૂજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ તો આપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના અનુભવમાં લીન છો. આત્માના અનંત ગુણોનો ભોગ કરીને નિરંતર પરમાનંદને અનુભવો છો. સ્વરૂપની રમણતાના પરમાનંદમાં સ્થિર છો. શુદ્ધ તત્ત્વનો તમે નિરંતર પ્રકાશ કરનારા છો. ઉપશમ રસને વરસાવનારા છો. વળી આત્માના ગુણોની વાડીને સમતાના રસથી સીંચી રહ્યા છો.

તુમે અગમ અગોચર, નિશ્ચય સંવર, વિશ્વનો તારૂજી;
ફરસ્યું નવિ તરસ્યું, ચિત્ત તુમ કેરૂં, સ્વપ્નમાં વારૂજી.

આપ અગમ અગોચર આત્મસ્વરૂપમાં સ્થિર બની નિશ્ચયથી સંવરરૂપ બન્યા છો. અને આત્મા સિવાયના અન્ય પરપદાર્થોની તૃષ્ણા તો સ્વપ્નમાં પણ આપને સ્પર્શતી નથી. આત્મા સિવાયના અન્ય પદાર્થોમાં વૃત્તિઓને લઈ જવા રૂપ મોહના વનમાંથી મુક્ત બની, શુદ્ધ લેશ્યાના પરિણામની ધારાએ આપ આત્મસ્વરૂપ રમણતારૂપ ચારિત્રનો પરમાનંદ ભોગવી રહ્યા છો.

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે.

(ચારિત્રપદ પૂજામાંથી)

"હે પવિત્ર મુનિરાજ ! આપ તો રાગરહિત બન્યા છો. ત્યાગથી પરિપૂર્ણ છો. આપ તો ભવસમુદ્રને તરી ગયા છો. આપના ગુણોનું સ્તવન કરી આમારાં પાપોનો અમે નાશ કરીએ."

જીવનભર અન્યાયને વરેલા, રાજદ્રોહી, બાલદ્રોહી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોત્રદ્રોહી તથા રાજ્ય માટે યુદ્ધના મેદાનમાં લડતા અજિતસેન રાજાને આ જૈન મુનિપણાએ મોક્ષના ઉત્કૃષ્ટ પંથ ઉપર મૂકી દીધા. તેવા જૈન મુનિપણાને પણ ધન્ય છે! કોટી કોટી નમસ્કાર છે આવા મહાન ચારિત્રધર્મને! શુદ્ધ ચારિત્રધર્મની પરાકાષ્ઠાએ પહોંચેલા અને જગતને આવા સર્વોત્તમ ધર્મના દર્શક તીર્થંકરોને ધન્ય છે!

શ્રીપાલ મહારાજાએ સ્તવના કરી છેલ્લે કહ્યું : "આપ મારા કાકા હોવાથી પૂજ્ય છો. હવે મુનિવર બન્યા તેથી વધુ પૂજ્ય બન્યા છો." એમ કહી વિશેષ આદર બહુમાન પૂર્વક વંદન કર્યું.

જે નવપદ મહિમા, મહિમાયે મુનિ ગાવશે, વિશ્વનો તારૂજી,
તે વિનય સુજસ ગુણ, કમલા વિમલા પામશે, વિશ્વનો વારૂજી.

જે નવપદના મહિમાને અંતરંગ બહુમાન પરિણતીએ ગાશે, તેમને આત્માના પરમાનંદની પ્રાપ્તિ રૂપ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થશે તેમ ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ કહે છે.

## ચોથા ખંડની પાંચમી ઢાળ અહીં પૂરી થઈ.

પોતાના હૃદયમાં નિરંતર પરમાત્માને ધારણ કરતા, ક્ષણે ક્ષણે નવપદના ઉપકારોને કૃતજ્ઞભાવે યાદ કરતા શ્રીપાલ મહારાજાનો હવે ચંપાનગરીમાં પ્રવેશ થાય છે.

વિજય કરી શ્રીપાલજી રે લાલ,
ચંપાનગરીયે કરે પ્રવેશ રે સોભાગી,

ટાલ્યા લોકના સકલ કલેશ રે સોભાગી,
ચંપાનગરી તે બની સુવિશેષ રે સોભાગી,
જયજય........ભણે નરનારિયો રે લાલ.

ચંપાનગરીમાં શ્રીપાલ મહારાજાનો પ્રવેશ થાય છે, ત્યારે પ્રજાજનોના કલેશ-દુઃખ દૂર થાય છે. ચંપાનગરી અદ્ભુત શોભાને પામી. સર્વ નગરજનો શ્રીપાલ મહારાજાનો જયજયકાર કરે છે.

સર્વત્ર દુકાનો રેશમી અને જરીના વસ્ત્રોથી શણગારવામાં આવી છે. મોટી ધજાઓ ફરકી રહી છે. સર્વત્ર નૃત્ય અને નાટારંભ થઈ રહ્યો છે. નગરમાં ઠેકાણે ઠેકાણે સુવર્ણના દરવાજા અને થાંભલા બનાવવામાં આવ્યા છે. ધવલ મંગલ ગીતો ગવાઈ રહ્યાં છે. પોતાના મૂળ સ્વામી શ્રીપાલનો પ્રવેશ થતાં ચંપાનગરી સ્વર્ગની અલકાપુરી જેવી શોભી રહી છે. આવી ઈન્દ્રની અલકાપુરી જેવી ચંપાનગરીમાં શ્રીપાલ મહારાજા ઈન્દ્રના જેવા શોભે છે.

મોતીય થાલ ભરી કરી રે લાલ,
વધાવે નરનાર રે સોભાગી.
કર કંકણના રણકાર રે સોભાગી,
પગ ઝાંઝરના ઝમકાર રે સોભાગી,
કટિ મેખલના ખલકાર રે સોભાગી,
વાજે માદલના ધોંકાર રે સોભાગી,
જયજય........ભણે નરનારિયો રે લાલ.

સૌભાગ્યવંતી સ્ત્રીઓ મોતીના થાળથી શ્રીપાલ મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાને વધાવે છે, તે વખતે હાથમાં પહેરેલાં સુવર્ણ કંકણોના રણકારનો અવાજ થઈ રહ્યો છે. પગનાં ઝાંઝરનો ઝંકાર થઈ રહ્યો છે. કટિ મેખલાનાં ખલકાર અને માદળિયાના ધોંકારનું મધુર સંગીત સંભળાય છે.

તે વખતે સર્વ રાજાઓ ભેગા થઈને શ્રીપાલ મહારાજાનો રાજ્યાભિષેક કરે છે. મયણાસુંદરીનો પટરાણી તરીકે અભિષેક કરે છે. બાકીની આઠ રાણીઓને રાણી પદે સ્થાપે છે. પ્રજાજનો પોતાની જાતને ધન્ય માને છે. શ્રીપાલ જેવા ગુણના નિધાન, પરોપકારી, પુત્રવત્ પ્રજાનું પાલન કરનાર, ન્યાયસંપન્ન અને ધર્મના ધ્વજને ફરકાવનારા રાજા પ્રાપ્ત થતાં પ્રજાજનોના હૃદય આનંદથી ઊભરાઈ રહ્યાં છે. આવા શ્રીપાલ રાજાના પ્રજાજન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેથી સૌ પોતાને ધન્ય માને છે.

શ્રીપાલ મહારાજાએ તે વખતે મતિસાગરને મુખ્ય મંત્રીપદે સ્થાપન કર્યો. ધવલના જે ત્રણ સુબુદ્ધિ મિત્રો હતા તેમને મંત્રીપદે સ્થાપ્યા. કૌશાંબી નગરીથી ધવલશેઠના પુત્ર વિમલને બોલાવી તેને નગરશેઠની પદવી આપીને વિમલશેઠ નામ રાખ્યું.

ઉદારતાપૂર્વક ધન વ્યય કરીને શ્રીપાલ મહારાજા સર્વ પરોપકારનાં કાર્યો કરે છે.

ઉત્સવ ચૈત્ય અઠાઈયાં રે લાલ,
વિરચાવે વિધિ સાર રે સોભાગી,
સિદ્ધચક્રની પૂજા ઉદાર રે સોભાગી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે જાણી તસ ઉપગાર રે સોભાગી,
તેનો ધર્મી સહુ પરિવાર રે સોભાગી,
ધર્મે ઉલ્લસે તસ દાર રે સોભાગી.
જયજય.......ભણે નરનારિયો રે લાલ.

તે વખતે શ્રીપાલ મહારાજા ઉત્તમ વિધિપૂર્વક જૈન ચૈત્યોને વિષે અઠ્ઠાઈ મહોત્સવ કરાવે છે. સિદ્ધચક્રના મહિમાને–ઉપકારને નિરંતર હૃદયમાં ધારણ કરતા સિદ્ધચક્રના મહાપૂજનો કરાવે છે. સર્વ નગરજનોને ધર્મ પમાડે છે. મહાન ઊંચાઈવાળાં શિલ્પના અદ્ભુત નમૂનારૂપ જિનેશ્વર ભગવંતનાં ચૈત્યો બંધાવે છે. જિનચૈત્યોની ધજાઓ સર્વત્ર લહેરાઈ રહી છે. પોતાના પરિવારોમાં અને સર્વત્ર રાજ્યમાં ધર્મનો વિજય ધ્વજ લહેરાવ્યો છે. પ્રજાજનો પણ ધર્મમાં લીન બનવા લાગ્યા છે. જિનચૈત્યોમાં પૂજા પ્રભાવના નિરંતર ચાલે છે, સિદ્ધચક્રનાં પૂજનો સર્વત્ર ચાલે છે. આખા રાજ્યમાં અમારી પડહ વગડાવી જીવદયાનો ડંકો વગડાવ્યો છે. સુપાત્ર દાન, અનુકંપા દાન નિરંતર ચાલુ જ છે. રાજ્યના પ્રજાજનો ધર્મને હૃદયમાં ધારણ કરતા માનસરોવર જેવા શોભે છે અને શ્રીપાલ મહારાજા તે માનસરોવરમાં હંસ જેવા શોભે છે. ન્યાયપૂર્વક, પુત્રવત્ પ્રજાનું પાલન કરે છે.

અત્યારે શ્રીપાલ મહારાજા સાક્ષાત્ જાણે નવપદનો પ્રભાવ ન હોય! તેવા શોભી રહ્યા છે. શ્રીપાલ, મયણા, બીજી આઠ રાણીઓ અને માતાજી નિરંતર નવપદ ભગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાનને હૃદયમાં ધારણ કરે છે. શ્વાસે શ્વાસે પરમાત્માનું સ્મરણ કરે છે. હૃદયના ધબકારે ધબકારે નવપદનો જાપ કરે છે. શ્રીપાલના હૃદયમાં રહેલા પરમાત્માનો દિવ્ય પ્રકાશ શ્રીપાલના શરીરની આસપાસ આભામંડલ રૂપે પ્રકાશી રહ્યો છે. જે કોઇ શ્રીપાલની પાસે આવે તે અધર્મી હોય તો ધર્મી બને છે, નાસ્તિક હોય તો શ્રી પરમાત્મા ઉપર શ્રદ્ધાવાન બને છે, અશાન્ત હોય તો શાન્ત થઈ જાય છે. શ્રીપાલ અને પરમાત્માનો ધ્યાન વડે અભેદ થતો હોવાથી શ્રીપાલનું દર્શન કરનારને શ્રીપાલના હૃદયમાં રહેલા પરમાત્માનું દર્શન થાય છે.

ઇહાં ઉક્તિને યુક્તિ સુચંગ રે સોભાગી,
નવપદ મહિમાનો રંગ રે, સોભાગી,
એહથી લહીએ જ્ઞાન તરંગ રે સોભાગી,
વલિ વિનય સુયશ સુખસંગ રે સોભાગી.

આવા નવપદના મહિમાથી જેનું મન રંગાય છે તેને જ્ઞાનની ઉજ્જવળતા પ્રાપ્ત થાય છે. વિનય, યશ અને સુખના સંજોગો પ્રાપ્ત થાય છે.

ચોથા ખંડની છઠ્ઠી ઢાળ અહીં પૂરી થઇ.

એહવે રાજઋષિ ભલો, અજિતસેન જસ નામ;
ઓહિ નાણ તસ ઉપન્યું, શુદ્ધ ચરણ પરિણામ.

શુદ્ધ અને નિર્મળ ચારિત્રના પરિણામથી અજિતસેન મુનિરાજને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. તે અવધિજ્ઞાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજિતસેન મુનિરાજ ચંપાનગરીના ઉદ્યાનમાં પધાર્યા છે, તેવા સમાચાર પ્રાપ્ત થતાં શ્રીપાલ મહારાજા, મયણાસુંદરી, બીજી આઠ રાણીઓ અને માતાજી તથા ચંપાનગરીના લોકો વંદન કરવા આવે છે અને વિનયપૂર્વક વંદના કરી પ્રદક્ષિણા લઈ ધર્મદેશના સાંભળવા બેસે છે. અવધિજ્ઞાની અજિતસેન મુનિરાજ ધર્મ દેશના આપે છે –

"પ્રાણી વાણી જિનતણી, તુમ્હે ધારો ચિત્ત મઝાર રે;
મોહે મૂંઝયા મત ફિરો, મોહ મૂકે સુખ નિરધાર રે.

હે ભવ્ય આત્માઓ ! તમે આ જિનેશ્વર ભગવંતની વાણીને નિરંતર હૃદયમાં ધારણ કરો. મોહમાયામાં મૂંઝાઈને સંસારમાં રઝળશો નહીં. મોહદશાનો ત્યાગ કરવાથી જ આત્માનું પરમસુખ પ્રાપ્ત થાય છે. હે પુણ્યવંત આત્માઓ ! અનંતજ્ઞાનના નિધાન કેવળજ્ઞાની ભગવંતો કહે છે કે, સંસારથી ઉદ્વિગ્ન બની સંવેગ એટલે આત્માના પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ રૂપ મોક્ષને જ ધ્યેય –લક્ષ્ય બનાવો.

દશ દૃષ્ટાંતે દોહિલો, માનવભવ તે પણ લદ્ધ રે;
આરજ ક્ષેત્રે જન્મ જે, તે દુર્લભ સુકૃત સંબંધ રે.
પ્રાણી વાણી જિન તણી, તુમે ધારો ચિત્ત મઝાર રે.

દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ તમે પ્રાપ્ત કર્યો છે. આ મનુષ્ય જન્મમાં પણ આર્યક્ષેત્ર મળવું દુર્લભ છે. કદાચ પુણ્યના યોગે આર્યક્ષેત્રમાં જન્મ થાય તો પણ **ઉત્તમ કુળ** મળવું દુર્લભ છે. કદાચ ઉત્તમ કુળ પણ મળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય તો દીર્ઘ આયુષ્ય અને આરોગ્ય મળવું દુર્લભ છે. તે પણ તમને મળી ગયું છે. તે મળ્યા પછી સદ્‌ગુરૂનો યોગ મળવો દુર્લભ છે.

મોટે પુણ્યે પામીએ, જો સદ્‌ગુરૂ સંગ સુરંગ રે;
તેર કાઠિયા તો કરે, ગુરૂદર્શન ઉત્સવ ભંગ રે.

મહા પુણ્યોદયે કદાચ સદ્‌ગુરૂનો યોગ મળે તો તેર કાઠિયા ગુરૂદર્શનનો ઉત્સાહ ભાંગી નાંખે છે.

કદાચ સદ્‌ગુરૂનું દર્શન પ્રાપ્ત થાય તોપણ સદ્‌ગુરૂની સેવા ન કરી શકે.

ગુરૂ સેવા પુણ્યે લહી, પાસે પણ બેઠા નિત્ત રે;
ધર્મશ્રવણ તોહે દોહિલું, નિદ્રાદિક જો દિયે ભિત્ત રે.

કદાચ સદ્‌ગુરૂની સેવા મળે, પાસે જઈને નિત્ય બેસે તો પણ ધર્મ ઉપદેશનું શ્રવણ અત્યંત દુર્લભ છે. કદાચ ધર્મ ઉપદેશનું શ્રવણ પણ પ્રાપ્ત થાય, તો પણ તત્ત્વની બુદ્ધિ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે. તત્ત્વબુદ્ધિ પ્રાપ્ત થાય, તો પણ ધર્મ ઉપર શ્રદ્ધા થવી દુર્લભ છે. હે પુણ્યવાનો ! તમે અહીં સુધી પહોંચ્યા છો તો હવે ધર્મશ્રદ્ધાને દૃઢ કરી હૃદયમાં ધારણ કરો. ધર્મતત્ત્વને પ્રાપ્ત કરો. ક્ષમાદિક દશ પ્રકારનો ધર્મ તે પરમતત્ત્વ છે. તેને જીવનમાં ધારણ કરો.”

(અજિતસેન મુનિરાજની દેશનાના ભાવો ખુબ અદ્‌ભુત અને જીવનમાં ઘણા ઉપયોગી છે. તે સદ્‌ગુરૂ પાસેથી વિશેષ રીતે સમજવા.)

આ પ્રમાણે અજિતસેન મુનિરાજે દેશના આપી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયે શ્રીપાલ મહારાજા અત્યંત વિનયને ધારણ કરતા અવધિજ્ઞાની મુનિરાજને વિનંતીપૂર્વક પૂછે છે –

"હે ભગવંત ! પૂર્વજન્મમાં મે એવું શું કર્યું હશે જેના કારણે મને બાળપણમાં કોઢનો રોગ થયો ? વળી તે રોગ નાશ પામ્યો, પગલે પગલે ઋદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ પ્રાપ્ત કરી, વળી દરિયામાં પડવું પડ્યું, ડુંબનું આળ આવ્યું, વગેરે અનેક વિચિત્ર પ્રકારના બનાવો મારા જીવનમાં બન્યા. તો હે પ્રભુ ! પૂર્વજન્મમાં મેં એવું શું કર્યું હશે જેના પરિણામે આ બધું બન્યું ?"

તે વખતે અવધિજ્ઞાની મુનિરાજ શ્રીપાલ મહારાજાને પૂર્વજન્મ કહે છે :—

જીવને સંસારમાં કર્મને પરવશપણે સુખદુઃખ ભોગવવાં પડે છે. પ્રત્યેક જીવમાં આત્માની અનંત શક્તિ હોવા છતાં કર્મને પરવશપણે જીવન જીવવું પડે છે. આ શરીરમાં વધુ સમય રહેવાની આપણી ગમે તેટલી ઇચ્છા હોય તો પણ આયુષ્ય કર્મનાં દળિયાં પૂરા થાય છે, પછી એક ક્ષણ પણ આપણે તેમાં રહી શકતા નથી. કર્મની પરવશતાથી જીવને ચાર ગતિમાં ગમે ત્યાં જવું પડે છે. આ પ્રમાણે પીઠિકા કરીને હવે શ્રીપાલનો પૂર્વજન્મ કહે છે.

ભરતક્ષેત્રમાં હિરણ્યપુર નામનું નગર છે. તે નગરમાં શ્રીકાન્ત નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને બાલ્યાવસ્થામાંથી શિકારનું વ્યસન લાગ્યું છે. રાત અને દિવસ રાજાનું મન શિકાર કરવામાં લાગેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાણી તેની જાણો સુગુણા શ્રીમતી રે,
સમકિત શીલની રેખ રે,
જિનધર્મે મતિ રૂડી, કૂડી નહિ મને રે,
દાખે દાખે શીખ વિશેષ રે.

રાણી શ્રીમતી અનેક ગુણવાળી સમકિત અને શીલની રેખા સમાન છે. રાણીનું સમ્યગ્દર્શન અતિ નિર્મળ છે. જિનેશ્વર ભગવંતના તત્ત્વજ્ઞાનની જાણકાર રાણી દરરોજ રાજાને સમજાવે છે–

પિયુ તુઝને આહેડે જાવું નવિ ઘટે રે,
જેહને કેડે છે નરકની ભીતિ રે,
ધરણીને પરણી એ લાજે તુઝ થકી રે,
માંડી જેણે જીવહિંસાની અનીતિ રે.

"હે સ્વામીનાથ! આપને શિકાર કરવા જવું તે બિલકુલ યોગ્ય નથી. તે શિકારની પાછળ તો રૌરવ નરકની ભીતિ છે. શત્રુ પણ મુખમાં તૃણ લઈને શરણે આવે તો ક્ષત્રિય પુરુષ તેને મારતો નથી, તો પછી આ બિચારા મૃગલાં વગેરે તો ઘાસ ખાઈને જીવે છે. તેને શિકાર માટે મારવાં તે યોગ્ય નથી. શત્રુ પણ પૂંઠ બતાવીને ભાગી જાય તો ક્ષત્રિય પુરુષ શત્રુને પણ મારતો નથી. તો આપ ક્ષત્રિય પુરુષ થઈને પૂંઠ બતાવીને ભાગી જતાં સસલાં વગેરે નિર્દોષ પશુઓનો સંહાર કરો તે આપને શોભતું નથી. આપની આ જીવહિંસાની અનીતિથી તો આ ધરતી લાજે છે અને તમારી પરણેલી સ્ત્રી, તે હું પણ લાજું છું. માટે સ્વામીનાથ! જેની પાછળ નરકનો ભય છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિકાર કરવાનું આપ છોડી દો.” રાણી ઘણું સમજાવે છે પરંતુ રાજાને બાલ્યાવસ્થામાંથી શિકારનું વ્યસન લાગ્યું છે તેથી રાજા શિકાર છોડી શકતો નથી.

એક દિવસ સાતસો ઉદ્ધંઠ સૈનિકોથી પરિવરેલો રાજા એક ગહન વનમાં આવ્યો. ત્યાં કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલા મુનિને જોઈને કહેવા લાગ્યો : “આ કોઢિયો અહીં ક્યાંથી આવ્યો ? તેને મારો મારો.” તે સાંભળી ઉદ્ધંઠ સૈનિકો મુનિને મારવા લાગ્યા. મુનિ તે સમતા રસમાં ઝીલે છે. રાજા હસે છે.

ઘેર આવીને રાજા બધી વાત રાણીને કરે છે. રાણી કહે છે : “ એક તો તમે નિર્દોષ પશુઓને મારી પાપ બાંધી રહ્યા છો અને ઉપરથી તમે મુનિનો ઘાત કર્યો. તે બહુ જ ખરાબ કર્યું.” રાજા ફરીથી મુનિનો ઘાત નહીં કરવાનું કબૂલ કરે છે.

વળી એક વખત રાજા જંગલમાં શિકાર કરવા જાય છે. ત્યાં નદીના કિનારા ઉપર એક મુનિરાજ ધ્યાનમાં ઊભેલા છે. વળી પાછો મનમાં દ્વેષ આવ્યો. મુનિને કાન પકડી પાણીમાં ઝબોળ્યા, અને પાછા બહાર કાઢયા. રાજા પાછો મહેલમાં આવી રાણીને વાત કહે છે ત્યારે રાણી કહે છે : “ મુનિનો ઘાત તો ભવોભવ દુઃખ આપનાર છે, સ્વામીનાથ ! પ્રતિજ્ઞા કરો કે હવે મુનિનો ઘાત નહીં કરૂં.” રાજાએ પ્રતિજ્ઞા કરી કે મુનિનો ઘાત હવે કદી નહીં કરૂં.

ઘણા દિવસ પછી એક દિવસ રાજા મહેલના ઝરૂખામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠા છે. બે જુદી જુદી દિશામાં ઝરૂખા પડે છે. એક ઝરૂખો રાજમાર્ગ ઉપર પડે છે ત્યાં રાજા બેઠા છે. બીજી દિશામાં ઝરૂખો પડે છે ત્યાં રાણી બેઠી છે. મધ્યાહ્નનો સમય છે. એક મુનિરાજ ગોચરી લઈને રાજમાર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા છે. રાજાએ તેમને જોયા અને મનમાં પાછો દ્વેષ ભભૂકી ઊઠયો. પાસે રહેલા સૈનિકોને હુકમ કરે છે– "આ ડુંબ જેવો માણસ આખા નગરને વટલાવી રહ્યો છે. તેને ગળચી પકડીને નગરની બહાર કાઢી મૂકો." સૈનિકો મુનિને ગળચી પકડીને લઈ જઈ રહ્યા છે. બીજી દિશાના ઝરૂખામાંથી રાણીએ આ દશ્ય જોયું અને વિચારે છે–રાજાના હુકમ સિવાય નગરમાં મુનિને ગળચી પકડીને કોઈ લઈ જઈ શકે નહીં.

રાણી રૂઠી રાજાને કહે શું કરો રે,
પોતાનું બોલ્યું પાળો ન વચન્ન રે;
મુનિ ઉપસર્ગે સર્ગે જાવું દોહિલું રે,
નરકે જાવા લાગ્યું છે તુજ મન્ન રે.

રાણીનો પ્રકોપ એકદમ પ્રગટી ઊઠયો. કોપાયમાન થયેલી રાણી રાજાને કહે છે–"ક્ષત્રિય પુરુષો પ્રાણ જાય પણ પોતાનું બોલેલું વચન જવા દેતા નથી. આપ ક્ષત્રિય પુરુષ થઈને પ્રતિજ્ઞાનો ભંગ કરો છો? વળી મુનિનો ઘાત કરી તમને નરકમાં જવાનું મન થયું લાગે છે."

આ સાંભળી રાજાના મનમાં તીવ્ર પશ્ચાતાપ થયો. રાણીએ અવસર જોઈને સૈનિકોને જંગલમાં મોકલ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ગોચરી કરી મુનિવર કોઈ ઝાડ નીચે બેઠા હશે. તેમને બોલાવી લાવો." "સૈનિકોએ જંગલમાં મુનિવરને શોધી કાઢ્યા અને કહે છે–અમારા રાજા અને રાણી આપને યાદ કરે છે.

સજ્જન જે ભૂંડું કરતાં રૂડું કરે રે,
તેહનાં રહેશે જગમાં નામ પ્રકાશ રે,
આંબો પત્થર મારે તેને ફલ દિયે રે,
ચંદન આપે કાપે તેને સુવાસ રે.

ભૂંડું કરનારનું પણ જે સારું કરે તે સજ્જન છે. તેના જ નામ જગતમાં વિખ્યાત રહે છે. આંબો પથ્થર મારે તેને ફળ આપે છે, ચંદન કાપે તેને પણ સુવાસ આપે છે. સજ્જનની પણ આ જ રીત છે. છ મહિના સુધી ઉપસર્ગ કરનાર સંગમદેવ જ્યારે થાકીને જાય છે ત્યારે કરૂણાસાગર પ્રભુ મહાવીરની આંખમાંથી આંસુ પડે છે. બિચારો અશુભ કર્મ બાંધી દુર્ગતિમાં જશે. ઉત્તમ પુરુષોનાં હૃદય દયાના ભંડાર સમા હોય છે. પોતાને નુકસાન કર્યું છે તે વિચાર પણ તેમને સ્પર્શતો નથી. તે તો બધાનું સારું કરવા જ તૈયાર હોય છે. આવા દયાના સાગર મુનિરાજ રાજમહેલમાં પધારે છે. બંનેએ મુનિને નમસ્કાર કર્યા. રાણી કહે છે: "રાજાએ અજ્ઞાન પરવશ ઘણાં પાપ કર્યાં છે અને નિર્દોષ પશુઓનો સંહાર કર્યો છે. ત્રણ વખત તો મુનિનો ઘાત કર્યો છે. આ પાપમાંથી છૂટકારો મેળવવા આપ કોઈ ઉપાય બતાવો, પ્રાયશ્ચિત આપો." રાજા પશ્ચાતાપમાં ડૂબી ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હા, પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી તેમાં ડૂબકી મારી, પુણ્યશાળી બને છે.

પશ્ચાતાપના પવિત્ર ઝરણામાં ડૂબકી મારીને પાપી મનુષ્યો પણ પુણ્યશાળી બને છે. મુનિભગવંત પ્રાયશ્ચિત આપતાં કહે છે –

નવપદ જપતાં તપતાં તેહનું તપ ભલું રે,
આરાધે સિદ્ધચક્ર હોય અઘનાશ રે.

અહીં એક અદ્ભૂત વસ્તુ આપણને સમજવા મળે છે. જિનશાસનમાં ભયંકર કૃત્ય કરનારા, અઢારે પાપસ્થાનકનું સેવન કરનારા માટે ઉદ્ધારનાં દ્વાર ભગવાને ખુલ્લા રાખ્યાં છે. દૃઢપ્રહારી અને અર્જુનમાળીને પણ જૈન શાસન તે જ ભવે મોક્ષમાં મોકલી આપે છે. તીર્થંકર ભગવંતો સર્વેશ્વર, જીવેશ્વર, લોકેશ્વર, અખિલ બ્રહ્માંડના સાર્વભૌમ ચક્રાધીશ્વર છે.

વિશ્વમાં સર્વતંત્ર સ્વતંત્ર તીર્થંકરો છે. જગતના જુદા જુદા દેશો પર જુદા જુદા પ્રમુખ કે વડાપ્રધાન કે સરમુખત્યારની સત્તા ચાલી રહી છે અને બદલાઈ પણ રહી છે, પરંતુ તે સર્વ ઉપર કોઈની સર્વોપરી સત્તા છે કે કેમ? હા, છે. જગતનાં બધાં જ સામ્રાજ્યો ઉપર તીર્થંકર ભગવંતોની આજ્ઞાનું મહાસામ્રાજ્ય ચાલી રહ્યું છે. ચક્રવર્તી પણ તીર્થંકર ભગવંતની આજ્ઞાને આધીન રહે છે તો ઊંચે જાય છે, તેના વિરુદ્ધ જાય છે તો નરકમાં ફેંકાઈ જાય છે.

રાજસત્તા હોય ત્યાં હંમેશાં ન્યાયતંત્ર હોય છે. અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ગુનેગારને સજા કરવાનું અને કાયદાને વફાદાર રહેનારનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે.

"કર્મનો નિયમ" તીર્થંકર પરમાત્માના સામ્રાજ્યનું "ન્યાયતંત્ર" (Law of Justice) છે.

એક મનુષ્ય એક ખૂન કરે છે તો તેને ફાંસી થાય છે, હજાર ખૂન કરનારને પણ એક જ વખત ફાંસી થાય છે. પરંતુ કર્મસત્તા તે બધાની નોંધ રાખી, તેનો દંડ આપે છે. કોઇ માણસે ખૂન કર્યું પણ તે પકડાયો જ નહિ. તો વર્તમાન ન્યાયતંત્ર તેને કાંઈ કરી શકતું નથી. પરંતુ તીર્થંકર પરમાત્માના ન્યાયતંત્રમાં તેની નોંધ થાય છે. મનમાં કરેલા સૂક્ષ્મ વિચારોની પણ કર્મસત્તા નોંધ રાખે છે અને અને તેનાં શુભ કે અશુભ ફળ આપે છે.

જગતનું સૌથી મોટું ન્યાયતંત્ર જિનેશ્વર ભગવંતોએ બતાવેલો કર્મનો નિયમ (Law of Justice) છે, જેમાંથી કોઈ છટકી શકે તેમ નથી. જેવી રીતે રાજસત્તા નીચે ન્યાયતંત્ર હોય છે, તેવી રીતે દયાતંત્ર પણ હોય છે. કોઈ ગુનેગારને ફાંસીની સજા થઈ હોય અને રાષ્ટ્રપતિને દયાની અરજી કરે, તો રાષ્ટ્રપતિ તેને માફી આપી શકે છે. તીર્થંકર ભગવંતોના સામ્રાજ્યનું દયાતંત્ર (Law of Mercy) સર્વોપરી છે. ગમે તેવા પાપીઓ પણ જ્યારે પરમાત્માના શરણે આવે છે ત્યારે તેનાં સર્વ પાપો નષ્ટ થઈ જાય છે.

"એસો પંચ નમુક્કારો, સવ્વ-પાવ-પ્પણાસણો." પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરનારનાં સ[illegible] પાપો નાશ પામે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પરમાત્માને શરણે આવેલો આત્મા સર્વ પાપ, દુઃખ, ભય, શોક, ચિંતાથી મુક્ત થાય છે. કર્મસત્તાના પંજામાંથી છૂટવા માટે ધર્મસત્તાના શરણે આવ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. પંચ પરમેષ્ઠિઓ ધર્મના ભંડાર છે. એમની શરણાગતિ એ જ કર્મસત્તાના પંજામાંથી છૂટવાનો ઉપાય છે.

સર્વ પાપનો પ્રણાશ કરવાનો અને પુણ્યના પ્રકર્ષને પહોંચવાનો ઉપાય નવપદની આરાધના અને નમસ્કારભાવ છે. નવપદનું આરાધન સર્વ સુવિધાઓનું સર્જન કરનાર છે, દુઃખ દૌર્ભાગ્યનો વિચ્છેદ કરનાર છે. તે નવપદની આરાધના દ્વારા પરમ મંગલનું મંડાણ થઈ મોક્ષનું મંગલ ગીત આત્મામાં ગૂંજતું થઈ જાય છે.

જગતનું સર્વોત્કૃષ્ટ રાજકીય દૃષ્ટિબિંદુ (Political view point)નું વિજ્ઞાન 'નમો અરિહંતાણં' અને નવપદ'માં છે.

તીર્થંકર પરમાત્મા જ સર્વેશ્વર, જીવેશ્વર, લોકેશ્વર, અખિલ બ્રહ્માંડના સાર્વભૌમ ચક્રાધીશ્વર છે. અખિલ બ્રહ્માંડ તેમની આજ્ઞાને આધીન પ્રવર્તી રહ્યું છે. તે જ Cosmic Rular છે. અને તે જ તેમની આજ્ઞા Cosmic Order છે.

એક વખત સાચા ભાવથી, અનન્ય ભાવથી જીવ જો પરમાત્માના શરણે ચાલ્યો જાય છે, તો તેના સર્વ પાપ નાશ થઈ, તેનો ઉદ્ધાર થાય છે. મુનિ ભગવંતે પ્રાયશ્ચિતમાં કહ્યું : ''નવપદનો જાપ અને તપ કરવાથી અને વિધિપૂર્વક કરેલી સિદ્ધચક્રની આરાધનાના પ્રભાવથી સર્વ પાપનો નાશ અવશ્ય થાય છે. માટે તમારા પાપના પ્રાયશ્ચિત રૂપે નવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદની આરાધના કરો.” શ્રીપાલ મહારાજાએ પૂર્વજન્મમાં જે પાપ કર્યું, તેવું તો કદાચ આપણે આ જીવનમાં નથી કર્યું. પરંતુ નાનાં મોટાં અનેક પાપો આપણા જીવનમાં થાય છે. જો તેમાંથી પાછા ફરવું હોય તો નવપદની આરાધના કરવાનો અદ્ભુત ઉપાય આપણને મળી ગયો છે.

અહીં સુધી કર્મની શક્તિનું વર્ણન આવ્યું. આ પ્રાયશ્ચિતરૂપ આપેલી નવપદની આરાધનામાં ધર્મશક્તિનું વર્ણન આવે છે. કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડશે તેમાં આપણને શ્રદ્ધા નથી. કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડશે તે વિચાર આપણને અશુભ કર્મ કરતાં રોકે છે. તે ખૂબ જ ઉપયોગી છે. સાથે સાથે કરેલો ધર્મ અવશ્ય ફળશે તેવી શ્રદ્ધા આપણને ધર્મ કરવાની અદ્ભુત પ્રેરણા અને ઉત્સાહ આપે છે. પ્રભુ મહાવીરસ્વામીને પણ કર્મે છોડ્યા નથી તેમ આપણે કહીએ છીએ. એક દૃષ્ટિબિન્દુથી તે બરાબર છે. બીજું દૃષ્ટિબિન્દુ કહે છે—અનંત કર્મ ભગવાન મહાવીરના આત્મામાં રહેલાં હતાં. પરંતુ ભગવાનમાં જ્યારે ધર્મ પ્રગટ થયો ત્યારે સાડાબાર વર્ષના ટૂંકા ગાળામાં તે સઘળાં કર્મ બળીને ભસ્મ થઈ ગયાં. કર્મનું કાંઈ ચાલ્યું નહીં અને ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું. જ્યારે આત્મા બળવાન થાય છે, જિન કથિત સાચા ધર્મને જીવનમાં ધારણ કરે છે, ત્યારે કર્મને પણ ત્યાંથી ભાગવું પડે છે. કર્મ રૂની વખાર છે. ધર્મ અગ્નિનો કણિયો છે. અગ્નિનો કણિયો રૂની વખારને બાળીને ભસ્મ કરવાને સમર્થ છે. શ્રીકાંત રાજાએ પૂજા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપની વિધિ અને સિદ્ધચક્રની આરાધનાની વિધિ મુનિ ભગવંત પાસેથી જાણી.

પૂજા તપ વિધિ શીખી આરાધ્યું નૃપે રે,
રાણી સાથે તે સિદ્ધચક્ર વિખ્યાત રે.

શ્રીકાંત રાજાએ શ્રીમતી રાણી સાથે નવપદની આરાધના શરૂ કરી. સાડા ચાર વર્ષ સુધી નવ ઓળીની આરાધના કરી. આ રીતે વિધિપૂર્વક આરાધના અને નવપદનું ધ્યાન કરતાં રાજાના મોટા ભાગનાં કર્મો ખપી ગયાં. પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ થઈ. તપ પૂરું થતાં ઉજમણું કર્યું. રાણીની આઠે સખીઓ રાજા અને રાણીના તપની ખૂબ અનુમોદના કરે છે. સાતસો ઉદ્ધંઠ સિપાઈઓ પણ અનુમોદના કરે છે.

એક દિવસ એક વિચિત્ર બનાવ શ્રીકાંત રાજાના જીવનમા બની ગયો. બાજુમાં એક ગામ હતું. તેનો ઠાકોર સિંહરાજા હતો. તેનું ગામ શ્રીકાંત રાજા અને સાતસો ઉદ્ધંઠ માણસોએ ભાંગી નાંખ્યું. સિંહરાજાએ પાછળથી આવીને સાતસો માણસોને મારી નાંખ્યા. તે પછી ઘણો પશ્ચાત્તાપ થવાથી સિંહરાજાએ દીક્ષા લીધી અને એક માસનું અનસન કર્યું. શ્રી અજિતસેન અવધિજ્ઞાની મુનિરાજ શ્રીપાલ મહારાજાનો પૂર્વજન્મ પર્ષદાની આગળ કહી રહ્યા છે. હવે શ્રીપાલને ઉદ્દેશીને કહે છે : "પૂર્વ જન્મના શ્રીકાંત રાજા તે શ્રીપાલ તું પોતે જ છે અને શ્રીમતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાણી તે મયણાસુંદરી છે. પૂર્વ જન્મમાં શ્રીમતી રાણીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કરી સિદ્ધચક્રની આરાધના કરી. તેથી આ જન્મમાં પણ મયણાની પ્રેરણાથી શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ તમને સિદ્ધચક્રની આરાધના બતાવી. તે સિદ્ધચક્રની આરાધના અને નવપદના ધ્યાનના પ્રભાવથી આ સર્વ વિશેષ પ્રકારની ઋદ્ધિ તમને પ્રાપ્ત થઈ છે.

જે સિંહરાજાનું ગામ તમે ભાંગી નાંખેલું તે અજિતસેન હું પોતે જ છું. પૂર્વજન્મમાં શ્રીપાલના જીવે સિંહરાજાનું ગામ ભાંગી નાંખેલું; તેથી અજિતસેન કાકાએ શ્રીપાલનું ચંપાનગરીનું રાજ્ય પચાવી પાડયું."

અહીં Law of Multiplication-ગુણાકારનો નિયમ લાગુ પડયો. ગામ ભાંગી નાંખ્યું અને બદલામાં આખું રાજ્ય ગયું. આ ગુણાકારનો નિયમ લાગુ પડયો. કોઈ પણ શુભ કે અશુભ કર્મ બાંધ્યા પછી અનુમોદના કરવાથી તેનો ગુણાકાર થાય છે; અને કોઈ પણ શુભ કે અશુભ કર્મ બાંધ્યા પછી પશ્ચાત્તાપ થાય તો ભાગાકારનો નિયમ લાગુ પડે છે.

શાલીભદ્રના જીવે પૂર્વજન્મમાં ભરવાડની અવસ્થામાં મુનિરાજને ખીર વહોરાવી અને અનુમોદના કરી તેથી બીજો જન્મ શાલીભદ્રનો થયો. મમ્મણ શેઠે પણ પૂર્વજન્મમાં સિંહકેસરિયો લાડવો મુનિ ભગવંતને વહોરાવ્યો. વહોરાવતાં ખૂબ સારા ભાવ હતા, પણ પછીથી ભાવ પલટાયા. લાડવો ખાવા જેવી ચીજ હતી, તે મુનિવરને વહોરાવ્યો તે સારું ન કર્યું....લાડવો વહોરાવતાં સારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ કરવાથી નવ્વાણું ક્રોડ સોનૈયાનો માલિક મમ્મણ બન્યો. પણ વહોરાવ્યા પછી પશ્ચાત્તાપ કરવાથી નવ્વાણું ક્રોડમાંથી કાંઈ જ વાપરી શક્યા નહીં, ભોગવી શક્યો નહીં, બીજાને પણ વાપરવા ન દીધું અને આસક્ત બની સાતમી નરકમાં ગયો.

શ્રીપાલ અને મયણાનું જીવન આપણને ક્યાં ઉપયોગી છે તે આપણે શોધીએ છીએ. કોઈ શુભ કાર્ય **થાય ત્યારે હંમેશાં તેની અનુમોદના કરવી જેથી શુભકર્મનો ગુણાકાર થાય છે.** અશુભ કાર્ય થઇ જાય ત્યારે પશ્ચાત્તાંપ કરવો જેથી અશુભ કર્મનો ભાગાકાર થઈ જાય.

મુનિવરને પૂર્વ જન્મમાં કોઢિયા કહેવાથી શ્રીપાલને પાંચ વર્ષની ઉંમરે કોઢનો રોગ થયો. સવારથી સાંજ સુધી આપણે જે કાંઈ બોલીએ છીએ તેનું જો આ રીતે ફળ મળવાનું હોય તો ઘણી મુશ્કેલી આવી પડે. એટલે આપણે જે કાંઇ બોલીએ તે ઉપર અંકુશ રાખવો જોઇએ. દુઃખકારક, બીજાને પીડાકારક વચન કદી પણ બોલવા નહીં. શરીરથી જે કાંઈ કરીએ તેના ઉપર ચેકીંગ રાખવું, જેથી કોઈને હાનિકારક આપણાથી કાંઈ ન થઈ જાય. મનથી જે કાંઈ વિચારીએ તેના ઉપર ચેકીંગ રાખવું, જેથી કોઈનું પણ અશુભ ચિંતન ન થઇ જાય. સૌના ભલાનો જ વિચાર કરવો.

મુનિવરને પૂર્વ જન્મમાં ડુંબ કહેવાથી થાણા બંદરે ડુંબનું આળ આવ્યું. જે વખતે શ્રીપાલને દરિયામાં ફેંકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવા માટે ધવલના મનમાં વિચાર આવ્યો, તે વખતે શ્રીપાલનું પણ મુનિવરને પાણીમાં ઝબોળ્યા હતા તે પૂર્વજન્મનું કર્મ ઉદયમાં આવ્યું હતું. આપણે ધવલ બહુ ખરાબ હતો તેટલું જ જાણીએ છીએ. ચોક્કસ ધવલ ખરાબ હતો. સાતમી નરકમાં ગયો. પરંતુ ધવલે જ્યારે માંચડાનું દોરડું કાપ્યું તે વખતે શ્રીપાલે પૂર્વજન્મમાં મુનિવરને પાણીમાં ઝબોળેલા તે કર્મ ઉદયમાં આવ્યું હતું જ્યાં સુધી આપણું અશુભ કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી આપણું અનિષ્ટ કોઈ કરી શકતું નથી. જેના હૃદયમાં ધર્મ છે, જેના હૃદયમાં ભગવાન છે તે કોઈને પણ ગુનેગાર ગણતા જ નથી. કોઈ કદાચ આપણા અનિષ્ટમાં નિમિત્ત બની શકે છે; પરંતુ આપણું અનિષ્ટ તો આપણા અશુભ કર્મના ઉદયથી જ થાય છે. માટે કોઈની પણ સાથે–આપણા નુકશાનમાં નિમિત્ત બને તેની સાથે પણ વૈરનો પરિણામ કદી ન કરી શકાય. આપણે તો જીવ માત્ર સાથે મૈત્રીથી જ ભાવિત રહેવાનું છે. સર્વ જીવનું શુભ અને કલ્યાણ ચિંતવવાનું છે.

પૂર્વજન્મની આઠ સખીઓએ રાજા અને રાણીના તપની ઘણી અનુમોદના કરી, તે વખતે આઠ સખીઓને મયણા અને શ્રીપાલ સાથે મોક્ષ પર્યંતની સોબત થાય તેવો બંધ પડચો. આ એક બહુ જ અદ્ભુત ઘટના છે. સખીઓએ પોતે કોઈ ધર્મ કર્યો નથી, પણ રાજા અને રાણીની અનુમોદનાએ મોક્ષ પર્યંતની સોબત થઈ અને તે આઠ સખીઓ જુદા જુદા દેશની રાજકન્યાઓ થઈ અને શ્રીપા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લની આઠ બીજી રાણીઓ બની.

આપણા ઘરમાં પાંચદસ માણસનું આપણું કુટુમ્બ છે. તેમાં સામાન્ય રીતે વ્યવહારના સ્તર (લેવલ) ઉપર આપણું જીવન ચાલે છે. પરંતુ કૌટુંબિક સંબંધને જો આપણે આધ્યાત્મિક સ્તર (લેવલ)માં રૂપાંતર કરીએ તો ઘરનાં બધાં એકબીજાની આરાધનામાં પ્રેરક અને પૂરક બને. સાચો આરાધક ભાવ આવે તો બીજા જન્મોમાં તે જ પાત્રો પાછાં સંબંધમાં આવે. બીજા જન્મમાં પણ સાથે જ આરાધના કરે અને સંભવ છે કે મોક્ષ પર્યંતની સોબત પણ શુભનિષ્ઠા હોય તો થઇ જાય.

આ પ્રમાણે અવધિજ્ઞાની અજિતસેન મુનિરાજે શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીનો પૂર્વજન્મ કહ્યો. તે સાંભળી શ્રીપાલ મહારાજાને ઘણું જ આશ્ચર્ય થયું. તે વખતે શ્રીપાલ કહે છે : "હે મુનિ ભગવંત ! હમણાં મારામાં ચારિત્ર ગ્રહણ કરવાની શક્તિ નથી, તો મારે શો ધર્મ કરવો ?" ત્યારે મુનિ ભગવંત કહે છે : "હે રાજન્ ! તારે હજુ ભોગકર્મ બાકી છે. આ ભવમાં ચારિત્ર ઉદયમાં નથી." એમ કહી મુનિ ભગવંત હવે મુક્તિનો ઉપાય કહે છે–

અરિહંત સિદ્ધ તથા ભલા, આચારજ ને ઉવજ્ઝાય રે;
સાધુ નાણ દંસણ ચરિત્ત, તવ નવપદ મુક્તિ ઉપાયો રે.

પ્રાણી ! વાણી જિનતણી તુમે ધારો હૃદય મોઝાર રે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ નવપદો મુક્તિના ઉપાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ નવપદને ધ્યાતાં થકાં, પ્રગટે નિજ આતમરૂપ રે;
આતમ દરિસણ જેણે કર્યું, તેણે મુંધો ભવ ભય કૂપ રે.
પ્રાણી ! વાણી જિનતણી તુમે ધારો હૃદય મોઝાર રે.

આ નવપદનું ધ્યાન કરવાથી આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. નવપદનું ધ્યાન કરવાથી આત્મદર્શન–આત્મઅનુભવ થાય છે. નવપદના આલંબને જેને આત્મદર્શન–આત્મઅનુભવ થાય છે, તે ભવસમુદ્રથી પાર ઊતરી જાય છે.

ક્ષણ અર્ધે જે અઘ ટલે, તે ન ટલે ભવની કોડી રે;
તપસ્યા કરતાં અતિ ઘણી, નહીં જ્ઞાનતણી છે જોડી રે.

અઘ=પાપ

વળી નવપદના આલંબને જેણે આત્મધ્યાન અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે અડધી ક્ષણમાં જે પાપનો નાશ કરે છે, તે પાપોનો અજ્ઞાની માણસો કરોડો ભવ સુધી ઘણી તપશ્ચર્યા કરીને પણ નાશ કરી શકતા નથી. માટે આત્મજ્ઞાનની તુલનામાં બીજી કોઈ વસ્તુ આવી શકે નહીં.

આત્મજ્ઞાનમાં જ મગ્ન છે તે સંસારના સુખોને પુદ્ગલના ખેલ જેવાં, ઈન્દ્રજાળ જેવાં સમજે છે.

ઈન્દ ચંદાદિ પદ રોગ જાણ્યો;
શુદ્ધ નિજ શુદ્ધતા ધન પીછાણ્યો.
(અધ્યાત્મ ગીતા)

જેને આત્મજ્ઞાન દ્વારા પોતાના આત્માના શુદ્ધ ચૈતન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપની, આત્મામાં રહેલ અનંત સુખ અને આનંદના નિધાનની જાણકારી થઈ, અનંત શક્તિના ભંડાર એવા પોતાના આત્માની ઓળખાણ થઈ, તેણે ઈન્દ્ર, ચન્દ્ર, ચક્રવર્તી, વાસુદેવ આદિ પદવીને રોગ જાણ્યો. કર્મરૂપી રોગના ઈન્દ્ર, ચન્દ્ર આદિ પદવી તે વિકારો છે. આત્માના અનંત સુખની પાસે પૌદ્‌ગલિક સુખો તે ઇન્દ્રજાળ જેવાં દુર્બળ છે.

જાણ્યો ધ્યાયો આતમા, આવરણ રહિત હોય સિદ્ધ રે;
આતમજ્ઞાન તે દુઃખ હરે, એહિ જ શિવ હેતુ પ્રસિદ્ધ રે.

જેણે આત્માને જાણ્યો અને નવપદના આલંબને જેણે આત્માનું ધ્યાન કર્યું તે મનુષ્ય કર્મના આવરણને તોડી નાંખી સિદ્ધ સ્વરૂપ બને છે. ખરેખર ! આત્મજ્ઞાન તે દુઃખનો નાશ કરનાર છે. અજ્ઞાની મનુષ્ય જગતના પદાર્થોમાંથી સુખ શોધે છે. જગતના પદાર્થોમાં સુખ નથી. છતાં તેમાં શોધે છે અને મળતું નથી તેથી તે મનુષ્ય આર્ત્ત-રૌદ્રધ્યાનથી પીડાય છે. જ્યારે તેને ખ્યાલ આવે છે કે સુખનો ભંડાર આત્મામાં છે અને સુખનો પ્રગટ પરમ ભંડાર પરમાત્મામાં છે; અને સુખના પ્રગટ પરમ ભંડાર પરમાત્માની ભક્તિ દ્વારા પોતાની અંદર રહેલા સુખના પરમ ભંડાર આત્મસ્વરૂપના પરમ આનંદનો અનુભવ થાય છે. ત્યારે પરમાત્મા તેનું સર્વસ્વ બની જાય છે. અને પરમાત્મ ભક્તિ અને ધ્યાન દ્વારા તે પોતાના આત્મામાં રહેલા પરમ આનંદનો આસ્વાદ કરે છે.

પામ્યો આજે પરમ પદનો, પંથ તારી કૃપાથી,
મીટયાં આજે ભ્રમણ ભવનાં, દેવ ! તારી કૃપાથી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખો સર્વે ક્ષય થઈ ગયાં, દિવ્ય તારી કૃપાથી,
ખુલ્યાં ખુલ્યાં સકલ સુખનાં, દ્વાર તારી કૃપાથી.

દુઃખનું મૂળ છે જગતના પદાર્થોમાં સુખ શોધવાની પ્રવૃત્તિ. જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધવાથી દુઃખ મળે છે, ભય, ચિંતા, અશાન્તિ થાય છે. પરંતુ જ્યારે મનુષ્ય પ્રભુ-ભક્તિ દ્વારા પ્રભુની કૃપાનો પાત્ર થાય છે, ત્યારે આત્માની અંદર રહેલા પરમ આનંદના દ્વાર ખુલ્લાં થઈ જાય છે, સર્વ દુઃખ નાશ પામી જાય છે. પરમાત્મા અને નવપદના ધ્યાન દ્વારા પોતાના આત્મામાં રહેલા પરમ આનંદરૂપ અમૃતનો તે આસ્વાદ કરે છે – અનુભવ કરે છે. સર્વ દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ નવપદના ધ્યાનથી થાય છે. નવ-પદના ધ્યાનથી પાપનો પ્રણાશ અને પુણ્યનો પ્રકર્ષ થાય છે, સુખનું સર્જન અને દુઃખનું વિસર્જન થાય છે, વિઘ્નોનો વિચ્છેદ અને મંગલનું મંડાણ થાય છે, સુવિધાઓનું સંવર્ધન અને દુર્ભાગ્યનું દૂરીકરણ થાય છે, ઇચ્છાઓનું ઉર્ધ્વગમન અને સત્યનું સંશોધન થાય છે. નવપદનું ધ્યાન એ ધર્મ-ધ્યાનનો ધોધ છે; જેથી ચિંતાનું ચૂરણ, આપત્તિઓનું ઉન્મૂલન અને સૌભાગ્યની સંપ્રાપ્તિ થાય છે. નવપદના ધ્યાનથી આત્મસિદ્ધિનું આયોજન અને આત્માના અવિનાશીપણાનો આદર્શ પ્રાપ્ત થાય છે. નવપદના ધ્યાનથી પરમેષ્ઠિઓ સાથે તન્મયતા—તદ્રુપતા આવે છે. તેથી આપણા આત્માને પરમેષ્ઠિ સ્વરૂપ બનાવી શકાય છે. સર્વ સિદ્ધિઓનું સોપાન નવપદ અને સિદ્ધચક્ર છે. નવપદની આરાધનાથી પરમાત્માની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરૂણાના પાત્ર બની, અનંતના આશીર્વાદ મેળવી, ત્રિભુવનેશ્વરમાં તન્મયતા દ્વારા આત્મસ્વરૂપના અનુભવ સુધી પહોંચી શકાય છે.

અજિતસેન મુનિરાજની દેશના સાંભળી શ્રીપાલ મહારાજા રોમાંચિત થઈ ગયા. નવપદ એ મુક્તિનો ઉપાય છે તે ભાવથી ભાવિત બની ગયા. ત્યાં છેલ્લે અજિતસેન મુનિરાજ કહે છે –

એ નવપદ આરાધતાં, પામીશ નવમું સ્વર્ગ;
નરસુર સુખ ક્રમે અનુભવી, નવમે ભવ અપવર્ગ.

આ નવપદની આરાધના કરવાથી તું નવમા દેવલોકને પ્રાપ્ત કરીશ. પછી અનુક્રમે મનુષ્ય અને દેવપણાના સુખ અનુભવીને નવમા ભવે મોક્ષ પ્રાપ્ત કરીશ. આ સાંભળી શ્રીપાલ મહારાજા નવપદની આરાધનામાં લીન બન્યા. આપણે પણ હવે નવપદને જીવનમાં પધરાવીએ. નવપદની ભક્તિ અને નવપદનું ધ્યાન કરીએ. શ્રીપાલનું ચરિત્ર આપણને પણ નવપદની આરાધના માટે અદ્ભુત પ્રેરણા આપે છે.

અન્યત્ર પણ મહાપુરુષોએ નવપદની સર્વ વિધિપૂર્વકની આરાધના સાથે નવપદના ધ્યાનના વિષયમાં અદ્ભુત પ્રેરણા આપી છે.

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે.

ઈમ નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,
સદાનંદ ચિદ્રુપતા તેહ પાવે;

વળી જ્ઞાનવિમલાદિ ગુણરત્ન ધામા,
નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના.

(નવપદની પૂજામાંથી)

એ નવપદ ધ્યાન કરંતા, નવનિધિ ઋદ્ધિ ઘર આવે.

(નવપદની પૂજા–પદ્મવિજયજી કૃત)

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન....

(પંડિત શાન્તિવિજયજી)

સુલલિત નવપદ ધ્યાનથી, પરમાનંદ લહીએ;
ધ્યાન અગ્નિથી કર્મનાં, ઈંધણ પૂર્ણ દહીએ.

(શ્રી મોહનવિજયજી મહારાજ)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન.
એ નવપદનું ધ્યાન કરંતા, જીવ પામે વિશ્રામ;
ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન.

(શ્રી મોહનવિજયજી શિષ્ય હેમવિજયજી)

ચાર વર્ષ ને ષટ્ માસ, ધ્યાન ધરો ભવિ ધરી વિશ્વાસ;
ધ્યાયો રે મયણાસુંદરી શ્રીપાલ, તેહનો રોગ ગયો તત્કાલ.

(પૂ. કાન્તિસાગરજી મહારાજા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહો ! ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહીં મેવો.
જે સિદ્ધચક્રને આરાધે, તેહની કીરતિ જગમાં વાધે;
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત.

(રામવિજયજીના શિષ્ય)

એ સિદ્ધચક્રના ધ્યાનથી, ફલે શુભ વાંછિત કામ રે.
વીરવિજય કહે મુજ હોજો, શ્રી સિદ્ધચક્ર પ્રણામ.

(વીરવિજયજી મહારાજ)

શ્રી સિદ્ધચક્રની સેવના રે, નવપદ જેમાં પ્રધાન,
પુષ્ટાલંબન એહ છે રે, કીજે નિર્મળ ધ્યાન,
ભવિકજન ધ્યાઈએ રે, ધ્યાતા ધ્યાન પ્રમાણ,
અનુભવ પામીએ રે.

(જિનઉત્તમવિજયજીના શિષ્ય રત્નવિજયજી)

નવપદ એ ધ્યાન માટેનું પુષ્ટાલંબન છે. તેનું ધ્યાન કરવાથી ધ્યાતા પોતે ધ્યેયસ્વરૂપ બને છે–આત્મસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કરે છે.

અનુપમ નવપદ ધ્યાન ધરીજે, રોગાદિક દુઃખ દૂર હરીજે,
મુક્તિવધૂ પરણીજે;
નવપદ મહિમા મોટો કહીએ, તેહને ધ્યાને અહનીશ રહીએ,
શિવસંપત્તિ લહીએ.

(વિજયપ્રભસૂરીશ્વરના શિષ્ય કાન્તિવિજયજી)

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપે એ સમુદાય;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ નવપદ સમૂહિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુઃખ જાય.

(સુમતિવિજયજીના શિષ્ય રામવિજયજી)

નવપદ ધ્યાન ધરીને હૈડે, શ્રી સિદ્ધચક્ર આરાધોજી;
પહેલે અરિહંત, સિદ્ધ ગણો બીજે, આચારજ ગુણ વંદોજી.

(રંગવિજયજી મહારાજ)

આ રીતે જિનશાસનના સર્વ મહાપુરુષોએ નવપદની સર્વ આરાધના કરવા સાથે નવપદનું ધ્યાન કરવા માટે અદ્‌ભુત પ્રેરણા આપી છે. સર્વ મહાપુરુષોના હૃદયમાં નવપદની આરાધના અને નવપદના ધ્યાનનો અદ્‌ભુત મહિમા વસી ગયો છે. શ્રીપાલ અને મયણાનું કથાનક તો નવપદના ધ્યાન ઉપર જ છે. આપણે પણ યથાશક્તિ નવપદનું ધ્યાન કરીએ.

શ્રીપાલ મહારાજા અવધિજ્ઞાની અજિતસેન મુનિરાજ પાસેથી 'પોતાનો પૂર્વજન્મ અને નવપદ એ જ મુક્તિનો ઉપાય છે' તે દેશના સાંભળી ભાવોલ્લાસપૂર્વક સિદ્ધચક્રની આરાધના કરવા વિચાર કરે છે. તે વખતે મયણાસુંદરી કહે છેઃ-

મયણાસુંદરી ત્યારે ભણે, પૂર્વે પૂજ્યું સિદ્ધચક્ર;
ધન તો ત્યારે થોડું હતું, હવણાં તું ઋદ્ધે શક્ર.

પૂર્વે આપણે સિદ્ધચક્રની આરાધના ઉજ્જૈની નગરીમાં કરી ત્યારે આપ તો કોઢના રોગથી ગ્રસ્ત હતા. આપણી પાસે કાંઈ સાધનસામગ્રી ન હતી. પરંતુ અત્યારે તો આપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રના જેવા શોભી રહ્યા છો! માટે આપણે એવી આરાધના કરીએ જેના પ્રભાવે આખું જગત ધર્મ પામે.

મયણાનું જ્વલંત સમ્યગ્દર્શન, મયણાની અપૂર્વ શ્રદ્ધા, અને મયણાનો જિનકથિત તત્ત્વ ઉપરનો આદર તે વખતે બોલે છે -

વિસ્તારે નવપદ તણી, તિણે પૂજા કરો સુવિવેક;
ધનનો લાહો લીજીયે, રાખો મહોટી ટેક.

મયણાની પ્રેરણાથી શ્રીપાલ મહારાજા રાણીઓ, માતાજી તથા સઘળા પરિવાર સાથે સાડા ચાર વર્ષ સુધી નવ આયંબિલની ઓળીપૂર્વક, અપૂર્વ રીતે સિદ્ધચક્રનું નિરંતર આરાધન કરે છે જે જે રીતે નવપદની ભક્તિ કરી શકાય તે સર્વ રીતે નવપદની ભક્તિ કરે છે. નવાં મંદિર બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, જિનબિંબ ભરાવ્યાં વગેરે રીતે અરિહંત પદની આરાધના કરી.

એમ સિદ્ધતણી પ્રતિમા તણું, પૂજન ત્રિહુંકાલ પ્રણામ;
તન્મય ધ્યાને સિદ્ધનું, કરે આરાધન અભિરામ.

સિદ્ધભગવંતની ત્રણે કાળ પૂજા નમસ્કાર કરે છે, તન્મયપણે સિદ્ધભગવંતનું ધ્યાન કરે છે. સિદ્ધપદના ધ્યાનમાં સ્થિર બને છે. ઉપયોગ નિરંતર સિદ્ધપદમાં એટલે કે શુદ્ધ-આત્મામાં જ જાગૃતપણે રાખે છે.

સિદ્ધ ભજો ભગવંત પ્રાણી પૂર્ણાનંદી. પૂર્ણ સ્વરૂપ સિદ્ધપદમાં ઉપયોગની જાગૃતિ છેવટે પૂર્ણતામાં એકત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સ્થિરતારૂપે પરિણમતાં આત્મસાક્ષાત્કારનો પરમાનંદ પ્રગટાવે છે, માટે નિરંતર જાગતા રહેવું જરૂરી છે. પણ ક્યાં જાગવું ? શામાં જાગવું ? શા માટે જાગવું ? બજારોમાં ભાવોની મોટી વધઘટ છે, તેમાં જાગતા રહેવું ? કારખાનામાં બૉયલર ફાટીને ધડાકો ન થાય તે માટે જાગતા રહેવું ? છોકરા-છોકરી માટે કોઈ સારી ઑફર આવે અને તે ચૂકી ન જવાય તે માટે જાગતા રહેવું ? રાજકીય ક્ષેત્રે મોટા ફેરફારો થઈ જાય તો તે માટે જાગતા રહેવું ? વિશ્વમાં અણુયુદ્ધ થઈ જાય તો આપણું શું થશે, તે માટે જાગતા રહેવું ? શામાં જાગવું અને ક્યાં જાગવું ?

જ્ઞાનીપુરુષો એકી અવાજે કહે છે કે, **આત્માના ઉપયોગમાં જાગવું**. જે આત્મામાં જાગતો છે, તે જ સાચો જાગતો છે. બાકી જગત તો મોહનિદ્રામાં પોઢેલું છે. કરુણાસાગર અરિહંત પરમાત્મા, તેમનું શાસન, તેમનું બતાવેલું તત્ત્વજ્ઞાન, તેમનો કહેલો ધર્મ જીવનમાં પરિણામ પામ્યો ત્યારે કહેવાય કે સદા આપણે આત્મસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપમાં જાગતા રહીએ. આને જ Art of Awareness in Absoluteness–આત્મસ્વરૂપમાં ઉપયોગની જાગૃતિની દિવ્ય કળા કહેવાય. સમ્યગ્દર્શન પદની પૂજામાં કહેલું છે કે–

"આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીએ."

"પ્રકૃતિ સાત ને ઉપશમે ક્ષય તે હોવે,
તિહાં આપરૂપે સદા આપ જોવે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપની પ્રાપ્તિના એટલે મોક્ષના લક્ષ્યપૂર્વક અર્થાત્ નિશ્ચયના લક્ષ્યપૂર્વક વ્યવહારનું પાલન કરીએ છીએ, તો શીઘ્ર આત્માના અનુભવની દિશામાં આગળ વધી શકીએ છીએ. કહ્યું છે કે –

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."

(સવાસો ગાથાનું સ્તવન)

નોંધ :– આ પુસ્તકમાં જ્યાં આત્મસ્વરૂપનો ઉલ્લેખ છે, ત્યાં ખાસ ખ્યાલ રાખવો કે જે જે ગુણસ્થાનકમાં આપણે હોઈએ, તે ગુણસ્થાનકને અનુરૂપ વ્યવહારમાં –ક્રિયામાં રક્ત રહેનાર જ આગળ વધી શકે છે.

પહેલા ગુણસ્થાનકે રહેલ સાધક માર્ગાનુસારીના ગુણોમાં, ચોથે ગુણસ્થાનકે રહેલ સાધક સમ્યગ્દર્શનને યોગ્ય આચારોમાં, પાંચમે ગુણસ્થાનકે રહેલ સાધક શ્રાવકોચિત કર્તવ્યમાં, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા સાધુ ભગવંત સાધુને યોગ્ય સમાચારીના પાલનમાં સ્થિર હોય તો જ આત્માના અનુભવની દિશામાં આગળ વધી શકે છે.

કહ્યું છે– "શુદ્ધનય ધ્યાન તેહને સદા પરિણમે,
જેહને શુદ્ધ વ્યવહાર હૈડે રમે."

(ઉપાધ્યાય યશોવિજયજી કૃત ૩૫૦ ગાથાનું સ્તવન)

શ્રીપાલ મહારાજા નવપદોને નિરંતર હૃદયમાં ધારણ કરી તેના આલંબને આત્મધ્યાન કરે છે, તદાકાર ઉપયોગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીન રહે છે. વળી આચાર્યપદને વિષે અંતરંગ બહુમાન, ભક્તિ, વંદન, વૈયાવચ્ચ, સેવા, શુશ્રૂષા વગેરે દ્વારા આચાર્ય પદની આરાધના કરે છે. ઉપાધ્યાયપદ અને સાધુપદની વૈયાવચ્ચ વગેરે કરવા પૂર્વક અનેક રીતે આરાધના કરે છે.

તીર્થયાત્રા, સંઘપૂજા, રથયાત્રા વગેરે શાસન પ્રભાવનાનાં અનેક કાર્યો કરવા પૂર્વક સમ્યગ્દર્શનની આરાધના કરે છે.

આગમો લખાવે છે. પોતે પણ સ્વાધ્યાય વગેરે દ્વારા જ્ઞાનપદનું આરાધન કરે છે.

નિરંતર સાધુધર્મની અભિલાષાપૂર્વક વ્રતનિયમ જીવનમાં ધારણ કરીને ચારિત્રપદની આરાધના કરે છે.

આલોક અને પરલોકના સુખની ઇચ્છાનો ત્યાગ કરી આત્માનુભવ અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જ છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારે તપપદની આરાધના કરે છે. આ રીતે દ્રવ્ય અને ભાવપૂર્વક નવપદની ભક્તિ કરીને સિદ્ધચક્રને આરાધે છે.

ઇમ સિદ્ધચક્રની સેવના, કરે સાડા ચાર તે વર્ષ;
હવે ઉજમણા વિધિ તણો, પૂરે તપ ઉપન્યો હર્ષ.

આ પ્રમાણે સાડાચાર વર્ષ સુધી સિદ્ધચક્રજીનું સર્વ વિધિ સહિત આરાધન કર્યું.

ચોથે ખંડે પૂરી થઇ, ઢાળ નવમી ચઢતે રંગ;
વિનય સુજસ સુખ તે લહે, સિદ્ધચક્ર ગુણે જે ચંગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે શ્રીપાલ મહારાજા તપનું ઉજમણું કરે છે.

તપ ઉજમણું રે એણી પેરે કીજીએ, જિમ વિરચે રે શ્રીપાલ;
તપ ફળ વાધે રે ઉજમણે કરી, જેમ જલ પંકજ નાલ.

શાસ્ત્રકાર મહર્ષિ આપણને બધાને કહે છે–જે પ્રમાણે શ્રીપાલ મહારાજાએ તપનું ઉજમણું કર્યું, તે પ્રમાણે હે ભવ્ય આત્માઓ ! તમે પણ ઉજમણું કરો. ઉજમણાથી તપના ફળમાં વૃદ્ધિ થાય છે. જેમ પાણી વડે કમળની નાળ વૃદ્ધિ પામીને કમળ જળની બહાર આવે છે, તે રીતે ઉજમણાથી તપના ફળમાં વૃદ્ધિ થાય છે. શ્રીપાલ મહારાજા ઉજમણામાં સિદ્ધચક્ર મહાપૂજન કરે છે.

જિનમંદિરના વિશાળ મંડપમાં ત્રણ વેદિકા બનાવે છે અને તેમાં બિરાજમાન પરમાત્માની આગળ સિદ્ધચક્રના મંડલની રચના કરે છે:

પંચ વરણના રે શાલિ પ્રમુખ ભલા, મંત્ર પવિત્ર કરી ધાન્ય;
સિદ્ધચક્રની રે રચના તિહાં કરે, સંપૂરણ શુભ ધ્યાન.
તપ ઉજમણું રે એણી પેરે કીજીએ.

પંચવર્ણના ધાન્ય વડે શ્રીપાલ મહારાજા શુભ ધ્યાન-પૂર્વક સિદ્ધચક્રના મંડલની રચના કરે છે.

અરિહંતાદિક નવપદને વિષે, શ્રીફલ ગોલ ઠવંત.

અરિહંતાદિક નવપદના વિષે ઘી અને ખાંડથી ભરેલા શ્રીફળના ગોળા મૂકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંતપદની પૂજા ૩૪ હીરા વડે, સિદ્ધપદની પૂજા ૮ માણેક વડે, આચાર્યપદની પૂજા ૩૬ પોખરાજનાં રત્નો વડે, ઉપાધ્યાયપદની પૂજા ૨૫ નીલમ રત્નો વડે, સાધુપદની પૂજા ૨૭ અરિષ્ટ રત્નો વડે, દર્શનપદની પૂજા ૬૭ મોતી, જ્ઞાનપદની પૂજા ૫૧ મોતી, ચારિત્રપદની પૂજા ૭૦ મોતી અને તપપદની પૂજા ૫૦ મોતી વડે કરે છે.

સિદ્ધચક્રજીનાં બીજાં વલયોમાં જે જે પદે જે જે ફળ, ફૂલ વગેરે મૂકવાનાં હોય છે તે મૂકે છે.

જે જે ઠામે રે, જે ઠવવું ઘટે, તે તે ઠવે રે નરિંદ;
ગ્રહ દિક્પાલ પદે ફલ ફૂલડાં, ધરે સવરણ આનંદ.

નવ ગ્રહ, દસ દિક્પાલ વગેરે સિદ્ધચક્રના દરેક પદોમાં જે જે સ્થાને જે મૂકવા યોગ્ય ફળ, ફૂલ વગેરે હોય તે તે મૂકીને પૂજા કરે છે.

તે પછી સ્નાત્ર અભિષેક કરે છે, અને આરતી, મંગળદીવો અને શાન્તિકળશ કરે છે. તે માંગલિક અવસરે સંઘ શું કરે છે?

સંઘ તિવારે રે તિલકમાળાતણું, મંગળ નૃપને કરેઇ;
શ્રી જિન માને રે સંઘે જે કર્યું, મંગલ તે શિવ દેઈ.
તપ ઉજમણું રે એણી પેરે કીજીએ.

તે વખતે સકલસંઘ શ્રીપાલ મહારાજાને મંગળ તિલક કરી. તેમના કંઠમાં ઈન્દ્રમાળ પહેરાવી મંગળ કરે છે. કારણ કે શ્રી સંઘ જે કરે છે તેને તીર્થંકર ભગવંતો

પણ માન્ય કરે છે. વળી મંગળ કાર્ય તે મોક્ષને આપનાર થાય છે.

તપ ઉજમણે રે વીર્ય ઉલ્લાસે જે, તેહ જ મુક્તિ નિદાન;
સર્વ અભવ્યે રે તપ પૂરાં કર્યાં, પણ નાવ્યું પ્રણિધાન.

તપના ઉજમણા વખતે જે વીર્યોલ્લાસ પ્રગટ થાય છે તે જ ખરેખર મુક્તિનું કારણ છે. અભવ્ય જીવો પણ તપ પૂરો કરે છે પરંતુ પ્રણિધાન આવતું નથી, શુદ્ધ આશય આવતો નથી. મોક્ષની પ્રાપ્તિ, શુદ્ધ આત્મસ્વરૂપનું પ્રગટીકરણ તે **શુદ્ધ આશય** છે. આવો આશય અભવીને આવતો નથી, તેથી તેની ક્રિયા ફળદાયી થતી નથી.

આપણે પણ શુદ્ધ આશય, શુદ્ધ ધ્યેય–લક્ષ્યપૂર્વક આરાધના કરીએ તો જ સંપૂર્ણ ફળદાયી બની શકે.

જીવની પાંચ મુખ્ય ઈચ્છાઓ છે :–

**(૧) જીવનીપહેલી ઈચ્છા જીવવાની છે.** એક સો વર્ષની ઉંમર થઈ હોય, છતાં થોડું વધારે જીવવા માટે મનુષ્ય પ્રયત્ન કરે છે. દેવલોકમાં પલ્યોપમ સાગરોપમનાં આયુષ્ય હોય છે, છતાં મૃત્યુ આવે છે તે ગમતું નથી. સૌથી મોટું આયુષ્ય અનુત્તર વિમાનવાસી દેવોને હોય છે, છતાં ત્યાં પણ મૃત્યુ આવે છે. જીવની સૌથી પ્રબળ ઇચ્છા 'જીવવાની છે', છતાં તે કદી પૂરી થતી નથી. મૃત્યુ ક્યારે પણ ન આવે અને શાશ્વત જીવન મળે તે માટે આપણું મૂળભૂત આત્મસ્વરૂપ પ્રગટ કરવું જરૂરી છે. **આપણું આત્મસ્વરૂપ પ્રગટયા પછી જ અજરામર શાશ્વત જીવન**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મળે છે અને આપણી શાશ્વત જીવનની ઇચ્છા પૂરી થાય છે.**

**(૨) જીવની બીજી ઇચ્છા જ્ઞાન મેળવવાની છે.** આપણે આખું ભારત ફરી આવીએ, છ ખંડની પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવીએ, તો પણ નવું જાણવાની (જ્ઞાન મેળવવાની) ઇચ્છા પૂરી થતી નથી. અખિલ બ્રહ્માંડ ખૂંદી વળીએ તો પણ જ્ઞાન મેળવવાની ઈચ્છા સંપૂર્ણ થતી નથી. આપણી અંદર એક જ્ઞાન એવું બેઠું છે કે જેના વડે સર્વ જીવ અને સર્વ પુદ્દગલના ત્રણે કાળના સર્વ પર્યાયોને એક સમયમાં જાણી શકાય. આ લોકાલોક પ્રકાશક જ્ઞાન પ્રગટ થયા સિવાય જીવની જ્ઞાન મેળવવાની ઈચ્છા કદી પણ પૂરી થતી નથી. માટે '**જ્ઞાન મેળવવાની ઇચ્છા**' **પરિપૂર્ણ કરવા માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે.**

**(૩) જીવની ત્રીજી ઇચ્છા સુખ મેળવવાની છે.** જીવને એવા સુખની ઇચ્છા છે કે મારા કરતાં કોઇની પાસે અધિક સુખ ન હોવું જોઈએ. આપણી પાસે એક ક્રોડ છે, પણ બાજુવાળા પાસે સવા ક્રોડ છે; તો આપણે એક ક્રોડનું સુખ ભોગવી શકતા નથી. વળી આપણે એવું સુખ જોઇએ છે કે જે મળ્યા પછી કદી પણ જાય નહીં અને જેમાં જરા પણ દુઃખનું મિશ્રણ ન હોય. આવા સુખની પ્રાપ્તિની તીવ્ર ઈચ્છા જીવને હોય છે, પણ તે કદી પૂરી થતી નથી. અનંત અવ્યાબાધ સુખનો પરમ ભંડાર આત્મામાં પરિપૂર્ણ રહેલો છે. સિદ્ધના જીવોને કોઇને ઓછું કે અધિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ હોતું નથી. બધાને સરખું હોય છે. તે મળ્યા પછી કદી પણ જતું નથી, તેની વચ્ચે કદી પણ દુઃખ આવતું નથી. સિદ્ધભગવંતોના જેવું જ **અનંત સુખ આપણા આત્મામાં રહેલું છે. આવું આપણું આત્મસ્વરૂપ પ્રગટ કરીએ તો જ સુખ મેળવવાની ઈચ્છા પરિપૂર્ણ થાય છે.**

**(૪) જીવની ચોથી ઈચ્છા સ્વતંત્ર બનવાની છે.** આપણે પરતંત્રતામાંથી છૂટવા રાતદિવસ પ્રયત્ન કરીએ છીએ. બધી જ બાહ્ય સ્વતંત્રતા મેળવ્યા પછી પણ આ શરીરનું બંધન એવા પ્રકારનું છે કે શરીર માટે **રોટલી** જોઈએ. તે માટે અનાજ જોઈએ. તે માટે પૈસા જોઈએ. ઘઉં પકવનાર જોઈએ. રોટલીનો બનાવનાર જોઈએ. આમ શરીર છે ત્યાં સુધી પરતંત્રતા રહેવાની જ. માટે આપણું અશરીરી મૂળ સ્વરૂપ પ્રગટ કરવાનું છે. **આપણે અ-શરીરી બનીએ તો જ સ્વતંત્રતાની ઈચ્છા પરિપૂર્ણ થાય.**

**(૫) જીવની છેલ્લી ઈચ્છા—"બધા મને આધીન રહેવા જોઈએ."** આ ઇચ્છાની તૃપ્તિ માટે જગતમાં વિશ્વ-યુદ્ધો ખેલાયાં છે, પણ તે કદી પૂરી થતી નથી. એક કેવળ-જ્ઞાનની અવસ્થા જ એવી છે કે કેવળજ્ઞાનીએ પોતાના જ્ઞાનમાં એક હજાર વર્ષ પછી આવો બનાવ બનશે કે અમુક જીવાત્મા એક હજાર વર્ષ પછી આ કાર્ય કરશે એમ જોયું હોય તો તે પ્રમાણે જ બનાવ બને છે અને તે જીવાત્મા તે પ્રમાણે જ કરે છે. એટલે હકીકતમાં સમગ્ર વિશ્વ અપેક્ષાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાનીએ એમના જ્ઞાનમાં જોયું છે તે પ્રમાણે ચાલે છે. તેમના જ્ઞાનને આધીન સમગ્ર વિશ્વ છે, એવું એક નયથી કહી શકાય. **એટલે આપણે કેવળજ્ઞાન પ્રગટ કરીએ તો આપણા જ્ઞાનને આધીન સમગ્ર વિશ્વ ચાલે.**

આ રીતે આપણું મૂળ રૂપ જે અનંતજ્ઞાન, અવ્યાબાધ સુખ, અનંત આનંદ, અનંત શક્તિમય અને શાશ્વત છે, તે પ્રગટ થાય ત્યારે જ સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે. માટે આત્મસ્વરૂપ પ્રગટ કરવું તે જ પરમ ધ્યેય–લક્ષ્ય છે. પૂર્ણપણે આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે આજે આપણી પાસે પરિપૂર્ણ સામગ્રી નથી. માટે વર્તમાન જીવનનું ધ્યેય – લક્ષ્ય આત્મઅનુભવ કરવો અને હવે પછીના જન્મનું લક્ષ્યાંક પૂર્ણ આત્મચૈતન્ય પ્રગટ કરવું તે છે. આટલું લક્ષ્યાંક નક્કી કરીને સાધના થાય તેને **પ્રણિધાન** કહેવાય. આવા આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક વગર દુન્યવી સિદ્ધિઓ માટે અનેક અભવીએ પણ સાધના કરી છે, પરંતુ તેમનું ભવભ્રમણ મટતું નથી. માટે શુદ્ધ લક્ષ્યપૂર્વક આરાધના કરનાર આ જન્મમાં પણ શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવનો પરમાનંદ પ્રાપ્ત કરી શકે છે અને છેવટે સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

સફળ હુઓ સવિ નૃપ શ્રીપાલને, દ્રવ્ય ભાવ જસ શુદ્ધ,
મત કોઈ રાચો રે કાચો મત લેઈ, સાચો બિહું નય બુદ્ધ.

રાસના રચનાર ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા કહે છે : આ સર્વ આરાધના શ્રીપાલ રાજાને સફળ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે તેમની દ્રવ્યથી અને ભાવથી શુદ્ધિ હતી. હે ભવ્ય પ્રાણીઓ ! (કાચો મત એટલે દ્રવ્ય મત.) ફક્ત દ્રવ્ય ક્રિયાથી ખુશી ન થાઓ. સાચા આરાધકો દ્રવ્યથી અને ભાવથી બન્ને રીતે સાધે છે. વ્યવહાર અને નિશ્ચય બન્ને નય એક રથનાં બે પૈડાં છે. પોતાના સ્થાને બન્નેની જરૂર છે. એટલા માટે કહ્યું છે કે –

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે, ભવસમુદ્રનો પાર.

ચોથે ખંડે રે દશમી ઢાળ એ, પુરણ હુઈ સુપ્રમાણ;
શ્રી જિન વિનય સુજશ ભક્તિ કરી, પગ પગ હોય કલ્યાણ.

વિનયપૂર્વક જિનેશ્વર ભગવંતની ભક્તિ કરનારનું પગલે પગલે કલ્યાણ થાય છે.

શ્રીપાલ મહારાજા પ્રજાનું પાલન પુત્રવત્ અને ન્યાય નીતિપૂર્વક કરે છે. સંઘપૂજા, સ્વામિવાત્સલ્ય વગેરે કરીને જૈન શાસનની પ્રભાવના કરે છે.

હવે શ્રીપાલ મહારાજાનું મન નવપદજી સિવાય બીજે ક્યાંય લાગતું નથી. રાત અને દિવસ પરમાત્મા જ શ્રીપાલના હૃદયમાં વસી ગયા છે. મંત્રીઓની અને રાજ્યના ઉત્તમ પ્રજાજનોની સલાહ લઇ શ્રીપાલ મહારાજા સર્વ રાજ્યકારભારમાંથી નિવૃત્ત થાય છે. તે વખતે શ્રીપાલ મહારાજા પાસે નવ હજાર હાથી, નવ હજાર રથ, નવ લાખ ઘોડા, નવ ક્રોડ પાયદળ, નવ મોટા દેશનું રાજ્ય, અને મયણા વગેરે નવ રાણીઓ તથા નવ પુત્રોનો પરિવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. છતાં તેમનું મન પરમાત્મા સિવાય બીજે ક્યાંય લાગતું નથી. કેવો અદ્ભુત અનાસક્ત યોગ છે શ્રીપાલ મહારાજાનો ! મયણાના પુત્ર ત્રિભુવનપાલને રાજ્યગાદી સોંપીને શ્રીપાલ મહારાજા નિવૃત્ત થયા. તે પછી તેઓ નવપદના ધ્યાનમાં લીન થઈ ગયા. નવે રાણીઓ અને માતાજી પણ નવપદમાં લીન થઇ ગયાં. ઉત્તરજીવનમાં નવપદના ધ્યાનમાં અંતર્ધ્યાન બની ગયાં.

આપણે ખરેખર તો સાધુ જ બનવું જોઈએ. છતાં ન બની શકે તેને પણ જીવનમાં નિવૃત્તિનો કોઈ દિવસ તો આવવો જ જોઈએ. કોઇ એવો એક પોઇન્ટ તો જીવનમાં હોવો જ જોઈએ. આયુષ્યનો કોઇ ભરોસો નથી; છતાં અમુક ઉમ્મર થશે ત્યારે, અગર તો છોકરો કામ સંભાળતો થશે ત્યારે; અગર અમુક પૈસા થશે ત્યારે નિવૃત્ત થઈ આરાધના કરીશ તેવું આપણે પણ શ્રીપાલના જીવન ઉપરથી વિચારવાનું છે.

શ્રીપાલ મહારાજા રાજકાજમાંથી નિવૃત્ત થયા પછી નવપદના ધ્યાનમાં લીન થઈ ગયા.

નમસ્કાર કરે એહવા, હવે ગંભીર ઉદાર;
યોગીસર પણ જે સુણી, ચમકે હૃદય મઝાર.

હવે શ્રીપાલ મહારાજા ગંભીરતાપૂર્વક ઉત્તમ ભાવથી શ્રી સિદ્ધચક્ર ભગવંતને ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે; જે સાંભળીને યોગી પુરૂષો પણ ચમત્કાર પામે છે. ત્રણ પ્રકારે સિદ્ધચક્રનું ધ્યાન શાસ્ત્રકારોએ બતાવ્યું છે. (૧) કળશાકારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) કલ્પવૃક્ષ આકારે (૩) ચક્રાકારે સિદ્ધચક્રનું ધ્યાન કરાય છે.

**(૧) કળશ આકૃતિથી સિદ્ધચક્રનું ધ્યાન :—**

ચિત્રમાં આપેલ આકૃતિ મુજબ પ્રથમ વલયમાં આઠ પાંખડીવાળા કમળની કર્ણિકામાં વચ્ચે અરિહંત અને ચાર દિશાની ચાર પાંખડીમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તથા ચાર વિદિશાની ચાર પાંખડીમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ-આ પ્રમાણે નવપદની સ્થાપના કરવી. બીજા વલયમાં અષ્ટ વર્ગ, ત્રીજા વલયમાં અડતાલીસ લબ્ધિપદો અને ચોથા વલયમાં આઠ ગુરૂપાદુકા. તે પછીના વલયોમાં જયાદિ આઠ દેવીઓ,અઢાર અધિષ્ઠાયક દેવો, સોળ વિદ્યાદેવીઓ, ચોવીસ યક્ષયક્ષિણીઓ ગોળાકારમાં લેવાં. તે પછી ચાર દિશામાં ચાર દ્વારપાળ, ચાર વીર ગોઠવવા. દશ દિશામાં દશ દિક્‌પાલ, કંઠમાં નવ નિધિ અને નીચે મૂળમાં નવ ગ્રહ-આ રીતે કળશની આકૃતિમાં જગતનાં સર્વ ઉત્કૃષ્ટ પદો-અમૃતમય પદો રહેલાં છે, તે વિચારી કળશાકાર આકૃતિથી સિદ્ધચક્રનું ધ્યાન કરવું.

અગર ઉપરના બધાં પદોની ધારણા અનુકૂળ ન લાગે તો કળશ આકૃતિમાં જગતનાં સર્વ અમૃતમય ઉત્તમ પદો રહેલાં છે, તે વિચારી કળશાકાર આકૃતિથી સિદ્ધચક્રનું ધ્યાન કરવું.

**(૨) કલ્પવૃક્ષની આકૃતિથી સિદ્ધચક્રનું ધ્યાન :—**

"જો ધૂરિ સિરિ અરિહંત, મૂલ દઢ પીઠ પઇટ્ઠિયો"

કલ્પવૃક્ષના મૂળમાં અરિહંત પદ છે. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—આ ચાર પદો કલ્પવૃક્ષની મુખ્ય શાખાઓ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ તેની પ્રશાખાઓ છે. અષ્ટવર્ગ, અડતાલીસ લબ્ધિપદો, આઠ ગુરૂપાદુકા કલ્પવૃક્ષનાં પાંદડાં છે. જયાદિ આઠ દેવીઓ, અઢાર અધિષ્ઠાયક, સોળ વિદ્યાદેવીઓ, ચોવીસ યક્ષ, ચોવીસ યક્ષિણી, ચાર દ્વારપાળ, ચાર વીર, દશ દિક્પાલ, નવ ગ્રહ અને નવ નિધિ—આ તે વૃક્ષનાં ફૂલ છે. મોક્ષ એનું ફળ છે.

" સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ, અમ્હ મન વંછિય ફલ દિયો "

આવું સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષ અમારા સકલ મનવાંછિત પૂર્ણ કરો. આમ કલ્પવૃક્ષ આકૃતિથી સિદ્ધચક્રનું ધ્યાન કરવું.

**(૩) ચક્રાકાર આકૃતિ દ્વારા સિદ્ધચક્રનું ધ્યાન :—**

" તિજય વિજય ચક્કં સિદ્ધચક્કં નમામિ. " તીર્થંકર ભગવાનની આગળ ધર્મચક્ર હોય છે, ચક્રવર્તી આગળ ચક્રરત્ન હોય છે, તેમ સિદ્ધચક્રના આરાધકો ચક્રાકારે સિદ્ધચક્ર યંત્રને પોતાની આગળ રાખી સિદ્ધચક્રજીનું ધ્યાન કરે છે. આવી આકૃતિવાળા સિદ્ધચક્રનું ધ્યાન કરવાથી જેમ ચક્રવર્તી રાજાને છ ખંડનું સામ્રાજ્ય મળે છે, તેમ સિદ્ધચક્રના આરાધકને ત્રણ ભુવનનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

ચક્રો ચક્ર ને રથ ભલે, સાધે સયલ છ ખંડ લાલ રે,
તેમ સિદ્ધચક્ર પ્રભાવથી, તે જ પ્રતાપ અખંડ લાલ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મયણા ને શ્રીપાલજી, જપતાં બહુ ફલ લીધ લાલ રે,
ગુણ જશવંત જિતેન્દ્રનો, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે.

આમ ત્રણ પ્રકારે સિદ્ધચક્રનું ધ્યાન કરવાથી ગૌતમ ગણધર ભગવંત કહે છે કે:—

સિદ્ધચક્રના ધ્યાને રે, સંકટ ભય ન આવે;
કહે ગૌતમ વાણી રે, અમૃત પદ પાવે.
સિદ્ધચક્રને ભજીયે રે, કે ભવિયણ ભાવ ધરી.

ઇમ નવપદ થુણતો તિંહા લીનો, હુઓ તન્મય શ્રીપાલ,
સુજસ વિલાસે ચોથે ખંડે, એહ અગિયારમી ઢાળ રે;
ભવિકા! સિદ્ધચક્ર પદ વંદો.
જિમ ચિરકાલે નંદો રે, ભવિકા ! ઉપશમ રસનો કંદો રે; ભ૦

આ પ્રમાણે અરિહંતાદિ પદોની સ્તવના કરતાં શ્રીપાલ મહારાજા નવપદમાં તન્મય બની ગયા. નવપદના ધ્યાનમાં સ્થિર થયા.

આપણે પણ હવે નવપદનું ધ્યાન કરીએ.
નવપદની આરાધનામાં વિકાસ સાધીએ.

★ Supramental Seminar of Supreme ★
Authorities-Shree Navpad.

**"વિશ્વની સર્વોત્કૃષ્ટ શક્તિઓનો ભંડાર :**
**નવપદો"**

સુપ્રિમ ઓથોરિટી વિશ્વમાં એક જ છે અને તે પંચ પરમેષ્ઠિ છે. જગતની સર્વોત્કૃષ્ટ વિભૂતિઓ પંચ પરમેષ્ઠિમાં આવી જાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંત ભગવંતો ઉપકારના ભંડાર છે.
સિદ્ધ ભગવંતો સુખના ભંડાર છે.
આચાર્ય ભગવંતો આચારના ભંડાર છે.
ઉપાધ્યાય ભગવંતો વિનયના ભંડાર છે.
સાધુ ભગવંતો સહાયના ભંડાર છે.

પાંચેય પરમેષ્ઠિઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપમય છે.

સમ્યગ્દર્શન ( Real and Creative Faith) સદ્ભાવનાઓનો ભંડાર છે.

સમ્યગ્જ્ઞાન (Real and Creative Knowledge) સદ્વિચારોનો ભંડાર છે.

સમ્યગ્ચારિત્ર (Real and Creative Character) સદ્વર્તનનો ભંડાર છે.

સમ્યગ્તપ સંતોષનો ભંડાર છે.

આ નવે પદો જગતનાં ઉત્કૃષ્ટ મહાનિધાનો છે. છેલ્લાં ચાર પદો પંચ પરમેષ્ઠિઓમાં ઉત્કૃષ્ટ રીતે રહેલાં છે. જગતની સર્વોત્તમ મહાવિભૂતિઓનો સત્સમાગમ, સત્સંગ કરવાનું સ્થાન નવપદો છે. નવપદની આરાધના વખતે જગતના ત્રણે કાળના અનંત અરિહંત ભગવંતો, અનંત સિદ્ધ ભગવંતો, અનંત આચાર્ય ભગવંતો, અનંત ઉપાધ્યાય ભગવંતો અને અનંત સાધુ ભગવંતોનો સત્સમાગમ થાય છે. આવી અનંત ઉપકારી મહાન વ્યક્તિઓનો મેળાપ નવપદ અને નમસ્કાર મંત્રમાં થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્‌ના સંગ વિના તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

સત્‌ના સંગ વિના અંતની વાતનો તંત કદી મળતો નથી.

સત્‌સંગ વિના વિવેક નથી.
વિવેક વિના ભક્તિ નથી.
ભક્તિ વિના મુક્તિ નથી.
મુક્તિ વિના સુખ નથી.

પરમ સુખ મુક્તિમાં છે. સુખ માટે મુક્તિ જોઈએ.

મુક્તિ માટે ભક્તિ જોઈએ.

ભક્તિ માટે વિવેક જોઈએ.

વિવેક માટે સંતોનો સમાગમ જોઈએ.

જગતના સર્વોત્કૃષ્ટ સંતોનો સમાગમ નવકાર અને નવપદમાં થાય છે.

"एतदाराधनात् सम्यगाराध्यं जिनशासनम्
यतः शासनसर्वस्वमेतदेव निगद्यते ।
एभ्यो नवपदेभ्योऽन्यत् नास्ति तत्त्वं जिनागमे
ततो नवपदी ज्ञेया सदा ध्येया च धीधनैः ॥"

(સિદ્ધચક્ર પૂજન વિધિ)

આ નવપદનું આરાધન કરવાથી સમગ્ર જિનશાસનનું આરાધન થાય છે, કારણ કે આ નવપદો એ જ જિન-શાસનનું સર્વસ્વ છે. સમગ્ર જિનાગમમાં નવપદ સિવાય બીજું કોઇ પણ તત્ત્વ રહેલું નથી. માટે બુદ્ધિમાન જનોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદોનું સમ્યગ્ પ્રકારે જ્ઞાન મેળવીને, નિરંતર તેનું ધ્યાન કરવું તે જ સમ્યગ્ બુદ્ધિનું પરમ ફળ છે.

આવા નવપદોમાં આપણે શ્રીપાલ અને મયણાની જેમ કેવી રીતે લીન બનવું તે વિષે વિચારણા કરીએ.

**નવપદની આરાધના અને ધ્યાન વિષયક આપણી સાધના વિષે :--**

**નવપદની આરાધનાની પ્રથમ ભૂમિકા :-**

નવપદની આરાધના જિનશાસનમાં ખૂબ જ પ્રચલિત છે. જેની શરૂઆત પ્રથમ ભૂમિકામાં આ રીતે કરીએ.

**દરરોજની આરાધના :-**

(૧) નવપદ (દેરાસરમાં નવપદનો ગટ્ટો–મૂર્તિ હોય છે તે)ની અષ્ટપ્રકારી પૂજા.

(૨) નવપદના નવ સાથિયા.

(૩) નવપદનાં નવ ખમાસમણાં. ('અરિહંતપદ ધ્યાતો થકો' વગેરે દુહા બોલીને)

(૪) નવપદની નવ માળાનો જાપ.

ૐ હ્રીં નમો અરિહંતાણં
ૐ હ્રીં નમો સિધ્ધાણં
ૐ હ્રીં નમો આયરિયાણં
ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં
ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં
ૐ હ્રીં નમો દંસણસ્સ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ હ્રીં નમો નાણસ્સ
ૐ હ્રીં નમો ચારિત્તસ્સ
ૐ હ્રીં નમો તવસ્સ

(૫) નવપદ આરાધનાર્થં કાઉસગ્ગ કરું? એ રીતે નવપદની આરાધના નિમિતે નવ લોગસ્સનો કાઉસગ્ગ.

(૬) નવપદનું ચૈત્યવંદન. અનુકૂળતા હોય તો સ્તવનમાં ઉપાધ્યાય યશોવિજયજી વિરચિત નવપદની એક પૂજા ગાવી. બીજા દિવસે સિદ્ધપદની પૂજા. આ રીતે દશમા દિવસે ફરીથી અરિહંત પદની પૂજા આવશે.

(૭) શ્રાવકોચિત નવકારશી, ચોવિહાર, અભક્ષ્ય ત્યાગ આદિ નિયમિત કરવા.

(૮) આયંબિલની ઓળી આવે ત્યારે ઓળી કરવી.

(૯) નવપદનું ધ્યાન નિયમિત કરવું.

(૧૦) ઓળી સિવાયના દિવસોમાં ઉપરના સ્ટેજની આરાધના નિયમિત ચાલુ રાખવી. કારણ કે એક પથ્થરને આપણે ઊંચે ઊચકીએ, તેવી રીતે આયંબિલની ઓળીમાં આરાધના દ્વારા આપણા આત્માને ઊંચે ઊચકીએ છીએ; પરંતુ ઓળી પૂરી થાય એટલે પાછો નીચે હતો ત્યાં જ મૂકી દઈએ છીએ. તેથી બીજી ઓળીમાં આત્માને ફરીથી પાછો નીચેથી ઊચકવો પડે. પરંતુ ઊંચે ઊચકેલ પથ્થરની નીચે જો ટેકો મૂકી દઈએ તો બીજી વખત ત્યાંથી આગળ ઊંચે લઈ જવાય. તે રીતે ઓળી પૂરી થયા પછી દરરોજના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનમાં ઉપરની આરાધના ચાલુ રાખીએ તો બીજી ઓળી આવે ત્યારે ત્યાંથી આગળ ઊંચે જવાય. આ રીતે નવપદની આરાધના નિયમિત રોજના જીવનમાં ચાલુ રાખવી.

નવપદના ધ્યાનના વિષયમાં હવે વધુ વિચારીએ :--

જૈન સંઘમાં નવપદની ઓળીની આરાધના મોટા પ્રમાણમાં થઇ રહી છે. હજારોની સંખ્યામાં ઓળીની આરાધના સર્વત્ર થાય છે. આપણા સંઘના યુવાન વર્ગમાં પણ ઓળીની આરાધના માટે અદ્દભુત આકર્ષણ વધી રહ્યું છે તે આપણું ભાવી શુભ છે તેનું સૂચક છે. હવે આટલે સુધી પહોંચ્યાં પછી આ નવપદજીની આરાધના ઉપયોગ જોડવાપૂર્વકની કરીએ તો વધુ ઉદ્યોતના પંથે આપણે આગળ વધી શકીશું, તે નિઃસંશય છે. ઉપયોગ જોડવાપૂર્વકની ક્રિયા કરવી તે ધ્યાન છે. ઉપયોગ અન્યત્ર ફરતો હોય અને ખમાસમણાં પણ લેવાતાં હોય અને માળા પણ ગણાતી હોય, તેનું ફળ અલ્પ છે. સંપૂર્ણ ફળ મેળવવા ઉપયોગની સ્થિરતાપૂર્વક ક્રિયા કરવી જરૂરી છે.

## નવપદના ધ્યાનની બીજી ભૂમિકા :-

### અરિહંતપદ :--

અરિહંત પરમાત્મા આપણા પરમ ઉદ્ધારક છે. આપણા પ્રત્યે પૂર્ણ પ્રેમ અને કરુણાથી ભરેલા છે. જે પરોપકારની પરિસીમાને પહોંચી ગયા છે તેમના પ્રત્યે જેટલી કૃતજ્ઞતા આપણા હૃદયમાં ભાવિત થાય છે, તેટલા આપણે વધારે તેમની કરુણાના પાત્ર બનીએ છીએ. વરસાદ પડતો હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે જેનું પાત્ર ઊંધું હોય, તેનું પાત્ર ખાલી રહે છે. જેનું પાત્ર સીધું હોય, તેનું પાત્ર ભરાય છે; પછી તે પાત્ર વાટકા જેવડું હોય કે થાળી જેવડું હોય કે પછી સરોવર જેવડું હોય બધું જ ભરાઈ જાય છે. પરમાત્માની કરુણા તો સર્વ જીવો પર એકસરખી–એકધારી રહેલી છે. જે જીવાત્મા તે કરુણાને પોતાના હૃદયમાં ઝીલે છે, તેને તે કરુણાનો પૂર્ણ લાભ મળે છે. પ્રભુની તે કરુણાને આપણા હૃદયમાં ઝીલવાનો મંત્ર છે: 'નમો અરિહંતાણં.' તે મંત્ર દ્વારા પરમાત્માની કરુણાને આપણા હૃદયમાં ઝીલવાની યોગ્યતાનો વિકાસ થાય છે. Receptive attitude (ગ્રહણશીલ વૃત્તિ) જેને પ્રાપ્ત થાય છે, તે પ્રભુની કરુણાના સંપૂર્ણ પાત્ર બને છે. તેના જીવનમાં પરમાત્માની કરુણા કાર્યશીલ બની જાય છે. આ રીતે પરમાત્માની કરુણા એ મહાન શક્તિ છે. તે નિરંતર આપણને સહાય કરી રહી છે.

પરમાત્મા અરિહંત દેવ આપણી સમક્ષ બિરાજમાન છે. કરુણાના પૂર્ણ નિધાન છે. તેમના નેત્રમાંથી કરૂણાની સફેદ દૂધ જેવી ધારા વહી રહી છે. તેમાં આપણે સ્નાન કરીએ છીએ. પરમાત્માની કરૂણા આપણા મસ્તકમાંથી આપણા શરીરમાં પ્રવેશ કરે છે. આપણું હૃદય પૂર્ણ ભરાય છે. આખા શરીરમાં કરુણા વ્યાપક બની જાય છે. તેના પ્રભાવથી આપણાં શોક, દુઃખ, ભય, ચિંતા નાશ પામે છે. આપણે સુખ, શાન્તિ અને આનંદનો અનુભવ કરીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવું દશ્ય નજરની સામે રાખી "ૐ હ્રીં નમો અરિહં-તાણું" પદનો જાપ કરવો. જાપની એક માળા થયા પછી પણ ઉપરનું દશ્ય નજર સામે રાખી પ્રભુની કરુણામાં થોડો સમય સ્નાન કરવું. વિશેષ વિગતવાર પ્રયોગો આ પુસ્તકમાં પાના નં. ૧૬૮ થી ૧૭૧ ઉપર છે.

**સિદ્ધપદ :—**

સિદ્ધ ભગવંતો સર્વ કર્મઆવરણથી મુક્ત બનેલા છે. તેઓ અનંત, અવ્યાબાધ, સ્વતંત્ર, સ્વાધીન એવા સુખમાં સદા નિમગ્ન છે, નિષ્કલંક છે; નિરામય છે અને અનર્ગળ આનંદના દિવ્ય ભંડાર છે. સ્વરૂપમાં રમનારા, સ્વરૂપના ભોગી અને સ્વરૂપસ્થિરત્વવાળા સચ્ચિદાનંદ રૂપ છે.

અનંત સિદ્ધ ભગવંતો તેમના કેવળજ્ઞાનમાં વિશ્વના સર્વ જડ–ચૈતન્યના ત્રણે કાળના સર્વ પર્યાયોને જુએ છે અને જાણે છે. પરંતુ જગતના માણસોની જોવાની રીત જુદી છે, અને પરમાત્માની જોવાની રીત જુદી છે. પરમાત્મા કઈ દૃષ્ટિથી જગતને જુએ છે. તે શ્રી દેવચંદ્રજી મહારાજ સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં આ પ્રમાણે કહે છે :

"તુમ પ્રભુ જાણંગ રીતિ સર્વ જગ દેખતા,
નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા,
પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા."

અનંત સિદ્ધ ભગવંતો અત્યારે જ આપણને જોઈ રહ્યા છે, પરંતુ તે આપણી વિભાવદશા, દોષભરી હાલત, પરપરિણતિઓ વગેરે પાપથી ખરડાયેલી આપણી વર્તમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થાની ઉપેક્ષા કરે છે અને 'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા.' પ્રત્યેક જીવમાં સત્તાએ રહેલું જે શુદ્ધ સ્વરૂપ છે, તેનું મૂલ્યાંકન કરે છે.

"દલતયા પરમાત્મા એવ જીવાત્મા."

સત્તાથી દરેક જીવાત્મા પરમાત્મા સ્વરૂપ છે. અર્થાત્ આપણી અંદર સત્તાથી તેમના જેવું જ જે પૂર્ણ રૂપ રહેલું છે, તે રૂપમાં અનંત સિદ્ધ ભગવંતો આપણને જોઈ રહ્યા છે. એટલે તેમના ઉપયોગમાં આપણું શુદ્ધ સ્વરૂપ છે અને જિનાગમના આલંબનથી જ્યારે આપણા ઉપયોગમાં તેમનું શુદ્ધ સ્વરૂપ આવે છે, ત્યારે આપણો અને તેમનો એક વૈજ્ઞાનિક સંબંધ થાય છે. તેમના ઉપયોગમાં આપણું શુદ્ધ સ્વરૂપ અને આપણા ઉપયોગમાં તેમનું શુદ્ધ સ્વરૂપ આવતાં એક વિશિષ્ટ સંબંધ થાય છે, જેમાંથી આપણી અંદર રહેલા તેમના જેવા જ શુદ્ધ સ્વરૂપની સભાનતા ઉત્પન્ન થાય છે.

શુદ્ધ સ્વરૂપની સભાનતા (Awareness in Absoluteness) થતાં શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય છે; અને તેનો ઉપાય પરમાત્માનું દર્શન, વંદન, સ્વતન, ધ્યાન અને આજ્ઞાપાલન જ છે, તેથી પરમાત્મા આપણું સર્વસ્વ બની જાય છે. પરમાત્મા જ આપણાં પ્રાણ, ત્રાણ, શરણ, આધાર બની જાય છે. તે જ આપણા માતા, પિતા, નેતા અને બંધુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्वं मे माता पिता च नेता, देवो धर्मो गुरुः परः ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી કૃત શક્રસ્તવ.

વિશ્વમાં દર્શન કરવા લાયક, વંદન કરવા લાયક, પૂજન કરવા લાયક કોઈ હોય તો તે અરિહંત અને સિદ્ધ ભગવંતો જ છે, તેવા ભાવથી સાધકનું હૃદય જ્યારે પરિપૂર્ણ થાય છે, ત્યારે સાધકની સર્વ વૃત્તિ અને પ્રવૃત્તિ પરમાત્મા ભણી ખેંચાય છે, તથા પર વસ્તુ પ્રત્યે જે આદર અને બહુમાન હતું તે પરમાત્મા પ્રત્યે ઉત્પન્ન થાય છે. રૂચિ પરમાત્માના સ્વરૂપમાં, રમણતા પરમાત્માના ગુણોમાં, તન્મયતા–તદ્રુપતા અને એકત્વ પરમાત્મામાં સધાય છે; અને છેવટે Absorption in Atmaswarup–સર્વ વૃત્તિઓ પરમાત્મામાં અને ઉપલક્ષણથી આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ પામે છે–Relaxation in Reality( in real self) જેને આ માનવ જીવનનું પરમ અમૃત કહેવાય છે.

સાકરને દૂધમાં નાખવાથી તે ઓગળી જાય છે, તેમ મન આત્મા કે પરમાત્મામાં ઓગળી જાય, મન આત્મ ઉપયોગે આત્મારૂપે પરિણમે તે જ સિદ્ધપદની પ્રાપ્તિનો ઉપાય છે. આપણે સિદ્ધપદની પ્રાપ્તિના પરમ હેતુભૂત અનંત ગુણના નિધાન સિદ્ધભગવંતોની ઉપાસના કરવાની છે.

**સિદ્ધપદનો પ્રયોગ :—**

સિદ્ધ ભગવંતો અનંતગુણના નિધાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણી સમક્ષ પરમાત્મા બિરાજમાન છે..........

આપણે અનંતગુણના ભંડાર પરમાત્માનું દર્શન કરીએ છીએ.... .... .... ....

હે કરુણામય પ્રભુ! આપ તો અનંત ગુણના પરમ નિધાન છો. મને અનંત ગુણોથી ભરી દેવા કૃપા કરો....

પરમાત્માના સર્વ અંગોમાંથી ગુણોનો વરસાદ પડવો શરૂ થયો છે.......................( આવું દશ્ય જોવું. )

પ્રભુના ગુણરૂપી ગંગાજળનો ધોધ આપણા ઉપર પડી રહ્યો છે........................(આવું સંવેદન કરવું.)

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.
ગીરુઆરે ગુણ તુમ તણા..........

પ્રભુના ગુણરૂપી ગંગાજળમાં આપણે સ્નાન કરીને નિર્મળ બનીએ છીએ............(થોડો સમય સ્થિર બની આવું સંવેદન કરવું.)

પ્રભુના ગુણરૂપી ગંગાજળ આપણા મસ્તકમાંથી આપણી અંદર પ્રવેશ કરે છે..........આપણે ઉત્તમ ગુણોથી ભરાઈ રહ્યા છીએ.............................(,આવું દશ્ય જોવું.)

પ્રભુના ગુણ ગંગાજળમાં સ્નાન કરતાં કરતાં "ૐ હ્રીઁ નમો સિદ્ધાણં" પદનો મંત્ર જાપ કરવો. ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, દયા, દાન, પરોપકાર, કૃતજ્ઞતા, મૈત્રી, પ્રમોદ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરૂણા, માધ્યસ્થ આદિ ઉત્તમ ગુણોથી આપણે ભરાઈ ગયા છીએ...........આપણે અનંત ગુણોથી પૂર્ણ ભરાઈ ગયા....
(સંકલ્પપૂર્વક આવું અનુભવવું.)

**આચાર્યપદનું ધ્યાન :—**

પંચાચારનું પાલન કરનારા અને કરાવનારા, જિનેશ્વર ભગવંતના શાસનનો જગતમાં વિસ્તાર કરનારા, છત્રીસ ગુણના ભંડાર આચાર્ય ભગવંતોની આરાધના આપણે કરવાની છે. આચાર્ય ભગવંતોની આરાધના કરવાથી આચાર-પાલનનું બળ આપણને પ્રાપ્ત થાય છે.

**પ્રયોગ :—**

સર્વ આચાર્યોના પ્રતિનિધિ ગૌતમ ગણધર ભગવંત આપણી સમક્ષ બિરાજમાન છે.

પીળા વર્ણવાળા (સોના જેવા વર્ણવાળા) ગૌતમ મહારાજાનું ધ્યાન કરવું.

ગૌતમ મહારાજામાંથી પીળા વર્ણનો પ્રકાશ નીકળે છે........................................(આવું દૃશ્ય જોવું.)
તે પ્રકાશને આપણા અંતરાત્મામાં ઝીલીએ છીએ........
તે પ્રકાશ આપણા આખા શરીરમાં અને આત્મપ્રદેશોમાં ફેલાય છે.............................................................

તેમાંથી આપણને આચારપાલનનું બળ પ્રાપ્ત થઈ રહ્યું છે તેવો સંકલ્પ કરવો. આચાર્યપદનો મંત્ર 'ૐ હ્રીં નમો આયરિયાણં'નો જાપ ઉપરના દૃશ્યના દર્શન અને સંવેદન પૂર્વક કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી અનંત લબ્ધિના નિધાન ગૌતમ મહારાજાના પીળા વર્ણના પ્રકાશથી આપણને આચારપાલનનું બળ પ્રાપ્ત થઈ રહ્યું છે તેવો સંકલ્પ થોડી ક્ષણ માટે સ્થિર કરીને ધ્યાન કરવું. (આપણે કોઈ નિયમ લીધો હોય અને નિયમ પાળવા માટે આપણું મન જ્યારે ડામાડોળ થાય તે સમયે ઉપર મુજબનો પ્રયોગ કરવાથી આપણા વ્રતનિયમમાં સ્થિરતા આવે છે.) બીજી રીતે પણ આ પ્રયોગ કરી શકાય.

**રીત બીજી :—**

શ્રી ગૌતમ ગણધર ભગવંત આપણા હૃદયમાં બિરાજમાન છે.

હૃદયમાં બિરાજમાન ગૌતમ મહારાજાનું ધ્યાન કરવું.... હૃદયમાં બિરાજમાન ગૌતમ મહારાજામાંથી પીળા વર્ણનો પ્રકાશ નીકળે છે...........તે પ્રકાશ આપણા આત્મપ્રદેશોમાં ફેલાય છે..................................................

(આવું સંવેદન કરવું.)

તે પ્રકાશના કિરણોના દિવ્ય પ્રભાવથી આપણને આચારપાલનનું બળ પ્રાપ્ત થાય છે...............................

(આવા સંકલ્પપૂર્વક સંવેદન કરવું.)

આવું ધ્યાન થોડો સમય અનુકૂળતા મુજબ કરવું. આ પ્રયોગથી આચારપાલનનું બળ પ્રાપ્ત થાય છે.

**ઉપાધ્યાયપદ :—**

ઉપાધ્યાય ભગવંતો વિનય ગુણના ભંડાર છે. દ્વાદ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંગી – શ્રુતજ્ઞાનનું અધ્યયન કરનારા અને કરાવનારા છે. ઉપાધ્યાય ભગવંતોના હૃદયમાં એવા પ્રકારનો કરુણાભાવ હોય છે કે મૂર્ખ એવો મનુષ્ય પણ જો ઉપાધ્યાય ભગવંતને શરણે જાય તો પંડિત બને છે. પથ્થર જેવો જડ મનુષ્ય પણ ઉપાધ્યાય ભગવંતની ઉપાસના કરે તો તેનામાં પણ જ્ઞાનરૂપી અંકુરા ઊગે છે.

"જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય શોગ"

આવા ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર કરવાથી ભવભયનો શોક અને ચિંતા ચાલ્યાં જાય છે. સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાતા જીવો જ્યારે ઉપાધ્યાય ભગવંતના શરણે જાય છે ત્યારે બાવનાચંદનની જેમ શીતળતાનો અનુભવ કરે છે. આથી ઉપાધ્યાય ભગવંતોની આપણે ઉપાસના કરવાની છે. તેનો મંત્ર છે–"ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં." ઉપાધ્યાય ભગવંતોની ઉપાસના કરવાથી જ્ઞાનની પરિણતિ પ્રાપ્ત થાય છે. જ્ઞાન આપણે પુસ્તકમાંથી, શિક્ષકો પાસેથી અગર બીજે ગમે ત્યાંથી મેળવી શકીએ છીએ, પરંતુ તે જ્ઞાન મોક્ષહેતુક બની શકતું નથી. ઉપાધ્યાય ભગવંતની ઉપાસના દ્વારા તેમનો જે અનુગ્રહ પ્રાપ્ત થાય છે, તે અનુગ્રહ દ્વારા જે થોડું પણ જ્ઞાન આપણને પ્રાપ્ત થાય છે તે પરિણત જ્ઞાન થાય છે અને મોક્ષહેતુક બને છે.

**ઉપાધ્યાયપદનું ધ્યાન :—**

નીલમ રત્નના વર્ણવાળા ઉપાધ્યાય ભગવાન આપણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમક્ષ બિરાજમાન છે.................................................

(આવું દશ્ય આંખ બંધ કરીને નજર સામે જોવું.)

તે ઉપાધ્યાય ભગવંતમાંથી લીલા વર્ણનો પ્રકાશ નીકળે છે.................................................

તે પ્રકાશ આપણે ઝીલીએ છીએ.................................

તે પ્રકાશ આપણા આત્મપ્રદેશોમાં ફેલાય છે.............

તે પ્રકાશના પ્રભાવથી આપણને જ્ઞાનની પરિણતિ પ્રાપ્ત થાય છે............(આવો સંકલ્પ કરીને અનુભવ કરવો.)

(આપણા હૃદયમાં લીલા વર્ણવાળા ઉપાધ્યાય ભગવંત બિરાજમાન છે. તેમાંથી પ્રકાશ નીકળી આપણી અંદર ફેલાય છે તે રીતે પણ કરી શકાય.)

**સાધુપદ :—**

જેઓ જિનેશ્વર ભગવંતની આજ્ઞાને અનુરૂપ જીવન જીવવાવાળા છે, જે કંચન-કામિનીના ત્યાગી છે, પાંચ મહાવ્રતોને જે ધારણ કરનારા છે એવા સાધુ ભગવંતોની આપણે આરાધના કરવાની છે.

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવતા, આતમ સાધન રંગીજી.

(શ્રી દેવચંદ્રજી કૃત સાધુપદની પૂજામાંથી.)

વિષયોના ઝેરનું જેમને નિવારણ થઈ ગયું છે, જે નિષ્કામી એટલે આત્માનું શુદ્ધસ્વરૂપ પ્રગટ કરવા સિવાય જેમને કોઈ ઈચ્છા બાકી નથી, સકલ પુદ્ગલ સંગનો ત્યાગ કરવાનો જેમણે નિર્ણય કર્યો છે, જેમનો ભવરૂપી દાવાનળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંત થઈ ગયો છે અને જેમની પાસે જનારનો ભવ દાવાનળ પણ શાંત થઈ જાય છે, જે આત્મસાધનામાં સદા રક્ત છે તેવા સાધુ ભગવંતોની આપણે ઉપાસના કરવાની છે.
મુનિરાજ કરૂણાસિંધુ ત્રિભુવન–બંધુ પ્રણમું હિત ભણી.

(સાધુ પદની પૂજા.)

મુનિરાજ કરૂણાના સિંધુ છે. ત્રણ જગતના પરમ બાંધવ છે. સૂરિ પુરંદર હરિભદ્રસૂરિ મહારાજા "લલિત વિસ્તરા" ગ્રંથમાં 'ધમ્મદયાણં' પાઠની ટીકામાં સાધુપદની વ્યાખ્યા કરે છે :–

**सामायिकादिगत विशुद्धक्रिया अभिव्यंग्य सकल सत्त्वहिताशय अमृत लक्षण स्वपरिणाम एव साधुधर्मः ।**

સર્વ જીવોના હિતના આશયરૂપ આત્મામાં ઉત્પન્ન થયેલા (અજરામર પદને અપાવવાવાળા) અમૃતલક્ષણ પરિણામને સાધુ ભગવંતો સામાયિક આદિ વિશુદ્ધ ક્રિયા દ્વારા અભિવ્યક્ત કરે છે. તેવા સાધુભગવંતો સાધુધર્મનું પાલન કરનારા, અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનારા અને દશ પ્રકારના યતિધર્મનું વહન કરનારા છે. ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સત્ય, શૌચ, અકિંચન, તપ, સંયમ, બ્રહ્મચર્ય–આ દશ પ્રકારના ધર્મને સાધુ ભગવંતો જીવનમાં ધારણ કરે છે. દશ પ્રકારના ધર્મના પ્રભાવનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજા યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં ધર્મ ભાવનાના અધિકારમાં કહે છે : "આ પૃથ્વી નિરાધાર ટકી રહી છે, સૂર્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્ર નિયમિત ગતિ કરે છે, સમુદ્ર પોતાની મર્યાદા મૂકતો નથી. વિશ્વનું આ બધું તંત્ર દશ પ્રકારના યતિધર્મના પ્રભાવથી વ્યવસ્થિત ચાલે છે." આવા સાધુ ભગવંતો આપણી આરાધનામાં સહાય કરનારા છે. આપણુને પણ આવું સાધુપણું ક્યારે પ્રાપ્ત થાય? તેવો સંકલ્પ કરવો જોઇએ.

"ૐ હ્રીँ નમો લોએ સવ્વસાહૂણં." આ પ્રમાણે માળા ગણુવી. માળા ગણુતી વખતે નીચેનું દૃશ્ય નજર સામે રાખવું.

**પ્રયોગ :—**

સકલસત્ત્વહિતાશય રૂપ અમૃત પરિણામ જેમને નિરંતર છે એવા સાધુભગવંતનો નીલ–આકાશ જેવો વર્ણ કલ્પવો. એવા સાધુભગવંત આપણી સમક્ષ બિરાજમાન છે.

તેમનામાંથી નીલ વર્ણનો પ્રકાશ નીકળે છે.

તે પ્રકાશ આપણા અંતરાત્મામાં ઝીલીએ છીએ....

તે પ્રકાશ આપણા આત્મપ્રદેશોમાં ફેલાય છે....

તેમાંથી સકલસત્ત્વહિતાશય અમૃત પરિણામ પ્રાપ્ત થાય છે. તે પરિણામથી •સમિતિ, ગુપ્તિનું પાલન, મહા-વ્રતોનું પાલન તથા દશ યતિધર્મની પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે.

**સમ્યગ્દર્શન :—**

જે જિનેશ્વર ભગવંતોએ કહેલું છે તે જ સત્ય અને શંકા વગરનું છે–આવી શ્રદ્ધાનો પરિણામ તે સમ્યગ્-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન છે. સમ્યગ્દર્શન ગુણના અધિકારી બનવા માટે આપણને આ જીવનમાં જે જ્ઞાન અને શ્રદ્ધા મળ્યાં છે તેનું માપ કાઢવું જોઇએ.

મોટા ભાગે મનુષ્ય પોતાને મળેલાં જ્ઞાન અને બુદ્ધિના અહંકારમાં રાચતો હોય છે. ચાર દિવસ પહેલાં બપોરે કયું ભોજન કર્યું હતું? ભીંતની પાછળ શું છે? ક્ષણ પછી શું બનવાનું છે? પોતાના ઘરની સીડીનાં કેટલા પગથિયાં છે? આટલું પણ જેને જ્ઞાન નથી, તેવો મનુષ્ય આ બુદ્ધિવાદના જમાનામાં પોતાને મળેલ અલ્પ જ્ઞાન અને બુદ્ધિ ઉપર મુસ્તાક હોય છે. પરંતુ બીજબુદ્ધિના ધણી ગૌતમ ગણધર ભગવંતની બુદ્ધિ પાસે આપણી બુદ્ધિ કેટલી? અતિ અલ્પ. કેવળજ્ઞાની ભગવંતોના જ્ઞાનની પાસે આપણું જ્ઞાન કેટલું? અતિ અલ્પ. આવી આપણી અલ્પ બુદ્ધિ અને અલ્પ જ્ઞાનના મદમાંથી છૂટવા માટે શું કરવું? અતિ નિર્મળ બુદ્ધિ અને પરિપૂર્ણ જ્ઞાનને વરેલા પરમાત્માનું આલંબન લેવું અને તેમના પરિપૂર્ણ જ્ઞાન પાસે પોતે કેટલો અલ્પ જ્ઞાનવાળો છે તથા પોતાની બુદ્ધિ કેટલી વિચિત્ર વાસનાઓથી ખરડાયેલી છે તેનું ભાન થતાં પરમાત્મા તીર્થંકર દેવનું કથન એ જ તેની શ્રદ્ધાનું કેન્દ્ર બને છે. "**तमेव सच्चं निःशङ्कं जं जिणेहिं पवेइयं**" એ ભાવ પ્રગટ થવો શરૂ થાય છે. પોતાની બુદ્ધિ અને જ્ઞાનનો અહંકાર છોડીને મનુષ્ય જ્યારે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ કહેલાં તત્ત્વને સમજવા માટે પોતાની બુદ્ધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જ્ઞાનનો ઉપયોગ કરે છે, ત્યારે તે સમ્યગ્દર્શન ગુણ પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે.

સમ્યગ્દર્શનની બીજી ભૂમિકા પણ એટલી જ સહેલી છે. "શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પરીક્ષા સદ્દહણા પરિણામ." સુદેવ, સુગુરૂ, સુધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા તે સમ્યગ્દર્શનની બીજી ભૂમિકા છે.

સમ્યગ્દર્શનની ત્રીજી ભૂમિકા આત્મ અનુભવરૂપ સમ્યગ્દર્શન છે.

"આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીએ."
(પદ્મવિજય કૃત સમ્યગ્દર્શનની પૂજા.)

આ આત્મ અનુભવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે મોહનીય કર્મની સાત પ્રકૃતિનો ક્ષયોપશમ થવો જરૂરી છે. (ક્ષયોપશમ સમકિત વખતે સમકિત મોહનીયનો ઉદય અને બીજી છ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય છે.) તે માટે જડ અને ચૈતન્યના ભેદવિજ્ઞાનની જરૂર પડે છે. પુદ્ગલ વિનાશી છે, હું અવિનાશી છું. પુદ્ગલનું લક્ષણ શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ છે, મારું લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ છે. પુદ્ગલ જડ છે, હું ચૈતન્ય સ્વરૂપ છું. આવું જડ-ચૈતન્યનું ભેદવિજ્ઞાન દર્શન મોહનીયના ક્ષયોપશમનું કારણ છે. તેમાં પુદ્ગલથી ભિન્નતા ભાવિત થાય છે. પુદ્ગલથી લક્ષણભેદે ભિન્ન છું; એમાં ચૈતન્યથી એકતા ભાવિત થાય છે. જેવું પરમાત્માનું સ્વરૂપ છે, તેવું જ મારું સ્વરૂપ સત્તાએ છે અને મારી અંદર જેવું ચૈતન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેવું જ ચેતન્ય જગતના જીવમાત્રમાં છે. તેવી ભાવનાથી સર્વ જીવ સાથે આત્મસમાન ભાવ ઉત્પન્ન થાય છે અને મૈત્રી આદિ ભાવોથી ભાવિત બનાય છે, જેનાથી અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થઇ આત્મ અનુભવરૂપ સમ્યગ્દર્શન ગુણનો અનુભવ થાય છે.

આ રીતે સમ્યગ્દર્શનની આરાધનાથી સર્વ જીવ સાથે આત્મસમાન મૈત્રીભાવથી ભાવિત બનાય છે, અને આપણી અંદર રહેલા પરમાત્માના જેવા જ શુદ્ધ આત્મ-ચૈતન્યની સદ્દહણા, પ્રતીતિ અને કિંચિત્ અનુભવ પણ થાય છે. આપણી અંદર રહેલા શુદ્ધ આત્મસ્વરૂપની પ્રતીતિ અને અનુભવ માટે જિનભક્તિ એ તેનું અનુષ્ઠાન છે; અને સર્વ જીવ આત્મ સમાન છે, તે માટે જીવમૈત્રી એ અનુષ્ઠાન છે. આવું આત્મઅનુભવ રૂપ સમ્યગ્દર્શન આપણને પણ પ્રાપ્ત થાય તે માટે સમ્યગ્દર્શનની આરાધના કરવાની છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, અને સમ્યગ્તપ–હવે પછીના આ ત્રણે પદનો પાયો સમ્યગ્દર્શન છે. તેનું ધ્યાન કેવી રીતે કરવું તે જોઈએ. આ ધ્યાનપ્રક્રિયાથી વિકસિત સમ્યગ્દર્શન છેવટે સમ્યગ્ચારિત્રમાં પરિણામ પામે છે. અને આ પ્રક્રિયાથી શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકય આદિ સમ્યગ્દર્શનના લક્ષણો અનુભવાય છે.

**मैत्री प्रमोद कारुण्य माध्यस्थानि नियोजयेत् ।**
**धर्मध्यान मुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ॥**

(યોગશાસ્ત્ર ચોથો પ્રકાશ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ આ ચાર ભાવનાઓ આત્માની સાથે પ્રયોજવી. કારણ કે **આ ભાવનાઓ ધ્યાનને રસાયણની માફક પુષ્ટ કરે છે.**

આ દૃષ્ટિએ આપણે જે ધ્યાન કરવા ઈચ્છીએ છીએ તેના પ્રારંભમાં મૈત્રી આદિ ભાવથી ભાવિત બનવું જરૂરી છે. મૈત્રીની પરાકાષ્ઠાએ કોઇ પહોંચ્યું હોય તો તે તીર્થંકર શ્રી અરિહંત પરમાત્મા છે. અરિહંત પરમાત્માના આત્મા અનાદિકાલીન વિશિષ્ટ કોટિનો તથા ભવ્યત્વને ધારણ કરનાર હોય છે. કૃતજ્ઞતા પતયઃ । પરાર્થ વ્યસનિનઃ । કૃતજ્ઞતા ગુણના સ્વામી અને પરાર્થના વ્યસનવાળા હોય છે. છેલ્લેથી ત્રીજા ભવે સમ્યગ્દર્શનની અસાધારણ નિર્મળ કક્ષાએ પહોંચતાં તીર્થંકરનો આત્મા ભવસંસારમાં દુઃખી થઈ રહેલા જગતના જીવોને જોઇને કરૂણાભાવની પરાકાષ્ઠા (climex) ઉપર પહોંચે છે. "જિનેશ્વર ભગવંતનો ધર્મરૂપી ઉદ્યોત જગતમાં વિદ્યમાન હોવા છતાં, મિથ્યાત્વ આદિ મોહાંધકારના કારણે જગતના જીવો ભવસમુદ્રમાં દુઃખી થઈ રહ્યા છે. જો મને કોઇ એવી શક્તિ પ્રાપ્ત થઇ જાય તો જગતના સર્વ જીવોને જિનશાસનની આરાધના કરાવવા દ્વારા નિસર્ગથી જ જ્યાં અનંત સુખ છે એવા મોક્ષની પ્રાપ્તિ કરાવનાર બનું." આ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચી અરિહંત પરમાત્માનો આત્મા તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે; અને છેલ્લા ભવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જગતને ઉદ્ધારક એવું ધર્મતીર્થ સ્થાપન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રયોગ :—**

આવા મહાકરૂણાના નિધાન, કૃપાના અવતાર, દયાન સમુદ્ર, વાત્સલ્યરસના ભંડાર પરમાત્માની કરૂણા જગતન જીવ માત્ર ઉપર સિદ્ધશિલાથી છેક નીચે સાતમી નારકી સુધી વરસી રહી છે. ચૌદ રાજલોક પરમાત્માની કરૂણાથી પરિપ્લાવિત થઈ રહ્યું છે..... .... .... .... .... .... ....

( આવું દૃશ્ય આપણે જોઇએ છીએ. )

અતિ અદ્‌ભુત અને આનંદમય દૃશ્ય આપણે જોઇએ છીએ...........તેનાથી આપણા હૃદયમાં ભાવોલ્લાસ ઉત્પન્ન થાય છે. આપણા હૃદયમાં પણ સર્વ જીવ સાથે મૈત્રીભાવ ઉલ્લસિત થાય છે. આપણી જગતના જીવમાત્રના કલ્યાણની ભાવના પણ પરમાત્માની કરૂણા સાથે મળે છે...........

અદ્‌ભુત ભાવોલ્લાસ આપણામાં પ્રગટે છે...............
"સર્વ જીવોનું કલ્યાણ થાઓ........ ....
સર્વ જીવો દુઃખ મુક્ત બનો.... .... ....
સર્વ જીવોનાં પાપ નાશ પામો.... .... ....
સર્વ જીવોને પરમાત્માનું શાસન મળો...... ....
બધા જ બોધિબીજને પામો.... .... ....
સર્વને મોક્ષ મળો.... .... .... ....
સર્વ જીવ મારા આત્માની સમાન છે........ ....
મને સર્વ પ્રત્યે મૈત્રી છે............ .... ....
મને સર્વ પ્રત્યે સ્નેહભાવ છે.... .... ....
સર્વ જીવો સત્તાએ પરમાત્મતુલ્ય છે.... ....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાનંદના કંદ છે અને અનંત ગુણના વૃંદ છે....

સર્વ જીવ પ્રત્યે મને પૂર્ણ પ્રેમ છે.......... ....

સર્વનું કલ્યાણ–મંગળ થાઓ. સૌને આનંદ થાઓ....

સર્વ જીવો પ્રભુની કરૂણાના પાત્ર છે, તેથી મારા પરમ બાંધવ છે.

સર્વ જીવ ઉપર કરૂણાને વરસતી જોવી.......પ્રભુની કરૂણામાં આપણો કરૂણાભાવ ભેગો ભળ્યો છે. પ્રભુની કરુણાના મહાસાગરમાં આપણો બિન્દુરૂપ ભાવ ભળી જાય છે.

"ઉદક બિન્દુ સાયર ભયો." ( In tune with Infinite ) આવી અવસ્થા છે..........(આવું સંવેદન કરવું.)

આપણું અલગ વ્યક્તિત્વ ઓગળી ગયું છે...................

સમષ્ટિમાં આપણે ભળી ગયા છીએ.........................

વિશ્વમય પરમાત્મા એ આપણું સર્વસ્વ છે..............

મૈત્રીભાવનો પરમ આનંદ આપણે અનુભવીએ છીએ........

નોંધ :—આ રીતે મૈત્રીભાવનાનું ધ્યાન કરવાથી જગતના જીવો પ્રત્યે સ્નેહપરિણામ – સર્વના હિતની બુદ્ધિ વધતી જાય છે. તેનાથી જીવનમાં અનુકંપા, દયા, દાન, પરોપકાર આદિ ગુણો ખીલે છે. છેવટે તે **જગતના જીવો પ્રત્યેનો આત્મસમાન ભાવ, અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, સમિતિ, ગુપ્તિના પાલનમાં પરિણમવા રૂપ ચારિત્રધર્મને ખેંચી લાવે છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આરાધના નિત્ય કરવાથી સર્વ જીવો પ્રત્યે પ્રેમ, કરૂણા, મૈત્રી વિકસિત થાય છે. ક્રોધ, માન, માયા આદિ કષાયો પાતળા પડે છે અને સાધના સમયે દિવ્ય આનંદ અને સુખનો અનુભવ થાય છે. જેના સાથે વેર, અમૈત્રી થઈ હોય તેના ઉપર કરુણા ખાસ વરસાવવી; તેથી સામાના ભાવો બદલાઈ જશે. પરસ્પર મૈત્રી ઉત્પન્ન થશે.

**આ મૈત્રીભાવનાની આરાધના - ધ્યાનથી સમ્યગ્દર્શનનાં શમ અને અનુકંપા ગુણો વૃદ્ધિ પામે છે. શમ અને અનુકંપા સમ્યગ્દર્શનનાં લક્ષણો છે.**

**મૈત્રીભાવના ધ્યાનનો પ્રયોગ આ પ્રમાણે :—**

અનંત તેજોમય પરમાત્મા આપણી સમક્ષ બિરાજમાન છે....

આપણે પરમાત્માનું દર્શન કરીએ છીએ......................

માત્ર દર્શનથી વિકલ્પો શાંત થાય છે.........................

અસત્યો માંહેથી, પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ! લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દર્શનનાં દાન દઈ જા.

હું મહા મિથ્યાત્વના અસત્ પંથ પર વિચરી રહ્યો છું. હે પ્રભુ! મને સમ્યગ્દર્શનનું દાન આપીને સત્યનો પંથ બતાવો. હું અજ્ઞાનના ભયંકર અંધકારમાં અટવાઈ રહ્યો છું, તો હે પ્રભુ! સમ્યગ્જ્ઞાનનું દાન આપીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માના પરમ પ્રકાશનો માર્ગ બતાવો. અવિરતિના પાપથી હું ક્ષણે ક્ષણે મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યો છું, તો હે પરમાત્મા ! સમ્યગ્ચારિત્રપદનું દાન આપી આત્માના અનુભવનું પરમ અમૃત આપો. હું આપના દર્શન વગર મૂંઝાઈ રહ્યો છું, તો દર્શન આપી તૃપ્તિના પરમ આનંદમાં લઈ જાઓ...................................................................

પ્રભુએ આપણી પ્રાર્થના સાંભળી..................................

સૂર્યના બિંબમાંથી નીકળતા પ્રકાશની જેમ પરમાત્મામાંથી દિવ્ય તેજપુંજ નીકળી આપણી તરફ આવી રહ્યો છે........ ..........................આવું દૃશ્ય આપણે જોઈ રહ્યા છીએ.

પરમાત્મામાંથી નીકળેલો પ્રકાશ આપણી ચારે તરફ વીંટળાઇ વળ્યો છે.................................................

પરમાત્માના દિવ્ય પ્રકાશમાં આપણે બેઠેલા છીએ...........

પરમાત્મામાંથી નીકળતો દિવ્ય પ્રકાશ આપણને ભેદીને પસાર થાય છે...............................................

આપણી આરપાર તે પ્રકાશ પસાર થઇ રહ્યો છે..............

તે પ્રકાશમાં આપણા આત્માનો એક્સ-રે લેવાય છે.

તેમાં શરીરનો કોઈ ફોટો નથી પડતો.

આત્માને લાગેલાં કર્મનો ફોટો નથી પડતો.

રાગદ્વેષાદિ ભાવકર્મનો ફોટો નથી પડતો.

પરમાત્માના દિવ્ય પ્રકાશમાં શુદ્ધ આત્માનો એક્સ-રે લેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આપણા આત્માના સ્વરૂપનું આપણે દર્શન કરીએ છીએ................................(અહીં સ્થિર બનવું.)

પરમાત્માના જેવું જ વિશુદ્ધ આત્મચૈતન્ય આપણી અંદર રહેલું છે. તેના દર્શનમાં સ્થિર બનીએ છીએ........ (દર્શન સામાન્ય ઉપયોગરૂપ હોવાથી વિકલ્પ રહિત હોય છે.)

પરમાત્માની દિવ્ય વાણી સંભળાય છે.....................

"હે વત્સ ! દેહ (શરીર) તારું સ્વરૂપ નથી. તું તો દેહથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્મા છે..................

જગતનાં દૃશ્યમાન પુદ્ગલ પદાર્થો તારું રૂપ નથી, પણ તું તેનાથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્મા છે...........

પુદ્ગલ (જડ)નું લક્ષણ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. પુદ્ગલનો સંગ તારે છોડવાનો છે.

તારું – ચૈતન્યનું લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ છે.... .... .... ....

પુદ્ગલ તો રૂપી છે અને તું તો અરૂપી છે........

જ્ઞાનાવરણીય આદિ કર્મ પુદ્ગલ છે. તેનાથી ભિન્ન તું ચૈતન્ય સ્વરૂપ આત્મા છે........ .... ....

તું જે ભાષા બોલે છે તે પણ ભાષાવર્ગણાનાં પુદ્ગલો છે. તું તો તેનાથી ભિન્ન આત્મારૂપ છે.... .... ....

મનથી તું જે વિચાર કરે છે તે મનોવર્ગણાનાં પુદ્ગલ છે. તું તો તેનાથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્મા છે............

સુખ જગતના પદાર્થોમાં નથી, તારી અંદર પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરેલું પડ્યું છે. તું બહાર જોઈ રહ્યો છે, જરા અંદર જો. તારી અંદર (તારા આત્મામાં) તો અનંત આનંદ અને સુખનો મહાસાગર ઉછાળા મારે છે. જેવું મારૂં સ્વરૂપ છે તેવું જ સત્તાએ તારૂં સ્વરૂપ છે. તારા અંદરના આનંદના મહાસાગરમાં ડૂબકી માર! પરમાનંદનો અનુભવ થશે. પ્રભુની વાણી સાંભળીને આપણે આનંદના મહાસાગરમાં લીન બનીએ છીએ...............................

.... .... .... .... ....

દિવ્ય આનંદનો આપણે અનુભવ કરીએ છીએ...............

જેમ દૂધમાં સાકર ઓગળી જાય તેમ મન આત્માના પરમાનંદમાં ઓગળી ગયું છે.... .... ....

આનંદના મહાસાગરમાં આપણે વિલીન થઈ ગયા છીએ ............(આવો અનુભવ કરવો.)

આત્માના પરમ આનંદરસનો આજે અનુભવ થયો છે....

પરમાત્માના આલંબને અનંત સુખ, પરમ આનંદ, અનંત શક્તિ, કેવળજ્ઞાન આદિ અનંત ગુણસમૃદ્ધિથી પૂર્ણ આત્માનું આપણને ભાન થયું. કિંચિત્ અનુભવ પણ થયો....

પ્રભુ મેરે ! તું સબ બાતે પૂરા, પરકી આશ કહાં કરે પ્રીતમ,
એ કીન બાતે અધૂરા.

આપણે આત્મા સાથે વાત કરીએ છીએ. તું સર્વ વાતે પૂર્ણ છે. તું પર વસ્તુની આશા શા માટે કરે છે? તારી અંદર શું ઓછું છે? સુખ અને આનંદ માટે આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ સુધી બહાર શોધ કરતા હતા. જગતના પદાર્થોમાં સુખ છે એમ માની દોડતા હતા.

આજે પ્રભુની કૃપા થઈ! પરમાત્માએ આપણી અંદર –આપણા આત્મામાં સુખ અને આનંદનો મહાસાગર બતાવ્યો, તેનો અનુભવ કરાવ્યો.

પરસંગ ત્યાગ, લાગ નિજ રંગ શું;
આનંદવેલી અંકુરા

હે જીવાત્મા! પરના સંગને છોડીને આત્માના રંગમાં રંગાઈ જા. આનંદથી પૂર્ણ ભરાઈ જઈશ.......................

પામ્યો આજે પરમ પદનો, પંથ તારી કૃપાથી,
મીટયાં આજે ભ્રમણ ભવનાં, દિવ્ય તારી કૃપાથી;
દુઃખો સર્વે ક્ષય થઈ ગયાં, દેવ! તારી કૃપાથી,
ખુલ્યાં ખુલ્યાં સકળ સુખનાં, દ્વાર તારી કૃપાથી.

**આ પ્રયોગથી સંવેગ અને નિર્વેદ ગુણનો વિકાસ થાય છે.** હું પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છું તે લક્ષણ ભેદથી પુદ્ગલની ભિન્નતા ભાવિત થવાથી પાંચે ઇંદ્રિયોના વિષયોનો અને સંસારના સુખનો રસ 'હેય'– છોડવા જેવો લાગે છે. તે રસ ઘટવા માંડે છે અને આત્માના શુદ્ધ આનંદ સ્વરૂપનો અનુભવ કરવાની લગની લાગે છે. જેથી સંવેગ ગુણ વૃદ્ધિ પામે છે. મોક્ષની તીવ્ર ઈચ્છા એટલે મોક્ષમાં જ ઉપાદેય બુદ્ધિ થાય છે. સંસારના સુખ ઉપરનો રાગ ઘટતો જાય છે. મોક્ષનો એટલે આત્માના પરમાનંદની પ્રાપ્તિનો રસ વધતો જાય છે. આત્માની અંદર આનંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સુખનો મહાસાગર ભરેલો પડયો છે તેનું ભાન થતાં, તે આનંદની પ્રાપ્તિ માટે તાલાવેલી લાગે છે.

જગતના પદાર્થોમાં સુખ માનીને આપણું મન દોડે છે; પરંતુ આ પ્રયોગથી આત્મામાં રહેલ પૂર્ણ સુખ અને આનંદના મહાસાગરનો અનુભવ થાય છે. તેમાં મનની ગતિ (ઉપયોગ) આનંદના મહાસાગર એવા આત્મા તરફ થાય છે, અને દિવ્ય આનંદ અનુભવીને બહાર આવેલું આપણું મન ફરી ફરીને તે દિવ્ય આનંદને ઝંખે છે. મનનું આકર્ષણ જગતના પદાર્થોને બદલે પરમાત્મા અને આત્મા તરફ થાય છે.

જશ પ્રભુ ધ્યાયો, મહારસ પાયો, અવર રસે નહિ રાચું;
અંતરંગ ફરસ્યો દરિશન તેરો, તુજ ગુણ રસ સંગ માચું.

પરમાત્માના ધ્યાનથી પરમ સુખનો રસ અનુભવાય છે, ત્યારે જગતના પદાર્થોનાં સુખનો રસ ઘટી જાય છે. છેવટે એ નાશ પામે છે. પરમાત્માના આલંબને દિવ્ય રસ અનુભવવા માટેની ઝંખના ચાલુ જ રહે છે. **તેથી પરમાત્માનું સ્મરણ-ધ્યાન સહજ બની જાય છે.**

ખાસ નોંધ :—સમ્યગ્દર્શન સમયે આત્મસ્વરૂપની પ્રતીતિ અને કિંચિત્ અનુભવ થાય છે. આત્મસ્વરૂપના આનંદનો થોડો રસ ચાખ્યા પછી જીવ નિરંતર તેની ઝંખના કરે છે.

આત્મરમણતાનો પરમાનંદ તો સર્વ સંગ છોડયા પછી ચારિત્રધર્મમાં જ મળે. તે કારણે ચારિત્રપદ પ્રાપ્તિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીવ્ર ઝંખના થાય છે. "સાધુ ધર્માભિલાષાસય રૂપ શ્રાવક ધર્મ." સાધુધર્મની તીવ્ર અભિલાષા રૂપ શ્રાવકધર્મ આવે છે. જેમાં શ્રાવકધર્મને અનુરૂપ ક્રિયા–અનુષ્ઠાનની રૂચિ વધતી જાય છે. સમ્યક્ત્વની અને શ્રાવકધર્મની આચરણામાં ઉત્સાહ વધતો જાય છે. કારણ કે જેમ જેમ તેની જિનાજ્ઞા-પાલનની રૂચિ વધે છે, તેમ તેમ આત્મઅનુભવ અને મોક્ષની પ્રાપ્તિ માટેની યોગ્યતા વધતી જાય છે. અને છેવટે "સંયમ કબ મીલે ? શું સમકિત ગુણઠાણુ ગવારા, આતમસે કરત વિચારા" આ વિચાર તેને ચારિત્રપદમાં ખેંચી જાય છે. સમ્યક્ત્વ છેવટે ચારિત્રમાં પરિણમે છે.

**સમ્યગ્જ્ઞાન પદ :—**

જીવનનો કોઈપણ મહત્ત્વનો નિર્ણય શ્રુતજ્ઞાનના આલંબને કરવામાં આવે છે. શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવાથી વિવેક બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને વિવેકથી જીવનનો સાચો નિર્ણય આપણે કરી શકીએ છીએ. આપણે આ જીવનમાં શું કરવું અને શું ન કરવું ? કઈ વસ્તુ મેળાવવી અને કઈ વસ્તુ છોડી દેવી ? શું ખાવું અને શું ન ખાવું ? આવા પ્રશ્નોનો નિર્ણય જો આપણી બુદ્ધિથી કરવા જઈએ, તો આપણી બુદ્ધિ મિથ્યામોહથી વાસિત હોવાથી આપણી બુદ્ધિથી કરેલા નિર્ણયો ખોટા અને અધૂરા થાય છે. માટે હેય અને ઉપાદેય, કર્તવ્ય અને અકર્તવ્ય, ભક્ષ્ય અને અભક્ષ્ય, તેનો નિર્ણય શ્રુતજ્ઞાનને આલંબને કરવામાં આવે છે. તે શ્રુતજ્ઞાન જ્યારે ઊંડું ચિંતન સ્વરૂપ બને છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ભાવનાજ્ઞાન બને છે; અને ભાવનાજ્ઞાન જ્યારે પરમેષ્ઠિ-પદોના ધ્યાન સ્વરૂપ બને છે ત્યારે અનુભવજ્ઞાન બને છે. આવું અનુભવજ્ઞાન – જેમાં શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવનો પરમાનંદ હોય છે – તે માટેનો ધ્યાનપ્રયોગ સમ્યગ્દર્શનમાં બતાવ્યો. તે વધારે ઊંડાણમાં જઈ કરવાનો હોય છે અગર બીજા અનેક પ્રકારે આત્મઅનુભવ રૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**સમ્યગ્ચારિત્ર પદ :**

સમ્યગ્દૃષ્ટિ આત્માના હૃદયમાં નિરંતર ભાવ રહે છે કે સર્વ જીવો આત્મસમાન હોવા છતાં, હું સર્વ જીવ સાથે આત્મસમાન ભાવે વર્તન કરી શકતો નથી; તેથી મને ક્યારે જિનેશ્વર ભગવંતોએ કહેલો ચારિત્રધર્મ પ્રાપ્ત થાય અને સર્વ જીવ સાથે આત્મસમાન ભાવે હું વર્તન કરવાવાળો બનું ? બીજી તરફ સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના આત્મામાં પરમાત્માના જેવું જ સ્વરૂપ સત્તાએ રહેલું છે તે જાણીને તે સ્વરૂપનો અનુભવ કરવા માટે નિરંતર પરમાત્માની ભક્તિ, આજ્ઞાપાલન આદિમાં રક્ત હોવા છતાં સંસારમાં અનેક પ્રકારની વિટંબણા હોવાથી સંપૂર્ણપણે પરમાત્મા સાથે ધ્યાનની એકતા દ્વારા પરમાનંદનો અનુભવ અને સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરી શકતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ આત્મા ઝંખે છે કે ક્યારે મને પરમાત્માએ કહેલો (પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયરૂપ) ચારિત્ર ધર્મ પ્રાપ્ત થાય અને પૂર્ણપણે પરમાત્માની આજ્ઞાનું પાલન કરી પરમાત્મા સાથે અભેદ ધ્યાન સિદ્ધ કરી આત્મસ્વરૂપ રમણતારૂપ શુદ્ધ-ચારિત્રના પરમાનંદનો અનુભવ કરૂં ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'સમ્યગ્દર્શન'ની પૂજામાં "નિજ શુદ્ધ સત્તા પ્રગટ અનુભવ કરણ રુચિતા ઉછળે' એટલે સમ્યગ્દૃષ્ટિ આત્માને પોતાની શુદ્ધ આત્મસત્તાનો અનુભવ કરવાની તીવ્ર ઈચ્છા ઉછાળા મારે છે.

પં. પદ્મવિજયજી કૃત 'સમ્યગ્દર્શન'ની પૂજામાં
'પ્રભુ નિર્મળ દર્શન કીજીએ;
આતમજ્ઞાનકો અનુભવદર્શન સરસ સુધારસ પીજીએ.'

એટલે કે 'હે પ્રભુ! મારું દર્શન–સમ્યક્ત્વ નિર્મળ કરો. આત્મસ્વરૂપનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્-દર્શનરૂપ ઉત્તમ અમૃતરસનું પાન કરીએ."

સમ્યગ્દર્શન ગુણસ્થાનકે રહેલ આત્મા ભાવના કરે છે:

"સંયમ કબ મીલે? સસનેહી પ્યારા હો.
યું સમકિત ગુણઠાણ ગવારા, આતમસે કરત વિચારા હો.
સંયમ કબ મીલે?"

સમ્યગ્દૃષ્ટિ આત્માની આવી નિર્મળ પવિત્ર ઝંખના છેવટે શુદ્ધ ચારિત્રરૂપે પરિણમે છે અને **સમિતિ ગુપ્તિના પાલન, મહાવ્રતો અને ક્ષમાદિ ધર્મો દ્વારા સર્વ જીવો સાથે આત્મસમાન શુદ્ધ વ્યવહાર ઉત્પન્ન થાય છે; અને પરમાત્માના અભેદ ધ્યાન દ્વારા સ્વરૂપરમણતા અને તે દ્વારા પરમાનંદના અનુભવ-રૂપ નિશ્ચય ચારિત્રરૂપે આત્મા સ્થિર બને છે. તે વખતે** સ્વરૂપરમણતાના પરમાનંદના અનુભવનું સુખ બાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માસના ચારિત્ર પર્યાયવાળાને અનુત્તર વિમાનવાસી દેવ કરતાં અધિક સુખનો અનુભવ કરાવે છે.

"બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમીએ"
(ઉ. યશોવિજયજી કૃત નવપદ પૂજા)

"જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે."
"ચારિત્ર ગુણ વળી વળી નમો, તત્ત્વ રમણ જસુ મૂલોજી."
(ચારિત્રપદની પૂજા)

આવા નિર્મળ સ્વરૂપરમણતા રૂપ શુદ્ધ ચારિત્રના મૂળમાં સમ્યગ્દર્શન છે. અને સમ્યગ્દર્શનની નિર્મળતા અરિહંતાદિ પરમેષ્ઠિઓના ધ્યાન, ઉપાસના અને આજ્ઞાપાલન દ્વારા થાય છે.

પરમાનંદની પરાકાષ્ઠાએ પહોંચેલા પરમાત્માનું સ્મરણ, દર્શન, પૂજન, વંદન, સ્તવન અને ધ્યાન સાધકને પરમાનંદની પ્રાપ્તિનું પરમ કારણ છે.

શરૂઆતમાં તો આપણો જીવ બાહ્ય વસ્તુઓમાં સુખ અને આનંદ માટે દોડતો હોય છે અને રાત-દિવસ તે માટે જ પ્રયત્નશીલ હોય છે. પરંતુ જીવનમાં જ્યારે તે સદ્ગુરૂની કૃપા દ્વારા પરમાત્મસ્વરૂપને પિછાને છે અને જેવું પરમાત્માનું સ્વરૂપ છે, તેવું જ પોતાનું સ્વરૂપ છે -આવું જાણે છે, ત્યારે તેના જીવનમાં સાચો રાહ ઊઘડે છે.

"પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે;
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મા સાથે આત્મદ્રવ્યનું સાધર્મિકપણું ખ્યાલમાં લાવીને, પોતાની અંદર અનંત સુખ અને આનંદનું નિધાન રહ્યું છે તેવી ઓળખાણ સાધકને થાય છે.

"ઓળખતાં બહુ માન સહિત રુચિ પણ વધે;
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે."

આજ સુધી આદર–બહુમાન પુદ્ગલનું છે, રુચિ પરપુદ્ગલની છે, વીર્ય **પરઅનુયાયી** છે, રમણતા પરવસ્તુમાં છે, આપણી આખી ચેતના પુદ્ગલ અનુયાયી બની ગઈ છે. તે ચેતનાને આત્મસ્વરૂપ અનુયાયી બનાવવા માટે જેનું સંપૂર્ણ શુદ્ધ પરમાનંદ સ્વરૂપ પ્રગટ થયું છે, તેવા પરમાત્માનું આલંબન લેવું પડે છે. પરમાત્મસ્વરૂપને અવલંબેલું આપણું ચૈતન્ય, પરમાત્મ ગુણોના રંગે રંગાયેલી આપણી ચેતના, પરમાત્મગુણ રસિક બનેલી આપણી ચેતના છેવટે આત્મસ્વરૂપ અનુયાયી બની શકે છે. તેથી પરમાત્મા મોક્ષ પ્રાપ્તિના પુષ્ટ નિમિત્ત છે. તે જ એક આધાર, પ્રાણ, ત્રાણ, શરણ છે. તે જ એક દર્શન, પૂજન, વંદન, સ્તવન, ધ્યાન, સ્મરણ કરવા લાયક છે–તેવા ભાવ પ્રગટ થતાં અનાદિથી પુદ્ગલઅનુયાયી બનેલું ચૈતન્ય, પરમાત્મા તરફ આદર, બહુમાન, રુચિવાળું બને છે. પરમાત્માના ગુણોમાં રુચિ થતાં, 'રુચિ અનુયાયી વીર્ય' તે નિયમ મુજબ આત્માની બધી શક્તિઓ પરમાત્માની દિશામાં કાર્યશીલ બને છે.

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના, પ્રભુ પ્રભુતા લયલીન,
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી, તસુ આસ્વાદન પીન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજના તો કીજે રે બારમા જિનતણી.

( શ્રી દેવચંદજી કૃત )

ક્ષયોપશમ ભાવે અંશતઃ ખુલ્લાં થયેલાં આપણાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય જે પરપુદ્ગલ અનુયાયી હતાં, તે પરમાત્મ અનુયાયી બને છે; અને પરમાત્મામાં તન્મયતા, તદ્રૂપતા, એકત્વ ઉત્પન્ન થાય છે.

"શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતના, પામે આત્મસ્વભાવ."

પરમાત્મ તત્ત્વ સાથે એકત્વ સાધતાં પોતાના આત્મામાં રહેલા પરમાનંદમાં પ્રવેશ થાય છે; અને તેમાં સ્થિરતા થતાં, આત્મસ્વરૂપનો અનુભવ થાય છે. તે અનુભવ જ વિશ્વ ઉપરનું અમૃત છે. આવા પરમામૃતનું પાન કરવું તે માનવજીવનનું પરમ લક્ષ્ય છે. તે લક્ષાંક પૂર્ણ કરવા માટે ચારિત્રપદની પ્રાપ્તિની તીવ્ર અભિલાષાપૂર્વક "ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ" પદનો જાપ કરવો—આ રીતે ચારિત્રપદની આરાધના કરવી. સમ્યગ્દર્શન પદમાં બતાવેલ પરમાત્મ ધ્યાન અને મૈત્રીભાવનાનું ધ્યાન વિકસિત થતાં છેવટે ચારિત્રમાં પરિણામ પામે છે. તે વખતે સ્વરૂપરમણતા રૂપ ચારિત્રનો પરમાનંદ અનુભવાય છે. આવું ચારિત્ર આપણને પણ પ્રાપ્ત થાય તેવા લક્ષપૂર્વક ચારિત્રપદનું આરાધન કરવું.

**સમ્યગ્તપ પદ :—**

છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ છે; જેનું ફળ મોક્ષ પદ છે. ઇન્દ્ર અને ચક્રવર્તીની સંપત્તિ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેનું ફૂલ છે. સમતારૂપ અમૂલ્ય જેનો રસ (મકરંદ) છે, તે તપને જ્ઞાની પુરુષો કલ્પવૃક્ષ સરીખું કહે છે. કહ્યું છે કે –

ફળ શિવસુખ મહોટું, સુર નરવર સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરૂ સરિખો વંદું, સમ મકરંદ અમૂલ રે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો.

વંદીને આનંદો રે ભવિકા, નાવે ભવભવ ફંદો રે ભવિકા;
ટાળે દુરિતહ દંદો રે ભવિકા, સેવે ચોસઠ ઈન્દો રે ભવિકા;
ઉપશમ રસનો કંદો રે ભવિકા, જિમ ચિરકાલે નંદો રે ભવિકા;
શ્રી શ્રીપાલે સેવ્યો રે ભવિકા, મયણાએ આરાધ્યો રે ભવિકા.
સિદ્ધચક્ર પદ વંદો.
(નવપદની પૂજા)

આ તપપદ જગતનું સર્વોત્કૃષ્ટ મંગલ છે. તે તપ ક્ષમાપૂર્વક કરતાં નિકાચિત કર્મ પણ ક્ષય થઈ જાય છે.

'કર્મ નિકાચિત પણ ક્ષય થાયે, ક્ષમા સહિત જે કરતાં.'

આવા અપૂર્વ ભાવપૂર્વક તપ પદનો મંત્ર જપ "ૐ હ્રીઁ નમો તવસ્સ" કરવો.

તાત્ત્વિક રીતે ઈચ્છાઓના નિરોધરૂપ સંવર કરી, મન, વચન, કાયાની એકાગ્રતાથી સમતારસમાં પરિણમન કરી, આત્મા પોતાના ગુણોનો ભોગ કરી સ્વરૂપમાં રમણતા કરે તે જ તપ છે. (તપપદનું વિશેષ સ્વરૂપ આ જ પુસ્તકમાં છેલ્લે પ્રભુ મહાવીરસ્વામીની દેશના વખતે બતાવવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશે.) સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના છેલ્લે સ્વરૂપરમણતામાંથી સ્વરૂપસ્થિરતા રૂપે તપપદમાં પરિણમશે.

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે.

આ રીતે નવપદનું ધ્યાન આપણે સૌ આરાધીએ. આપણી ભૂમિકાને અનુરૂપ ક્રિયા – અનુષ્ઠાન પૂર્વક નવપદનું ધ્યાન નવ ભવમાં મોક્ષને આપનાર બને છે.

જ્ઞાન વિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે.

પૂ. જ્ઞાનવિમલસૂરીશ્વરજી કહે છે – આ સિદ્ધચક્રના પ્રભાવે સર્વ દુઃખ અને કર્મનો ક્ષય થઈ, પરમ આનંદમય આત્મસ્વરૂપ પ્રગટ થાય છે.

ઈસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,
સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે.

આ નવપદના ધ્યાનને આપણે નિરંતર ધ્યાઈએ; જેનાથી પરમાનંદમય આત્મસ્વરૂપનો અનુભવ અને છેવટે તેની પ્રાપ્તિ થાય છે.

એમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાલ.

શ્રીપાલ અને મયણાએ નવપદનું ધ્યાન કર્યું. આપણે પણ આપણી ભૂમિકા મુજબ નવપદની સર્વ પ્રકારે આરાધનાપૂર્વક ધ્યાન કરીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતલબ્ધિના નિધાન ગૌતમ ગણધર ભગવંતે શ્રેણિક પ્રમુખ પર્ષદાની સમક્ષ આ પ્રમાણે શ્રીપાલનું દષ્ટાંત કહ્યું અને હવે છેલ્લે કહે છે કે, આ પ્રમાણે નવપદના ધ્યાનમાં તદ્રૂપ બનેલા શ્રીપાલ મહારાજા આયુષ્ય પૂર્ણ થતાં નવમા દેવલોકમાં ગયા. મયણાસુંદરી વગેરે નવ રાણીઓ અને શ્રીપાલના માતાજી પણ નવપદના ધ્યાનમાં લીન બની ગયાં અને ક્રમસર આયુષ્ય પૂર્ણ થતાં નવમા દેવલોકને પામ્યાં.

તે પછી શ્રીપાલ, તેમના માતા અને મયણા આદિ નવ રાણીઓ – આ અગિયારે જણા નવમા દેવલોકમાંથી આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્યજન્મ પામશે. તેમાં અધિક સંપત્તિઓ અને સિદ્ધિઓને પ્રાપ્ત કરશે. અધિક રીતે નવપદની આરાધના કરી દસમા દેવલોકમાં જશે. ત્યાંથી પાછા મનુષ્યજન્મ પામીને, અધિક આરાધના કરીને, અધિક સંપત્તિ પામીને અગિયારમા દેવલોકમાં જશે. ત્યાંથી મનુષ્યજન્મ પ્રાપ્ત કરી, અધિક આરાધના કરી બારમા દેવલોકમાં જશે. અને છેલ્લા નવમા ભવે મનુષ્યજન્મ પામી, સર્વ સંપત્તિનો અને વૈભવનો ત્યાગ કરી, બાહ્ય–અભ્યંતર નિર્ગ્રંથ બની, વિશેષે આરાધના કરી, શુકલધ્યાન આરોહણ કરી, શુદ્ધ આત્મસ્વરૂપને સંપૂર્ણપણે પ્રગટ કરી મોક્ષમાં જશે.

તે વખતે જ ત્યાં દેવદુંદુભિ વાગી અને અનંત કરૂણા નિધાન પ્રભુ મહાવીરસ્વામી પધાર્યા.

દેવે સમવસરણ રચ્યું, અરિહંતાજી;
કુસુમ વૃષ્ટિ તિંહા કીધ રે, ભગવંતાજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંબર ગાજે દુંદુભિ, અરિહંતાજી;
વર અશોક સુપ્રસિદ્ધ રે, ભગવંતાજી.
સિંહાસન માંડ્યું તિહા, અરિહંતાજી;
ચામર છત્ર ઢળંત રે, ભગવંતાજી.
દિવ્ય ધ્વનિ દીયે દેશના, અરિહંતાજી;
પ્રભુ ભામંડલવંત રે, ભગવંતાજી.

પરમાત્મા મહાવીરસ્વામી પધાર્યા. દેવોએ એક યોજન ભૂમિ પ્રમાણ સમવસરણની રચના કરી. દસ હજાર પગથિયાં ઊંચી પીઠિકા (plinth) બનાવી. તેના ઉપર પહેલો ચાંદીનો ગઢ અને સોનાના કાંગરા બનાવ્યા. તે પછી પાંચ હજાર પગથિયાં ઊંચે બીજો સોનાનો ગઢ અને રત્નના કાંગરા બનાવ્યા. તે પછી પાંચ હજાર પગથિયાં ઊંચે ત્રીજો રત્નનો ગઢ અને મણિના કાંગરા બનાવ્યા. મધ્યમાં પ્રભુની ઊંચાઈથી બાર ગણું ઊંચું એક યોજન વિસ્તારવાળું મનોહર રમણીય **અશોકવૃક્ષ** છે. અને તે સમગ્ર સમવસરણ ભૂમિને શીતલ છાયા આપી રહ્યું છે.

અશોકવૃક્ષની નીચે વિવિધ રત્નો, હીરા, માણેક, નીલમ આદિથી વિભૂષિત પાદપીઠ **સિંહાસન** છે. ત્યાં સકલ વિશ્વના ઉદ્ધારક, દેવાધિદેવ. કરૂણાસાગર, પરમાત્મા જગતના ઉદ્ધારને અર્થે સમવસરણ ભૂમિમાં પધાર્યા. અને તે વખતે મહાપ્રભુ પરમાત્મા મહાવીરદેવે જગતના સાર્વભૌમ ચક્રાધીશ્વરના મહા મંગલકારી સિંહાસન ઉપર આરૂઢ થઇ સકલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતને સનાથ બનાવ્યું. કૃપાના અવતાર, દયાના સાગર, વાત્સલ્યના ભંડાર–ભગવંતના મસ્તકની પાછળ સૂર્ય સમાન તેજસ્વી **ભામંડલ શોભી** રહ્યું છે. અનેકવિધ મણિ, માણેક, રત્નોથી વિભૂષિત **ત્રણ છત્રો** ભગવંતના મસ્તક ઉપર શોભી રહ્યાં છે. આકાશમાં **દેવદુંદુભિને** ગંભીર નાદ ગાજી રહ્યો છે. જાનુ પ્રમાણ **પુષ્પની વૃષ્ટિ** થઇ રહી છે. દેવો **ચામર** વીંઝી રહ્યા છે.

બાર પર્ષદાની રચના થઇ. સૌ પોતાના યથાયોગ્ય સ્થાને દેશના સાંભળવા માટે બેઠા. તે સમયે પાત્રીસ વાણીના ગુણોથી યુક્ત, યોજનગામિની. સર્વ આનંદ પ્રદાયિની, સર્વ પાપ પ્રણાશિની, મોહ–તિમિર વિનાશિની, કલ્યાણ પરંપરાવર્ધિની, કર્મકાષ્ઠ દાહિની, ભવસંતાપ હારિણી, મોહ–વિષ નિવારિણી, સકલ જીવ સંજીવની, જીવનજયોતિ પ્રકાશિની, અનંત કરૂણામય, સુમધુર વાણીમાં પરમાત્માની દેશના શરૂ થઇ. તેને દેવોએ વાંસળીના સુમધુર સુરથી–દિવ્ય ધ્વનિથી વિભૂષિત કરી.

શ્રેણિક ઉદ્દેશી કહે, નવપદ મહિમા વીર;
નવપદ સેવી બહુ ભવિક, પામ્યા ભવજલ તીર.

દેશનામાં પ્રભુ મહાવીરસ્વામી નવપદના મહિમાનું વર્ણન કરે છે. આ નવપદને સેવવાથી ઘણા ભવ્ય આત્માઓ સંસાર સમુદ્રના પારને પામ્યા છે.

આરાધનાનું મૂલ જસ, આતમભાવ અછેહ;
તિણે નવપદ છે આતમા, નવપદ માંહે તેહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદની આરાધનાનું મૂળ આત્મભાવ છે. નવપદમાં આત્મા છે અને આત્મામાં નવપદ છે. આ વસ્તુને આપણે વિશેષ રૂપે સમજીએ.

**નવપદની સાધના દ્વારા વિકાસક્રમની ભૂમિકાઓ :**

Observation of Absoluteness

**નવપદમાં આપણા આત્માના પૂર્ણસ્વરૂપનું દર્શન :**

જ્યારે આપણે પરમાત્માનું દર્શન કરીએ છીએ, ત્યારે અનંતકાળથી (એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના અનંત ભવોમાં) વિસરાઈ ગયેલું આપણું પોતાનું આત્મ-સ્વરૂપ છે, તેની સભાનતા થાય છે. મહાપુરુષે કહ્યું છે—

"દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વીસર્યો."

જ્યારે દેવાધિદેવ પરમાત્માનું દર્શન કરીએ છીએ ત્યારે આપણને આપણું પોતાનું પરમાત્માના જેવું જ વિસરાઈ ગયેલું મૂળ સ્વરૂપ યાદ આવે છે. પરમાત્માનું દર્શન કે સ્મરણ તે આપણા પોતાના જ Absolute–પૂર્ણસ્વરૂપનું Observation દર્શન–છે. નવપદો એ આપણાં પોતાનાં જ નવ દિવ્ય રૂપો છે.

Determination of Destination

**ધ્યેયનો નિર્ણય**

પરમાત્માના દર્શનથી, તેમના જેવા જ આપણા આત્મ-સ્વરૂપની સભાનતા થાય છે. અને 'સત્તાએ આપણા આત્મામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માના જેવો જ અનંત સુખ અને આનંદનો ખજાનો છે' તેવું સમજાય છે, ત્યારે 'મારે હવે તે જ જોઇએ' તેવો વિચાર આવે છે. પછી તે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું તેવું ધ્યેય નક્કી થાય છે.

પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે;
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વ-સંપત્તિ ઓળખે.

ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે;
રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે.

( શ્રી દેવચંદ્રજી કૃત સુવિધિનાથ ભગવાનનું સ્તવન. )

માટે 'નમો સિદ્ધાણં' તે સર્વ ધ્યેયોનું મૂળ-ધ્યેય-બિંદુ છે. પ્રાપ્ત કરવા લાયક શું છે? તેનો નિર્ણય 'નમો સિદ્ધાણં'ના ધ્યાન દ્વારા થાય છે.

અત્યારે તો માત્ર આપણું ધ્યેય એટલું જ છે કે મારી પાસે ૧૦ લાખ અને પાડોશી પાસે ૨૦ લાખ છે, તો મારે ૨૦ લાખ ભેગા કરવા. આપણે ૨૦ લાખ ભેગા કરવા જઇએ છીએ, ત્યાં તો પાડોશી પાસે ૪૦ લાખ થઇ જાય છે. એટલે આપણે પણ ૪૦ લાખ ભેગા કરવા જઇએ છીએ. અને આપણી પાસે ૪૦ લાખ થાય, ત્યાં તો પાડોશી પાસે ક્રોડ થઇ જાય છે. એટલે આપણે પણ ક્રોડ ભેગા કરવા જઇએ છીએ. ત્યાં વચ્ચે આયુષ્ય પૂરું થઈ જાય છે. અગર તો પૈસા આપણી પાસે પૂરતા થઇ જાય છે ત્યારે બસો-ચારસો માણસના સર્કલમાં-જેમાં આપણે વસીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છીએ તેમાં ' અમે કાંઇ જેવા તેવા નથી ' એવું સાબિત કરવા પાછળ દોડીએ છીએ. ' બીજા કરતાં અમે પણ ચઢિયાતા છીએ ' તેવું સાબિત કરવા માનવજીવનનો મોટા ભાગનો સમય ખર્ચાય છે.

આ કાંઇ માનવજીવનનું ધ્યેય નથી. પરંતુ જ્યારે મનુષ્ય પરમાત્માનું સ્વરૂપ જાણે છે અને તેનું જ સ્વરૂપ પોતાની અંદર રહેલું છે અને તે પ્રાપ્ત થઈ શકે તેમ છે, તેવું જ્ઞાન તેને અરિહંત – સિદ્ધ ભગવંતોનાં દર્શન, પૂજન, વંદન, સ્તવન, ધ્યાન, સ્મરણ રૂપ નમસ્કારભાવથી થાય છે, ત્યારે મનુષ્ય પોતાનું આત્મસ્વરૂપ પ્રગટ કરવું તેવું ધ્યેય–લક્ષ્ય નક્કી કરે છે. જો કે આત્મસ્વરૂપ પ્રગટ કરવાનું ધ્યેય પૂર્ણપણે આ જીવનમાં પ્રાપ્ત થઈ શકે તેમ નથી, કારણ કે અત્યારે આપણી પાસે તે માટેની પરિપૂર્ણ સામગ્રી નથી; પરંતુ આ જીવનમાં તે ધ્યેયને પહોંચવા માટે કયાં સુધી જઈ શકાય તેમ છે ?

તો બધા જ્ઞાની પુરુષોનો એક જ અભિપ્રાય છે કે આ જીવનમાં આત્માનુભવ, આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર કરી શકાય છે અને તે દ્વારા પરમાનંદનો અનુભવ થઈ શકે છે. તથા ભવાન્તરમાં અનુકૂળ સંયોગ – સામગ્રી મળતાં પૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ કરી શકાય છે. વર્તમાનમાં જીવનનું લક્ષ્ય–બિંદુ આત્મસાક્ષાત્કાર દ્વારા પરમાનંદનો અનુભવ, અને ભવાન્તરનું લક્ષ્યબિંદુ પૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવી તે આ રીતે નિર્ણીત થાય છે. તેને જ Dynamic desire of Destination – મોક્ષની તીવ્ર ઇચ્છા ( સંવેગ ) કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદનું જે સ્વરૂપ છે તેવું જ દિવ્ય સ્વરૂપ મારા અંદર છે અને મારે હવે તે જ જોઈએ છે તેવા ધ્યેયનો નિર્ણય નવપદના આલંબને થાય છે.

Architect of Originality.

**મૂળભૂત આત્મચૈતન્ય પ્રગટ કરવાનો બ્લ્યુ પ્રિન્ટ**

આત્મસ્વરૂપ પ્રગટ કરવું એ જ એક માનવજીવનનું ધ્યેયબિન્દુ છે—તેવો નિર્ણય પરમાત્મદર્શન તથા અરિહંત અને સિદ્ધપદના ધ્યાન દ્વારા થાય છે. મકાન બાંધવાનો નિર્ણય કર્યા પછી આર્કિટેકટની પાસે નકશો આપણે કરાવીએ છીએ. અને લૌકિક આર્કિટેકટની કળાને સારી રીતે જાણનાર Civil Engineer મકાન બાંધતાં પહેલાં blue print – નકશો તૈયાર કરી આપે છે. તે રીતે આઠે દ્રવ્યકર્મના અને ભાવકર્મ (રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન)ના બંધનમાં રહેલા આપણા આત્માને પ્રથમ ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનકના અંત ભાગ સુધી પહોંચાડવાનો blue print – નકશો નવપદના ધ્યાન દ્વારા પ્રાપ્ત થાય છે. **આર્કિટેકટની સર્વોત્કૃષ્ટ કળા જે આપણા મૂળ સ્વરૂપ સુધી પહોંચાડે છે, તે કળા નમસ્કાર મહામંત્ર અને નવપદમાં રહેલી છે.**

પ્રથમ ગુણસ્થાનકથી ચતુર્થ ગુણસ્થાનકે કેવી રીતે પહોંચવું ? ચરમ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ રૂપ મહા સમાધિ, અનિવૃત્તિકરણ અને અંતરકરણ દ્વારા સમ્યગ્દર્શન કેવી રીતે પ્રાપ્ત કરવું ? પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધના દ્વારા અપ્રમત્ત ગુણુસ્થાનકના સ્પર્શ રૂપ આત્મ-રમણુતાના પરમાનંદને કેવી રીતે અનુભવવો અને ક્ષપકશ્રેણી દ્વારા દ્રવ્ય-ગુણુ-પર્યાયના પૃથક્ પૃથક્ અને છેવટે એકત્વ રૂપે દ્રવ્ય-ગુણુ-પર્યાયના ધ્યાન દ્વારા અભેદ રત્નત્રયીને સ્પર્શી 'સ્વરૂપ એકત્વપણે પરિણમી, ઘાતી કર્મોનો ક્ષય કરી' કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તે Architect of Originalityનો Blue Print –નકશો નવપદના ધ્યાનથી પ્રાપ્ત થાય છે.

## Organization To Immortality

## ધ્યેય-લક્ષ્યને પહોંચવા માટેની વ્યવસ્થાશક્તિ

મકાન માટેનો નકશો તૈયાર થયા પછી, તે નકશો ખીસામાં લઈને ફરવાથી મકાન બંધાતું નથી. તે માટે વ્યવસ્થાશક્તિ ( Organization Power )ની જરૂર પડે છે, તેમ નવપદના ધ્યાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિનો બ્લ્યુ પ્રિન્ટ નકશો પ્રાપ્ત થયા પછી સાધના માટેની વ્યવ-સ્થાશક્તિ (Organization Power)ની જરૂર પડે છે. તે આત્મસ્વરૂપપ્રાપ્તિ માટેનો ઉત્સાહ (વ્યવસ્થાશક્તિ) નવ-પદની વિશેષ આરાધના અને ધ્યાન દ્વારા પ્રાપ્ત થાય છે.

Business Organization – વ્યાપારનું વ્યવસ્થાતંત્ર શીખવા માટે ઘણા માણસો અમેરિકા જાય છે, પરંતુ આપણું પોતાનું શાશ્વત, આનંદમય, અચિંત્ય શક્તિયુક્ત, અવ્યા-બાધ સુખમય સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત કરવું તે કળા શીખવી જરૂરી છે અને તેનું શિક્ષણ નવપદના ધ્યાનમાંથી મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે પછી જીવનમાં Science of Supremacy (આત્મ-વિજ્ઞાનના પ્રયોગ દ્વારા (Realisation of Realily) (આત્મ-સ્વરૂપનો અનુભવ) પ્રાપ્ત થાય છે.

Scientifically Secured - Shree NAVPAD

**નવપદો એ વિશ્વ ઉપરનું સ્વયંસિદ્ધ, સર્વોત્કૃષ્ટ, મહાવિજ્ઞાન છે.**

હવે અહીં અનંત કરુણામય પ્રભુ શ્રી મહાવીર ભગવાન દેશનામાં કહે છે કે :–

"આરાધનાનું મૂળ જસ, આતમભાવ અછેહ;
તિણે નવપદ છે આતમા, નવપદ માંહે તેહ."

શ્રી નવપદમાં આત્મા છે, અને આત્મામાં નવપદો છે. નવપદમાં આત્મા અને આત્મામાં નવપદોનો અનુભવ કરવા માટે ભગવાન દેશનામાં આગળ કહે છે કે :–

"ધ્યેય સમાપત્તિ હુએ, ધ્યાતા ધ્યેય પ્રમાણ;
તિણે નવપદ છે આતમા, જાણે કોઈ સુજાણ."

પહેલી નજરે આપણને એવું લાગે છે કે નવપદમાં આત્માનો અને આત્મામાં નવપદોનો અનુભવ કરવો એ બહુ કઠિન કાર્ય છે. તેવો અનુભવ કરવા માટે તો હિમાલયની ગુફામાં યોગી બનીને બેસવું પડે, પરંતુ તેવું કરવાની કોઈ જરૂર નથી. તેવો અનુભવ કરવા માટે જિનાગમ અને જિનબિંબ (મૂર્તિ)નું આલંબન લેવાની જરૂર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદમાં આત્માને સહેલાઈથી સમજવા માટે એક દૃષ્ટાંત જોઈએ :—

એક શેઠ જિનમંદિરમાં પૂજા કરવા માટે ગયા. તેમના ઘેર મહેમાન આવ્યા. મહેમાને શેઠાણીને પૂછ્યું કે, શેઠ ક્યાં ગયા છે? શેઠાણીએ કહ્યું કે શેઠ અત્યારે વકીલને ઘેર ગયા છે. થોડી વારમાં શેઠ જિનમંદિરથી પૂજાના કપડામાં પૂજાની સામગ્રી સાથે ઘેર આવ્યા. મહેમાને જિન-મંદિરેથી શેઠને આવતાં જોઈને શેઠાણીને કહ્યું કે શેઠ તો જિનમંદિરથી આવે છે! ત્યારે શેઠાણીએ કહ્યું કે શેઠને પૂછો : જિનમંદિરમાં હતા, તે વખતે તેમનું ધ્યાન ક્યાં હતું? શેઠે કબૂલ કર્યું કે તે મંદિરમાં હતા, ત્યારે તેમનું ધ્યાન કોઈની પાસે પૈસા લહેણા હતા તે વસૂલ કરવા માટે વકીલની સલાહ લેવામાં હતું. શેઠ હતા તો જિનમંદિરમાં, પણ તેમનું ધ્યાન, તેમનો ઉપયોગ (Attention) વકીલમાં હતો. તેથી શેઠ વકીલને ઘેર ગયા હતા, તેવું આપણે કહીએ છીએ. એટલે જ્યાં ઉપયોગ ત્યાં આત્મા. જેમાં ધ્યાન તેમાં આત્મા—આવો નિયમ આમાંથી નીકળે છે.

હવે આપણો ઉપયોગ, આપણું ધ્યાન નવપદમાં હોય ત્યારે, આપણો આત્મા ક્યાં છે? એનો ઉત્તર સ્પષ્ટ છે કે **જ્યારે આપણે આપણો ઉપયોગ નવપદમાં લીન કરીએ છીએ ત્યારે આપણો આત્મા નવપદમાં છે.**

હવે, આત્મામાં નવપદો કેવી રીતે છે તે દૃષ્ટાંતથી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક માણસ ચશ્માને જોવામાં લીન બની ગયો. તે જોવામાં તન્મય-તદ્રૂપ બની ગયો, તે વખતે તેના આત્માએ ચશ્માનો આકાર ધારણ કર્યો.

કોઈ માણસ સિનેમા જોવા જાય, ત્યાં પડદા ઉપર ચાલતા દૃશ્યને જોવામાં લીન બની જાય, તે વખતે પડદા ઉપર ચાલતું દૃશ્ય કલુષિત આકારવાળું હોય તો, જોનારનો આત્મા કલુષિત આકારવાળો બની જાય છે. તેથી જ્ઞાની પુરુષો ત્યાં જવાની ના પાડે છે. સિનેમાની નટીના દૃશ્યમાં તન્મય, તદ્રૂપ બનેલો માણસ તે નટીના ધ્યાનથી પોતાના આત્માને તે સિનેમાની નટીના આકારે પરિણમાવે છે. એવી જ રીતે ક્રોધના. માનના, માયાના, લોભના ઉપયોગમાં પોતાના આત્માને પરિણમાવે છે, ત્યારે આત્મા ક્રોધી, માની, માયાવી, અને લોભી આકારે પરિણમે છે. તે જ ન્યાય ભગવાનના મંદિરમાં છે. પરમાત્માના મંદિરમાં જઈ, જ્યારે આપણે આપણો ઉપયોગ પરમાત્મામાં સ્થિર કરીએ છીએ, પરમાત્મામાં તદાકાર ઉપયોગે સ્થિર રહીએ છીએ, ત્યારે આપણો આત્મા પરમાત્માનો આકાર ધારણ કરે છે. જ્યારે આપણે નવપદના ધ્યાનમાં તન્મય, તદ્રૂપ તદાકાર-રૂપે રહીએ છીએ, ત્યારે આપણો આત્મા નવપદના આકાર વાળો બને છે. એટલે કે આપણો આત્મા નવપદના ઉપયોગમાં સ્થિર થાય છે, ત્યારે આપણા આત્મામાં નવપદો છે. જે સમયે ઉપયોગ સ્થિર થવાથી નવપદમાં આત્મા છે, તે જ સમયે આત્મામાં નવપદો છે. objectively એટલે નિમિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિબિન્દુથી નવપદમાં આત્મા છે; અને subjectively એટલે ઉપાદાન દૃષ્ટિબિન્દુથી આત્મામાં નવપદો છે.

પ્રભુ મહાવીરે બતાવેલું આ તત્ત્વજ્ઞાન જગત ઉપરનું સર્વોત્કૃષ્ટ વિજ્ઞાન Supreme Science છે.

જે (અરિહંત આદિ) ભાવ વડે આત્મા પરિણમે છે, તે (અરિહંતાદિ) ભાવ વડે તે (આત્મા) તન્મય (અરિહંતાદિમય) બને છે. તેથી અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા તે (અરિહંત ભાવ) થકી પોતે જ ભાવ અરિહંત (આગમથી) થાય છે.

એટલા માટે ભગવાન મહાવીર પરમાત્મા અહીં કહે છે–

'ધ્યેય સમાપત્તિ હુએ, ધ્યાતા ધ્યેય પ્રમાણ;
તેણે નવપદ છે આતમા, જાણે કોઈ સુજાણ."

ધ્યેય નવપદ છે. ધ્યાતા આપણો આત્મા છે અને ધ્યાન પ્રક્રિયા ચાલે છે. જે સમયે ધ્યાતાનું ચૈતન્ય ધ્યેયમાં નિષ્ઠ થઈ જાય છે, જે સમયે ધ્યાતાનો ઉપયોગ ધ્યેયાકારે પરિણમે છે, તે સમયે નવપદમાં આત્મા અને આત્મામાં નવપદનો અનુભવ થાય છે.

આજ સુધીમાં નવપદમાં આત્મા અને આત્મામાં નવપદના ધ્યાનથી અનંત આત્મા સિદ્ધિપદને પામ્યા છે. આજે પણ તેના ધ્યાનથી આપણી ભૂમિકાને ઉચિત આત્મ-સ્વરૂપનો અનુભવ ( Realisation of Realily ) પ્રાપ્ત કરી શકીએ છીએ. તે માટે પ્રયોગાત્મક સાધના કરવી પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતનું સુપ્રીમ સાયન્સ હાથમાં આવ્યા પછી, તે પ્રયોગનો કાગળ ખીસામાં લઈને ફરીએ તો પણ કાર્યસિદ્ધિ થતી નથી. કાર્યસિદ્ધિ માટે સ્વયં પ્રયોગ કરવો પડે છે. દા. ત., "પ્રભુ નામે આનંદ કંદ" આ વાકયમાં પ્રભુનું નામ તે પ્રિન્સીપલ (સિદ્ધાંત) છે. અને આનંદનો કંદ રીઝલ્ટ (ફળ) છે. આ બે વસ્તુ યાદ કરવાથી કાર્ય-સિદ્ધિ થતી નથી પણ આ કાર્યસિદ્ધિની ફોર્મ્યુલા છે.

Principle + Application = Result

સિદ્ધાંત + પ્રયોગ = ફળ

એપ્લીકેશન – પ્રયોગ દ્વારા જ કાર્યસિદ્ધિ થાય છે.

કેમેસ્ટ્રીની નાનામાં નાની ફોર્મ્યુલા – $H_2O$–water

બે ભાગ હાઈડ્રોજન + એક ભાગ ઓકસીજન = પાણી

હવે એક બાટલામાં હાઈડ્રોજન અને એક બાટલામાં ઓકસીજન ભરીને દસ વર્ષ રાખીએ તો પણ પાણી બનતું નથી. તે પ્રયોગની સિદ્ધિ માટે હાઈડ્રોજન અને ઓકસી-જનનું સંયોજન કરવું પડે છે. તે રીતે પરમાત્મા તેમના ઠેકાણે અને આપણે આપણા ઠેકાણે – તે પ્રમાણે વર્ષો સુધી પ્રયત્ન કરીએ તો પણ કાર્યસિદ્ધિ ન થાય. પરમાત્મા અને આપણા આત્માનો મેળાપ થવો જોઈએ. ધ્યાન દ્વારા, ઉપયોગ દ્વારા પરમાત્મા અને આપણા આત્માનું જોડાણ થાય છે ત્યારે કાર્યસિદ્ધિ થાય છે.

સમજપૂર્વક આપણો ઉપયોગ નવપદમાં જોડીએ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે નવપદમાં આત્માનો અને વધુ સ્થિરતા આવતાં આત્મામાં નવપદનો અનુભવ શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીની જેમ આપણે પણ કરી શકીએ છીએ.

નવપદના એક–એક પદનું છૂટું ધ્યાન કરી, છેવટે નવપદનું ભેગું ધ્યાન કરવું. હૃદયમાં આઠ પાંખડીવાળા કમળની આકૃતિ કલ્પવી. તેમાં કર્ણિકામાં અરિહંત પદ, ચાર દિશાની ચાર પાંખડીમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તથા ચાર વિદિશાની ચાર પાંખડીમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, આ રીતે કમળાકારે નવપદનું ધ્યાન આત્માનુભવ-સુધી લઈ જાય છે.

શ્રીપાલ મહારાજાને જીવનમાં જે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ તથા નવમા ભવે મોક્ષ પર્યંત પહોંચી શકશે તેના મૂળમાં પ્રભુ મહાવીરસ્વામીએ બતાવેલી આ નવપદમાં આત્મા અને આત્મામાં નવપદની પ્રત્યક્ષ અનુભવસિદ્ધિ સાધના છે.

હવે આગળ પરમાત્મા મહાવીરસ્વામી દેશનામાં કહે છે —

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે.
મહાવીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.
વીર જિનેશ્વર ઉપદિશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંત પરમાત્માના ધ્યાનમાં જે સમયે ધ્યાતા (ધ્યાન કરનાર) સ્થિર બની જાય છે, જે સમયે ધ્યાતાનો ઉપયોગ ધ્યેય – પરમાત્મામાં તન્મય – તદ્રૂપ થઇ જાય છે, તે સમયે ધ્યાનમાં સ્થિર હોય તેટલા સમય પૂરતો ધ્યાતા આગમથી ભાવનિક્ષેપે અરિહંત રૂપ બને છે. ઉપરની પ્રભુ મહાવીરની દેશનામાં સાલંબન ધ્યાન બતાવ્યું છે. તે આપણે વિગતથી સમજીએ.

**ચેતનાના ઊર્ધ્વગમનના મહાન પ્રક્રિયા :—**

આપણા ચૈતન્યમાં આકારોની ભીડ જામી છે. જેવા વિચારો આપણે કરીએ છીએ, તેવા આકારો આપણામાં ઉત્પન્ન થાય છે. મનુષ્ય મોટા ભાગે પૈસાના વિચારો કરે છે, અને તેવા આકારો તેના ચૈતન્યમાં ઉત્પન્ન થાય છે. ખાવાના, પીવાના. વસ્ત્રોના, બંગલાના, ગાડીના, ફર્નિચરના વિચારો કરે છે અને તેવા આકારો તેનામાં ઉત્પન્ન થાય છે. સ્ત્રીના, પુત્રના, પરિવારના, સગાવહાલાંના તે વિચારો કરે છે, અને તેવા આકારવાળો બને છે. જે વસ્તુના ઉપયોગમાં આપણે હોઇએ છીએ, તેવા આકારવાળા આપણે બનીએ છીએ. પરમાત્માના ઉપયોગમાં સ્થિર બનીએ, તો પરમાત્માના આકારવાળો આપણો આત્મા (આગમથી ભાવનિક્ષેપે) બને છે. જગતના આકારોના સ્થાને પરમાત્માના આકારો આપણા ચૈતન્યમાં ઉપસાવવા તેને જ્ઞાની પુરુષો **સાલંબન ધ્યાન** કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવ પાર.

(ઉ. યશોવિજયજી રચિત વાસુપૂજ્યસ્વામીનું સ્તવન.)

જગતના પદાર્થોમાં ઉપયોગ, તે આર્ત્ત-રૌદ્ર ધ્યાનનું નિમિત્ત છે. પરમાત્મા અને આત્મામાં ઉપયોગ, તે ધર્મ-ધ્યાન – શુકલધ્યાનનું નિમિત્ત છે.

આર્તધ્યાન – રૌદ્રધ્યાન તે સંસાર છે.

ધર્મધ્યાન – શુકલધ્યાન તે ભવપાર છે.

જગતના પદાર્થોના સ્થાને પરમાત્મામાં ઉપયોગ સ્થિર કરવાની કળા જે મનુષ્ય હસ્તગત કરે છે, તેને સંસાર-સાગર પાર કરવાનું સહેલું બની જાય છે. જે મનુષ્યને પરમાત્માની સાથે મનનો મેળાપ કરવાની કળા સિદ્ધ થાય છે, તેના કંઠમાં સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી વરમાળા આરોપણ કરવા તત્પર બને છે.

આવું 'સાલંબન ધ્યાન' એટલે કે પરમાત્માના આકારે ઉપયોગને પરિણમાવવાની કળા શીખવી અને હંમેશાં તે મુજબ આરાધના કરવી તે આપણી ચેતનાની ઊર્ધ્વ-ગમનની મહાન પ્રક્રિયા છે. જૈનશાસનની ધ્યાન પ્રક્રિયા–ટૂંકાણમાં માત્ર ચાર જ નાના વાકયોમાં આવી જાય છે.

૧. નોઆગમથી ભાવનિક્ષેપે પરમાત્મા.

૨. આગમથી ભાવનિક્ષેપે પરમાત્મા.

૩. અરિહંતાકાર ઉપયોગ.

૪. ઉપયોગાકાર આત્મા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) સમવસરણમાં બિરાજમાન જગતના જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપી રહેલા સાક્ષાત્ અરિહંત પરમાત્મા તે નોઆગમથી ભાવનિક્ષેપે પરમાત્મા છે.

(૨) તે પરમાત્માના ધ્યાનમાં તદ્રૂપ બનેલો ધ્યાતા તે આગમથી ભાવનિક્ષેપે પરમાત્મા છે.

(૩) અરિહંત પરમાત્માના ઉપયોગમાં તદાકારપણે પરિણામ પામવું તે અરિહંતાકાર ઉપયોગ છે.

(૪) જે વખતે ધ્યાતા અરિહંતના ઉપયોગમાં તદ્રૂપ હોય છે, તે સમયે ધ્યાતાનો આત્મા અરિહંતના આકારવાળો બને છે.

ત્રીજા નંબરના કાર્ય માટે આપણે પુરુષાર્થ કરવાનો હોય છે. આપણો ઉપયોગ અરિહંતાકારવાળો બનાવવો – એટલે કે અરિહંત પરમાત્માના (ધ્યાનમાં) ઉપયોગમાં સ્થિર બનવું.

જે સમયે ધ્યાતાનો ઉપયોગ ધ્યેય એટલે પરમાત્મામાં લીન બની જાય છે. તે સમયે ધ્યાતા પોતે આગમથી ભાવનિક્ષેપે અરિહંત બને છે. એટલે કે ધ્યાતાનું ચૈતન્ય (ધ્યાન સમયે) ધ્યેયાકાર એટલે અરિહંતાકારવાળું બને છે.

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે.

આ બે પંક્તિમાં નોઆગમથી ભાવનિક્ષેપે પરમાત્માનું ધ્યાન થયું. તેનાથી ધ્યાતાનું ચૈતન્ય અરિહંતાકારવાળું બન્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે આગમથી ભાવનિક્ષેપે પરમાત્માનું ધ્યાન બીજી પંક્તિમાં પરમાત્મા બતાવે છે –

'આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.'

અરિહંતાકાર બનેલા પોતાના આત્માનું ધ્યાન જ્યારે થાય છે, ત્યારે મોક્ષપર્યંતની સર્વસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં અરિહંતના ધ્યાનથી આપણો આત્મા આગમથી ભાવનિક્ષેપે અરિહંત બને છે, અને અરિહંતાકાર બનેલા આપણા આત્માનું ધ્યાન સર્વ આત્મસંપત્તિઓ પ્રાપ્ત કરાવે છે.

પહેલી બે પંક્તિમાં ધ્યેય પરમાત્મા છે, ધ્યાતા આપણો આત્મા છે, ધ્યાન પ્રક્રિયા ચાલે છે. જે સમયે ધ્યાતાનું ચૈતન્ય ધ્યેયમાં નિષ્ઠ–તન્મય–તદ્રૂપ થઈ જાય છે, ત્યારે ધ્યાતાનું ચૈતન્ય ધ્યેય એટલે પરમાત્મ આકારવાળું બને છે.

હવે બીજી બે કડીમાં ધ્યેય શું છે?

અરિહંતના ધ્યાનમાં તદ્રૂપ બનવાથી ધ્યાતાનો ઉપયોગરૂપ પર્યાય (અવસ્થા) અરિહંતાકાર બન્યો. ધ્યાતામાં પોતાનો અરિહંતાકાર બનેલો ધ્યાનપર્યાય તે ધ્યેય છે. ધ્યાતા આત્મા પોતે છે, અને પોતાના ઉપર મુજબના પર્યાયનું ધ્યાન કરે છે. પર્યાયથી દ્રવ્ય અભિન્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; એટલે આત્મા જ્યારે અરિહંતાકાર બનેલા પોતાના પર્યાયનું ધ્યાન કરે છે, ત્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ ગયાં. એટલે કે–

(૧) ધ્યાન કરનારો આત્મા તે દ્રવ્ય.

(૨) ધ્યાતાનો પોતાનો અરિહંતાકાર બનેલો પર્યાય તે ધ્યેય. અને

(૩) ધ્યાન પણ આત્માના ગુણોના સ્વરૂપનું જ છે.

આ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાય – ત્રણેની એકતા થાય છે, ત્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય – ત્રણેની એકતા એટલે સમાપત્તિ થાય છે. જ્યારે આત્મા આત્માનું જ ધ્યાન કરે છે, ત્યારે સર્વ આત્મસિદ્ધિઓ આવીને મળે છે. માટે પહેલાં જ પ્રભુએ કહ્યું કે—

"ધ્યેય સમાપત્તિ હુએ, ધ્યાતા ધ્યેય પ્રમાણ."

**સિદ્ધપદનું ધ્યાન :—**

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધગુણ ખાણી રે.
વીર જિનેશ્વર ઉપદિશે.

કેવળજ્ઞાન સ્વરૂપ, શુદ્ધ, નિરંજન, નિરાકાર, અવ્યાબાધ સુખસ્વરૂપ, અનંત, આનંદમય, અચિંત્ય શક્તિ યુક્ત, નિરાકાર જ્યોતિ સ્વરૂપ સિદ્ધ ભગવંતની ધારણા કરવી.

તે પછી આવા સિદ્ધભગવંતનું ધ્યાન કરવું. ધ્યાતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે ધ્યાનમાં સ્થિર બની જાય છે, ત્યારે ધ્યાતાનો ઉપયોગ ધ્યેયાકાર સિદ્ધ પરમાત્માના આકારવાળો બને છે. ઉપયોગથી ઉપયોગવાન આત્મા અભિન્ન હોય છે. સિદ્ધ પરમાત્માના આકારવાળા બનેલા પોતાના ઉપયોગ (રૂપ પર્યાય)નું ધ્યાન કરતી વખતે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતારૂપ સમાપત્તિ થાય છે. ટૂંકમાં સિદ્ધ પરમાત્મારૂપે પોતાના આત્માનું ધ્યાન કરવું. સર્વ આત્મસંપત્તિ તેનાથી પ્રાપ્ત થાય છે. (અનુભવાય છે.)

અહીં પ્રભુ મહાવીરદેવે પરમાત્માનું આલંબન લઈને તેના આધારે પોતાના આત્માનું અરિહંત, સિદ્ધ ભગવંત રૂપે ધ્યાન કરવાનું બતાવ્યું.

અહીં પ્રશ્ન થાય છે કે જો આપણો આત્મા અરિહંત કે સિદ્ધ નથી; તો જે જેવો નથી, તેમાં તેવાની માન્યતા રૂપ ભ્રાન્તિ તો નથી થતી ને?

આ પ્રશ્ન અને ઉત્તર અક્ષરશઃ 'નમસ્કાર સ્વાધ્યાય' પૃ. ૨૩૦માં નીચે મુજબ છે.

**तन्न चोद्यं यतोऽस्माभिर्भावार्हन्नयमर्पितः ।**
**स चार्हद्ध्याननिष्ठात्मा, ततस्तत्रैव तद् ग्रहः ॥१८९॥**
**परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।**
**अर्हद्ध्यानाविष्टो भावार्हन् स्यात्स्वयं तद्ध्यासात् ॥१९० ॥**

**येन भावेन यद् रुपं ध्यायत्यात्मानमात्मवित ।**
**तेन तन्मयतां याति, सोपाधिः स्फटिको यथा ॥१९१॥**

**તત્ત્વાનુશાસન શ્લોક ૧૮૯-૧૯૦-૧૯૧.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શ્લોકોનું તાત્પર્ય એ છે કે ઉપર જે શંકા કરી તે કરવા યોગ્ય નથી. કારણ કે અમે અમારા આત્માની ભાવ-અરિહંત રૂપે અર્પણા (ચિંતવના) કરીએ છીએ. અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા તે (આગમથી ભાવ-નિક્ષેપે ભાવ-અરિહંત છે, તેથી अततमां तद्ग्रहरूप ભ્રાન્તિ નથી, કિન્તુ तत्‌માં (તેમાં જ) तत्‌ની (તેની) યથાર્થ માન્યતા છે. ૧૮૯.

જે (અરિહંતાદિ) ભાવ વડે આત્મા પરિણમે છે, તે (અરિહંતાદિ) ભાવ વડે તે (આત્મા) તન્મય (અરિહંતાદિમય) બને છે, તેથી અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા તે (અરિહંત ભાવ) થકી પોતે જ ભાવ અરિહંત થાય છે. ઉપાધિ સહિત એવા સ્ફટિક રત્નની જેમ આત્મજ્ઞ પુરુષ જે (અરિહંતાદિ) ભાવ વડે જે (અરિહંતાદિ) રૂપે આત્માનું ધ્યાન કરે છે, તે (અરિહંતાદિ) ભાવ વડે તન્મયતા (તદ્ભાવરૂપતા)ને પામે છે. (અર્થાત્ જેમ સ્ફટિક – મણિ પોતાની સામે રહેલી વસ્તુનું રૂપ ધારણ કરે છે, તેમ આત્મા પણ ધ્યાન વડે ધ્યેયમય બને છે). ૧૯૦–૧૯૧.

**આ રીતે અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા આગમથી ભાવ નિક્ષેપે અરિહંત છે.** આ વાત જાણ્યા પછી એક ક્ષણ પણ આપણે અરિહંત પરમાત્માના સ્મરણ, જાપ કે ધ્યાન સિવાય રહી શકતા નથી. પરમાત્માના સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા, ઉપયોગની સ્થિરતા કરવાની છે. દૂધમાં સાકર ઓગળી જાય, તેમ મનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મામાં ઓગાળી દેવાનું છે. અને એ રીતે આપણા આત્મામાં શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ થાય, તે લક્ષ્ય-બિંદુને સિદ્ધ કરવાનું છે.

તે માટે પૂર્વાચાર્યોએ અગાધ પ્રયત્ન કરેલો છે.

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા "ષોડશક પ્રકરણ" નામના ગ્રંથમાં ફરમાવે છે કે –

આ જિનેશ્વર ભગવંત જ્યારે હૃદયમાં પ્રતિષ્ઠિત થાય છે, ત્યારે સર્વ પ્રયોજન સિદ્ધ થવાનું કારણ એ છે કે શ્રી જિનેશ્વર ભગવંત પરમ ચિંતામણિ છે. તેઓ હૃદયમાં પ્રતિષ્ઠિત થતાં, તેમની સાથે ધ્યાતાની સમરસાપત્તિ થાય છે.

આ સમરસાપત્તિ યોગીઓની માતા છે, અને નિર્વાણ ફળની પ્રસાધક છે. **આત્મા જ્યારે સર્વજ્ઞના સ્વરૂપમાં ઉપયોગવાળો બને છે, ત્યારે તેનો અન્યત્ર ઉપયોગ ન હોવાથી તે સ્વયં સર્વજ્ઞ જેવો થાય છે. એવો નિયમ છે કે જે જે વસ્તુના ઉપયોગમાં આત્મા વર્તે છે, તે તે વસ્તુના સ્વરૂપને તે ધારણ કરે છે.**

(નમસ્કાર સ્વાધ્યાય, પૃ. ૨૯૩)

આ રીતે પરમાત્મ-સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા કરવાથી તેટલી ક્ષણ પૂરતું આપણું ચૈતન્ય આગમથી ભાવ-નિક્ષેપે પરમાત્મ-સ્વરૂપ બને છે. જો એકાદ ક્ષણ પૂરતું પણ આપણું ચૈતન્ય પરમાત્મારૂપ આ રીતે બનતું હોય તો તેથી વધુ આપણા આ જીવનમાં શું કમાઈ શકવાના હતા?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ સૌથી વધુ કમાણીનો આ વ્યાપાર છે, તેને છોડીને બીજો વ્યાપાર કરવો તે કલ્પવૃક્ષને છોડીને બાવળિયાને પકડવા જેવું છે.

આ રીતે અરિહંત પરમાત્માનું ધ્યાન જગતની સર્વોચ્ચ સ્થિતિ પરમાત્મ-પદની પ્રાપ્તિ સુધી પહોંચાડનારૂં છે. Meditation on Most High છે.

**આચાર્યપદનું ધ્યાન :—**

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.
મહાવીર જિનેશ્વર૦

મહા સૂરિમંત્રને જપનારા, શુભ ધ્યાન કરનારા આચાર્યપદનું ધ્યાન કરવાથી ધ્યાતા પોતે આગમથી ભાવ નિક્ષેપે આચાર્ય થાય છે.

**ઉપાધ્યાયપદનું ધ્યાન :—**

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગ ભ્રાતા રે.
વીર જિનેશ્વર૦

તપ અને સ્વાધ્યાયમાં સદા રક્ત, બાર અંગનું ધ્યાન કરનારા જગતના પરમ બાંધવ સમાન ઉપાધ્યાય-પદનું ધ્યાન કરવાથી ધ્યાતા પોતે આગમથી ભાવનિક્ષેપે ઉપાધ્યાય બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાધુપદનું ધ્યાન :—**

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે.
વીર જિનેશ્વર૦

જે નિરંતર અપ્રમત્તપણે મોક્ષમાર્ગની સાધના કરે છે, શુભ કે અશુભ કર્મના કારણે ઉત્પન્ન થયેલી અનેક પ્રકારની બાહ્ય પરિસ્થિતિ વચ્ચે પણ જે રાગ, દ્વેષ, સુખ, દુઃખ અનુભવતા નથી, તેવા સમત્વભાવમાં સ્થિર સાધુ-પદનું ધ્યાન કરવાથી સ્વયં આત્મા આગમથી ભાવનિક્ષેપે સાધુ બને છે.

**સમ્યગ્દર્શન:—**

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહી જ આતમા, શું હોય નામ ધરાવે રે.
વીર જિનેશ્વર૦

મોહનીય કર્મની પ્રથમ સાત પ્રકૃતિના ક્ષયોપશમ દ્વારા શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિકય અને અનુકંપા આદિ ગુણો પ્રગટ થાય છે. આવો આત્મા તે સમ્યગ્દર્શન છે.

**સમ્યગ્જ્ઞાન:—**

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહી જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે,
વીર જિનેશ્વર૦

આત્માના જ્ઞાન ગુણને રોકનારૂં જે કર્મ છે, તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષયોપશમ થવાથી આત્માનો જ્ઞાન ગુણ પ્રગટ થાય છે. જ્ઞાન તે જ આત્મા છે.

**ચારિત્રપદ:—**

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે.
વીર જિનેશ્વર૦

આત્મા સિવાયના અન્ય પદાર્થોને મોહનું વન સમજીને, આત્મા સિવાયના અન્ય પદાર્થોમાં જેની વૃત્તિ કદી પણ જતી નથી, જે શુદ્ધ લેશ્યા અને શુદ્ધ ભાવોથી અલંકૃત છે, અને જે આત્માના શુદ્ધ ચૈતન્યમાં રમણતાનો પરમાનંદ નિરંતર અનુભવે છે – આવો આત્મા તે ચારિત્ર છે. પરમાત્માના ધ્યાનના અભેદ દ્વારા પોતાના આત્માના વિશુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં રમણતાનો પરમાનંદ જે અનુભવે છે – આવો આત્મા તે ચારિત્ર છે. સ્વરૂપ રમણતાના પરમાનંદના અનુભવ સુખને અનુભવતાં બાર મહિનાના ચારિત્રપર્યાયમાં અનુત્તર વિમાનવાસી દેવ કરતાં અધિક સુખનો અનુભવ હોય છે.

**તપપદ:—**

ઇચ્છારોધે સંવરી, પરિણતી સમતા યોગે રે;
તપ તે એહી જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે.
વીર જિનેશ્વર૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મસ્વરૂપના અનુભવનું જે સુખ છે તેની તુલનામાં જગતનું કોઈ સુખ આવી શકતું નથી. અને આવા સુખનો જીવનમાં અનુભવ થયા પછી જગતના કોઈ પદાર્થની ઈચ્છા રહેતી નથી. સત્તામાં પડેલાં કર્મ ઉદયમાં આવે ત્યારે પણ જે સાધક આત્મા રાગ-દ્વેષ રૂપે, સુખ-દુઃખ રૂપે પરિણમતો નથી, પણ સમતાભાવમાં પરિણમે છે-તેવો આત્મા જે નિજ ગુણના ભોગમાં પ્રવર્તે છે-તે આત્મા જ તપ છે.

નિજ ગુણનો ભોગ આત્મા કેવી રીતે કરતો હશે? સાતમા સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજા પરમાત્મા પરમાનંદનો ભોગ કેવી રીતે કરે છે તે બતાવે છે. અનંત ભોગગુણ પરમાત્મામાં પૂર્ણપણે પ્રગટ થયેલો છે; તો પરમાત્મા શાનો ભોગ કરે છે? આત્માના ગુણોનો ( નિજ ગુણનો ) ભોગ કરે છે. આત્મામાં રહેલા અનંત ગુણો એકબીજાને સહકારી હોય છે. નિજ ગુણના ભોગમાં અનંતવીર્ય ગુણ સહકારી બને છે, તેથી અનંત આસ્વાદપૂર્વક નિજ ગુણનો ભોગ શુદ્ધ આત્મામાં હોય છે. વળી તેમાં ચારિત્રગુણ સહકારી બને છે. ચારિત્રનું કાર્ય રમણતા કરવાનું હોય છે. તેથી અનંત રમણતાપૂર્વક, અનંત આસ્વાદપૂર્વક, અનંત ગુણોના, અનંત ભોગના પરમાનંદનું અનંત સુખ પરમાત્મામાં પૂર્ણપણે અવ્યાબાધપણે રહેલું છે. આવા પરમાનંદ સ્વરૂપ પરમાત્માનું દિવ્ય સુખમય સ્વરૂપ જોઈને આપણને આપણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંદર પરમાત્મા જેવા જ આત્મસ્વરૂપનું ભાન થાય છે, અને તેવા સ્વરૂપની પ્રાપ્તિ અને અનુભવની તીવ્ર ઝંખના થાય છે.

દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,
ભાસ્યો આત્મ સ્વરૂપ અનાદિનો વીસર્યો.

(શ્રી દેવચંદ્રજી કૃત સુવિધિનાથ ભગવાનનું સ્તવન)

"અવ્યાબાધ રૂચિ થઈ, સાધે અવ્યાબાધ." આવા આપણા શુદ્ધ આનંદમય આત્મચૈતન્યનું પ્રગટીકરણ કરવાની તીવ્ર ઈચ્છા પરમાત્માના દર્શન, પૂજન, ધ્યાન આદિથી થાય છે.

સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો,
સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો.

શુદ્ધ આત્માના અનંત આનંદમય સ્વરૂપનો અનુભવ અને પ્રાપ્તિ કરવાની ઝંખના થતાં તીવ્ર સંવેગ ભાવે સમ્યગ્-દર્શન સ્પર્શે છે, તે વખતે એક જ ઝંખના રહે છે –

ત્યાગીને સવિ પરપરિણતી રસ રીઝ જો,
જાગી છે નિજ આત્મ અનુભવ ઈષ્ટતા જો.

(શ્રી દેવચંદ્રજી કૃત નમિનાથ ભગવાનનું સ્તવન)

આત્મઅનુભવ એ જ પરમ ઈષ્ટ–પ્રાપ્તવ્ય લાગે છે, અને વિભાવ ઉપાધિથી મન પાછું ફરે છે. આત્મ-સ્વરૂપની અનુભવ પ્રાપ્તિના માર્ગે પ્રયાણ શરૂ થાય છે. અને તે આપણા લક્ષ્યબિન્દુને સિદ્ધ કરવા માટે પ્રભુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરસ્વામીએ આ રીતે નવપદનું ધ્યાન અને આરાધના બતાવી છે.

આ રીતે પ્રભુ વીર ભગવાને આત્મામાં નવપદનું સ્વરૂપ બતાવ્યું.

'સિરિ સિરિવાલ કહા' માં કહ્યું છે કે—

"एवं च संथुणंतो सो जाओ नवपएसु लीणमणो ।
जहकहति जहा पिक्खइ–अप्पाणं तन्मयं चेव ॥

एवं च हिए अप्पाणमेव नवपयमयं वियाणित्ता ।
अप्पम्मि चेव निच्चं लीणमणा होह भो भविया ! ॥

અર્થ : આ પ્રમાણે શ્રી નવપદજીની સ્તુતિ કરતાં તે શ્રીપાલ મહારાજા નવપદમાં લીન થયા. જે પણ વસ્તુને તે જ્યાં જુએ, ત્યાં તેમને નવપદ જ દેખાતાં....અને આગળ વધી તન્મયીભાવ સિદ્ધ થતાં તેમને પોતાના આત્મા પણ નવપદમય દેખાતો. માટે હે ભવ્ય જીવો ! તમે પણ આ રીતે હંમેશાં તમારા આત્માને નવપદમય જાણી, આત્મામાં લીન મનવાળા બનો.

જૈન દર્શનની જે મહાન ધ્યાનપ્રક્રિયા અહીં પ્રભુ મહાવીરસ્વામીએ બતાવી, તેમાં મુખ્ય ચાર મુદ્દા—(૧) નોઆગમથી ભાવનિક્ષેપે પરમાત્મા (૨) આગમથી ભાવ નિક્ષેપે પરમાત્મા (૩) અરિહંતાકાર ઉપયોગ અને (૪) ઉપયોગાકાર આત્મા છે. તેમાં આપણો પુરૂષાર્થ અરિહંતાકાર ઉપયોગ બનાવવામાં વાપરવાનો છે. પ્રભુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરની દેશનાની આ પંક્તિઓ આયંબિલની ઓળીમાં પ્રદક્ષિણા, ખમાસમણામાં સર્વત્ર ગાવામાં આવે છે. આપણા પૂર્વાચાર્યો અને તેમાં વિશેષ રીતે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ આવી નવપદમાં આત્મા અને આત્મામાં નવ-પદ જેવી ગંભીર વસ્તુ ખમાસમણાં અને પ્રદક્ષિણામાં ગોઠવીને શ્રી સંઘ ઉપર મહાન ઉપકાર કર્યો છે. હજારો, લાખો, કરોડો વખત પ્રભુ મહાવીરની દેશનાના આ દુહા જૈનસંઘમાં ગવાઈ રહ્યા છે. તેનો મર્મ જ્યારે આપણી સમજમાં આવે ત્યારે આપણી સાધનામાં પરમાત્માનો દિવ્ય પ્રકાશ પથરાય છે. આયંબિલની ઓળીમાં થતી ક્રિયા કેટલી અદ્દભુત અને મહત્ત્વની છે, તે હવે આપણને સમજાય છે.

સકલ જૈનસંઘમાં આયંબિલની ઓળીની વિધિ-પૂર્વકની આરાધના થાય તે માટે વર્તમાન આચાર્ય ભગવંતો અને ઉપકારી સાધુ–સાધ્વી ભગવંતોએ ખૂબ અનુમોદનીય પ્રયત્ન કર્યા છે. તેનાં મીઠાં ફળ આજે આપણે જોઈએ છીએ કે હજારો અને લાખોની સંખ્યામાં ઓળી કરનારા પુણ્યશાળીઓ આજે જૈનસંઘમાં છે. તે ક્રિયાનું એક–એક ખમાસમણું લેતી વખતે ગાવામાં આવતી પ્રભુ મહાવીરની દેશનાની પંક્તિઓ કેટલી અદ્દભુત છે! આપણે સૌ તેમાં રહેલું તત્ત્વ સમજીએ અને તેની ઊંડી સમજ-પૂર્વકની આરાધના કરી, આપણે આત્માના અનુભવ અને પ્રાપ્તિની દિશામાં આગળ વધીએ એ જ અભ્યર્થના....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણેની ગંભીરતા સમજ્યા પછી, હવે આ નવ દુહા બોલી રોજ નવ ખમાસમણાં આપણે લઈએ ત્યારે કેવો આનંદ આવશે ! ક્રિયા શરૂ કર્યા પછી જ તેનો મર્મ સમજાય છે. અને મર્મ સમજાયા પછી સાચો આનંદ આવે છે. તેને જ ધ્યાન કહેવાય. ઉપયોગ જોડવા પૂર્વકની ક્રિયાને ધ્યાન કહેવાય.

આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે;
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે.

પરભાવ એટલે આત્મા સિવાયના અન્ય પદાર્થોમાં આપણી વૃત્તિઓ લઈ જવી તે. આ પરભાવ ભવ-સંસારમાં રખડાવનાર છે તેવું સમજી પરભાવમાંથી વૃત્તિઓ પાછી ખેંચી લઈ, આત્મસ્વરૂપમાં સ્થિરતાવાળી બનાવવી. તે બનાવવા માટે શુદ્ધ આત્મચૈતન્ય જેમનું પ્રગટ થયું છે, તેવા અરિહંત, સિદ્ધ ભગવાનમાં ઉપયોગ જોડવો તેને નોઆગમથી પરમાત્માનું ધ્યાન કહેવાય. અને તે દ્વારા આપણો આત્મા પરમાત્માના આકારવાળો બને છે. આગમથી ભાવનિક્ષેપે પરમાત્માના આકારવાળા બનેલા આપણા આત્માનું ધ્યાન શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરાવે છે.

વિશેષ સમજ માટે પૂ. પં. ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે સ્વહસ્તે લખેલ વિવેચન જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[illegible]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતભરમાં અત્યારે ધ્યાનનું આકર્ષણ વધતું જાય છે. અનેક આશ્રમો, મઠો, શિબિરો વગેરેમાં ધ્યાન પ્રક્રિયા બતાવવામાં આવે છે, પરંતુ પ્રભુ મહાવીરે બતાવેલી આ ધ્યાનપ્રક્રિયા જગતભરમાં સર્વ શ્રેષ્ઠ ધ્યાનપ્રક્રિયા છે. અને તે શીઘ્ર આત્માની અનુભૂતિ સુધી લઈ જાય છે.

અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટ માંહે ઋદ્ધિ દાખી રે;
એમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે.
વીર જિનેશ્વર૦

જ્યારે આત્મસાક્ષીએ નવપદનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે સર્વ સંપત્તિઓ, સિદ્ધિઓ અને મોક્ષ પર્યંતની સર્વ સંપદાઓનું કેન્દ્ર નવપદમાં રહેલું અનુભવાય છે.

આત્મામાં જ અવ્યાબાધ સુખ, પરમ આનંદ, અચિંત્ય શક્તિ અને કેવળ જ્ઞાન આદિ અનંત ગુણોનો ભંડાર ભરેલો છે, તો પછી સીધું આત્મામાં શા માટે ન જવું? વચ્ચે અરિહંત પરમાત્મા, નમસ્કાર મંત્ર, સિદ્ધચક્ર યંત્ર, નવપદો વગેરે શા માટે લાવવા?

આ પ્રશ્નનું પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ બહુ જ સુંદર સમાધાન અહીં કર્યું છે–

"યોગ અસંખ્ય છે જિન કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને,
આતમ ધ્યાન પ્રમાણો રે."

જિનેશ્વર ભગવંતોએ અસંખ્ય યોગો મોક્ષની પ્રાપ્તિ માટે બતાવ્યા છે. તેમાં નવપદની આરાધના તે મુખ્ય ધોરી માર્ગ છે, કારણ કે નવપદના આલંબનથી આત્મધ્યાન પ્રાપ્ત થાય છે. આત્મધ્યાનથી આત્મસ્વરૂપનો અનુભવ અને છેવટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આત્મસ્વરૂપની પ્રાપ્તિ એ આપણું મૂળભૂત લક્ષ્ય છે. જિનશાસનની કોઈ પણ આરાધના આત્મસ્વરૂપની પ્રાપ્તિ (મોક્ષ) માટે જ કરવામાં આવે છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે આત્મસ્વરૂપનો અનુભવ કરવાની જરૂર પડે છે. (જે આ જીવનમાં શકય છે.) આત્મસ્વરૂપનો અનુભવ કરવા માટે આત્મધ્યાનની જરૂર પડે છે.

પરંતુ "ભક્તિના પરિણામ સિવાય જ હું આત્મા છું, પૂર્ણ છું, કેવળ જ્ઞાન સ્વરૂપ છું." તેવું સીધું શુદ્ધ નયનું ધ્યાન કરવા જતાં, આપણી ભૂમિકા ન હોવાથી ભ્રમ ઊભો થાય છે.

ભક્તિ એ માતા છે. જ્ઞાન એ પુત્ર છે. જ્ઞાનરૂપી પુત્ર માટે ભક્તિરૂપી માતાની અનિવાર્ય આવશ્યકતા છે.

તેટલા માટે કહ્યું કે–

"એહ તણે અવલંબને આતમધ્યાન પ્રમાણો રે"

નવપદના આલંબનથી જે 'આત્મધ્યાન' પ્રાપ્ત થાય છે તે મોક્ષનો હેતુ બને છે. અને નવપદનું આલંબન લેવા માટે અરિહંત–ભક્તિ, નવપદનું ધ્યાન, સિદ્ધચક્રનું પૂજન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમસ્કાર મંત્રની સાધના વગેરે અનેક અનુષ્ઠાનો કરવામાં આવે છે, જેનાથી પરમાત્માનું ધ્યાન થાય છે, અને પરમાત્માનું ધ્યાન તે જ આત્મધ્યાન છે.

પરમાત્મપદ પ્રાપ્તિ માટેનું તે પુષ્ટ આલંબન છે.

"જેહ ધ્યાન અરિહંતકો, તેહી જ આતમ ધ્યાન;
ફેર કછુ ઇણુમેં નહીં, એહી જ પરમ નિધાન."

(સમાધિ વિચાર)

જે પરમાત્માનું ધ્યાન છે, તે જ આત્મધ્યાન છે. આ રીતે પરમાત્માના ધ્યાન દ્વારા આત્મધ્યાન થવાથી, આત્મસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થાય છે. અને છેવટે પૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. માટે આત્મસ્વરૂપનો અનુભવ (જે આ જન્મનું આપણું મૂળભૂત લક્ષ્ય-કેન્દ્ર છે તે) કરવા માટે આત્મધ્યાન અને તે માટે પરમાત્મધ્યાન અને તે માટે સર્વ પ્રકારની જિનભક્તિ અને તે માટે ભૂમિકા મુજબની તમામ ધર્મક્રિયાઓ અને તે માટે ત્રિકરણ શુદ્ધિ અનિવાર્ય છે. પરમાત્માનું દર્શન, પૂજન, વંદન, સ્તવન, ધ્યાન, સ્મરણ અને આજ્ઞાપાલન રૂપ પરમાત્મ-ભક્તિ એ જ આ ભવસમુદ્રને તરવાનો માર્ગ છે.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા ફરમાવે છે કે-

**सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।**
**भक्तिर्भागवती-बीजं, परमानंदसंपदाम् ॥**

શ્રુતસાગરનું અવગાહન કરવાથી આ પ્રકારનો સાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં પ્રાપ્ત કર્યો છે કે પરમાત્માની ભક્તિ એ જ એક પરમાનંદ – મોક્ષ લક્ષ્મીનું બીજ છે.

પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજે આ જ હકીકત પંદરમા ભગવાનના સ્તવનમાં બતાવી છે. જેમ કે—

માહરો આતમા તુજ થકી નીપજે,
માહરી સંપદા સયલ મુજ સંપજે;
તેણે મન મંદિરે ધર્મ પ્રભુ ધ્યાઇએ,
પરમ દેવચંદ નિજ સિદ્ધિ સુખ પાઈએ.

પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી શાન્તિનાથ ભગવાનના સ્તવનમાં કહે છે :

તાહરું ધ્યાન સમકિત રૂપ,
તેહ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી જાય સઘળાં પાપ,
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોય પછે જી.

ત્રણ જગતના પરમ આધાર, આત્મસ્વરૂપના દાતાર પરમ આલંબન રૂપ અરિહંત પરમાત્માને અવલંબેલી આપણી ચેતના બનાવવી, તે જ નવપદનું ધ્યાન છે. અને તે જ ભાવનમસ્કાર છે. અને તેથી જ **ભાવનમસ્કારના ફળરૂપે આ જન્મમાં આત્મઅનુભવ થાય છે** અને અનુકૂળ સંયોગ સામગ્રી મળતાંની સાથે જ જન્માંતરમાં કેવળજ્ઞાન એટલે મોહાદિ પાપનો સંપૂર્ણ પ્રણાશ તથા જગતના સર્વ શ્રેષ્ઠ મંગળરૂપ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલા માટે નવપદની આરાધના Spiritually Supreme છે. તેની આરાધના કરતાં Realisation of Reality અર્થાત્ આત્મ – અનુભવ ઉત્પન્ન થાય છે.

નમોઽનંત સંત પ્રમોદ પ્રદાન,

પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;

થયા જેહના ધ્યાનથી સૌખ્યલાભ,

સદા સિદ્ધચક્રાય શ્રીપાલ રાજા.

કર્યાં કર્મ કુકર્મ ચકચૂર જેણે,

ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;

કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાલે,

સદા વાસિયો આતમા તેણે કાલે.

આ નવપદ, સિદ્ધચક્ર અને અરિહંતના ધ્યાનનો મહિમા સમજવા માટે આપણે શ્રીપાલ મહારાજાનું દૃષ્ટાંત જોયું.

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી વાચક જસ તણી, કોઈ નયે ન અધૂરી રે.
મહાવીર જિનેશ્વર ઉપદિશે૦

ચોથા ખંડની છેલ્લી–બારમી ઢાળ અહીં પ્રભુ મહાવીરની દેશના સાથે પૂરી થાય છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની આ અનુભવવાણી ખરેખર સર્વ નય સમન્વયાત્મક છે. જે સાંભળતાં આપણું હૃદય પુલકિત બની ગયું. મોક્ષનો સાચો માર્ગ મળી ગયો. જીવનનો સાચો રાહ મળી ગયો. જીવન જીવવાની કળા પ્રાપ્ત થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે પ્રભુ મહાવીરસ્વામીની દેશના સાંભળી શ્રેણિક મહારાજા શુદ્ધ ભાવથી ભાવિત બની, પોતાના મહેલમાં જઇ આરાધનામાં લીન બની ગયા.

વચનામૃત જિનવીરનાં, નિસુણી શ્રેણિક ભૂપ;
આનંદિત પહોંતો ઘરે, ધ્યાતો શુદ્ધ સ્વરૂપ.

આખા મગધ દેશમાં શ્રેણિકના માણસો દરરોજ ફરતા અને પ્રભુ મહાવીરસ્વામી ક્યાં વિચરે છે તેની ખબર શ્રેણિક મહારાજાને પ્રાતઃકાળમાં આપતા. તે વખતે પ્રભુ મહાવીર-સ્વામી જે દિશામાં વિચરતા હોય તે દિશામાં સોનાના પાટલા ઉપર સોનાના ૧૦૮ જવનો સાથિયો કરી શ્રેણિક મહારાજા સ્તુતિ કરતા. તે પછી પ્રભુ મહાવીરના સ્મરણમાં લીન થઈ જતા. વીર – વીર – વીરના સ્મરણમાં લીન થતા ત્યારે તેમના એક એક રોમમાંથી વીરનો નાદ ગૂંજતો હતો, તેમના આત્માના પ્રદેશે પ્રદેશે પ્રભુ વીરનું સ્મરણ થતું હતું. તે પોતાના મનને પ્રભુ મહાવીરના સ્વરૂપમાં ઓગાળી દેતા હતા. દેહનું ભાન ભૂલી પ્રભુના શુદ્ધ સ્વ-રૂપમાં તદાકાર થઇને રહેતા અને જ્યારે તે પરમાત્મામાં તદાકાર ઉપયોગે લીન બનતા, ત્યારે પ્રભુ મહાવીર રૂપે તેમના આત્માનું પરિણમન થતું. તેટલો વખત પોતાના આત્માને મહાવીર રૂપે પરિણમાવી તેમાં સ્થિર થઇ જતા. પ્રભુ મહાવીરના સ્વરૂપનો પોતાના આત્મામાં અનુભવ કરતા. આ કારણે તો તેમણે તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું. કેવી અદ્ભુત સાધના !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોઢાને અગ્નિની સોબતમાં રાખવાથી લોઢું પણ અગ્નિનો બાળવાનો ગુણુ ધારણુ કરે છે, તેમ આ મન પરમાત્માના શુદ્ધ સ્વરૂપમાં તદાકાર પરિણમે છે – લીન થઈ જાય છે ત્યારે તેનામાં આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાની શક્તિ આવે છે. જેમ ક્રોધી મનુષ્ય પોતાના મનને ક્રોધના આકારે પરિણમાવે છે ત્યારે તેનાં આખા શરીરમાં ક્રોધ થઇ આવે છે, તેમ મહારાજા શ્રેણિકે ભગવાન મહાવીરના આકારે મનને પરિણમાવ્યું હતું. તેમના જ વિચારો તે કરતા હતા. તેમની જ ભાવના કરતા હતા. તેથી તે સ્થિતિને લાયક બનવાના કારણો મળ્યાં અને આ કારણુના પરિણામે આવતી ચોવીસીમાં તીર્થંકરપણે ઉત્પન્ન થશે.

આપણે પણ શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત સાંભળી આવી કોઇ વિશેષ સાધનામાં લીન બનીએ. જે વિચાર નિરંતર આપણા મનમાં ઘૂંટાય છે, તે છેવટે ભૌતિક સ્વરૂપ પ્રગટ કરે છે. Ideal Reality છેવટે Objective Reality–માં પરિણમે છે.

Ideal Reality :– ( મનોમય ભૂમિકા ઉપરનું સત્ય ) ભગવાન મહાવીરસ્વામી ૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. નિર્વાણ પામી મોક્ષે ગયા. તે Historical Reality –ઐતિહાસિક સત્ય છે. તે જાણવા માટે ઘણું ઉપયોગી છે; જ્યારે પરમાત્માની ભક્તિ, ઉપાસના, ધ્યાન સમયે Ideal Reality મનોમય ભૂમિકા ઉપરનું સત્ય કામ આવે છે. દા. ત., મહેસાણામાં સીમંધરસ્વામીનું મંદિર છે. ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યારે આપણે જઈને પૂજા-સેવા કરી શકીએ છીએ, તે ભૌતિક રૂપે પ્રગટ થયેલું સત્ય ( Objective Reality ) કહેવાય. આજથી ૨૦ વર્ષ પહેલાં તે સ્થળે જંગલ હતું. તે વખતે એક સંત પુરૂષના મનમાં વિચાર ઉત્પન્ન થયો કે એક મોટું મંદિર હોવું જોઈએ. તેમાં મોટા સીમંધર-સ્વામી ભગવાન બિરાજમાન હોવા જોઈએ. વગેરે. ૨૦ વર્ષ પહેલાં સંત પુરૂષનાં મનમાં ઉત્પન્ન થયેલું મંદિર તે મનોમય ભૂમિકા ઉપરનું સત્ય (Ideal Reality) છે. જો સંત પુરૂષના મનમાં ૨૦ વર્ષ પહેલાં તે મંદિર ન આવ્યું હોત, તો અત્યારે ત્યાં જંગલ હોત અગર બીજું કાંઈ હોત. સંત પુરૂષના મનમાં ઉત્પન્ન થયેલું મંદિર તે Ideal Reality—મનોમય ભૂમિકા ઉપરનું સત્ય છે.

જગતમાં જેટલાં યુદ્ધ થયાં તેમાં સૌથી પહેલાં મનુષ્યના મનમાં યુદ્ધ થાય છે. તે પછી ઘણા વખત પછી રણમેદાનમાં યુદ્ધ થાય છે. મનમાં ઉત્પન્ન થયેલું યુદ્ધ Ideal Realityનું યુદ્ધ છે. રણમેદાનમાં ખેલાતું યુદ્ધ Objective Realityનું યુદ્ધ છે. (ભૌતિકરૂપે પ્રગટ થયેલું સત્ય.)

આપણે દુકાન કે કારખાનું કરવું હોય ત્યારે દુકાન કે કારખાનું સૌથી પ્રથમ આપણા મનમાં ઉપસ્થિત થાય છે. તે પછી આપણે જગ્યા ખરીદીએ છીએ. તેમાં વેપાર, નફો વગેરે થાય છે. નફો કરતી દુકાન કે કારખાનું તે (Objective Reality) ભૌતિક પ્રગટ થયેલું સત્ય છે. અને મનમાં ઉપસ્થિત થયેલ દુકાન કે કારખાનું તે Ideal Re-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ality) મનોમય ભૂમિકા ઉપરનું સત્ય છે. જો આપણા મનમાં તે દુકાન કે કારખાનું ન આવ્યું હોત તો આપણે કદી દુકાન કે કારખાનાના માલિક બની શકત નહીં.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનમાં ઊભેલા હતા. બહાર કોઈ દુશ્મન સાથે યુદ્ધ ખેલાતું ન હતું. કોઈ શસ્ત્ર પણ ન હતાં, છતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિના મનમાં ખેલાતું યુદ્ધ તે (Ideal Reality) મનોમય ભૂમિકા ઉપરનું સત્ય છે. કારણ તે મનનું યુદ્ધ સાતમી નરક સુધી પહોંચાડવાને સમર્થ હતું. તે યુદ્ધના ભાવમાં પલટો આવતાં, આત્મ-ધ્યાનમાં ચઢતાં તે કેવળજ્ઞાન સુધી પહોંચી શકયા. **ચૌદ રાજલોકના બન્ને છેડા સુધી પહોંચાડવાનું સામર્થ્ય પ્રસન્નચંદ્ર રાજર્ષિના મનની અંદર ચાલી રહેલ ભાવોમાં હતું.**

આ દષ્ટાંતો ઉપરથી એક વસ્તુ સમજાય છે કે, ભૌતિક રૂપે પ્રગટ થયેલું સત્ય, પહેલાં તો મનુષ્યના મનમાં ઉત્પન્ન થાય છે. આવી રીતે પરમાત્મા પણ પહેલાં આપણા મનમાં ઉપસ્થિત થાય છે, મોક્ષ પણ પહેલાં આપણા મનમાં ઉત્પન્ન થાય છે, પછી સાચો મોક્ષ પ્રગટ થાય છે. કોઇ મનુષ્ય સંકલ્પ કરે કે, “આવતા જન્મમાં મારે મહા-વિદેહ ક્ષેત્રમાં–સીમંધરસ્વામી ભગવાન વિચરે છે, તે ક્ષેત્રમાં મનુષ્ય તરીકે જન્મ લેવો છે. આઠ વર્ષની ઉંમરે હું ભગ-વાન પાસે દીક્ષા લઈશ અને પરમાત્મા સીમંધરસ્વામીની આજ્ઞા મુજબ સાધના કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ.” આવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન સંકલ્પ સિદ્ધ કરવા માટે અત્યારે આ જન્મમાં શું કરવું જોઇએ ? અત્યારે જ કલ્પનાથી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ ભગવાન સીમંધરસ્વામીજીના સમવસરણમાં આપણે બેઠેલા છીએ તેવું ચિત્ર સ્પષ્ટ આપણી સામે ઉપસ્થિત કરી, તેમાં સ્થિર બનવું. "ભગવાનની દેશના આપણે સાંભળીએ છીએ. તે દેશના આપણાં અણુએ અણુમાં પરિણામ પામે છે. આપણે પરમાત્મા પાસે દીક્ષા લઇએ છીએ. પ્રભુના કહેવા મુજબ સાધના કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ." આવું સ્પષ્ટ ચિત્ર નિત્ય આપણે નજર સામે રાખીએ અને તેવા ભાવથી ભાવિત બની ધ્યાન કરીએ, તો આપણો ઉપરનો સંકલ્પ સિદ્ધ થઈ શકે.

આ રીતે ભગવાન સૌથી પ્રથમ આપણા મનમાં મનોમય સત્યરૂપે ઉપસ્થિત થાય છે. ( Ideal Reality ) મોક્ષ પણ આપણા મનમાં મનોમય સત્યરૂપે ઉત્પન્ન થાય છે. ( Ideal Reality )

**જે વિચાર આપણા મનમાં વારંવાર ઘૂંટાય છે, તે છેવટે ભૌતિકરૂપ ધારણ કરે છે અને કાર્ય સિદ્ધિ થાય છે.** આ રીતે શ્રીપાલ અને મયણાની જેમ પરમાત્માનું સાંનિધ્ય આપણે નિરંતર અનુભવી શકીએ છીએ.

त्वद्‌बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्‌ध्युदयतो नो युष्मदस्मत्पषो
ल्लेखः किंचिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ॥

હે પ્રભુ! તમારું બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઈ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઈ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે 'તું એ હું' એવી અભેદ બુદ્ધિના ઉદયથી "યુષ્મત્ અને અસ્મત્" પદનો ઉલ્લેખ પણ થતો નથી. અને કોઇક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે.

હવે શ્રીપાલ રાસનો છેલ્લો કળશ જે સૌથી મહત્ત્વનો છે, તેટલો જ વિભાગ બાકી છે. ઉપસંહાર રૂપ કેટલીક વસ્તુ જોઇએ.

એક સત્ય બનેલી ઘટના છે. એક ભાઈએ વેપારમાં દશ પંદર લાખ રૂપિયાનું નુકસાન કર્યું. ચેન નથી પડતું. રાત્રે ઊંઘ નથી આવતી. તે ભાઇ પૂજ્ય ગુરૂમહારાજ પાસે આવ્યા અને વિનંતી કરે છે: "વેપારમાં બહુ નુકસાન થયું છે. રાત્રે ઊંઘ નથી આવતી. ચિંતાથી મન ઘેરાઇ ગયું છે." તે વખતે ગુરૂ મહારાજ કહે છે: "જેને તેં ગુમાવ્યું છે, તેને તું જોઇ રહ્યો છે. તારી પાસે જે છે, તેને પણ તું જો." પેલો ભાઈ કહે છે: "મારી પાસે વેપારમાં બધું ખલાસ થઈ ગયું છે. નાનકડું ઘર અને થોડા પૈસા બચ્યા છે." તે વખતે તેને સમજાવવા માટે ગુરૂમહારાજ દૃષ્ટાંત આપે છે:—

"રણજીતસિંહ રાજા ઝરૂખામાં બેઠા છે. નીચે એક ભિખારી ભીખ માંગે છે. રણજીતસિંહનું ધ્યાન ભિખારીના

કાલાવાલા જોઈને તેના તરફ ખેંચાયું. નીચે આવી રાજા પૂછે છે–'તારે શું જોઈએ છે?' ભિખારી પૈસાની માગણી કરે છે. રાજા તે વખતે કહે છે: "મારી પાસે જે છે, તેનું અડધું હું તને આપું અને તારી પાસે જે છે, તેનું અડધું તું મને આપ." ભિખારીએ શરત મંજૂર કરી. મનમાં મલકાય છે–"મારી પાસે ફૂટેલું વાસણ અને ફાટેલું વસ્ત્ર છે. હું તો રાજાનું અડધું રાજ્ય માંગી લઈશ." શરત મંજૂર થઈ ગઈ.

રાજા ભિખારીને માંગવાનું કહે છે. ભિખારી અડધું રાજ્ય માંગે છે. હવે રાજા કહે છે–"અડધું રાજ્ય આપવા તૈયાર છું. તારી પાસે બે આંખ છે તેમાંથી એક આંખ તું મને આપ." (રણજીતસિંહ રાજા આંખે કાણો હતો તે ઇતિહાસમાં વાંચ્યું હશે.) રાજાની વાત સાંભળતાં ભિખારી મૂઠીઓ વાળીને ભાગી ગયો.....રાજ્ય લેવા ઊભો ન રહ્યો."

આ નાનકડી વાતમાં મહાન તત્ત્વજ્ઞાન છુપાયું છે. **એક ભિખારીના મનમાં રાજાના અડધા રાજ્ય કરતાં એક આંખની કિંમત અધિક છે.** આપણને બે આંખ મળી છે. બે હાથ, બે પગ, પાંચ ઇન્દ્રિયોથી પરિપૂર્ણ દેહ મળ્યો છે. કોણે આપ્યો? કેવી રીતે મળ્યો? તેનો વિચાર પણ આપણે કરતા નથી. નિગોદમાંથી બહાર નીકળ્યા, ત્યાંથી અહીં સુધી પહોંચ્યા. આ જન્મમાં જે આ બધી ઉત્તમ પ્રકારની સામગ્રી મળી, તે સર્વ પ્રભાવ પરમાત્માનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. (ઘણા કહે છે કે પુણ્યથી મળે છે. તો પુણ્ય પણ પરમાત્માના પ્રભાવથી પ્રાપ્ત થાય છે.) સાચા હૃદયથી કૃતજ્ઞભાવે આપણે "નમો અરિહંતાણં" કહી પ્રભુનો આભાર પણ માન્યો નથી. મનુષ્ય પાસે દશ આંગળી છે. ભૂખે મરતા માણસ પાસે પચાસ હજાર રૂપિયામાં એક આંગળી માંગો; નહીં આપે. એક લાખમાં અંગૂઠો માંગો; નહીં આપે. દશ લાખમાં એક આંખ માંગો; નહીં આપે. છતાં સમજવા માટે કિંમત આંકો. એક આંગળીની કિંમત પચાશ હજાર, અંગૂઠાની કિંમત એક લાખ, આંખની કિંમત દશ લાખ. માનવદેહના એક-એક નાના ભાગની આટલી કિંમત છે, તો માનવદેહની કિંમત કેટલી! આ માનવદેહ અચિંત્ય રત્નચિંતામણિ સમાન છે.

આપણું જેટલું પણ આયુષ્ય બાકી છે તે જ આપણી મૂડી છે. આપણી પાસે રત્નોના ભંડાર હોય પણ આયુષ્ય પૂરું થાય છે, ત્યારે બધું જ શૂન્ય બની જાય છે. આયુષ્ય એ આપણી મૂડી છે. વળી આ માનવદેહમાં માનવ મનરૂપી એક અદ્ભુત યંત્ર છે. તે માનવમનમાં એક શ્વાસોશ્વાસ જેટલો સમય એટલે ચાર સેકંડ જેટલો સમય "નમો અરિહંતાણં" પદનું સાચા ભાવથી સ્મરણ થઈ જાય તો બે લાખ પિસ્તાલીસ હજાર પલ્યોપમ સુધી દેવનું સુખ ભોગવી શકાય તેટલું પુણ્ય ઉપાર્જન થાય છે. અને જ્યારે માનવમનનો દુરૂપયોગ થાય છે, ત્યારે દુર્ગતિના ચક્કરમાં ફસાવું પડે છે. મહાસાગરમાં એક બહુ મોટો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માછલો રહે છે. તેની આંખની પાંપણમાં તંદુલીયો મત્સ્ય નામનું એક નાનું માછલું રહે છે. મોટો માછલો સાગરનું પાણી મોઢામાં ભરે છે, અને દાંત બંધ કરી પાણી બહાર કાઢી નાખે છે અને માછલાં ખાઇ જાય છે. પણ તેના દાંત એટલા બધા મોટા હોય છે કે એ દાંત વચ્ચેની જગ્યા-માંથી નાનાં માછલાં પાણીની સાથે બહાર જતાં રહે છે. મોટાં માછલાં તો તે ખાઈ જાય છે. આ મોટા માછલાની આંખની પાંપણમાં રહેલો તંદુલીયો મત્સ્ય વિચાર કરે છે– "આ મોટો માછલો મૂર્ખ છે. નાનાં નાનાં માછલાં તો બધાં જીવતાં જતાં રહે છે. હું હોઉં, તો એકને પણ જીવતું જવા ન દઉં. બધાને ખાઈ જાઉં." આ તંદુલીયા મત્સ્યનું આયુષ્ય ૪૮ મિનિટથી વધુ નથી હોતું. ૪૮ મિનિટ આવો હિંસાનો ભયંકર વિચાર કરે છે, અને બદલામાં તેત્રીસ સાગરોપમ સુધી સાતમી નારકીની ભયંકર વેદના સહન કરવાની આવે છે. આ મનના દુરુપયોગનું દૃષ્ટાંત છે. આપણે જો મનનો સદુપયોગ કરીએ, આપણા મનમાં શ્રીપાલ અને મયણાની જેમ પરમાત્મા, નવપદો, નમસ્કાર મંત્ર અને સિદ્ધચક્રને વસાવીએ, તો આ મન આપણને મોક્ષપર્યંતની સર્વ સંપદાના માલિક બનાવી શકે છે.

વેપારમાં નુકસાન કરીને જે ભાઈ આવ્યા છે, તેને ગુરૂમહારાજ તેની પાસેની મૂડી બતાવે છે. આ માનવદેહ રત્ન ચિંતામણિ સમાન છે. આયુષ્ય એ આપણી મૂડી છે. તેમાં પણ 'માનવ મન' – જો તેમાં પરમાત્મા વસે તો અનંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળનાં ભાવિ સુખોનું સર્જન કરવાને સમર્થ છે. હજી આગળ સમજાવે છે—આ માનવદેહ, તેના દસે પ્રાણો, માનવ મન આ બધાનું સંચાલન કરનાર અંદર રહેલ આત્મા તે તું પોતે છે. તું આત્મા અનંત સુખ, અનર્ગળ આનંદ, અચિંત્ય શક્તિ અને કેવળજ્ઞાન આદિ ગુણલક્ષ્મીનો ભંડાર છે. આ દેહમાંથી જ્યારે તારે જવું પડશે, તે દિવસે તારા આત્માના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ ઓછો થવાનો નથી. વેપારમાં નુકસાન થાય છે; પરંતુ તારા આત્મામાં રહેલા સુખ અને આનંદના મહાસાગરમાંથી પ્યાલો ભરીને લઈ જવાને કોઈ સમર્થ નથી. વળી જ્ઞાની ગુરૂભગવંત તેને આત્મસ્વરૂપ અને તેની આરાધના બતાવે છે.

त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रुपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रुपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो-
ल्लेखः किंचिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम ॥

હે પ્રભુ ! તમારું બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઇ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી. અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઈ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે "તું એ હું" એવી અભેદ બુદ્ધિના ઉદયથી "યુષ્મત અને અસ્મત્" પદનો ઉલ્લેખ પણ થતો નથી. અને કોઇક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂજ્યપાદ ગુરુદેવ, પંન્યાસપ્રવર, શ્રી ભદ્રંકર-વિજયજી ગણિવર્યશ્રીનાં હસ્તાક્ષરોમાં

(સમાધિ વિચાર ગ્રંથ) સાધકને સદુપદેશ (72

જ્યાંન દૃષ્ટિ ... જો
ગુરુ ... ભલું;
અનંત ... જો.
શિવ મંદિર સોપાન.(૧૦૪)
પરમદેવ પણ એહ છે
પરમ ગુરુ પણ એહ.
પરમ ધર્મ પ્રકાશતો
પરમ તત્ત્વ ગુણગેહ.(૧૦૫)
એહવો ચેતન આપણો
ગુણ અનંત ભંડાર;
આપણો ભાવ વિચારતાં
સદા સ્વરૂપ આધાર.(૧૦૬)
ચિદ્રૂપ ચિન્મય સદા
ચિદાનંદ ભગવાન;
શિવ શંકર સ્વયંભૂ નમું
પરમબ્રહ્મ વિજ્ઞાન.(૧૦૭
ઇંદ્રિયગ્રામ ... ભર્યો
ધ્યાન તરંગ ...;
... નિજ સ્વરૂપની રંગ. (૧૧૦)
... નિર્મલ ધ્યાન તરંગ;
... નિજરૂપમેં
... રંગ (૧૧૧)

એ પ્રકાર સિદ્ધના વરણી
[illegible] લહી નાથ;
[illegible]
[illegible] (૨૦૭)

સિદ્ધ [illegible],
ચિદાનંદ ચિદ્રૂપ;
[illegible]
પૂર્ણાનંદ સ્વરૂપ. (૨૦૮)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૦)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(74

[illegible]
[illegible]
[illegible]
[illegible] (૨૨૫)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (૨૨૬)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (૨૨૭)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (૨૨૮)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (૨૨૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[illegible]
[illegible]
[illegible]
[illegible] (223)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (224)

[illegible]
[illegible]
[illegible]
[illegible]
(224)

[illegible]
[illegible]
[illegible]
[illegible] (392)
[illegible]
[illegible]
[illegible]
[illegible] (393)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[illegible] (355)

[illegible] (356)

[illegible] (357)

[illegible] (358)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગદ્વેષથી પરિણામે (ગ

વિષય કષાય સંયોગો;

મલિન આત્મા કર્મોથી

જનમ મરણ આલોચના- (૨૫૦)

પરમ પંચ પરમેષ્ઠિનો

સ્મરણ સુ આત્મ સુખદાયે;

શાંતિ સમાદર ચિત્તનો

અરિહંત ભક્તિ: સુખ સાર. (૨૫૧)

અરિહંત સિદ્ધ પરમાત્મા

શુદ્ધ સ્વરૂપ જોઈ;

તેહના દર્શન ગુણ ભાવથી

જ્ઞાન વિશુદ્ધ કર. (૨૫૨)

શ્રી જિનદર્શન પામીને

શુદ્ધ ગુણ ભાવના શુદ્ધિ;

આતમ ભાવ પરે સોહિએ

આપ સ્વરૂપ તેહની શુદ્ધિ (૨૫૩)

આતમ રૂપ નિજ ધ્યાન

સ્વરૂપ ચિંતન રાખ;

પરમાત્મ પદ પામીયે

સાધન સહજ નાથ- (૨૫૪)

[illegible] (૨૧
[illegible];
[illegible]
[illegible] (૨૧૪)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૫)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૬)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૭)

[illegible]
[illegible];
[illegible]
[illegible] (૨૧૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે જીવાત્મા ! તારા આ સચ્ચિદાનંદ સ્વરૂપને તું ઓળખ, તેના ઉપર શ્રદ્ધા કર. જેમનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું છે, તે પરમાત્માના ધ્યાન દ્વારા તારા શુદ્ધ આત્મ-ચૈતન્યની પ્રતીતિ કર, અનુભવ કર. જીવનમાં પ્રાપ્ત કરવા લાયક કોઈ વસ્તુ હોય તો આત્મઅનુભવ અને આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ છે. જિનેશ્વર ભગવંત કથિત માર્ગ ઉપર જિનાજ્ઞા અનુસાર આરાધના કર. પરમાત્માની ઉપર શ્રીપાલ અને મયણાની જેમ પૂર્ણ શ્રદ્ધા રાખ. તારું જીવન સફળ થઈ જશે.

વેપારમાં નુકસાન કરીને જે ભાઈ આવ્યા હતા; તે બીજું કોઈ નથી પણ આપણે પોતે જ છીએ. જે નથી મળ્યું તેની ચિંતામાં આપણે જીવન પૂરું કરીએ છીએ. ઉપર ગુરૂમહારાજે જે સમજાવ્યું છે તેને સાર્થક કરવા આપણો કોઈ પ્રયત્ન નથી. હકીકતમાં આ માનવદેહ, તેનું આયુષ્ય, માનવમન, અને આત્માનું પૂર્ણાનંદ સ્વરૂપ – આવી મહાન સંપત્તિના આપણે માલિક છીએ–તેને શ્રીપાલ અને મયણાની જેમ સાર્થક કરીએ તો અનંતકાળના ભાવિ સુખોનું સર્જન થાય છે.

આપણી વિચારધારાના ઊર્ધ્વગમનની કેટલીક પ્રેકટીકલ વાતો જોઈએ. અઢીસો રૂપિયાના બૂટ ખરીદી લાવ્યા. દસ જણાને બતાવ્યા. બધાએ કહ્યું–'બૂટ ઘણા સરસ છે.' બૂટની કિંમત વધારે કે પગની કિંમત વધારે ? પગ કિંમતી છે. પગ ન હોય તો બૂટની કોઈ કિંમત નથી; પરંતુ આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૂટ માટે રૂપિયા અઢીસો ખર્ચ્યા તેની કિંમત ગણીએ છીએ. પગની કિંમત ગણુતા નથી. ચામડી, હાડકાં, અને માંસના બનેલા પગની કિંમત વધારે કે પગમાં ચાલવાની શક્તિ પૂરી પાડનાર અંદર રહેલા આત્માની કિંમત વધારે? આત્માની કિંમત વધારે છે. આપણી વિચારધારાને બૂટના લેવલ ઉપરથી બદલીને આત્માના સ્તર સુધી લઇ જવા માટે ફક્ત બે જ વાકયો વિચારવાની જરૂર છે અને વીસ સેકંડ જેટલા સમયની જરૂર છે.

ચારસો રૂપિયાના ચશ્મા ખરીદી લાવ્યા. મિત્રોને બતાવ્યા. બધાએ કહ્યું–' સરસ છે.' કોઈએ કહ્યું, 'તમે લાવ્યા છો તેના કરતાં બીજાને ત્યાં ડીઝાઈન બહુ સારી હતી.' પહેરવાનો મૂડ આઉટ થઇ ગયો. બે હજારની સાડી ખરીદીને લાવીએ. કોઇ કહે–બીજાને ત્યાં આના કરતાં વધુ સારી ડીઝાઇનો હોય છે. ત્યારે સાડી પહેરવાનો મૂડ આઉટ થઈ જાય છે. બૂટ અને સાડીના લેવલ ઉપર આપણું જીવન ચાલે છે. આપણી વિચારધારા બદલવાની જરૂર છે. ચશ્માની કિંમત વધારે કે આંખની કિંમત વધારે?

"આંખની."

ચામડી અને માંસની બનેલ આંખની કિંમત વધારે કે તેમાં જોવાનું લાઇટ પૂરું પાડનાર આત્માની કિંમત વધારે?

"આત્માની કિંમત વધારે."

ચશ્માના લેવલ ઉપરથી આપણી વિચારધારાને આત્માના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવલ ઉપર લઈ જવામાં બે વાકયો વિચારવાની અને વીસ સેકન્ડ જેટલા સમયની જરૂર છે.

એક માણસ પાસે પાંચ લાખ રૂપિયા હતા. તે બે લાખ કમાયો. આનંદ માણે છે. એક માણસ પાસે નવ લાખ હતા. તેને બે લાખ નુકસાન થયું, તેથી રડે છે. બન્ને પાસે સાત લાખ રૂપિયા સરખા છે; છતાં એક રડે છે, બીજો હસે છે. સાત લાખ રૂપિયામાં સુખ–દુઃખ છે? 'ના.' સુખ–દુઃખ મનુષ્યના મનમાં છે. માટે મનનું રક્ષણ કરવા માટે મંત્ર જોઈએ. "મનનાત્ ત્રાયતે ઇતિ મંત્ર।" મંત્રોમાં સર્વશ્રેષ્ઠ નવકાર મંત્ર છે. નવપદ અને નવકારનો મહિમા, તેની તારક શક્તિ આ પુસ્તકમાં શ્રીપાલ અને મયણાની સાધનામાં સર્વત્ર જોવા મળે છે. અરે! 'નમો અરિહંતાણં' મંત્ર દ્વારા આપણે પરમાત્મા સાથે સીધી વાત અત્યારે પણ કરી શકીએ છીએ.

## Direct Dialling to Divinity

## પરમાત્મા સાથે સીધી વાતચીત કરવાની કળા

પરમાત્મા સાથે ડાયરેકટ લાઇનમાં આપણે હમણાં જ વાત કરી શકીએ છીએ. એટલા માટે જ કહેવાયું છે કે,

"આવો આવો ચતુર સુખ ભોગી,
કીજે વાત એકાંત અભોગી."

તથા "ભ્રમ ભાંગ્યો તવ પ્રભુ શું,
પ્રેમે વાત કરું મન ખોલીજી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ભગવાન સાથે વાત કરવા માટે તેના નિયમ જાણવા જોઇએ.

ટેલિફોન કંપનીએ ડાયરેકટ લાઇનમાં વાતચીત કરવા માટે જે ત્રણ નિયમો રાખેલા છે, તે જ ત્રણ નિયમો પ્રમાણે આપણે પરમાત્મા સાથે ડાયરેકટ લાઈનમાં વાત કરી શકીએ.

ટેલિફોન કંપનીની ડાયરેકટ લાઈનમાં વાતચીત કરવાના ત્રણ નિયમો :

૧. **પ્રથમ નિયમ :** લોકલ લાઇનનું ડીસકનેક્શન કરવું.

જ્યાં સુધી આપણે ફોનમાં લોકલ લાઈનમાં કોઈની સાથે વાતચીત કરતા હોઈએ, ત્યાં સુધી ડાયરેકટ લાઇનમાં વાતચીત થઈ શકતી નથી. ડાયરેકટ લાઇનમાં આપણે વાત કરવી હોય તો લોકલ લાઈનનું disconnection–ડીસકનેક્શન પ્રથમ કરવું પડે છે.

૨. **બીજો નિયમ :** કોડ નંબરનું ડાયલીંગ કરવું. દા. ત., આપણે દિલ્હી સાથે ડાયરેકટ વાત કરવી છે, તો દિલ્હીનો કોડ નંબર (૯૧૧)નું ડાયલીંગ કરવું પંડે છે.

૩. **ત્રીજો નિયમ :** જે વ્યક્તિ સાથે આપણે વાત કરવી હોય તેના પર્સનલ નંબરનું ડાયલીંગ કરવું પડે છે.

ઉપરના ત્રણ નિયમ મુજબ આપણે ડાયરેકટ લાઇનમાં ફોનમાં વાત કરી શકીએ છીએ. આપણા રોજના અનુભવની આ વાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણ નિયમ મુજબ આપણે પરમાત્મા સાથે ડાયરેક્ટ લાઈનમાં વાતચીત કરી શકીએ.

આપણા મનમાં બે લાઇન ચાલે છે : એક લોકલ લાઈન કે જેમાં દુન્યવી વસ્તુઓ સંબંધીના વિચારો ચાલે છે. બીજી ડાયરેક્ટ લાઈન કે જેમાં પરમાત્મા સાથે વાતચીત થઈ શકે છે, તે લાઈન પરમાત્મા સાથે જોડાયેલી છે.

પરમાત્મા સાથે ડાયરેક્ટ લાઈનમાં વાત કરવા માટે આ જ ત્રણ નિયમનું પાલન કરવાનું છે :

(૧) પહેલા નિયમનું પાલન કરવા માટે લોકલ લાઈન કે જેમાં દુન્યવી વસ્તુઓના–સંબંધીઓના વિચારો ચાલે છે, તેનું ડીસકનેક્શન કરવું પડે છે.

જ્યાં સુધી લોકલ લાઈનનું ડીસકનેક્શન ન થાય, ત્યાં સુધી પરમાત્માની ડાયરેક્ટ લાઈનનું જોડાણ થઈ શકતું નથી. આ માટે પરમાત્મા સાથે ડાયરેક્ટ વાત કરવા માટે દુન્યવી વસ્તુઓના સંબંધના વિચારમાંથી છૂટવું પડે છે.

બહિરાત્મભાવથી છૂટવું તે લોકલ લાઈનનું disconnection (ડીસકનેક્શન) છે.

(૨) બીજો નિયમ છે : કોડ નંબરનું ડાયલીંગ.
"નમો" પદ પરમાત્માનો કોડ નંબર છે.

કોડ નંબર "નમો"નું ડાયલીંગ કરવું એટલે નમસ્કારભાવથી ભાવિત બનવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નમો" પદ વિભાવદશામાંથી સ્વભાવદશામાં જવા માટેનું ટર્નીંગ પોઇન્ટ છે.

"નમો" પદ અંતરાત્મભાવ રૂપ છે.

(૩) ત્રીજો નિયમ—જેની સાથે વાત કરવી છે, તેના નંબરનું એટલે પરમાત્માના નંબરનું ડાયલીંગ કરવું.

પરમાત્માનો નંબર "અરિહંતાણું" છે.

"અરિહંતાણું" પદ પરમાત્મભાવમાં સ્થિરતા રૂપ છે.

આ રીતે "નમો અરિહંતાણું" પદ દ્વારા ડાયરેક્ટ લાઇનમાં પરમાત્મા સાથે વાતચીત થઇ શકે છે. ટેલિફોનમાં વાતચીત કરતાં ડાયરેક્ટ લાઈન એન્ગેજ પણ આવે છે; પરંતુ પરમાત્માની લાઈન કદી એન્ગેજ ( engage ) હોતી નથી, હૉટ લાઈન છે.

"નમો અરિહંતાણું" પદ ડાયરેક્ટ લાઈનમાં પરમાત્મા સાથે વાત કરવા માટેની દિવ્ય કળા-hot line છે.

આ ત્રણ નિયમ આધ્યાત્મિક દૃષ્ટિએ મહાયોગી શ્રી આનન્દઘનજી મહારાજે બતાવ્યા છે....

"બહિરાતમ તજી અંતરઆતમા, રૂપ થઇ સ્થિર ભાવ;
પરમાતમનું રે આતમ ભાવવું, આતમ અરપણ દાવ.
સુમતિ ચરણકજ આતમ અરપણા...."

પરમાત્મા સાથે ડાયરેક્ટ લાઇનમાં શું વાતચીત થતી હશે ? તેવો પ્રશ્ન મુમુક્ષુને થયા વગર રહેતો નથી. જગતના ગમે તે દેવની પૂજા કરનારને કદાચ તેની ઈચ્છાઓની પૂર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે, પરંતુ તે દેવ પોતાનું સ્વરૂપ તેને આપતા નથી. જ્યારે પરમાત્મા અરિહંત દેવ "નિજ સ્વરૂપના દાતા" છે. જ્યારે ભક્ત પોતાને તન, મન, ધન, વચન, ભાવ જે કાંઈ મળ્યું છે તે બધું પરમાત્માના ચરણે સમર્પિત કરે છે, ત્યારે પરમાત્મા તેના બદલામાં ભક્તને પરમાત્મપદ આપે છે. Law of Giving and Receiving. તેથી પરમાત્મા અરિહંત દેવ નિજરૂપના દાતા કહેવાય છે. ભક્ત જ્યારે "નમો અરિહંતાણં" કહે છે, ત્યારે ભગવાન तत्त्वमसि -'જેને નમે છે, તે તું જ છે.' તેવો ભાવ આપે છે.

મહાયોગી આનંદઘનજી પણ શાંતિનાથ ભગવાનના સ્તવનમાં ગાય છે કે—

આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે;
પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે,
તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે.

અહીં તાત્પર્ય એ છે કે પ્રભુમુખથી જ્યારે ભક્તને ડાયરેકટ લાઈનમાં સાંભળવા મળે છે કે–"તું આ દેહરૂપ નથી, પરવસ્તુ, પરપુદ્ગલ તારું સ્વરૂપ નથી. પરવસ્તુનું કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગ્રાહકત્વ, વ્યાપકત્વ તને ન શોભે. તું સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે, અનંત સુખ અને આનંદનો પરમ નિધાન છે, અચિંત્ય શક્તિનો સ્વામી છે. સ્વ અને પરનું વિભાજન કરી, જડ અને ચૈતન્યના ભેદવિજ્ઞાનને ભાવિત કરી, તારા સ્વરૂપને તું જો. તારા સ્વરૂપમાં રુચિ કર. તેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ રમણતા કર. તારા સ્વરૂપમાં તન્મય, તદ્રૂપ, એકત્વ કરી, તારા પરમાનંદનો તું અનુભવ કર. તું જ તારા સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે.” આવું યથાર્થ જિન-વાણી રૂપ અમૃતનું પાન ( Secret of Supreme-Self ) સાધકને પરમાત્મા સાથેના અંતરઆત્માના ગુહ્ય વાર્તાલાપમાં થાય છે. આવી ક્ષણની પ્રતીક્ષા જે મનુષ્ય કરતો હોય છે, તેને આ જીવનમાં પરમાત્માનો સાક્ષાત્કાર થયા વગર રહેતો નથી. પરમાત્માના મુખથી આ વચન સંભળાય છે, ત્યારે સાધકના આનંદનો પાર રહેતો નથી. તેથી જ કહ્યું છે કે

“અહો ! અહો ! હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે;
અમિત ફળ દાન દાતારની,
જેહને ભેટ થઈ તુજ રે.”

(પૂ. આનંદઘનજી મહારાજ કૃત શાન્તિનાથ ભગવાનનું સ્તવન)

પરમાત્મા નિજ સ્વરૂપનું દાન આપે છે અને જે ભક્ત પ્રેમપૂર્વક તેને ગ્રહણ કરે છે, તે ધન્ય છે, કૃતપુણ્ય છે. તેનો જ જન્મ સફળ છે.

“આજ જિનરાજ મુજ, કાજ સિધ્યાં સવે,
વિનતી માહરી ચિત્ત ધારી;
માર્ગ જો મેં લહ્યો, તુજ કૃપારસ થકી,
પ્રગટ હુઈ સંપદા, સકલ સારી.”

(ઉ. યશોવિજયજી કૃત ૩૫૦ ગાથાનું સ્તવન, ઢાળ ૧૭મી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! તેં આજે મારી વિનંતી સાંભળી અને તારા કૃપારસથી મને જે માર્ગ મળ્યો છે, તેનાથી આત્મ સમૃદ્ધિની સકલ સંપદા પ્રગટ થઈ. ( અનુભવમાં આવી. ) આજ મારાં સર્વ કાર્ય સિદ્ધ થઈ ગયાં.

## શ્રીપાલ રાસનો કળશ

જેમ મંદિર બંધાવ્યા પછી, શિખર ઉપર કળશ ચઢાવવામાં આવે છે; તે રીતે શ્રી શ્રીપાલ રાજાનો રાસ પૂરો થતાં હવે આ મહાન અધ્યાત્મશાસ્ત્રના રચનારા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ તેના ઉપર કળશ ચઢાવે છે.

તૂઠો તૂઠો રે મુઝ સાહિબ જગનો તૂઠો,
એ શ્રીપાલનો રાસ કરંતા જ્ઞાન અમૃતરસ વૂઠો રે.

મારા ઉપર ત્રણ જગતના સ્વામી અરિહંત પરમાત્મા તુષ્ટમાન થયા, તુષ્ટમાન થયા. શ્રી શ્રીપાલનો રાસ રચતાં જ્ઞાનઅમૃતની મારા ઉપર વૃષ્ટિ થઈ.

પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો;
જ્ઞાનમાંહિ અનુભવ તિમ જાણો, તે વિણુ જ્ઞાન તે જૂઠો રે.

અનંત લબ્ધિના નિધાન ભગવાન ગૌતમસ્વામીજીએ ખીરના પાત્રમાં પોતાનો અંગૂઠો રાખેલો હતો. તેના કારણે ખીરમાં વૃદ્ધિ થતી જ જાય છે. અને એક પાત્ર ખીરમાંથી ૧૫૦૦ તાપસોને શ્રી ગૌતમ મહારાજાએ પારણું કરાવ્યું. તેવી રીતે જ્ઞાનમાં વૃદ્ધિનું કારણ અનુભવજ્ઞાન છે. તે ગૌતમસ્વામીના અંગૂઠા જેવું છે. તેથી નિરંતર જ્ઞાન વૃદ્ધિ પામતું જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદક પયોમૃત કલ્પજ્ઞાન તિહાં, ત્રીજો અનુભવ મીઠો;
તે વિણુ સકલ તૃષા કિમ ભાંજે, અનુભવ પ્રેમ ગરીઠો રે.

જ્ઞાન ત્રણ પ્રકારનું છે – પહેલું 'પાણી' જેવું. એટલે ત્રણ કલાક તૃષા છીપાવે. વળી પાછી તૃષા લાગે; તેમ શ્રુત જ્ઞાન મેળવતી વખતે આનંદ આવે, પણ ફરી તૃષા લાગે. બીજું 'દૂધ જેવું.' એટલે દૂધ પીવાથી બાર કલાક ભૂખ અને તૃષા બન્ને છીપે; તેમ મેળવેલા જ્ઞાન ઉપર ઊંડું ચિંતન –મનન થતાં વધુ વખત ભૂખ – તૃષા છીપે, એટલે તૃપ્તિનો આનંદ આવે, પણ ફરી પાછી ભૂખ–તૃષા લાગે. ત્રીજું 'અમૃત' જેવું એટલે અમૃત પીવાથી સદા માટે ભૂખ–તૃષા મટી જાય; **તેમ અનુભવજ્ઞાન પ્રાપ્ત થતાં સદા માટેની તૃષ્ણા નાશ પામી, આત્મસ્વરૂપનો આનંદ અનુભવાય છે.**

પ્રેમ તણી પેરે શીખો સાધો, જોઈ શેલડી સાંઠો;
જિહાં ગાંઠ તિહાં રસ નવિ દીસે,
જિહાં રસ તિહાં નવિ ગાંઠો રે.

શેરડીના સાંઠામાં જ્યાં ગાંઠ છે ત્યાં રસ નથી અને જ્યાં રસ છે ત્યાં ગાંઠ નથી. આ શેરડીના સાંઠાનું દૃષ્ટાંત લઈ સંસારી મનુષ્ય જે રીતે પ્રેમ કરે છે, તે રીતે અભેદ-તાથી અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય છે.

એક પ્રેમી માણસ પોતાની પ્રેમિકાના ઘેર ગયો. બારણું ખખડાવ્યું. અંદરથી અવાજ આવ્યો : 'તમે કોણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છો !' પ્રેમી માણસે જવાબ આપ્યો : 'હું છું.' અંદરથી અવાજ આવ્યો : 'આ મકાનમાં હું અને તું બન્નેનો પ્રવેશ નથી.' પેલો માણસ જંગલમાં ચાલી ગયો. ઘણું મંથન કર્યું. પ્રેમિકાનું દ્વાર ખોલાવવું કેવી રીતે ? ઘણું મંથન કરતાં ઉકેલ હાથમાં આવી ગયો. ફરીથી પ્રેમિકાના દ્વાર ઉપર આવી બારણું ખખડાવે છે. અંદરથી એ જ અવાજ–'તમે કોણ છો ?' પ્રેમી માણસે કહ્યું : 'તું છે.' બારણું ખૂલી ગયું. અંદર પ્રવેશ થયો.

આ જ તત્ત્વ ભગવાનના દરબારમાં છે. વ્યવહારથી પ્રભુના મંદિરનાં દ્વાર ખુલ્લાં જ હોય છે; પરંતુ આપણા માટે તે દ્વાર તાત્ત્વિક રીતે ખુલ્લાં છે કે નહીં ? જ્યાં સુધી આપણામાં હુંકાર છે, અહંકાર છે–હું પૂજા કરું છું. મારાથી આ બધું થાય છે–ત્યાં સુધી તત્ત્વથી પ્રભુનાં દ્વાર આપણા માટે બંધ છે. પરંતુ આપણો હુંકાર (અહંકાર) શૂન્ય બિન્દુ ઉપર આવી જાય છે અને એક માત્ર તું હી –તું હી–તું હીનું રટણ થાય છે, ત્યારે તત્ત્વથી પ્રભુનાં દ્વાર આપણા માટે ખૂલે છે.

જિનહી પાયા તિનહી છીપાયા, એ પણ એક છે ચીઠો;
અનુભવ મેરૂ છીપે કિમ મહોટો, તે તો સઘળે દીઠો રે.

અનુભવનો રસ જેણે મેળવ્યો છે, તેણે છુપાવ્યો –આવું માત્ર કહેવાનું જ છે. કારણ કે અનુભવરસ મેરૂ પર્વત જેવો છે. તે કેમ છુપાવી શકાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરવ લિખિત લિખે સવિ લેઈ, મસી કાગળ ને કાંઠો;
ભાવ અપૂરવ કહે તે પંડિત, બહુ બોલે તે બાંઠો રે.

શાહી, કાગળ અને કલમ લઇને પહેલાં કોઇ લખી ગયું હોય તેવું પૂર્વે લખાયેલું જ્ઞાન સૌ કોઈ લખી શકે છે; પરંતુ તે લખેલ જ્ઞાનના અપૂર્વ ભાવને કહે તે પંડિત પુરૂષ કહેવાય. જેને વાંચતાં જ વાંચનારનું હૃદય ધર્મથી ઊભરાવા લાગે, પરમાત્મ પ્રેમ અને ભક્તિમાં અપૂર્વ વૃદ્ધિ થાય અને અપૂર્વ ભાવોલ્લાસ થાય તેવું કહે તે પંડિત પુરૂષનું વચન કહેવાય.

અવયવ સવિ સુંદર હોય દેહે, નાકે દીસેં ચાઠો;
ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જીસ્યો શ્રુત પાઠો રે.

અનુભવજ્ઞાન વગરનું શ્રુતજ્ઞાન પોપટના પાઠ જેવું હોય છે. અહીં અનુભવજ્ઞાનનો મહિમા ગાયો છે. બાકી ગ્રંથજ્ઞાન પણ ખૂબ જ જરૂરી છે. **શ્રુતજ્ઞાનને આલંબને જ અનુભવજ્ઞાન થાય છે.** પરંતુ માત્ર શ્રુતજ્ઞાન માટે જ ઉદ્યમ થાય અને અનુભવજ્ઞાન પ્રત્યે ઉપેક્ષા ન થાય તેના માટે આ વસ્તુ લખી છે. સાપેક્ષપણે વસ્તુ સમજવી. બાકી શ્રુતજ્ઞાનનો બહુ મોટો આધાર છે. અનુભવજ્ઞાન પ્રાપ્તિનો મૂળ હેતુ તો શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન દ્વારા આપણે અનુભવજ્ઞાન મેળવવાનું છે.

સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠો;
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠો રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર શ્રુતજ્ઞાનથી સંશય નાશ પામતા નથી. તે માટે અનુભવજ્ઞાન તે શ્રેષ્ઠ જ્ઞાન છે. માત્ર ગ્રંથજ્ઞાનના આધારે વાદવિવાદ થાય ત્યારે ખાલી ચર્ચા થાય છે. અનુભવ વગર નીચે ઊતરવું પડે છે.

માહરે તો ગુરૂ ચરણ પસાયે, અનુભવ દિલમાંહી પેઠો;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહે, આત્મ રતિ હુઈ બેઠો રે.

મને તો ગુરૂચરણના પ્રભાવથી આત્માના પૂર્ણ સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થયો છે. અને આત્મઅનુભવ થવાથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અવ્યાબાધ સુખ, અનંત વીર્ય, અનંત દાન, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત લાભ આદિ આત્માની અનંત ગુણસંપત્તિનું મારા આત્મસ્વરૂપમાં દર્શન થયું. આત્માની અંદર રહેલા પરમ આનંદમય સ્વરૂપનો રસાસ્વાદ થતાં પરમ તૃપ્તિનો અનુભવ થયો.

આત્માના પરમાનંદનો નિરંતર અનુભવ કરનારા શ્રી દેવચંદ્રજી મહારાજા કહે છે—

મનમોહન જિનવરજી મુજને, અનુભવ પ્યાલો દીધો રે,
પૂર્ણાનંદ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે;
જ્ઞાન સુધા લાલીની લહેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે,
સમ્યગ્જ્ઞાન સહજ અનુભવરસ, શુચિ નિજ બોધ સમાયો રે.

(શ્રી દેવચંદ્રજી કૃત સમવસરણનું સ્તવન)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુની મારી ઉપર કૃપા થઇ. પરમાત્માના ધ્યાન દ્વારા આત્મસ્વરૂપના અનુભવનું પાન થયું. આત્માના અક્ષય, અવિચલ સ્વરૂપના અનુભવરસનો સ્વાદ પ્રભુની ભક્તિ દ્વારા પ્રાપ્ત થયો. તેનાથી અનાદિનું વિભાવનું ઝેર ઊતરી ગયું. આત્મા સિવાયના અન્ય પદાર્થ – પરવસ્તુનું ગ્રાહકત્વ, કર્તૃત્વ, ભોકતૃત્વ, વ્યાપકત્વ, રક્ષણત્ર – તે વિભાવ છે. વિભાવ મારું સ્વરૂપ નથી. પરપુદ્ગલને ભોગવવું મારા માટે યોગ્ય નથી. વિભાવદશાને વિષ ભક્ષણ સમજી, તેના પ્રત્યે ઉદાસીનતા થઈ. સ્વરૂપભોગી, સ્વરૂપરમણી, સ્વરૂપાનંદીપણું મારું પોતાનું સ્વરૂપ છે – તેનું ભાન થતાં **પરમાત્માના અભેદ ધ્યાન દ્વારા આત્માના અનુભવ અમૃતનું પાન થયું.** ઉપયોગને જગતના દશ્યમાન પદાર્થોના આકારે પરિણમતો અટકાવ્યો અને પરમાત્માના આકારે ઉપયોગ પરિણમ્યો. તેમાં સ્થિરતા આવતાં આત્માકારે ઉપયોગ સ્થિર થતાં, આત્મ અનુભવના રસામૃતનું પાન થયું. સ્વરૂપ રમણતાનો પરમાનંદ પ્રાપ્ત થયો. સ્વ અને પર દ્રવ્યનું વિભંજન કરીને શુદ્ધ આત્મામાં ઉપયોગ સ્થિર થતા નિર્મળ જ્ઞાનાનંદનો અનુભવ ગુરૂકૃપાથી મારે થયો.

અનુભવ ગુણ આવ્યો નિજ અંગે, મિટચો રૂપ નિજ માઠો;
સાહેબ સન્મુખ સુનજરે જોતાં, કોણ થાયે ઉપરાંઠો રે. મુ૦

કર્મના કારણે સર્જન થયેલ શરીર, તેને લગતા પદાર્થો, તેને લગતા સંબંધો વગેરે મારાથી ભિન્ન છે. મારું – ચૈતન્યનું લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પુદ્ગલ દ્રવ્યનું લક્ષણ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. પુદ્ગલથી આત્માની ભિન્નતા નિર્ણીત થતાં "મિટચો નિજ રૂપ માઠો' આ ભાવ મહાપુરૂષને સ્પર્શ્યો અને ચૈતન્યથી આત્માની એકતા નિર્ણીત થઈ તે વખતે શુદ્ધ આત્મ ચૈતન્યને પામેલા અરિહંત અને સિદ્ધ ભગવંતો સાથે એકતા ભાવિત થઇ અને અરિહંત, સિદ્ધ ભગવંતોના શુદ્ધ આત્મ ચૈતન્યનું ધ્યાન થતાં, તદ્દાકાર ઉપયોગે પરમાત્મ ધ્યાનમાં લીનતા થતાં, ધ્યાનમો અભેદ એટલે સમાપત્તિ થઈ. અને ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની અભેદ રૂપ સમાપત્તિ થતાં નિજ સ્વરૂપના અનુભવનો પરમાનંદ મળ્યો. માટે જ અહીં કહ્યું છે કે –

'અનુભવ ગુણ આવ્યો નિજ અંગે, મિટચો રૂપ નિજ માઠો.'

પરમાત્માની કૃપા થતાં એટલે પરમાત્માને તાત્વિક નમસ્કાર રૂપે અભેદ પ્રણિધાન થવા રૂપ પ્રભુની કૃપા થતાં હવે સર્વ ઉપાધિ શમી ગઈ. 'Namo' is entering into Abundant Energy. અચિંત્ય શક્તિના નિધાનનું પ્રવેશદ્વાર નમસ્કાર ભાવ છે. નમવું એટલે પરિણમવું.

પરિણમવું એટલે તત્ સ્વરૂપ બનવું. (તદ્દાકાર ઉપયોગે પરિણમવું.)

તત્ સ્વરૂપ બનવું એટલે તે રૂપ હોવાનો અનુભવ કરવો.

છેવટે તદ્રૂપ બનવું એટલે તે રૂપ થઈને રહેવું.

'નમો અરિહંતાણં' આદિ પદો દ્વારા જેને નમસ્કાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે છે, તે પરમેષ્ઠિઓ અનંત શક્તિ, અનંત સુખ, અનંત આનંદ અને કેવળજ્ઞાનના પરમ ભંડાર છે. નમસ્કાર-ભાવ દ્વારા જ્યારે સાધકની ચિત્તવૃત્તિ પરમાત્મામાં વિલીન થઈ જાય છે, તે સમયે તદાકાર ઉપયોગે પરિણમેલો ધ્યાતા પોતે આગમથી ભાવનિક્ષેપે પરમાત્મા કહેવાય છે. પરમાત્મામાં તદાકાર ઉપયોગે ઉપયુક્ત ધ્યાતા તત્ સ્વરૂપે (પરમાત્મ સ્વરૂપે) પરિણમે છે.

'નમો' ભાવથી સાધક જ્યારે પોતાના વ્યક્તિત્વના કોચલા (limited personality)નું વિસર્જન કરી, 'અરિહં-તાણું' પદ દ્વારા અમર્યાદ આનંદ અને શક્તિના મહાસાગરમાં પ્રવેશ કરે છે, ત્યારે તે પરમાત્માના અભેદ ધ્યાન દ્વારા પરમાનંદનો અનુભવ કરે છે.

"સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદનો,
દેવચંદ્ર એકત્વે સેવનથી વરે રે લોલ."

પરમાત્માના એકત્વ ધ્યાનથી નિર્મળ જ્ઞાનાનંદ રૂપ આત્માનો અનુભવ થાય છે. અને છેવટે આત્મસ્વરૂપ પ્રગટ થાય છે.

અનુભવવંત અદંભની રચના, ગાયો સરસ સુકંઠો;
ભાવ સુધારસ ઘટ ઘટ પીઓ, હુઓ પૂર્ણ ઉત્કંઠો રે.

આવા અનુભવજ્ઞાની મહાપુરુષ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા રચિત મહાન આધ્યાત્મિક શાસ્ત્ર શ્રીપાલના રાસ રૂપ દિવ્ય કાવ્યનું પરિશીલન કરવાનો, તેના મર્મસ્થાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી પહોંચવાનો આપણો એક બાળક જેવો પ્રયત્ન દેવ-ગુરૂની કૃપા દ્વારા થયો. આ મહાપુરુષે આત્મઅનુભવનો આત્મસાક્ષાત્કારનો દિવ્ય અમૃતરસ ચાખ્યો. અને તેવો અનુભવરસ ચાખવા માટેની પ્રેરણા અને પ્રક્રિયા આપણને બતાવી. આ મહાન ગ્રંથમાં બતાવેલા ભાવોના અમૃત-રસનું પાન આપણે પૂર્ણ ઉત્કંઠિત થઈએ તેટલું ફરી ફરી પરિશીલન દ્વારા કરીએ.

છેલ્લે હવે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહા-રાજાના એક સ્તવનના ચિંતન દ્વારા આપણે પણ પરમા-ત્માના ચરણે આપણું જીવન સમર્પિત કરીએ.

"સ્વામી તુમે કાંઇ કામણ કીધું,
ચિત્તડું અમારું ચોરી લીધું.
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય જિણંદા.

હે કરુણાના સાગર, કૃપાના અવતાર, દયાના સમુદ્ર, વાત્સલ્ય રસના ભંડાર, અરિહંત પરમાત્મા ! તમારા અદ્ભુત સ્વરૂપે અમારા ઉપર કામણ કર્યું છે. તમારી લોકોત્તર ઉપકારકતા, તમારી અનંત કરુણામય અમૃત ઝરતી દૃષ્ટિ અમે નિગોદમાં હતા ત્યારથી જ એટલે કે અનંતકાળથી તમારી અમને તારવાની વિશ્વકલ્યાણકારી ભાવનાએ અર્થાત્ તમારા આવા મહાન ગુણોએ અમારું ચિત્ત ચોરી લીધું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારો આવો મહાન ઉપકાર જાણી અમે એવો નિશ્ચય કર્યો છે કે, **વિશ્વમાં સૌથી વધારે નિકટના સ્નેહી સ્વજન અમારા માટે તમે એક જ છો.** તેથી હવે અમારું મન તમારા સિવાય બીજે ક્યાંય લાગતું નથી.

વળી તમારૂં મૂળ સ્વરૂપ–આત્માનું દિવ્ય સચ્ચિદાનંદ, સ્વરૂપ, તમારૂં કેવળ જ્ઞાન, આત્માનું અનંત શક્તિયુક્ત ગુણમય સ્વરૂપ, શુદ્ધ ચિદાનંદઘન ચેતન સ્વરૂપ દેખી હવે અમે એવો વિચાર કર્યો છે કે, અમે પણ ભક્તિનું કામણ કરીને તમને અમારા મનરૂપી ઘરમાં સદા રાખીશું. **અમારા મનમાં એવી ભકિત ધારણ કરીશું કે તમે ક્ષણ પણ ત્યાંથી ખસી ન શકો.** અમારા સ્મરણપટ ઉપર તમને સદા ધારણ કરી રાખીશું અને તમને બિરાજમાન કરીને અમારા મનમંદિરને તમારા ગુણોથી વાસિત કરીને દિવ્ય રીતે શણગારીશું.

"મન ઘરમાં ધરીયા ઘર શોભા,
દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે,
યોગી ભાખે અનુભવ યુકતે."

અકુંઠિત ભક્તિ દ્વારા એટલે અમારા ઉપયોગને કુંઠિત થવા દીધા સિવાય, એટલે **અરિહંતાકાર ઉપયોગના સતત પ્રયોગ દ્વારા** અમે તમારી એવી ભક્તિ કરીશું કે અનુભવજ્ઞાની મહાપુરુષોએ જે રીતે ધારાબદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે ઉપયોગને તમારા સ્વરૂપમાં જોડવા દ્વારા પરમાત્મ-સ્વરૂપનો અનુભવ કર્યો, તે રીતે અમે પણ અનુભવ કરીશું.

ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર.

ક્લેશે વાસિત મન એટલે અશુદ્ધ ઉપયોગ, કર્મકૃત વસ્તુઓ અને બનાવોમાં સુખ-દુઃખનો અનુભવ કરતું અમારું મન, તેમજ રાગદ્વેષ રૂપે પરિણમેલું અમારૂં મન તે જ સંસાર છે.

કર્મફળનું ભોક્તૃત્વ (સુખ-દુઃખ) અને રાગદ્વેષનું કર્તૃત્વ – આ બંને અશુદ્ધ ઉપયોગનાં કારણો છે. તે બંને છોડીને ઉપયોગ જ્યારે પરમાત્મા આકારે પરિણમે છે, ત્યારે જ ભવસાગરનો અંત આવે છે.

("ક્લેશ રહિત મન તે ભવપાર")

જો વિશુદ્ધ મન ઘર તુમે આયા,
પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા."

પરમાત્મ-ઉપયોગમાં જ્યારે આપણે સ્થિર બનીએ છીએ, એટલે કર્મ ફળનું ભોક્તૃત્વ અને રાગદ્વેષનું કર્તૃત્વ રૂપ અશુદ્ધ ભાવ છોડીને આપણા ઉપયોગને પરમાત્મા આકારે (ઉપલક્ષણથી આત્મા આકારે) પરિણમાવીને તેમાં સ્થિર બનીએ છીએ, ત્યારે કેવળજ્ઞાન આદિ નવ ક્ષાયિક લબ્ધિઓ રૂપ નવ નિધાનની પ્રાપ્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મીલશું,
વાચક જશ કહે હેજે હળશું."

ધ્યાતા આપણો આત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન પ્રક્રિયા ચાલે છે.

જે સમયે ધ્યાતાનું ચૈતન્ય ધ્યેયમાં નિષ્ઠ થઈ જાય છે, ધ્યાતાનો ઉપયોગ ધ્યેયાકાર રૂપે પરિણમે છે, ધ્યાતા જ્યારે ધ્યેયમાં તદાકાર રૂપે તન્મય-તદ્રૂપ બને છે, ત્યારે ધ્યાતા અને ધ્યેય વચ્ચેના ભેદનો છેદ થઈ, ધ્યાતા પોતે જ આગમથી ભાવનિક્ષેપે પરમાત્મરૂપ થાય છે.

જેવી રીતે દૂધમાં સાકર નાખીએ છીએ અને તે દૂધમાં એકમેક થઈ જાય છે, તે રીતે 'ખીર-નીર પરે તુમશું મિલશું.' એટલે હે **વિશુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા! તમારા આવા અભેદ મિલન દ્વારા અમે પણ હેજે હળશું એટલે પરમાનંદનો અનુભવ કરીશું. અર્થાત્ તાત્ત્વિક દૃષ્ટિએ તમારું અભેદ મિલન તે જ આત્મસાક્ષાત્કાર એટલે આત્મસ્વરૂપના અનુભવની પ્રક્રિયા છે.**

આવા આત્મ-અનુભવની પ્રક્રિયા, આપણા મહાપુરુષોએ રચેલાં પ્રભુસ્તુતિ-સ્તવનોમાં વારંવાર આપણે જોઈએ છીએ. અનુભવરસનું અમૃત મહાપુરુષોએ ચાખ્યું છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થી આત્માઓને અનુભવ અમૃત ચખાડવા સ્તવનોમાં તેનો માર્ગ બતાવ્યો છે.

પૂ. ઉપા. શ્રી માનવિજયજી મ. રચિત અજિતનાથ ભગવાનનું સ્તવન :

"અજિત જિનેશ્વર ચરણની સેવા, હેવાએ હું હળીઓ;
કહીએ અણચાખ્યો પણ, અનુભવરસનો ટાણો મળીયો.
તું અનુભવરસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો,
પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો."

અનુભવ-અમૃતનું પાન કરવા માટે પરમાત્મા એ જ પુષ્ટ નિમિત્ત છે. આપણા ચૈતન્યને પરમાત્મ-સ્વરૂપ અનુયાયી બનાવીએ તો જ અનુભવ-અમૃત મળે તેમ છે.

શ્રી ચિદાનંદજી મહારાજ નેમનાથ ભગવાનના સ્તવનમાં પણ કહે છે—

"પણ તુમ દરિશન યોગથી, થયો હૃદય હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ."

પરમાત્મદર્શન એ જ આત્મઅનુભવનો પ્રકાશ પ્રાપ્ત કરવાની કળા છે.

મહોપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજ પણ એ જ વસ્તુ બતાવે છે—

તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહીએ,
ઈમ મિલવું પણ સુલભ જ કહીએ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવિજય વાચક પ્રભુ ધ્યાને,
અનુભવરસમાં હળીયો એક તાને.
(અભિનંદનજિન સ્તવન)

વિમલ વિમલ મિલી રહ્યા, ભેદ ભાવ રહ્યો નહીં;
માનવિજય ઉવજ્ઝાયને, અનુભવ સુખ થયો ત્યાંહી.

પૂર્વાચાર્યોએ અનુભવ-રસ ચાખ્યો છે અને તે રસ ચખાડવા આપણને પરમાત્મભક્તિ-ધ્યાન આદિનો દિવ્ય માર્ગ બતાવ્યો છે.

આપણે પણ આ શ્રીપાલના રાસ રૂપ દિવ્ય ગ્રંથનું અધ્યયન કરીને છેલ્લી પ્રાર્થના કરીએ—

વેગળો મત હોજો દેવ મુજ મન થકી,
કમલના વન થકી જેમ પરાગો;
ચમક પાષાણ જેમ લોહને ખીંચસે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.

પ્રભુ ! તમે મારા મનમંદિરમાં નિરંતર વસો તે જ આ સેવકની દર્દભરી વિનંતી છે.

જે ભાવે એ ભણશે ગુણશે, તસ ઘર મંગળ માળાજી,
અનુક્રમે તેહ મહોદય પદવી, લહેશે જ્ઞાન વિશાળાજી.

## સમાપ્તિ.

સમાપ્તિ એટલે સમ્યગ્ પ્રકારે પ્રાપ્તિ.

અહીં ગ્રંથ પૂરો થયો. સમાપ્તિ થઈ. એટલે સમ્યગ્ પ્રકારે પ્રાપ્તિ થઈ. અહીં કામ પૂરું ન થયું, પણ અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવી (opening) શરૂઆત થઈ. આપણા જીવનનું દિવ્ય પાનું ખૂલ્યું. **નવપદની આરાધના દ્વારા આત્મ-સ્વરૂપનો અનુભવ અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનું નવું દ્વાર ખૂલ્યું.** આ શ્રીપાલ અને મયણાના આધ્યાત્મિક જીવન પ્રસંગો દ્વારા અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજના સંદેશાને આપણા જીવનમાં સક્રિય બનાવવાની અદ્‌ભુત પ્રેરણા આપણને પ્રાપ્ત થઈ.

આપણી આ નાનકડી જિંદગીમાં નવપદજી ભગવાન સાથે આપણા આત્માનો ભાવસંબંધ બાંધવા માટે દેવગુરૂ કૃપાથી જે કાંઈ આ ગ્રંથમાં લખાયું છે, તેમાં જે કાંઈ સારૂં છે તે પૂજ્ય પંન્યાસજી મહારાજની કૃપાનું ફળ છે. જે કાંઈ ભૂલચૂક છે તે મારા છદ્મસ્થપણાના દોષના કારણે છે. આ નવપદો સૌના હૃદયમાં રહો ! સૌ ભાવપૂર્વક પર-માત્મા અરિહંતદેવને પોતાના હૃદયમંદિરમાં પધરાવો ! અને પરમોપકારી, પરમપૂજ્ય, નમસ્કાર ભાવ સંનિષ્ઠ, પંન્યાસજી મહારાજ ભદ્રંકરવિજયજીની આ ભાવના સર્વત્ર જગત ઉપર પહોંચો તેવા ભાવ સાથે આ ગ્રંથ પૂર્ણ થાય છે.

લિ. સંતોની ચરણરજ સમાન
બાબુ કડીવાળાના
આ ગ્રંથના વાચકોને
ભાવભર્યા વંદન. પ્રણામ.

ગિરનાર મહાતીર્થ,
૨૦૪૦, વૈશાખ સુદ ૧૪,
સોમવાર. તા. ૧૪–૫–૮૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમર્પણ ગીત

૧ અબ સોંપ દિયા ઈસ જીવનકો ભગવાન તુમ્હારે ચરણોંમે
મે હું શરણાગમ પ્રભુ તેરા રહો ધ્યાન તુમ્હારે ચરણોંમે [૨]

૨ મેરા નિશ્ચય બસ એક વહી, મે તુમ ચરણોંકા પૂજારી બનુ
અર્પણ કર દું દુનિયાભરકા, સબ પ્યાર તુમ્હારે ચરણોંમે [૨]

૩ જો જગમેં રહું તો ઐસે રહું, જ્યું જલમેં કમલકા ફૂલ રહે,
હૈ મન વચ કાય હૃદય અર્પણ, ભગવાન તુમ્હારે ચરણોંમે [૨]

૪ જહાં તક સંસારમેં ભ્રમણ કરૂં, તુજ ચરણોંમેં જીવન કો ધરૂં,
તુમ સ્વામિ મૈં સેવક તેરા, ધરૂં ધ્યાન તુમ્હારે ચરણોંમે [૨]

૫ મૈ નિર્ભય હું તુજ ચરણોંમે, આનંદ મંગલ હૈં જીવન મેં
આતમ અનુભવકી સંપત્તિ, મિલ ગઈ હે પ્રભુ તુજ ભક્તિમેં [૨]

૬ મેરી ઈચ્છા બસ એક પ્રભુ, એક બાર તુઝે મિલ જાઉં મૈં
ઈસ સેવક કી એક રગ રગ કા, હો તાર તુમ્હારે હાથોમે [૨]

**રચનાર : બાબુભાઈ કડીવાળા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આશીર્વચન

**પૂ. અધ્યાત્મમૂર્તિ, કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.**

શ્રી જિનશાસનમાં આરાધનાના અસંખ્ય યોગો બતાવેલા છે. તેમાં 'નવપદ'ને સર્વશ્રેષ્ઠ યોગ-સાધના કહી છે.

પ્રગટ-પ્રભાવી શ્રી સિદ્ધચક્રના નવ પદોની વિધિપૂર્વક આરાધના કરવાથી આત્માને પરમ આનંદ, અક્ષય સુખ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

શ્રી જિનશાસનમાં સુપ્રસિદ્ધ સત્ત્વમૂર્તિ શ્રીપાળ અને મહાસતી મયણાસુંદરીની જીવનકથાનું, તેમણે કરેલી શ્રી નવપદની અનન્ય ધર્મશ્રદ્ધામાં જે રહસ્યો છૂપાયેલાં છે તેનું અને ચિત્તવૃત્તિઓના ઊર્ધ્વીકરણની જે કળાઓ ભંડારાયેલી છે તેનું પ્રગટીકરણ, નમસ્કારનિષ્ઠ, અધ્યાત્મ મૂર્તિ પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે આજથી ૨૦–૨૨ વર્ષ પહેલાં જામનગર મુકામે વિશિષ્ટ જિજ્ઞાસુઓ અને બાબુભાઈ આદિ સુશ્રાવકોને જ્યારે શ્રીપાળ રાસ અને સિરિ સિરિવાલ કહાનું વાંચન કરાવ્યું હતું, ત્યારે કર્યું છે. તેને દેવગુરુની કૃપાના બળે બાબુભાઈએ પોતાના જીવનમાં વણી લેવા અને તેના વડે પોતાના જીવનને રંગવા સતત પુરુષાર્થ કરતા રહીને શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર અને તદ્ અંતર્ગત શ્રી નવપદના દિવ્ય રહસ્યોની યત્કિંચિત જે પ્રતીતિ અને અનુભૂતિ થઈ–તેને સ્વ-પર ઉપકારના પ્રશસ્ત આશયથી આ પુસ્તકમાં શબ્દ–દેહ આપવાનો શક્ય પ્રયાસ કર્યો છે, તે અનુમોદનીય છે.

શ્રી જિનાજ્ઞા – નિષ્ઠ મહાપુરુષો દ્વારા જે કાંઈ સારું અને સાચું કહેવાયું છે, તેમજ અનુભવાયું છે તેનો લાભ પાત્ર જીવો પણ મેળવે અને શ્રી સિદ્ધચક્રની મંગલમય આરાધના દ્વારા સ્વ – પર જીવનને મંગલમય બનાવે એવા મંગળ ઉદ્દેશથી થયેલો બાબુભાઈનો આ પ્રયત્ન સફળ બને અને તેઓ પણ આ નવપદજીની પરમ ભક્તિના પ્રકર્ષને પામી પરમપદના સૌભાગ્યને શીઘ્ર વરો! એ જ અમારા અંતરના શુભ આશીર્વાદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચિત્રની સમજ

સાધક પોતાના હૃદયમાં પરમાત્મ જ્યોતિનું ધ્યાન કરે છે. તે પરમાત્મ જ્યોતિનો પ્રકાશ સાધકના શરીર અને આત્મપ્રદેશોમાં ફેલાય છે, તેથી બ્રહ્મરંધ્રમાં આત્મજ્યોતિનું દર્શન થાય છે. સાધકના શરીરની બહાર આભામંડલ રચાય છે. સાધકના મસ્તક ઉપર શુદ્ધ આત્મ ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા છે, તેમને સાધક આત્મા જીવનના લક્ષાંકરૂપે સ્થિર કરે છે.

પરમાત્મ જ્યોતિના ધ્યાનના પ્રભાવથી સાધકને ભેદજ્ઞાન થાય છે. પરમાત્મ સ્વરૂપના ધ્યાનના પ્રભાવે સાધક દેહ, મન, વચન, પુદ્ગલ (દશ્યમાન પદાર્થો), તથા કર્મ (જ્ઞાનાવરણીય આદિ)થી ભિન્ન અનંતસુખ અને આનંદના નિધાન, સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરે છે. કાળું શરીર છે તે કાર્મણ શરીરનું પ્રતીક છે. સફેદ શરીર શુદ્ધ આત્મ ચૈતન્યને દર્શાવે છે.

અરિહંત અને સિદ્ધ ભગવંતના ધ્યાન દ્વારા આત્માનો અનુભવ કરવાની દિવ્ય પ્રક્રિયા આ ચિત્રમાં બતાવી છે.

આ પુસ્તકના ઉત્તરાર્ધમાં છેલ્લે કરૂણાસાગર પ્રભુ મહાવીરસ્વામિની દેશનાની નીચેની કડીઓનું રહસ્ય આ ચિત્રમાં બતાવેલ છે.

૧. અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે.
૨. રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે.
૩. મહાવીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.

પરમાત્માના ધ્યાનમાં તદ્રૂપ બનેલો ધ્યાતા જેટલો સમય પરમાત્માના ધ્યાનમાં તદાકાર ઉપયોગે પરિણમે છે તેટલા સમય પૂરતો ભેદનો છેદ કરી ધ્યાતા પોતે આગમથી ભાવનિક્ષેપે પરમાત્મરૂપ બને છે.

મુખપૃષ્ઠ: પ. પૂ. પં. અભયસાગરજી ગણિવરના સૌજન્યથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org